# કેહવંત મુળ.



યાને

ચાલુ [illegible] રૂપ કેહવતો

તથા તે ઉપરથી ઉત્પન્ન થએલી

[illegible]

[illegible] હ.

[illegible] ધારા સાથે.

---

ત્રીજી વાર.

---



મુંબઈ:

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ.

ર સ્ત્રીટ, નાં૦ ૧ લો માપલાની હવેલી.

સને ૧૮૮૧ ઇસવી.

# દીબાચો.

આ પુસ્તક ઇસવી સને ૧૮૬૫ માં પ્રથમ એના રચનાર [illegible] ઐદ સાહેબ પેશતનજી કાવશજી રબાડીએ પ્રસિદ્ધ કર્યું હતું. એ [illegible] માત્ર ત્રણ વરશના અરસામાંજ, એટલે ઇસવી સને ૧૮૬૮) માં, એ [illegible] ગ્રહસ્થે એ [illegible]રાર સાથે બીજીવાર છપાવ્યું હતું.

એ બ[illegible]રથી, કંઇક સુધારો કરી તથા કેટલીક વાર્તાઓનાં [illegible] સાથે, ત્રિજીવાર આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં આગલા જમાનાની કેટલીએક અસલી કેહવતોનો તેમજ હાલ આપણામાં વપરાતી કેહવતોનો સંગ્રહ કરવામાં આવીઓ છે. એ ચોપડી તેની જાતમાં પેહલી તથા સરવથી સરસ છે. આપણા દેશમાં બોલાતી ગુજરાતી, હીંદી અને બીજી કેટલીએક ભાષાઓ મધે જે જે કેહવતો વાતચીતનાં આકારમાં અને લખાનમાં વપરાએછે તેની ઉતપંતીનું બીઆન વીગતવારે એના પરથમ રચનારે આપેલુંછે તે તેના રચનારને શોભા લગાડનારી છે.

જેમ યુરોપ ખંડની ભાષાઓમાં કેહવત અને કાંહાંણીઓએ અસર કરી છે, તેવીજ રીતની અસર હીંદુસ્થાન મધે બોલાતી ભાષાઓમાંબી છે, પણ તેની હમેશ સુધી ઇઆદગારી રહી શકે એવો સંગ્રહ આજ સુધી થએઓ નથી અને જે છે તે કાંઇ ગુજરાતી ભાષા વાંચનારાઓને જાણીતો થઇ શકે તેવો નથી, એટલા માટે [illegible]વી કેહવતોની ઇઆદગારી "સનદ" દાખલ રેહે અને તેથી ગુજ[illegible]તી ભાષા જાંણનારાઓ વાકેફ થાએ એવા હેતુથી આએ પુ[illegible] ત્રીજી વાર પ્રગટ કરી બહાર પાડવામાં આવીઉં છે. માટે એને [illegible]વી પ્રગટ કરનાર આશા રાખેછે કે સરવે મુંબઇનાં તેમજ દેશા[illegible] ગુજરાતી વાંચનારાઓ, એ પુસ્તકની ઘટાડેલી કીમત તરેફ [illegible] તેને પુરતો આશરો આપવાને ચુકશે નહી.

[illegible]સેવટે મુંબઇના તથા દેશાવરના જે જે સાહેબોએ એ પુસ્તક [illegible]ગટ કરવા આગમજ આશરો આપીઓછે તેઓનો આ [illegible]એ એનો પ્રગટ કરનાર ઉપકાર માંને છે.

[illegible]એ પુસ્તકની ત્રીજી આવરતી ફરીને છપાવી પ્રગટ કરવાને [illegible]ફથી ખાહેશ બતાવવામાં આવીઆથીજ એને છાપી બા[illegible]માં આવી છે.

# સાંકળીઊં


| | સફે. |
|---|---|
| નહી ભણેઆ કે નહી ગણેઆ ... ... ... ... ... ... | ૧ |
| ભણીઆ પણ ગણીઆ નહી... ... ... ... ... ... ... | ૬ |
| ગરથ ખરચીને ગુહ ખાવું ... ... ... ... ... ... ... | ૧૧ |
| બહોત મેંઘી બેચીઓ ... ... ... ... ... ... ... ... | ૧૨ |
| સુલીની લપે કકરતી ઓરે ભરી... ... ... ... ... ... ... | ૧૫ |
| ફકીરા મશીદ અને જાંહાં પડેઆ તાંહાં નચીંત... ... ... | ૧૬ |
| નવાંણું તાંહાં ભરેઆ શો ... ... ... ... ... ... ... | ૧૮ |
| રાઇના પાર તો રાતે વહી ગએઆ ... ... ... ... ... | ૨૨ |
| ટાઢ જાએ રૂએ ને આદત જાએ મુવે... ... ... ... ... | ૨૫ |
| રૂપની રડે ને કરૂપની ખાએ... ... ... ... ... ... ... | ૩૨ |
| ચહડજા બેટા સુલી પર ... ... ... ... ... ... ... ... | ૩૪ |
| કમ જોર ઓર બહોત ગુસસા ... ... ... ... ... ... | ૩૭ |
| જાલમ બેટ ખરાબ... ... ... ... ... ... ... ... ... | ૪૨ |
| અગલી અછછી પીછલી ખરાબ ... ... ... ... ... ... | ૪૫ |
| અપન તો કહેનેવાલે, કુચ કરનેવાલે નહી ... ... ... ... | ૪૬ |
| સટનો કિટા ! ... ... ... ... ... ... ... ... ... ... | ૪૭ |
| રરેઓ રોટલો કુતરે ખાધો ... ... ... ... ... ... ... | ૫૩ |
| રાણીનો શાલો ! ... ... ... ... ... ... ... ... ... | ૫૪ |
| અંધેર નગરી ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા ... | ૫૮ |
| સબ સબકી સંભાલીઓ, મેં મેરી ફોરતા હું ... ... ... | ૬૨ |
| ઘણો લોભ તે બાપનું મુલ ... ... ... ... ... ... ... | ૬૩ |
| ઇનસાનનું તુકારે મોત ... ... ... ... ... ... ... ... | ૬૭ |
| મા મેં ભલા કે મેરા ભાઇ ?... ... ... ... ... ... ... | ૭૦ |
| નહી બોલીઆના નવ ગુણ ... ... ... ... ... ... ... | ૭૨ |
| હાથનાં કીધેલાં હઇડે વાગેચ ! ... ... ... ... ... ... | ૭૬ |
| આલમુનો પાદશાહ ! ... ... ... ... ... ... ... ... | ૮૧ |
| શું મણ સાબુ વાપરીઓ તોબી સીધીભાઇ કારોનો કારોજ ? | ૮૩ |
| બેરંમબેરાની જાતરા... ... ... ... ... ... ... ... ... | ૮૭ |

સફે.

તેરા કુત્તા મેરી કોહાડી લાએગા ? ... ... ... ... ... ૮૯
સાચને આંચ શાંની ? ... ... ... ... ... ... ... ... ૯૧
તનખા હરાંમ ને બખ્કા હલાલ ... ... ... ... ... ... ૯૪
જીસ મુલસે આએ, ઉસ મુલસે ગએ, નફેમેં દો જુતીઆં ! ૯૮
લેને ગઇ પુત અને એ આઇ ખશમ ! ... ... ... ... ૧૦૦
લાકડાંનાં દેવને ખાસડાંની પુંજા ... ... ... ... ... ... ૧૦૧
રાજાને ગમી તે રાંણી, ને છાંણાં થાપતી આંણી... ... ... ૧૦૩
ઘેરની કસર, અને વાંહાણની સફર ... ... ... ... ... ૧૦૭
લખાંનું તે વંચાંનું ... ... ... ... ... ... ... ... ... ૧૧૦
પઇસા બરા કે અકલ ? ... ... ... ... ... ... ... ... ૧૧૩
પટેલની વાત તો પટેલ જાંણે, હાથમાં દાંનડો ને ઘંટી તાણે... ૧૧૭
લાખના બાર હજાર ! ... ... ... ... ... ... ... ... ૧૧૯
ઓ નહીં ભીંગા, ઓ ભીંગા ! ... ... ... ... ... ... ૧૨૨
ભુલા ચુકાનો મા બાપ ... ... ... ... ... ... ... ... ૧૨૩
અકલ બડી કે ભેંશ ? ... ... ... ... ... ... ... ... ૧૨૬
જટાલો તે જોગીનો ભાગ ! ... ... ... ... ... ... ... ૧૩૦
હોટ બાહેર તે કોટ બાહેર ... ... ... ... ... ... ... ૧૩૦
પાપનો ઘડો ફુટી ગએઓ ! ... ... ... ... ... ... ... ૧૩૬
શું એકેક કોદરે કાલ જાશે ? ... ... ... ... ... ... ૧૪૪
ચોરને ઘેર ચોર પહરોણો ... ... ... ... ... ... ... ૧૪૯
જેવી વાર તેવો વેલો ! ... ... ... ... ... ... ... ... ૧૫૭
સબુરીનો બદલો સાહેબ આલશે ... ... ... ... ... ... ૧૬૦
લેણાંના દેવા ! ... ... ... ... ... ... ... ... ... ... ૧૭૧
નહી આડીઆ, કે નહી ઉભીઆ, ને લેઓરે ખીખી ખાટ ! ૧૭૫
અન તેને પુણ, અને રાંધે તેને ધુંમાડો ... ... ... ... ૧૭૬
રોટલો આપીએ ; પણ ઓટલો નહી આપીએ ... ... ... ૧૭૮
છીનાલવાને છેલા દાહાડાની શી ફીકર ? ... ... ... ... ૧૮૧
ઘરડે ઘડપણ વેચોઉ ! ... ... ... ... ... ... ... ... ૧૮૩
ઉઠરે વહુ, વીશામો ખા, હું કાંતું તું દલવા જા ! ... ... ૧૮૫
નફ્ટ શશરો, ને નીરલજ વહુ ; આવરે શશરા કાંહની કહું ! ૧૮૮
જો મુજે કોઇ નહી મારે તો, મેં સારે ગાંઉકુ મારૂં ! ... ૧૯૨
મુફત ખાવું ને મોટી વાત ! ... ... ... ... ... ... ... ૧૯૩

સફે.

મુફતકા ભાતાં ને બરીબરી ખાતાં! ... ... ... ... ... ૧૯૪
અંધેકી જોરૂ ને ખોદાકા રખવાલા ... ... ... ... ... ૧૯૭
ધી ખાના શકરસે, ઓર દુનીઆ ખાના મકરસે ... ... ... ૨૦૨
ધાઓ ધાઓ; ને કરમમાં હોએ તેજ પાઓ ... ... ... ૨૧૦
મન ચંગા તો કઠરોતમે ગંગા ... ... ... ... ... ... ૨૨૨
પાક દામન ખુબસુરત રાણીએ જાલવેલી વફાદારી... ... ... ૨૨૫
પાંચ અસરફીથી મલેલી પાદશાહીની વારતા... ... ... ... ૨૨૯
ચાર શલોકનાં ચાર સારની ખુબી... ... ... ... ... ... ૨૪૦
મરદ તથા ઓરતની બેવફાઇ... ... ... ... ... ... ... ૨૪૭
નસીહત મુજેબ નહી ચાલવાથી આખર થએલા પસતાવો... ૨૫૫
ખાવંદને ખાસડાં મારવાની બોલીથી પરહેલી નવાબની બે બેતીઓ ૨૫૯
ખાવંદને મુવેલા ગ્રહમજી તેની પીઠ ઉપર ઉભી રહી પૌવા
ખાનારી હીંદવાની ... ... ... ... ... ... ... ... ૨૬૨
બંદો ચાહે છે શું અને ખોદા કરે છે શું! ... ... ... ૨૬૫
સેરને માથે સવા સેર ... ... ... ... ... ... ... ... ૨૬૭
મેહનત ઉપર નસીબનું ફાવવું... ... ... ... ... ... ... ૨૬૯
ખાસડાંની કબર પર પાદશાહે રાખેલું એકીન ... ... ... ૨૭૧
બખીલાઇનો મેલવેલા ઘડો ... ... ... ... ... ... ... ૨૭૨
મોહબતની લંપતમાં ચાર જાનનો ખોહારી ... ... ... ... ૨૭૫
જાતરાના સંગમાં સામેલ થએલા ગોસાંઇ બાવો... ... ... ૨૭૯

# નહી ભણેઆ કે નહી ગણેઆ

## પટેલ અને પાંચ બરાહમણની કથા.

એક ગાંમમાં એક પટેલ હતો જે પઈશા ટકાથી, તેમજ સંસારનાં સઘલાં સુખથી ભરપુર હતો. એક દીવસને સમે એક પરદેશી બરાહમણ તે પટેલનાં ગાંમમાં જઈ પુગો, અને ભીખશાને સારૂં એણીગમ પેલીગમ ભટકવા લાગો. બરાહમણ બીચારો બાપાનો મારેલો હતો. તેનાં ઘેરમાં બચાં છોકરાં હતાં; પણ તેઓનું પોશંન કરવા જેટલું તે પેદા કરી નહી શકતો હતો; કારણ કે તે કાંઇ ભણેલો નહી હતો. એટલુંજ નહી, પણ તે સાથે તેનામાં અકલબી થોડી હતી. બરાહમણ એક શખસનાં ઘેર આગલ ભીખશા માટે ગએઓ. ઘેરધણીએ તેને કાંઇ આપીઉં નહીં પણ જણાવીઉં કે ગાંમનો પટેલ સઘલી પાંતીએ સુખી છે, અને ધરમ ઉપર તે સારૂં દીલ રાખે છે, વાસતે તાંહાં ગએઆથી તુંને કાંઇ દખશણા મલશે; બાકી હું એક ગરીબ પુરૂશ તુંને દખશણા આપી શકતો નથી. પટેલનું ઠેકાંણું પુછીને બરાહમણ તાંહાંથી ચાલેઓ. અને પટેલનું ઘેર શોધી દખશણાને મટે તાંહાં કાકલુદી કરવા લાગો. પટેલે પોતાને તાંહાં એક "ગોર" દાખલ રેહવાને બરાહમણને જણાવીઉં. બરાહમણ બીચારો કાંઇ ભણેલો નહી, તેથી મોટી શરમ સાથે બોલેઓ કે—મહારાજ! હું તો કાંઇ શીખેલો નથી; માટે જજમાંનપણું તે કેહાંથી કરીશ? પટેલે બરાહમણને શીખામણ દીધી કે—રે મહારાજ! તમો અમારા ગુરૂ કેહવાએઆ, અને તમારે મોહડેજ તમો કહો છો કે હું તો કાંઇ શીખેલો નથી. એથી જેમ તમોને એબ લાગેચ, તેમજ હું તમારા જજમાંનને પણ નઠારૂં લાગે છે કે એક ધરમગુરૂ, જેનો ધંધો પોતાના જજમાંનોને ધરમનો ઉપદેશ કરાવાનો, તે જ્યારે ઉપદેશ કરવાને બદલે ભીખ માગે છે તારે, તેના જજમાંનને બહુ શરમ લાગે. માંટે હું તમારૂં પોશંન કરૂં, અને જો તમો ધરમ કથા શીખો તો બહુ સારૂં. શા વાસતે કે પછે તમો આબરૂ સાથે તમારૂં ગુજરાંન કરી શકશો, અને કોઇને ઘેર જાઇને હાથ ઓરવાની તમારી ધાશતી મટી જાશે. બરાહમણે જવાબ દીધો કે મહારાજ! હું તો પરદેશી

છેઉં, અને વલી તે સાથે બચરવાલ પડેઓ. છોકરાંનું પેટ ન ભરી શકેઓ, અને જારે બાએડીએ બહુજ ગાલ દેવા માંડી તારે દેશ છોડી પરદેશ તરફ ઉતરી પડેઓચ. માટે રે મહારાજ ! મારી નહી તો મારાં બાલકોની, જો તમોને દયા આવતી હોએ તો, મને કાંઇ સારી જેવી દખશણા આપો, જે દેશ જઇને તેઓ સાથે ભેગો થઇને હું ખાઉં. પટેલે જવાબ દીધો કે—મહારાજ ! હું એટલો મોટો લખશાપતી નથી કે તમારાં છોકરાંઓ સાથે તમારૂં ગુજરાંન થાએ એટલું હું તમોને આપી શકું ; પણ જમનાં કાંઠે બેશી મારી જપણા કરો તો, દર મહીને હું તમોને તરણ રૂપીઆ આપેઆ કરીશ ; વધારે આપવાની મારામાં શકતી નથી. બરાહમણે આ વાત કબુલ રાખી, અને નદીને કીનારે જઇ એક નવરાશ ભરેલી જગોએ બેઠો, અને હાથમાં માલા પકડી મોટે આવાજે બોલવા લાગો કે—**"પટેલની જપ કરૂં, પટેલની જપ કરૂં"** એવા શબદો સીવાએ તે બીચારો બરાહમણ બીજું કાંઇપણ ભણતો નહી હતો ; કાંકે **"જપ"** એટલે શું તેટલું વટી-કબી તે સહમજતો નહી હતો. એવી અવસથામાં તે બરાહમણના ઘણાએક મહીના ગુજરેઆ. એક દીવસે એક લફંગો બરાહમણ તેની જગા ઉપર જાઇ પુગો, અને તેને મોહડેથી—**"પટેલની જપ કરૂં, પટેલની જપ કરૂં"** એવા શબદો જારે શાંભ-લેઆ તારે, તે વીચારમાં પડેઓ કે, કદાચ આ પુરૂશ દેવાંનો હશે, અને દેવાંનાંપણાની હાલતમાંજ આવા શબદો બોલેઆ કરતો હશે. એવા વીચાર સાથે તેણે તાંહાં બેઠેલા બરાહમણને પુછીઉં કે—ભાઇ ! **"પટેલની જપ કરૂં, પટેલની જપ કરૂં"** એવા જે શબદો તું બરબરેચ તેનું કારણ શું ? તે બરાહમણે તે-ને ઉતર વાલેઓ કે—ભાઇ ! હું વાખાનો મારેલો એક પરદેશી બરાહમણ છું, અને આ ગાંમમાં એક ભીખશુક દાખલ આવેલો છું. એણીગમથી પેલીગમ જારે હું ભીખશાને માટે ફરતો હતો, તારે એક માએઆલુ પુરૂશે મને સલાહ આપી કે આ ગાંમનો પટેલ જે છે તે ધરમાતુ છે, તાંહાં તું જાશે તો તુંને દખશણા સારીપઠે મલશે. એ ઉપરથી હું પટેલને ઘેર ગએઓ, અને તેણે કેટલીએક વાતચીત કીધા પછે પોતાને નાંમની **"જપ"** કરવાનો મને હોકમ કીધો, અને તેના બદલામાં દર મ.સે તે પટેલ મને

તરણ રૂપીઆ આપે છે. આ વાત શાંભલવા ઉપરથી પેલા લફંગા બરાહમણે પટેલનાં ઘેરની નીશાંની પુછી લીધી, અને પોતેબી તેને ઘેર ગએઓ. તાંહાં જાઇ કાકલુદી સાથે બોલેઓ કે—મહારાજ ! હું વાપ્પાનો મારેલો છું, અને આ દેશમાં એક ધરમી પુરૂશ દાખલ તમારૂં નાંમ શાંભલીને આવેલો છું ; કાંકે અમારાં ગાંમમાં કાંઇ રોજગાર નથી, અને હું નથી કાંઇ ધરમ પુશતકો શીખેલો કે ધરમ બોધ કરીનેબી મારૂં ગુજરાંન ચલાંઉ ! માટે રે ધરમાતમા પટેલ ! મારી ઉપર દએઆ આંણી કાંઇ દખશણા આપવી કે મારે દેશ જાઇં બાલગોપાલ સાથે ખાઇ તમારા હકમાં આશીરવાદ દેઉં. પટેલે જોઇઉં કે એ પણ પેહલાંનાં જેવોજ દીશે છે; માટે એને પણ જપના કરવાને શોપું કે પુન લાગે. એવું વીચારી તે લફંગા બરાહમણનેબી જમનાં કાંઠે જપ કરવાને કહીઉં, અને પેહલા બરાહમણની મીસાલે તરણ રૂપીઆનો પગાર આપવા કહેઓ. એ બોલવું શાંભલી ખુશી થઇને તે લફંગો બરાહમણબી તાપી કીનારે જાંહાં પેહલો બરાહમણ બેઠેલો હતો તાંહાં ગએઓ, અને તેની આગલ બેશીને વીચાર કરવા લાગો કે એ તો બોલેચ કે—"**પટેલની જપ કરૂ**" તારે હવે એની સાથે હુંબી એજ શબદ બોલું તો તે કાંઇ ઠીક લાગશે નહી, એવું વીચારી તેણે એક તોડ શોધી કાહાડેઓ. પેહલો બોલે કે—"**પટેલની જપ કરૂં, પટેલની જપ કરૂં**" તારે તે બોલે કે—"**તું કરે તે હુંબી કરૂં, તું કરે તે હુંબી કરૂં**" એવી રીતે તે બંધે જનાઓ તાપી કીનારે બેશીને બોલેઆ કરતા હતા. એ પરમાણે થોડાએક માસ ગુજરેઆ પછે, વલી એક તરીજો શખસ તેઓની નજદીક જઇ લાગો અને તેણે જારે પેલા બંધેનું બોલવું શાંભલીઉં તારે તેબી અંદેશો કરી વીચારવા લાગો કે કદાચ આ બંધે જનાઓ ગાંડા હશે કે શું ? એક બોલેચ કે—"**પટેલની જપ કરૂં**" તો બીજો બોલેચ કે—"**તું કરે તે હુંબી કરૂં**". એવા વીચારથી તે તરીજા પુરૂશે પેલાઓને પુછીઉં કે—ભાઇઓ ? તમો એવી રીતે બકોઆ કરોચ તેનો સબબ શું ? પરથમ પેહલાએ પોતાની હકીકત કહી, અને તે પછે બીજાએ કહી. એ હકીકત શાંભલવાથી તે પણ પટેલને ઘેર ગએઓ, અને પેલા બંધેની મીસાલે પટેલ આગલ કાકલુદી સાથે દખશણાને માટે વીનંતી કરવા

લાગો. પટેલે તેને પોતાને તાંહાં ચાકરી રેહવાને કહીઉં તારે તે બોલેઓ કે—મહારાજ ! હું તો ભીખ માંગીઆ સીવાએ બાજુ કાંઇજ શીખેઓ નથી, અને કદાચ ચાકરી રાખેઓ અને કાંમકાજ-માંથી કાંઇ ચોરી થઇ તો, ફોકટમાં બરાહમણનો દીકરો મારેઓ જઇશ; કારણ કે ભીખશુક લોકોનો જીવ ઘણોજ નીચો હોએ છે, અને તેના હાથમાં પઇશો ગએઆથી તેનો જીવ તે ઉપર ઘણોજ લલચાએ છે; માટે રે મહારાજ ! મને કાંઇ દખશણા આપો તો તે લેઇ મારે દેશ જઇ મારાં કુટુંમબ સહીત આપને તમને આસીરવાદ દેઇશ. પટેલે જણાવીઉં કે ફોકટ તો કાંઇ દખ-શણા અપાએ નહી, પણ જે મીસાલે બે બરાહમણો જમનાં કાંઠે જપના કરેછે તેમ તું બી જઇને મારે નાંમની જપ કરશે તો તું-નેબી તેઓની મીસાલે તરણ રૂપીઆનો પગાર આપીશ. એ વાત શાંભલી તે કબુલ થએઓ, અને પટેલને આશીરવાદ દેઇ તેની જપ કરવા સારૂં જમના કીનારે ગએઓ. તાંહાં જઇ વીચાર કરવા લાગો કે એક તો બોલેચ કે—"**પટેલની જપ કરૂં**" બીજો બોલેચ કે—"**તું કરે તે હું બી કરૂં**" તારે હવે હું તે શું બોલું ? ઘણોવાર વીચાર કરી તેણેબી એક શબદ શોધી કાહાડેઓ. પેહલો બોલેચકે—"**પટેલની જપ કરૂં, પટેલની જપ કરૂં**" બીજો બોલેચકે—"**તું કરે તે હું બી કરૂં, તું કરે તે હું બી કરૂં**" તારે તરીજો બોલેચકે—**એમ તે કાંહાંસુધી ચાલશે, એમ તે કાંહાંસુધી ચાલશે !**" એવી રીતે તેઓએ ઘણાએક માસ ગુજારેઆ. એટલામાં વલી એક ચોથો શખ-સ તેઓની આગલ આઇ લાગો, અને તેઓના શબદ શાંભલી તે પણ વીચારમાં પડેઓ કે આ તે શું ઢોંગછે. કદાચ તે-ઓનું ભેજુ ખશી તો નહી ગએઉ હોએ ? કે એક બો-લેચ કે—"**પટેલની જપ કરૂં**" બીજો બોલેચકે—"**તું કરે તે હું બી કરૂં**" તારે તરીજો બોલેચ કે—**એમ તે કાંહાં સુધી ચાલશે**" એવા વીચારથી તેણે પેલાઓને પુછીઉં કે—મહરાજો, તમો એક પછે એક એવા જે શબદો બોલાચ તેનું કારણ શું ? એ ઉપરથી એક પછે એક તરણે બરાહમણોએ પોતાની હકીકત તે ચોથા પુરશને કહી સંભલાવી. એ વાત શાંભલી

પેલો ખુશી થએઓ કે વારૂ, આતો હરાંમખોર થઈને બેશી રેહવાથી પગાર મેલવેછે. તેણેબી પટેલનું ઠેકાંણું પુછી લીધું, અને તેને ઘેર જઈ ઢોંગથી કાકલુદી કરી દખ્શણા માંગવા લાગો. પટેલ વીચાર કરવા લાગો કે—આ તો હરાંમખોરોની સંખીઆ વધતી જાએછે, એવું ધારી પેલાને કહીઉં કે—મહરાજ ! તમો જો ગરીબજ છેઓ, અને ધરમ પુસતક શીખેલા નથી તો, મારા ઘેરમાં પાંણી ભરવાને રેહવો, હું તમોને પગાર આપીશ. તે બોલીઓ કે—મહારાજ ! બરાહમણનો દીકરો છેઉં અને ઘેરમાં પાંણી ભરવા સારૂં ધંધે લગાડોચ તો સારૂ, પણ એકતો એકે મારાંમાં કાંઈ શકતી નથી. બીજું એકે તમારા ચાકરોને અદેખાઈ પેદા થાએ, અને તે ઉપરથી મારા ઊપર કદાચ કાંઈ તોહમત મેલે તો ગરીબ બરાહમણ ફોકટમાં મારેઓ જાઉં. માટે તમો તો દાતા છેઓ. કાંઈ દખ્શણા આપશો તો લેઈને આશીરવાદ દેતો મારે ઘેર જઈશ. પટેલે તેને પણ જપ કરવાની સોંપી. એ ઊપરથી તે-બી તાપી કીનારે પેલા તરણ આલસુઓની આગલ જઈ બેઠો. હવે તે વીચાર કરેચ કે હું તે શું બોલું. એક કેહેછે કે—"**પટેલની જય કરૂં**" બીજો કેહછે કે—"**તું કરે તે હુંબી કરૂં**" અને તરીજો કેહછે કે—"**એમ તે કાંહાં સુધી ચાલસે**"! તેણેબી વીચાર કરીને એક શબદ શોધી કાહાડેઓ. પેહલો બોલેછે કે—"**પટેલની જય કરૂં**" બીજો બોલેછે કે—"**તું કરે તે હુંબી કરૂં**" તરીજો બોલેછે કે—"**એમ તે કાંહાં સુધી ચાલશે**"! તારે હવે તે બોલવા લાગો કે—"**જાંહાં સુધી ચાલે તાંહાં સુધી ચલાવો, જાંહાં સુધી ચાલે તાંહાં સુધી ચલાવો.**" જારે એ વાતને એક મોટી મુદત ગુજરી તારે, વલી એક પાંચમો આલસુ પેલાઓની પાસે આવી લાગો અને તેઓને બોલતાં શાંભલી વીચાર કરવા લાગો કે, એઓ શુ દેવાંના હશે? અને તેનેજ લીધે ચાર જન એકઠા બેશી એક પછે એક શબદો બોલેછે. થોડો વખત ગએઆ પછે તેણે તે ચારે જણાંઓને પુછીઉં કે—તમો અતરે શામાંટે બેઠા છો, અને એક પછે એક જન એવા શબદો બોલો છેઓ તેનું કારણ શું? પેલા ચારે જનાઓએ એક પછે એક પોતાની વાત કહી

શંભળાવી. તેઓની એ વાત શાંભળવાથી પેલા લોભીનું બી દીલ બલચાઈઉં, અને પટેલનાં ઘેરની ઇધાંની પુછી તેની તાંહાં ગએઓ, અને પટેલ પાસે મોટી કાકલુદી સાથે દખશણા માંગવા લાગો. પટેલે જોઈઉં કે એમતો આલસુની સખીઆમાં વધારો થાએછે, અને જે શખસ મેહનત કરવાંને શકતીવાંન હોએ તેઓએ આલસુઓની પેઠે હરામખોરી કરવા શીખે; માટે એવો ધરમ કરવો ઘટતો નથી, અને એ કાંઇ ધરમ ગણાએબી નહી. તેણે પેલા ચારે બરાહમણોને પોતાને ઘેર બોલાવી લીધા, અને જણાવીઉં કે હવે તમો સઘલાઓ પોત પોતાને દેશ જાઓ, આજથી તમોને પગાર મલશે નહી, અને તેને બદલે મને જે મલેચ તે હું તમોને દખશણા આપુંસ્હુ તે લેઇ સંતોશ સાથે પધરાંમની કરો. એવું કહીને પટેલે તે પાંચે બરાહમણોને પચાસ રૂપીઆ સાથે રજા આપી. બરાહમણોએ એક બીજા સાથે વીચાર કરી પટેલને આશીરવાદ દેવાનો ઠેડાવ કરેઓ. આશીરવાદ દેવામાં, તેઓ મધેથી પેહલો બોલેઓ કે—"**મે પટેલની જય કીધી**" બીજો બોલેઓ કે—"**તેં કીધું તે મેંબી કીધું**" તરીજો બોલેઓ કે—"**એમ તે કાંહાં સુધી ચાલીઉં**"! ચોથો બોલેઓ કે—"**જાંહાં સુધી ચાલીઉં તાંહાં સુધી ચલાવીઉં**"! એ શાંભલી પેલો પાંચમો, ઇઆને છેલો બરાહમણ બોલેઓ કે—"**નહી ભણેઆ કે નહી ગણેઆ, માટે તે સઘલું આજે પુરૂં થઇઉ**" એ પરમાણે એક પછે એક આવી રીતના આશીરવાદ દેઇને તેઓ પોતાનાં દેશ તરફ નીકલી ગએઆ.

## ભણીઆ પણ ગણીઆ નહી.

### પઢેલ કરતાં કઢેલ વધતો.

મોતા નાંમે ગાંમમાં રામશંકર કરીને એક બરાહમણ રેહતો હતો, જે શાસતર અને વીદીઆ સંબંધી ઘણું સારૂં ગનેઆન ધરાવતો હતો. રામશંકરને તાંહાં બે દીકરા હતા, જેમાંના એકનું નાંમ ઉદેશંકર કરીને હતું. ઊદેશંકરે, વીદીઆનો અભીઆસ ઘણો સારો કરીઓ હતો. રાત અને દીવસ વીદીઆ શીખવા પછવાડેજ તે

મેહેનત કરતો હતો, અને તેવી ઉલટને લીધે કોઇબી દીવસે ઉદેશંકરે એકે મીતર મેલવીઓ નહી હતો. તેમજ વલી ઘેર છોડીને તે કેડે બાહેર ફરતો પણ નહી હતો કે સંસાર સંબંધી તેને ગનેઆન મલે. રામશંકરના બીજા છોકરાનું નામ પરાણશંકર કરીને હતું. એ છોકરો કાંઇએ વીદીઆ ભણેલો નહી હતો, અને બચગીથીજ તેણે ઘણા મીતરો મેલવીઆ હતા, જેઓ ભણેલા અને વીદીઆવાંન હતા. તેવા મીતરોની સંગતમાં ફરવાથી, જોકે પરાણશંકર પઢેલો નહી હતો, તો પણ શાસતરના અને સંસારના વહીવટથી તે ઘણોજ કઢેલ અને માહીતગાર થએલો હતો. રામશંકરનો પેઆર બંધે છોકરાઓ ઉપર એકસરખો હતો; પણ પરાણશંકરને વારેઘડીએ, શાસતર નહી શીખવાને લીધે તઠપકો આપતો હતો, અને ઉદેશંકરને શાબાશી આપતો હતો. એ ઉપરથી પરાણશંકર દલગીરને બદલે ખુશી થતો હતો, અને કશી પરવા કીધા વગર બેફીકરાઇથી ફરતો હતો. રામશંકરે પોતાના બંધે છોકરાઓને પરણાવેલા હતા. પરાણશંકરની વહુ બાહેરગાંમની હતી, જે ગાંમ મોતાથી એક મંજલ દુર હતું. પરાણશંકરની વહુ મોટી થવાથી તેને આંણું કરવા સારૂં તેણે પોતાના બાપને અરજ કીધી. એ ઉપરથી પરાણશંકરના બાપે તેને જણાવીઉં કે તારે હાથે જઇને તું તેને બોલાવી લાવ. આ વાત ઉદેશંકરે શાંભલી તેથી તેનું દીલ પીગલીઉં કે—મારી ઉંમરમાં હું કેડે ફરેઓ નથી; માટે આ તાંણે જરા બાહેર જઇ આઉં, એવું ધારીને તેણે પોતાના બાપને જણાવીઉં કે—પરાણશંકરની બાએડીને હું બોલાવી લાઉં. આ વાત જેમ તેના બાપે, તેમજ ઘેર માંહેલા સઘલા જનાઓએ કબુલ રાખી, અને એક દીવસે પરાણશંકરની બાએડી જમના વહુને બોલાવી લાવવા થકી તેનાં ગામ તરફ તે ચાલેઓ. ઉદેશંકર ગામનો મારગ જાણતો નહી હતો; પણ મોતા અને ઉપલાં ગાંમ વચે બોહલો વેપાર હોવાથી આખો દીવસ રાહદારી માનસો અને ગાડાંઓ તે બંધે ગાંમો તરફ ફરતાં હતાં, તે અડશટા ઉપરથી ઉદેશંકર પોતાનાં ભાઇનાં શાસરાં તરફ ગએઓ. ચાલતાં ચાલતાં સુરીઅ અસત પામવા આવેઓ. રસતામા ગાડાંની ધુરને લીધે, ઉદેશંકરે કંમરે બાંધેલી પીછોડી મટોડાંથી બગબ થઇ હતી, જેને ગાંમને પાદરે આવેલી એક નદી મધે ધોઇને સાફ કીધી, અને તે પીછોડી બેવડી કરીને શુકવવા સારૂ પોતાનાં માથાં ઉપરથી આખાં શરીર ઉપર ઓઢી, અને પોતાના

ભાઇના શાસરાં મોહલામાં દાખલ થએઓ. ઉદેશંકરે માથાં ઉપર પીછોડી ઓઢેઆથી તેનો દેખાવ ખીહામનો થાએઓ, અને જાંણે તે કોઇના મરણની ખબર લેઈ ગએઓ હોએ તેવો તે બનેઓ હતો. તેના ભાઇની શાસુ, જે પોતાનાં ઘેરના ઓટલા ઉપર બેઠેલી હતી, તેણે ઘણો દુરથી ઉદેશંકરને કોઇના મરણની ખબર લેઇને આવતો હોએ તેવો દીઠો, જેથી તે સમજી કે—કદાચ જમનાનો ભરથાર મરણ પાંમીઓય; અને તેની ખબર લેઇને તેનો ભાઇ આવેછે.

વાંચનાર, નીચેની હકીકત ઉપર ધીઆંન આપેઆથી તુને માલમ પડવાનું કે—"ભણેઆ પણ ગણેઆ નહી," અને ભણેઆ સાથે સંસારના વહીવટથી વાકેફગારી નહી મેળવીઆને લીધે કેવો માઠો દેખાવ થએઓછે.

ઉદેશંકરનો એવો દેખાવ જોઇને જમનાની માએ પોતાનાં જમાઇના મરણની ખબર ઝડપથી પોતાનાં ઘેર મધેના અને પારપડોશનાં લોકોને કહી, જેથી ઉદેશંકર ઘેર આગળ આવે તેની આગમજ જમનાનાં ઘેરના લોકો બહેર નીકળીને ઓટલા હેઠળ એકઠાં થએઆં કે ઉદેશંકરના આવેઆથી ખબર મેળવીએ.

આ દેખાવનો અરથ ઉદેશંકરે ઉલટોજ લીધો, તે સહમજેઓ કે ભાભીનાં ઘેરમાં કોઇ મરણ પાંમીઉ છે. જેથી તેઓ મઇઅતનાં શોકની નીશાંણી બતાવવાને ઓટલા હેઠળ ઊભાં છે; વાસતે હું મારી તરફની દલગીરી તેઓને આગમચથી જણાઉં. એવા મુરખ વીચારથી ઉદેશંકરે ઘેરની આગળ જવાની અગાઉ—"**ઓ! જમના વહુ આ શું થીઉં રે**"! હેવી રીતે રડવાની લાંબી ફોક મુકી. જમનાનાં ઘેરવાળાઓને ચોકસ થઇઉં કે જમનાનો ભરથાર ખરેખરજ મરણ પાંમીઓ છે; કાંએકે તેના ભાઇએ ઘેર આગળ આવતાં પેહલાં ફોક મુકીને આપણને જણાવીઉં છે. એ ઉપરથી તેઓ પણ રડવા લાગાં. એક તરફથી ઉદેશંકરની આગળ ભાએડાઓ એકઠા થઈ રડવા લાગા, અને બાજી તરફથી જમનાની આગળ બાએડીઓ ભેગી મલી રડવા અને પીટવા લાગી. પીટની મધે બાએડીઓએ રૂદન કીધું કે—"**હાએરે પરાંનશંકર હાએ હાએ! તારી જમનાં રાંડી થાએ**"! બાજી તરફથી જમનાનો બાપ અને ભાઇ ફોક મુકી બોલીઆ કે "**ઓ પરાણશંકર ભાઇ રે! આ શું તારી ગતી**

થાઈ રે" ! આ દેખાવ જોવાથી પરાણશંકર, જે સંસારની રીતીને કાંઈ પણ રીતે સહમજતો નહી હતો તેના વીચારમાં એવું ઉતરીઉં કે જમનાને પેહલ વેહલી બોલાવવાને હું આવીઓચ માટે આ લોકો રડતાં હશે ; કારણ કે જમના બચગીથી હવડાં સુધી તેઓના ઘેરમાં મોટી થઈછે તેથી તેને છુટી પડવાનો વખત આવીઆને લીધે આવી રીતે કરતાં હશે, પણ આપણે તો આણું કરવાને આવેઆ તે લેઈનેજ જવું, નહી તો ભાઈ મશખરી કરશે. એવો વીચાર તે કરેછે એટલાંમાં બાએડીઓએ જમનાને હાથના ચુરા ભાંજવા માંડેઆ, અને હજાંમને બોલાવી તેનું માંથું બોરાવીઉં. આ દેખાવ જોવાથી ઉદેશંકર સહમજેઓ કે—જમનાનું માંથું બોરાવેચ તેનું કારણ કદાચ એવું હશે કે તેનો ચેહરો નઠારો દીશે તો હું એને લેઈ નહી જાઉં. એ ઉપરથી તેણે જમનાના બાપને હલુસે કહીઉં કે—ભાઈ, જમનાને માટે તમે ગમે એટલું કરો પણ હું એને અતરે રેહવા દેઈશ નહી, મારા બાપે એને લેઈનેજ આવવા કહેઉં છે. જમનાંનો બાપ સહમજેઓ કે તેના શસરાએ ચાહ રાખી બોલાવીચ માટે મોકલવીજ જોઈએ તેથી તેણે ઉદેશંકરને કહીઉં કે હા ભાઈ ઠીકજ છે.

રડી કુટીને પરવારીઆ પછે તેઓએ આંગ ધોઈઉં અને સઘલાં પોત પોતાને ઘેર ગએઆં. ઉદેશંકરને ઘરમાં ખાટલો વારી આપીં તે ઉપર બેશાડીઓ અને જમનાને તેની આગલ બેશાડી કે તેનો જેઠ તેનો ભરથાર કેમ મરણ પાંમીઓ તેનું સઘલું દુઃખ કહી સહમજાવે. જમનાનો બાપ પોતાની દીકરીના રંડાપાના બલાપાને લીધે એક જગોએ જઈ વીચાર કરતો બેઠો. જમનાની માએ રોટલા કીધા અને ઉદેશંકરનું બોણું કરી તેને જમવાને બેશાડેઓ અને તે પણ તેની આગલ બેઠી. ઉદેશંકર જમવા લાગા પછે' જમનાની માએ તેને પરાણશંકરની ખબર પુછી કે—રે ઉદેભાઈ તારો પરાણું શાથી મરણ પાંમીઓ. ઉદેશંકર ઘભરાએઓ, અને પુછવા લાગો કે—બાઈ આ ખબર તમોને કોણે કહી ! મોતા ગાંમથી કોઈ હવડાં આવીઉં કે શું ? જમનાની માએ વીચાર કીધો કે આ એમ તે શું કહે છે. તેણે ફરીને ઉદેશંકરને પુછીઉં કે ભાઈ ઉદે, તારો ભાઈ પરાણશંકર જે મરણ પાંમેઓ તે શાથી ? ઉદેશંકર ફરીથી પુછેચ કે—બાઈ, પરાણશંકરનાં મરણની ખબર તમને કેહાંથી થઈ ! તેણે ઉતર દીધો કે રે રરેઆ—માંથે ભીણી પોછોડી

હોઠી-જાંણે મશાંનીઓ શંમશાંનની (કોઇનાં મરણની) ખબર લા-વેઓ હાએ તેમ, જારે તું ઘેર આગલ આવેઓ, અને વલી તે સાથે "**ઓહો જમના વહુ આ શું થીઉં રે**" એમ કરીને આવતાં પેહલાંજ ફોક મેલો રડેઓ તેનું કારણ શું? પરાં-ણુનાં મરણની ખબર લાવીઓ કે કાંઈ બીજાંજ કારણથી રડેઓ. ઉદેશંકર બોલેઓ કે—પરાંણું કાંઇ મરી ગયા નથી; પણ તમો તમારાં ઘેરને આંગણે સઘલાં એકઠાં થએઆં તે જોવાથી પેહલાં હું સહમજેઓ કે તમારે તેહાં કોઇ મરણ પાંમીઉંચ માંટે તે શોં-કમાં શામેલ થઇ હું રડેઓ હતો. હું તો જમના વહુને આંણું કરવાને આવીઓચ, માંટે એને મારી સાથે મોકલો. જમનાના બાપે આ શબ્દ શાંભલેઆ, જેથી તે પોતાની દીકરીનાં દુઃખનો ગમ ભુલી જઇ ઝડપથી આગલ ગએઓ, અને ઉદેશંકરને ઠપકો આપી બોલેઓ કે—શમશાંતની ખબર લાવે તેવી રીતે તું મોહલામાં આંવેઓ, અનેવલી "**ઓહોજમનાવહુ આ શું થીઉ રે**" એવા આકારમાં રડવા લાગો, જેથી અમોએ જાણેઉ કે જમનાનો ભરથાર મરણ પાંમીઓ છે, અને તેજ ઉપરથી અમો રડવા બેઠાં. તેજ મીસાલે વલી તુંબી અમારી સાથે રડવા બેઠો. ભાએડા અને બાએ-ડીઓએ રડવા પીટવામાં પરાણશંકરનું નાંમ ખુલલી રીતે વાપરીઉં, જમનાનાં ચુરા ભાંજેઆ. અને તેનું માથું બોરાવીઉં તાંહાં સુધી તું કાંઇએ બોલીગો નહી તેનો સબબ શું? ઉદેશંકરે જણાવીઉં કે મરણની કીરીઆ કોઇએ દીવસે મેં જોએલી નહી તેથી હું સહ-મજેઓ કે—તમારાં ઘેરમાં કોઇ મરણ પાંમીઉં છે, જેથી એવી કીરી-આ તમો કરો છેઓ; એ ઉપરથી વગર પુછ્યે તમોને વેહવાઇ દાખલનું માન આપવા થકી તમારી સંગાથે હું પણ રડવા બેઠો. સેવટે ઉદેશંકર જમનાને રંડકાના આકારમાં પોતાની સાથે પોતાનાં બાપને ઘેર લેઇ ગએઓ, જેથી "પઢેલ અને કઢેલ"ની પરીખશા થઇ, અને પરાણશંકરે પોતાનાં બાપ આગલ ઉદેશંકરની ફરીઆદ કીધી કે—રે પીતા, તમારા ઘણા ભણેલા દીકરાએ આ શું કાંમ કીધું? ઉદેશંકર બોલેઓ કે—ભાઇ રામશંકર "**અમે ભણે આ પણ ગણેઆ નહી**" એટલે જેમ મેં શાસતરની કેલવણી લીધી તેમ જો બાહેર ફરીને દુનીઆદારી અને સંનસાર સંબંધી અભીઆસ કીધો હતે તો, ખચીત એવો માઠો બ-નાવ કધી બનતેજ નહી.

# ગરથ ખરચીને ગુહ ખાવું.

.મઉ નાંમે ગાંમડાંનાં પટેલને તે ગાંમના રેહવાસી વાહલા નામના કોઇ શખ્સનું એક દીવસે કામ પડીઉં. પટેલ વાહલાનાં ઘેરમાં ગએઓ; અને તેનું નાંમ દેઇ હાક મારવા લાગો. વાહલો ઘેરમાં નહી હતો; માટે ડાહી નાંમે તેની દીકરીએ પટેલને ઉતર દીધોકે—મારો વાહલો બાપ ઘેરમાં નથી. પટેલે પુછીઉં કે કાંહાં ગએઓકે? ડાહીએ કહીઉકે—"**ગરથ ખરચીને ગુહ-ખાવા ગએઓ છે.**" પટેલ પુછીઉકે કેવારે આવશે! ડાહીએ ઉતર દીધો કે—"**આવશે તો નહી આવશે, અને નહી આવશે તો આવશે.**" પટેલ પુછીઉં કે—તારી મા કાંહ ગેઇછે? ડાહીએ ઉતર દીધોકે—"**હમડો ખરચીને રતન લેવા ગેઇછે,**" પટેલ (ડાહીને) પુછીઉંકે—તું રશોડીઆમાં શું કરેછે? ડાહીએ ઉતર દીધોકે—"**માએ ખરેચ, અને દીકરી ચરેચ.**"

ઉપલા ચારે વાકીઅનો ખોલાસો પટેલ ડાહીને પુછીઓ, જે ઉપરથી તે બોલી કે :—

૧. મારો બાપ "**ગરથ ખરચીને ગુહ ખાવા ગએઓ છે,**" એવું જે મેં કહીઉં તેનો સાર એછેકે—પઇશા ખરચીને તે દારૂ પીવાને ગએઓ છે. જોકે પઇશા ખરચીને દારૂ પીવાથી તે ઘણીવાર મારામારી કરેછે, જેથી માંઠાં પરીણામ નીપજી આવેછે. વધારે છાટક બનેઆથી કેટલીએકવાર રસતામાં પડી રેહછે, જેથી એ માંઠી હાલતમાં જેઓ તેને જોએછે તેઓ તેની અકલ ઉપર હશે છે, અને કેહચકે આ પુરશ કેવો ઘેલો હશે કે પઇશા ખરચીને એવી માંઠી અવસથામાં આવી પડેછે. જો તે કોઇવાર વલી વધારે છાટકો થાએછે તો, તેનાં શરીરને નુકસાન થાએછે. તારે શું તે "**ગરથ ખરચીને ગુહ ખાવું,**" એમ નહી કેહવાશે?

૨ મારો બાપ "**આવશે તો નહી આવશે, અને નહી આવશે તો આવશે,**" એવું જે મેં કહીઉં તેનો

અર્થ એછે કે—આપણાં ગાંમની પડોશમાં "માહીમાં" નાંમે જે નદીછે, તેને પેલે પાર આવેલાં "વએસુન" ગાંમ મધેનાં એક ભીડાંમાં તે દારૂ પીવાને જાએછે. એ નદી મધેનાં પાંણીમાં ભરતાં ઓટ થાએછે, વાસતે જો ભરતીનાં પાંણી નદીમાં **આવશે તો** મારો બાપ ઘેર **નહી આવશે**, અને ભરતીનાં પાંણી નદીમાં **નહી આવશે તો**, મારો બાપ ઘેર **આવશે**. હવે ગાંઠના પઈશા ખરચીને એવી રીતની હારમારી ભોગવવી એ શું "ગરથ ખરચીને ગુહ ખાવું" નહી કેહવાશે ?

૩. મારી મા **"દમડી ખરચીને રતન લેવા ગઈછે,"** એવું જે મેં કહીઉં તેનો ભરમ એછે કે—મારી મા દમડી ખરચીને એરંડીઉ લેવાને ગેઈછે, જેની અંદર બતી સલગાવેઆથી રતનની મીસાલે ઘેરમાં અજવાલું થાએછે. પઈશા ખરચીને મેલવેલું ખરૂં સુખ એને કેહવું જોઈએ.

૪. રશોડીઆમાં **"માંએ બરેચ અને દીકરી ચરેચ,"** એવું જે મેં કહીઉં તેની મતલબ એ છે કે—તુવરની દાલને રાંધવા સારૂં મેં ચુહુલા ઉપર મેલીછે, અને તેને સીજવવા સારૂં તુવરની કરાંઠી, એટલે તુવરનાં શુકાં જાહાડ ચુહુલા મધે બાલવાને મેલેલાંછે, જેને ઘેરની કસર કરીને કેહવી જોઈએ.

## બેહોત મેંઘી બેચીએ.

### ( બુઢો ધોબી અને રાજા મીતર. )

એક રાજાનાં શેહરમાં કોઈ ધોબી રેહતો હતો, અને પોતાની બચગીના વખતમાં તે એક નીશાલે જતો હતો, તેજ નીશાલમાં તે શેહરના રાજાનો દીકરો પણ શીખવા જતો હતો. ધોબીના દીકરાને રાજાના દીકરા સાથે સારી મીતરાચારીપડી હતી, અને રાજાનાં દીકરાને લખવા વાંચવા પઢાવાડે તે ઘણી મેહનત લેતો હતો. પોત પોતાની મોહતાજ મુજબ શીખ્યા પછે, તેઓએ પોતાની નીશાલ છોડી. ધોબી [illegible]કો બાપીકો ધંધો કરવા લાગો. થોડી એક મુદત ગુજરવા પછે [illegible]ન મરણ પાંમીઓ, અને તેનો દીકરો (ધોબીનો

મીતર) ગાદીએ બેઠો. તેણે સારી રીતે રાજ ચલાવવા માંડીઉં, જેથી રઈઅતનો પીઆર મેલવેઓ. એવી રીતે એક લાંબી મુદત ગુજરી ગેઇ, અને જેમ રાજા, તેમજ તેનો આગલો મીતર ધોબી બંને જનાઓ. ઘડપણની અવસથામાં આવેઆ. રાજા સુખવાસી માટે તેનું ઘડપણ ઝાઝુ જણાએ નહી; પણ ધોબી બીચારો દલદેશરી બીગરે, અને વલી રાજાના કરતાં ઉંમરે વધારે માટે તેની અવસથા માંડી હોવાથી હાથમાં લાકડી લીધા સીવાએ તે ચાલી શકે નહી. ધોબી અને રાજાએ પોતાની નીશાલ છોડેઆ પછે, તેઓ વચે કોઇબી દીવસે ફરીને મુલાકાત થઇતી નહી. તો જેકે ધોબી દરરોજ રાજાના મેહલ આગલથી પોતાનાં મકાંન ઉપર આવતો જતો હતો. એક દીવસે રાજા ખુશ મીજાજથી પોતાના મેહલની બારી આગલ ઉભેલો હતો, અને ધોબી હાથમાં લાકડી પકડી ખાંધ ઉપર કપડાંનો ગાંશડો નાંખીને તે રસતેથી જતો હતો તેવામાં બંનેની નજર એકઠી થઇ. ધોબી કુરનસ બજાવીને રાજાની સાંમણે ઉભો રહેઓ. રાજાએ તેને ઓલખેઓ, અને તેણે કીધેલી બચ-ગીના વખતની ચાકરી રાજાને ઈઆદ આવી, જેથી રાજાએ તે-ને બોલાવીઓ કે—કીઉં બે ધોબી! ધોબીએ ઉતર વાલેઓ કે રાજા સલાંમત. રાજાએ પુછીઉં કે—**દો ચલતે હુએ, ઈસકે સાથ તીસરેકુભી લેના ચઈએ?** ધોબીએ ઉત્તર વાલેઓ કે—હં સાહેબ, તીસરેકુ સાથ લેના ચઇએ.

રાજાએ બીજીવાર પુછીઉં કે—કીઉં બે ધોબી! તેણે ઉત્તર વાલેઓ કે—રાજા સલામત. રાજાએ પુછીઉં કે—**જો પીછેસે આએ ઓ આગુંસે ગએ?** ધોબીએ ઉત્તર વાલેઓ કે—હા સાહેબ; ઓ આગુંસે ગએ.

રાજાએ ફરીને તરીજીવાર ધોબીને પુછીઉં કે—કીઉં બે ધોબી! તેને ઉતર વાલીઓ કે—રાજા સલાંમત. રાજાએ પુછીઉં કે—**આઠ મારે, ઓર ચાર મારે બીના ચલે નહી?** ધોબીએ ઉત્તર વાલેઓ કે—**ન** સાહેબ, નહી ચલે.

રાજાએ ચોથીવાર ધોબીને કહીઉં કે—કીઉં બે ધોબી! તેણે ઉત્તર વાલેઓ કે— રાજા સલાંમત. રાજાએ કહીઉં કે—**બહોત મેંઢી બેચોગે.** ધોબીએ જવાબ દીધો કે "બહોત ખુબ સાહેબ.

એટલી વાતચીત કીધા પછે, પાદશાહને નમનતાઇ ભરેલી રીતે સલાંમ કરીને ધોબી તાંહાંથી ચાલતો થએઓ. પાદશાહની આગલ એ વખતે વજીર ઉભેલો હતો. રાજાએ તેનેથી ઉપલી વાતનો ખોલાસો પુછેઓ કે—ધોબી સાથે જે વાત થઈ તેની મતલબ સહમજાવ. વજીર વીચારમાં પડેઓ, અને ચાર દીવસ પછે ખોલાસો કરવાની કબુલાત આપી. ધોબી કોણ હતો, અને કાંહાં રેહતો. હતો તેની વજીરે શોધ કીધી. અને તેને ઘેર જઇને ઉપલી વાતનો ખોલાસો માંગેઓ. ધોબીએ વજીરને જણાવીઉં કે રાજાની સાથે તેને ચાર વાત કીધીછે. અને તે દરએક વાતના જો તું ચાર ચારહજાર રૂપીઆ આપે તો, તેનો ખોલાસો તારી આગલ કીધામાં આવે. વજીરે એ માંગણી કબુલ રાખી, અને ધોબીને દરએક વાતના ચારહજાર રૂપીઆ પરમાણે શોલહજાર રૂપીઆ આપેઆ. ધોબી બોલેઓ કે—રાજાએ મને પરથમ પુછીઉ કેઃ—

"દો ચલતે હએ, ઇસકે સાથ તીસરેકુબી લેના ચહીએ?" એનો જવાબ મેં વાલેઓ કે—હા સાહેબ. એ વાતનો ખોલાસો એછે કે—હું ઘરડો થએઓચ માટે મારા બે પગ હોવા છતાંબી, તરીજા પગ દાખલ એક લાકડીનો આધાર મને સાથે રાખવો પડેછે.

બીજી વાત રાજાએ મને એ પુછી કેઃ—"જો પીછેસેં આંએ ઓ આગુશેં ગએ?" એનો જવાબ મેં વાલેઓ કે હા સાહેબ. એ વાતનો ખોલાસો એછે કે—મારાં મોહડાં મધેનાં દાંત જે મારો જનમ થવા પછે આવેઆ હતા, અને હજુરતો હું જીવતો છું તેટલાં તે પડી ગએઆચ.

તરીજી વાત રાજાએ મને એ પુછી કેઃ—"આઠ મારે ઓર ચાર મારે બીના નહી ચલે?" એનો જવાબ મેં એવો વાલેઓ કે—ના સાહેબ. એ વાતનો ખોલાસો એછે કે—આઠ માસ, જે તાહડ અને ઉણાલાની રૂતુનાછે તે દીવસો ઉપર જો ધંધો કીધો હોએ, અને ચોમાંશાનાં, ઇઆને વરસના ચાર માસ લગે જો બેશીને ખાવા માગીએ તો ગરીબ સંસાર પ્રમાણે તે બની શકે નહી.

તેણે મને ચોથી વાત એ કહી કેઃ—"બહોત મેંધી બેચીઆ." મેં એનો જવાબ વાલેઓ કે—બહોત ખુબ સાહેબ. એ વાતનો ખોલાસો એછે કે—રાજા સંગાથે એ વાતો જે મેં ભરમમાં કીધો તેનો ખોલાસો, જો કોઇ માંગેતો, તેની પાસેથી ઘણું નાંણું માંગવું. એવી ચેતવણી રાજાએ મને આપી હતી.

એ ખોલાસો વજીરે રાજાને કહેઆથી રાજાએ જાંણીઉં કે તેનો ધોબી મીતર હવે સુખી થએઓ.

## ૧૫

# લુલીની લપે કકરતી ખોરેભરી.

કોઈ પરદેશી મરદ એક ગામથી નીકલેલો, દીવસ અસત પાંમતી વેલાએ ચાલતો ચાલતો બીજાં ગાંમમાં જઈ પુગો. ગાંમમાં જઆવ્યા પછે, પોતાનાં ઉતારા સંબંધી તે શોધ કરવા લાગો. એણીગમ પેલીગમ જોતાં એક પુરૂશને પોતાના ઓટલા ઉપર ખુશ મીજાજમાં બેઠેલો જોએઓ. પરદેશીએ તે પુરૂશને મોટી નમતાઇ સાથે અરજ કીધી કે—સાહેબ એક પરદેશી પુરૂશને આજની રાત તમારા ઓટલા ઉપર ઉતારો આપવાની મેહરબાંનો કરશો? તે પુરૂશે તેની અરજ કબુલ રાખી, અને તુરત પોતાના ઓટલા ઉપર મેલેલો સામાન બોરદુ ઉપર કરી તે પરદેશીને સુવા બેસવાનો જગો કરી આપી. પરદેશીએ એ પછે બીજી અરજ કીધી કે—તેને માટે ખાંનુ પકાવવા સારૂં કાંઇ વાસન નથી તેથી જો કાંઇ આપો તો, પકાવીને આખા દીવસની ભુખનું નીવારણ કરૂં. પેલા પુરૂશે તેને જોઇતાં વાસનો ઘેર મધેથી લાવી આપેઆં. પરદેશીએ વાસન લેઇને પોતાને સારૂં ચુહુલા ઉપર ખીચરી રાંધવા મેલી. થોડો વખત ગએઓ નહી એટલે પેલા ઘેર ધનીની દીકરી, જે ઘણીજ સુંદર દેખાવની હતી, તે બાહેરથી પોતાનાં ઘેરમાં આવવાને ઓટલા ઉપર ચહડી, અને પેલા પરદેશીને ઓટલા ઉપર જોઇને તાંહાં ઉભી. પરદેશીએ તેને પુછીઉં કે—બાઇ તું કોંણ છે? પેલી અસતરીએ ઉત્તર વાલેઓ કે—હું આ ઘેરધનીની દીકરી છેઉં. પરદેશીએ કહીઉં કે—તારો બાપ તો કોઇ મોટો દએઆલું દીશેછે. તેણે મને રેહવાને ઉતારો આપેઓ; એટલુંજ નહી પણ રાંધવા સારૂ વાસન વગેરે જોઇતી સઘલી ચીજ હાજેર કીધી; પણ જેવું દએઆ ભરેલું દીલ તારા બાપનું છે તેવુ દીલ તારૂંબી છે કે નહી તે હું જાંણતો નથી. અસતરીએ કહીઉં કે—તારી ગરજ પુરી પાડવાને બનતી કોશેશ કરવાને હું ભુલીશ નહી; માટે તુને શું જોઇએચ, તે મને કહેવાથી હું મારા બાપને અરજ કરૂં. પરદેશી બોલેઓ કે—એ કાંમ તારા બાપનું નથી; પણ તારી એખલીની મરજીનું છે તારા બાપે ખાવા પીવા વગેરે દુ:ખ ટાલીઉંછે, એ તેની ઘણી મેહરબાની થઇછે. પણ જો તું મારૂં સુવાનું દુ:ખ ટાલે તો તારો ઉપકાર તેથાબી વધારે ગણેઆમાં આવશે. આ વાત સાંભલીને તે અસતરી લજ્જા પામીને

ઘેરમાં જતી રહી, અને તેનો બાપ, જે તેની નજદીક ઓ-રડામાં ઉભો રહી સઘલી વાત સાંભલતો હતો તેની આગલ તેણે પરદેશીની ફરીઆદ કીધી. ઘેરધની બાહેર આવેઓ, અને પરદેશીને તાકીદ કીધી કે—હવડાને હવડાં વાસન ખાલી કરી. આપી ઓટલા ઉપરથી તેણે નીકલી જવું. નહી તો તેનાં ઘણાજ માંઠા હાલ થશે. પરદેશી બદ કરતુકને લીધે ફીકરમાં પડેઓ, અને પોતાની માંઠી દીઆંનતનો પશતાવો કરી ઘેર ધની પાશે માફ માંગવા લાગો; પણ ઘેર ધનીએ ઘણીજ તાકીદ કીધાથી અંતે પીછોડીની અંદર પેલી કાચી ખીચરી, જે ચુહુલા ઉપર હતી તે રેડી લીધી, અને લા-ચાર થઇ તેના ઓટલા ઉપરથી ચાલતો થએઓ. રસતા ઉપર ચાલતાં પીછોડી મધે રેડેલી ભીની અને ચુહુલા ઉપર કકરતી ખીચ-રીની વરાલ નીકલતી હતી, અને જમીન ઉપર પાંણીનાં ટીપાં પ-ડતાં હતાં. આએ દેખાવ જોવાથી કોઇ સહદારીએ તે પરદેશીને પુછીઉં કે—ભાઇ તું એ શું લેઇને ચાલેછે? પરદેશીએ પોતાની જીભલી વીશે પશતાવો કરી ઉત્તર દીધો કે ભાઇ—**લુલીની લપે કકરતી ખારે ભરી.** એટલે કે—જીભલીને આડે મારગે વા-પડેઆથી ચુહુલા ઉપર પુર જોશમાં આવેલી અને કકરતી ખીચરી હાથમાં ધરી હવે એણીગમથી પેલીગમ ભટકવું પડેછે.

---

## ફકીરા મશીદ અને જાંહાં પડેઆ તાંહ નચીત.

### કીસ કારણસ નીંદરા પીઆરી?

---

એક શેહરનો પાદશાહ ઘણો દએઆલુ હતો, અને પોતાની પરજા તરફ મેહરબાંની ભરેલી નજરથી જોતો હતો. તેની પરજા કેહવી રીતથી પોતાનો કાલ ગુજારે છે, અને તેનાં રાજમાં તેઓ સુખી રેહચ કે નહી, તે જાંણવા સારૂં તે પાદશાહ ઘણોજ ઇન-તેજાર રેહતો હતો, અને તે કારણ માટે દર અઠવાડીએ જોગવાઇ લઇને રાતની વેલાએ તે શેહરમાં ફરવા સારૂં નીકલતો હતો. એક દીવશે પાદશાહનો ઇરાદો થએઓ કે—શેહરની આશપાશ જે ગરીબ લોકો રેહ છે તેઓની તરફ જઇને તેઓની હાલત જોઇ આવવી, અને તે પરમાણે તે દીને રાતનાં તે પાદશાહ શેહરની બાહેર

નીકળીઓ ફરતાં ફરતાં તેણે એવો દેખાવ જોએઓ કે—ભરવાડનાં બકરાંનું એક ઘણુંજ મોટું ટોળું એક વાડી મધે બેઠેલું છે, અને તેનો રખેવાલ ભરવાડ બાવલના કાંટાંની વાર (એટલે જે કાંટાથી બનાવેલી ભીત) ઉપર લાંમબો થઈને ભર નીંદમાં શુતેલો છે. અને તે ચોમાસાનો વખત હોવાથી તે વખતે મોટો વરશાદ પડતો હતો. એ દેખાવ જોવાથી પાદશાહ અચરતીમાં પડેઓ, અને વીચારવા લાગો કે—અણીદાર કાંટાની વાર ઉપર આ ગરીબ પુરશ શુતેલો છે, અને વલી તેની ઉપર બેશુમાર વરસાદનું પાંણી પડે છે, તે છતાંબી તે ભર નીંદમાં ચકચુર થઈને ઉંઘેલો છે! બીજી જગોએ ફરેઆ પછે, પાદશાહ પોતાને ઘેર ગએઓ... જે દીવશે રાજા પોતાનાં શેહરમાં ફરતો હતો, અને પોતાની નજરથી જે અચરત ભરીઆ દેખાવ જોતો હતો. તેનો ખોલાસો તે પોતાના વજીરથી માંગતો હતો, જેનો જવાબ પુરતી રીતે શોધ અને ખોલ કીધા પછે વજીર વાલતો હતો. ઉપલા દેખાવ વીશે પાદશાહે પોતાના વજીરને પુછેઉં કે—વજીર, "**કીસ કારણસે નીંદરા પીઆરી ?**" વજીરે ઉત્તર વાલીઓ કે—સાહેબ એનો જવાબ શોધ કરીને લાવશ. વજીર એ કાંમની સોધને સારૂં નીકલીઓ, અને કેટલીએક રાત સુધી એણીગમ પેલીગમ ભટકીઆ પછે, પેલા ભરવાડનાં રેહઠાંણ તરફ જઈ પોંહચીઓ. તાંહાં જોએચ તો તે ભરવાડ કાંટાની વાર ઉપર લાંમબો થઈને બેદરકારપણુંથી સુતો હતો; અને ભર ઉંઘમાં ચકચુર થઈને પડેઓ હતો. એ દેખાવ જોવા પછે કેટલીએક શોધ કીને વજીર શેહર તરફ પાછો ફરીઓ, અને પોતાને ઘેર જઈને શુતો. બીજે દીને સહવારના વજીર પાદશાહની કચેરીમાં ગએઓ, અને પાદશાહે પુછેલા સવાલનો જવાબ આપવા વીશે તેણે પાદશાહને દરખાસત કીધી. પાદશાહના હોકમથી, વજીર જવાબ આપતાં બોલેઓ કે—

**ફકીરા મથીહ, અને જાંહાં પડેઆ તાંહાં નચીંત.**

પાદશાહે પુછીઉં કે એનો અરથ શું? વજીર બોલેએ કે—

**"કચરા દુધ ખાતા, અંગસે જહોત માતા,**
**નહી ઘરમેં નાર, કે નહી પરઘર જાતા,**
**નહી ઘરસે ધી કુંવારી—ઈસ કારણસે નીંદરા**
**પીઆરી."**

વજીરે એનો ખોલાસો એવો કીધો કે—ભરવાડ પોતાનાં બકરાંઓને દોહીને તેનાં દુધનોજ ખોરાક રાખે છે, જે તેને પુરતી રીત માફક આવીઆથી અંગે બહુ માંતીને મજબુત બનેલો છે. તેણે કોઇ અસતરી સંગાથે પોતાનાં લગણ કીધાં નથી કે નથી તેણે કોઇબી પર અસતરીનો સંગ કીધો. તેમજ તેને છોકરાં નથી જેઓને પરણાવવા અથવા તો તેઓ સંબંધી કાંઇ પણ જંજાલ વેઠવી પડે. તેટલા માટે તેને કશી પરકારની ફીકર અને ચીંતા નથી, અને એ સઘલી પરકારની નફીકરાઇને લીધે તે ભરવાડ જાંહ ગમે તાંહ નચીંતાઇથી શુઇને ખુશ મીજાજથી ઉંઘ કાહડે છે.

# નવાણું તાંહાં ભરેઆ શો.

કોઇ વાટપાડો એક નવરાસ ભરેલાં જંગલની ઝાડી મધ્યે રેહતો હતો. જાંહાંથી બીજાં અનેક શેહેરો તરફ જવાનો ધોરી રસતો હતો. તે રસતેથી આવજાવ કરનારા રાહદારીઓ, જો ભાગચોઘડીએ એખલા હોએ, અને તેઓની પાસે કાંઇ દઉલત સરાખું માલમ પડે તો, પેલો વાટપાડો પરપુછ અને તપાસ કીધા વીના તેનાં ગલાં ઉપર તલવારનો જહટકો મારી તેનું દાકું છુટું કરી નાખતો હતો, અને તેની પાશે જે કાંઇ હોએ તે લેઇ મેલીને તેની લાસને જંગલ મધે ફેંકી દેતો હતો, જેને જંગલી જાંનવરો ખાઈ જતાં હતાં. એ મીસાલે તે વાટપાડાએ સઘલાં મલીને નવાંણું આદમીઓને કતલ કીધાં હતાં. એક દીવસે એક બરાહમણ ભાટ તે મારગ ઉપર જઇ પોંહોંચેઓ. બરાહમણ જાતે ચંચલ અને બોલીદરાજ હતો. રસતાની નવરાસ અને બીહાંમણું જંગલ જોઇને તે બરાહમણ પોતાની નજર લંબાણ સુધી આસુપાસ રાખીને ચોકસાઇથી ચાલતો હતો. થોડએક ગએઆ પછે, તે ભાટની નજર પેલા વાટપાડાની ઝાડી ઉપર પડી, જેથી તે સાવચ થએઓ કે આજે આપણું મરણ નજદીક આવીઉં છે; માટે જો કોઇ બનતી હીકમત લગાવશું તો, કદાચ જીવનો બચાવ થશે. બરાહમણે પોતાની પાસેનું ઝુલણું હાથમાં પકડીને પેલા વાટપાડાની ઝાડીની નજદીક ગએઓ. બરાહમણ આગલ જતાંજ વાટપાડાએ

તલવાર હાથમાં ધરી કે બરાહમણે દુરથી પેહુ મુલહું તેની નજદીક મુકી અરજ કીધી કે—રે મહારાજ! તમારે તો મારી પાશે જે દઊલત હોએ તેની સાથે કાંમ, અને તે તો મેં આગમજથીજ તમારી આગલ ધરીઊં છે; તારે હવે અમસુથકુ પાપ કરવા મારૂં તલવાર શા માટે હાથમાં જાહાલી છે? તમારી જે મતલબ હતી તે તો વગર મેહનતે પોતાની મેલેજ પાર પડી છે; તારે હવે એક જીવડાનો ફોકટમાં પરાંણુ શા માટે લેવાની તઈઆરી કરો છેઓ? જો હું જીવતો રહીશ તો દઊલત તો વલી કાલે મેલવી શકીશ, પણ અગરજો તમારે હાથે મરણ પામીઓ તો, વગર કારણે તમારી ઉપર બે પરકારની હંતીઆ પડવાની. વાટપાડાએ પુછીઉં કે તે કેમ? બરાહમણે જવાબ દીધો કે શાંભલો:—એકતો એ કે હું બરાહમણનો દીકરો તમારે હાથે મારેઓ જાઊં તો તમારે માંથે બરહંમ હંતીઆનું પાપ લાગુ પડે, જે પાપ શાસતરમાં મોટું ગણીઆમાં આવેલું છે. બીજું એકે તમારે હાથે મારૂં મરણ આવીઆથી મારાં બચાં ભુખે મરે, તેઓના હંતીઆગી તમોનેજ લાગે; પણ જો હું જીવતો રહીશ તો તમોને બેવડી રીતે પુન પરાપત થવાનું. વાટપાડાએ પુછીઉં કે તે કેમ? બરાહમણ બોલીઓ કે શાંભલો:—જો હું જીવતો રહીશ, ઇઆને તમો મને જીવતદાંન બખશશો તો, તેથી હું મઘન થઈને તમોને રૂડા આશીરવાદ દેઇશ, અને બીજું એ કે એ વાત જો ઘેર જઈને મારાં બાલગોપાલમાં કરીશ તો તેઓ પણ તમોને આશીરવાદ દેશે. જે મીસાલે બરાહમણ લોકોની દુઆ આમીન થાએ છે, તેજ મીસાલે તેઓની બદ દુઆ પણ લાગેછે. શાસતરમાં માનસનો પરાંણ લેવા વીશે મહા પાપ કહેલું છે, અને જો એક માનસનો પરાંણઘાત કીધો હોએ તો, તે કાંમ કરનારના મરણ પછે તેનો નરક કુંડમાં વાસો થાએછે, જાંહાં તેની ઉપર મોટી મુસીબત ગુજરેછે, અને તે અજાબને લીધે તે બહુજ કંટાલીને પોતે કીધેલાં પાપ વીશે પશચાતાપ કરેછે, અને "હવે નહી કરૂંરે—હવે નહી કરૂંરે" એ મીસાલના પોકાર મારી પેલાં નરક કુંડ મધે તેની ઉપર થતા અજાબ મધેથી પોતાનો બચાવ કરવાની તે વેતરણ કરે છે; માટે રે મહારાજ, આ મહા પાપી અને સરવેથી બુરૂં કામ તમોએ હરગેજ કરવું જોઇતું નથી. તમારી જે મુલ ઇછા છે તે તો આગમજથીજ મેં પુરી પાડીછે, તારે હવે તલવારથી મારો જીવ ફોકટમાં શામાટે

લેવાની વેતરણ કરો છો? વાટપાડાએ બરાહમણને પુછીઉં કે શું માનસને મારેઆથી એટલું બધું પાપ લાગેછે? બરાહમણે જવાબ દીધો કે હા મહારાજ, એક માનસને મારવાનું શાસતરમાં અતી ઘણું પાપ લખેલું છે, જેનું નીવારણ કરતાને મહા વીપત પડેછે. વાટપાડાએ કહીઉં કે—એક માનસને મારવાનું શાસતરમાં તું મોટું પાપ કહેછે. તારે મેં તો આજ સુધીમાં સઘલાં મલીને નવાણું માનસોના પરાંણ ઘાટ કીધાછે; તારે હવે મારૂં પાપ તે કેમ મટી શકશે, અને મને સવરગ તે કેમ મલવાનું? બરાહમણે ઉતર વાલીઓ કે—રે મહારાજ, અગરજો જંગલમાં કાપી નાહાડેલાં લાકડાંનો એક સુકો કકડો લેઈ તાપી કીનારે ડાટો, અને પછે રાત દાહાડો તાપી કીનારે બેસી ઈશવરને ભજેઆ કરો તો, લાંબી મુદતે તમારાં પાપનું નીવારંણ થશે. વાટપાડાએ પુછીઉં કે હું તે શું જાંણું જે આજે મારૂં પાપ કપાઈ રહેઉં. બરાહમણે જણાવીઉં કે—જાંહાં સુધી તાપી કીનારે ડાટેલાં પેલાં લાકડાં ઉપર નવાં પાતરાં ફુટે નહી તાંહાં સુધી, રાત અને દાહાડો તમોએ તાપી કીનારે બેસી ઈશવરનેજ ભજેઆ કરવો. ઈશવરનું દરરોજ સમરણ કીધાથી, જારે તે લાકડાં ઉપર નવાં પાતરાં ફુટે તારે, જાણજો કે તમારૂં પાપનું નીવારણ થએઉં. વાટપાડાને બરાહમણની મીઠાસ ભરેલી અને ધીરજથી સહમજ પાડેલી વાત પસંદ આવી, અને તેજ વેલાએ પોતાની પાસે જે દઈવત હતું તેનો થોડોએક ભાગ બરાહમણને આપી દીધો, અને જણાવીઉં કે—એ ભટજી તમોએ મને સવરગમાં જવાનો જે રૂડો મારગ બતાવીઓ તેને માટે હું તમારો ઉપકાર માનું છેઉં, અને આજથીજ જમના કીનારે જઈ ઈશવરનું સમરણ શરૂ કરૂં છેઉં. એટલું કહી વાટપાડો જંગલમાં ગએઓ. અને પેલો ભાટ બરાહમણ પોતાનું જેટલું દઈવત હતું તેથી બમતું લેઈ પોતાને ઘેર ગએઓ. વાટપાડાએ જંગલ મધેથી લાકડાંનો એક કકડો લીધો, અને જમના કીનારે લેઈ જઈને ડાટેઓ, અને તાંહાં બેસી રાત દીન ઈશવરની ભકતી કરવામાં તે મશગુલ થએઓ, જેથી પોતાનો નીચ, અને મહા પાપી ધંધો તે ભુલીગએઓ. જે નદીને કીનારે તે ભકતી કરવાને બેશતો હતો તેનાં પાંણી જમીનની સપાટીથી ઘણીજ ઉંડાંએ હતાં, અને નદી આગલ જવા સારૂ જે રસતો હતો તે ઘણો કઢંગો અને શાંકડો હતો, અને તે સાથે તે રસતાનો ઢેડાવ ઘણોજ લાંબો હતો. હવે એક વખતે બનાવ

એવો બનેઓ કે ઘણીજ લાંબી મુદતે એક દીવસે, પેલો વાટપાડો નદી કીનારે બેઠેલો છે, અને સાંહજની વેલાએ એક નવલાખી વંજારો તાંહાં જાઇ પુગો. તે વંજારાના બલદોને ચાર દીવસ સુધી રસતામાં પુરતું પાણી નહી મલીઉં હતું, જેથી તેના ઘણા એક બલદો તરસથી મરણ પામીઆ હતા. એ ઉપરથી વંજારાએ પોતાનાં બલદોને જેમ બને તેમ જલદીથી પેલી નદીને કીનારે લેઇ જાવાની કોશેશ કીધી હતી ; પણ માંઠાં ભાએગે એવો બનાવ બનેઓ કે તે નદીમાં ઊતરવાના રસતાના નાંકા ઉપરજ સરકારી એક ચોકી હતી, તાંહાંના ચોકીદારે વંજારાના બલદોને નીચે ઉતરવાનો અટકાવ કીધો, અને પોતાની ચોકીના પઇસા માંગેઆ. વંજારાએ ઘણી નમનતાઇથી અરજ કરી ચોકીદારને સહમજાવેઓ કે ચાર દીવસ સુધી તરશેઆ રેહવાથી બલદો ટપોટપ મરણ પાંમે છે, અને ચોકીના પઇસાનો હીસાબ કરતાં વખત ઘણો લાગ . જોઇએ તો વગર હીસાબ કરવે જેટલું તુંને ગમે તેટલું નાણું તું અનામત રાખ, પણ ઉતાવલેથી બલદોને નદી કીનારે જવાના છુટ આપ કે પાંણી પીવાથી તેઓને ધરવ આવે. ચોકીદાર કોઇ ઘણોજ હઠીલો હતો, તેથી કોઇબી રીતે સહમજુતી ઉપર નહી આવીઓ, જેને લીધે તે જગોએ એક બીજાની રદમદલથી મોટા પોકાર ઉઠી રહેઓ. આ ગડબડ જારે પેલા વાટપાડાએ નીચે સાંભલી તારે, તે ઘભરાઇને ઉપર ચહડી ગએઓ, અને તાંહાં જોએ શું કે વંજારાના કાંઇ શુમાર વગરના બલદો આણીગમથી પેલીગમ ફરી ફરીને પાંણી તરફ જાવાની કોશેશ કરતા હતા ; પણ પેલો કરુર ચોકીદાર તેઓનો મજબુતીથી અટકાવ કરતો હતો. એવી ગલમથલમાં ઘણાએક બલદો પણ મરણ પાંમીઆ હતા. વાટપાડાએ તેઓની કેફીઅત જાંણેઆ પછે પેલો ચોકીદાર, જેની સાથે તે દોસતી ધરાવતો હતો, અને દરરોજનું પોતાનું ખાંનું તેનીજ સાથે ખાતો હતો, તેને ઘણીજ સારી રીતે સમજાવીઉં કે જેમ બને તેમ ઉતાવલેથી તું બલદને નીચે જાઇ પાંણી પીવા દે કે તે બીચારાઓનો જાતો પરાણ બચે. વાટપાડાએ ઘણાબી ઉપાએ લેઇ ચોકીદારને સમજાવીઓ પણ તેની તે સઘલી મેહનત વીઅરથ ગેઇ. અને ચોકીદાર કોઇબી રીતે સહમજેઓ નહી, જેથી વંજારાના ઘણાએક બલદો પાંણી વગર મરણ પાંમતા ગએઆ, જેને લીધે વંજારાના માનસો માહેતમ અને રૂદનના મોટા આવાજ કાહાડતા હતા. આ પરમાણેની ફલા-

ધીટ જોવાથી વાટપાડાના દીલમાં ઘણીજ દએઆ ઉતરી. તેણે વીચાર કીધો કે મેં જારે આટલાં બધાં માનસોનાં ખુન કીધાંછે તારે વલી એક વધારે કરશ તો શું થયું ? આગલાં જે ખુન મેં કીધાં તે તો મારી ભુરી ધારણાથી કીધેલાંછે ; પણ આજે જે હું ખુન કરશ તે તો કાંઇ લખો જીવડાનો બચાવ કરવા માટે છે ; વાસતે એ પાપને સારૂ ઇશવર મને માફી બખશશે, એવું ધારી પોતાની તલવાર પોતાનાં હાથમાં પકડી, અને મોટા આવાજથી બોલઓ કે— **"જવાંણું તાંહાં ભરેઆ શો"** એટલું બોલી પેલા ચોકીદારનું દોકું તેના ધડ ઉપરથી છુટું કીધું, જેથી પેલા બલદો નદીને કીનારે ઊતરી પડેઆ, અને પાંણીથી તરપત થઇને પેલા વાટપાડાને રૂડા આશીરવાડ દીધા. આ મુગાં જાનવરોની દુઆથી, પેલાં ડાટેલાં સુકાં ઝાડ ઉ ૨ કુદરતની કરાંમતથી નવાં પાતરાં ફુટાં, જે જોવાથી વાટપાડો આંનંદ પામીઓ, અને પોતાંનાં મનથી સમજેઓ કે—બરાહમણના કેહવા પરમાણે આજ દીને માહરૂં સરવ પાપ કપાઇ ગએઉં ; માટે હવે મને ખચીત સવરગ મલશે.

એ સઘલો ગુણ લાખ બલદોએ પાંણી પીધાથીજ થએઓ હતો.

## રાઇના પારતો રાતે વહી ગએઆ.

આસરે નેવું વરશની વએનો એક ઘરડો વાંણીઓ અલસી વીગરે બીજની દલાલી કરતો હતો. એ વાંણીઓ બુઢાપાને લીધે ઘણોજ અશકત હતો ; પણ તે એકીનદારી અને કામની ચંચલાઇને માટે ઘણોજ વખાણાએલો હતો, જેથી વેપારીઓ તેને ઘેર બેઠાં માલ લેવા અને આપવાનાં સોદાને માટે જતા હતા. એવી આંટને લીધે તે બુઢાએ પઇસાની જોગવાઇ સારી કીધી હતી. દલાલીનાં નમુનાંઓ એકઠા કીધાથી તેના ઘેરમાં વારેઘડીએ બીજનાં જથા રેહતા હતા. એક વખતે અલસીની તાણ પડી. જેથી તેનો ભાવ ઘણોજ આકરો થઇ પડેઓ. વાંણીઓ અજમાએશવાળો હતો માટે તેણે અલસીની રૂખ ઉપર ધીઆન રાખીને મોટો જથો પોતાનાં ઘેરમાં ભેગો કીધો હતો. અકસમાત બનાવ એવો બનેઓ કે બાહેર દેશાવરથી અલસીની મોટી ખરીદી આવી, અને તે ખરીદી ગમે એવે મોઘે ભાવેબી કરવાને દેશાવરનાં આડતીઆઓએ જણાવીઉં

હતું, જેને લીધે વાંણીઆને એકનો આઠ ઘણો ભાવ ઉપજવા લાગો. અલસીના એવા દુકાલના વખતમાં એક દીવસે રાતના વાણીઆનાં ઘેરમાં ચોરની એક ટોલકી પેઠી. વાંણીઓ જાતે ડાહેઓ અને ધીરજવાન હતો. અને તેણે જાણીઉં કે ઘરમાં ચોરની મોટી સંખીઆ દાખલ તો થઇછે; પણજો હવે કાંઇ ઇઉકતી નહી કરીશતો, અલસીનો એક મોટો જથો, અથવા તેમ નહીતો દરવાનો એક ભાગ ઘેર મધેથી જતો રેહવાનો. તે ખાટલા ઉપરજ સુઇ રહેઓ, અને બાએડીનાં કાંણમાં લાગી કેહવા લાગો કે ઘેરમાં ચોર ભરાએલા જાણાએછે; માટે સાવધ રેહવું, અને કસી ગરબડ કરવી નહી. એ પછે તે મોટેથી બાએડી સંગાથે વાત કરવા લાગો, અને બોલેઓ કે—"સાંભલેચ, આપણાં ભાગેગ ઇશવરે ખુલેઆં છે. અલસીમાં નાંણાનો મોટો જમાવ કીધો. કાલે તેનો ભાવ એકદમ ગલી જવાનો; કાંકે જે દેશાવર ખાતે તેની મોટી ચહડત થતી હતી તાંહાં બાહેરનાં દેશોથી ખપ કરતાંને આઠ ઘણી અલસી જઇ પુગીછે; માટે તાંહાંથી ખરીદી બંધ કરાવી છે, એટલું એજ નહી પણ અલસીનો મોટો જથથો અતરે પાછો વાલેઓ છે. આસપાસના દેશો ખાતે અલસીનીજ વાવણી કીધાથી હવડાં રાઇની ખુટ થઇ પડીછે. જે દેશમાં અલસીનું તેલ કાહાડવાનું કારખાનું છે તેજ દેશમાં હવડાં રાઇનો ઉપીઓગ શોધી કાહાડેઓ છે; માટે અલસીની પેઠે હવે રાઇની મોટી ખરીદી આવીછે, વાસતે હવેથી રાઇની ઘેવાલી બોહલી નીકલવાથી તેનો ભાવ ઘણોજ મોધો થઇ પડવાનો અને તે ઉપરથીજ મેં ઘરમાં રાઇ એકઠી કરવા માંડીછે. આવતી કાલે રાઇનો ભાવ તરણ ઘણો બોલાશે, તે સારૂ રાઇનો સંભાલ ઘણોજ રાખવો."

વાંણીઆની બાએડીએ તેને પુછીઉં કે—"અલસીના નાણાંનું શું કીધું?"

વાંણીઆએ ઉતર વાલીઓ કે—"જે શરાફને તાંહાં આપણું ખાતું ચાલે છે તેને તાંહાં સઘલાં નાણાં ભરીઆં છે. ઘેરમાં એક દોકડો નથી; માટે રાઇની ખરીદીને સારૂ થોડાં નાંણા લાવવાં પડવાનાં, કાંકે સહવારને પોહર મોટી ખરીદી કરવી જોઇએ."

ચોરોએ જાણીઉં કે એનાં ઘેરમાં રોકડ તો કાંઇએ નહી દેખુ! તારે ફોકટ મેહનત શીદને કરીએ. અલસીનો ભાવ ઉતરી ગએઓ છે, અને રાઇનો ભાવ જારે ચહડી જવાનો છે તારે, તેનો જથથો

ઉપાડી જઇએ કે તેમાંથીજ બે પઇસા જે મળે તે ખરા. આ વીચારથી ચોરોએ વાંણીઆના ઘેરની ખબર લેવાની ગોઠવણ કીધી થોડા વખત પછે વાંણીઓ અને તેની બાએડી ઉંઘાઇ ગએઆં હોએ તેમ મુગાં પડી રહેઆં. ચોરોએ જાંણીઉં કે તેઓ હવે ઉંઘાઇ ગએઆં. એવું ધારી તેઓએ રાઇણા મોટા ગાંશડા બાંધીઆ અને તે લેઇને તાંહાંથી ચાલતા થએઆ. બાજે દીને વાંણીઓ બજારમાં ફરવા નીકલીઓ, અને જોએચ તો પેલા ચોરો રાઇના નમુનાં લેઇને આણીગમથી પેલીગમ ભાવ પુછતા ફરે છે. જે ભાવ બજાર મધેથી તેઓને મલેચ તે શાંમલી તેઓ વીચારમાં પડેચ કે વાંણીઆએ રાતનાં કીધેલી વાત પરમાંણે દેશાવરનાં કાગજના સમાચાર બજારમાં ફેલાએઆ નથી કે શું જે ભાવમાં વધારો થએઓ નથી? ઘણી જગોએ ભાવ પુછીઆ પછે, ચોરો બજારમાં મુગા ઉભા રહેઆ. આ વાત વાંણીઆને માલમ પડી કે રાઇના નમુનાં બજારમાં ફરેઆ છે, જેથી તેણે બજારમાં ગરબર કીધી, અને કેટલાએક દલાલોને કહીઉં કે જેમ મલે તેમ, રાઇના સોદાનાં મોટાં શાટાં કરવાં છે, માટે ભાવની પુછપરછ કરી આવો. ચોરોએ બીચારીઉં કે વાંણીઆની રાતની વાત ખરી ઠર્યાચ; માટે હાલને ઓછે ભાવે જો આપણે ખરીદી કરીશુ તો, આપણને મોટો નફો થશે. એમ સહમજીને તે સઘલાઓ બજારમાં ફરી વલેઆ, અને રાઇનો એક મોટો જથથો ખરીદીઓ. ચોરોની ખરીદી નીકલવાથી ખચીત ભાવમાં તો મોટો વધારો થઇપડેઓ; કાંએકે ઓછા ભાવથી તેઓએ લેવાલી કીધી હતી. ઘણા દીવસ સુધી ચોરોએ રાહ જોઇ પણ રાઇનો ભાવ તો વધવાને બદલે પાછો ગલી ગએઓ. ચોરોની ટોલકી મધેનો એક શખસ વાંણીઆ પાશે ગએઓ, અને પુછવા લાગો કે અમારી પાશે રાઇનો મોટો જથથો છે; માટે તમો ખરીદશો? વાંણીઆએ તેને જણાવીઉં કે ભાઇ,—**શાઇના પારતો શાતે વહી ગએઆ**" હવે તમો સઘલો માલ વેચી નાંખો. આ વાત શાંભલી ચોરો દલગીર થએઆ, અને તેણે કીધેલી છકુકતી સહમજી ગએઆ, અને માલ વેચવા માંડીઓ. તઓના મોટા જથથાની વેચવાલી નીકલીઆથી ભાવ ઘણોજ બેશી ગએઓ, જેથી તેઓએ વાંણીઆનાં ઘેરમાંથી ચોરેલી રાઇ વેચતાંબી તેઓએ ખરચેલાં નાંણાં પુરાં નહી થએઆં!

## ૨૫

# ટાઢ જાએ રૂએ ને આદત જાએ મુવે.

એક બરાહંમણ, જે હંમેશાં કુટણપણાંનો ધંધો કરતો હતો, અને જે આએ ધંધાથી પોતાનું ઉદરપોશન ચલાવતો હતો, તેણે ઘડપણના વખતમાં વીચાર કીધો કે—તેના કુટણપણાંથી અને જુઠાં બોલવાથી ઘણાંએકોનાં ઘેર ભાગી ગએઆં છે. કેટલાંએક મા બાપ દીકરા દીકરી વગરનાં, કેટલાએક પુરૂશો બાએડી વગરના, કેટલાંએક અસતરીઓ ભરથાર વગરની થઇને બુરી હાલતે પોહોંચેઆં છે. એવું જે કરૂર અને મહાપાપી કામ કરીને મેં પોતાનું પુરૂં કીધુંચ તેનો પસતાવો કરવા સારૂ હવે ઘડપણના વખતમાં ધરમ સાસતર વાંચી ધરમ કરૂં તો સારૂં. શાસતર વાંચવાનું કામ તેણે શરૂ કીધું; ઘણા દીવસ થએઆ પછે, શાસતર મધેથી કુટણપણું કરવાનું પાપ નીકલી આવીઉં. આ ઢડો તેના કામને મલતો આવીઆથી બરાહમણે તે ઉપર મજબુત લખશ આપીઉં. તે વાકીઅ વાંચતાં બરાહમણને માલમ પડીઉં કે—જે માનસ કુટણપણું કરીને કોઇનું ઘેર ભાંજે તેનો ઠાર મુવા પછી નરક મધે થવાનો. આ વાકીઅ વાંચીઆથી બરાહમણે વીચાર કીધો કે—શાસતરમાં તો એક ઘેર ભાંજનારને આવો મોટો ગુનાહ લખેલો છે, અને મેં તો મારાં પેટને ખાતેર અનેક ઘેરનો નાશ કીધો છે, તારે હવે મારાં પાપનો પશચાતાપ કેઈ રીતે થઇ શકશે? આ વીચારમાં ગીરફતાર થઇને તે બરાહમણે શાસતર વાંચવાનું કાંમ આગલ ચલાવીઉં શાસતરમાંથી એક બીજો વાકીઅ નીકલીઓ, જેમાં મોટા પાપીને તેના પાપનો પશતાવો કરવાનો મારગ દેખાડેલો હતો. એ મારગ એ હતો કે અગરજો તેવો પાપી ધરમ શાસતરમાં જણાવેલા કોઇ મોટા દેવતાનું તીરથ કરે તો તેથી તેનાં પાપમાં ઘટાડો થાએ. એ ઉપરથી બરાહમણે ઠેડાવ કીધો કે શ્રી નાથજીની જાતરા કરવી. એ વીચાર પરમાંણે તે બરાહમણ જાતરા કરવાને નીકલીઓ. તેની પાશે જાતરાને માટે કંઇ પઇશા નહી હતા કે તે ખરચીને પાધરો શ્રી નાથજીની જાતરા જઇ શકે, તેથી તે ગામે ગામ ભીખશા માંગતો આગલ ચાલીઓ. એ પરમાંણે ભીખ માંગતાં તે સુખ પણ ભોગવતો હતો, જેને લીધે કોઇ કોઇ જગોએ તેને લાંમબા દીવસ સુધી

રેહવુંબી પડતું હતું, અને તેટલા ઉપરથી જાતરા જઇને પાછો આવતાં તેને લગભગ દશ વરશ લાગાં. બરાહમણ જાતરા કરીને પોતાનાં ગાંમની છેક પડોશમાં આવી પુગો, જાંહાંથી તેનાં ગાંમ મધે રેહનારા એક વાંણીઆનાં ઘેર આગલ તે ગએઓ, અને વાંણીઆને અરજ કીધી કે—મહારાજ, હું બરાહમણનો દીકરો છેઉં, અને શ્રી નાથજીની જાતરાથી આઉં છું. આ ગાંમમાં હવડાં રાત પડી છે માટે જો તમારે તાંહાં મને ઉતારો આપશો તો ઇશવર તમારૂં કલીઆણ કરશે. વાંણીઆને દએઆ આવીઆથી તેણે બરાહમણને પોતાનાં ઘેરમાં ઉતારો આપેઓ, અને ઘેરનાં સઘલાં માનસોની રશોઇ તેની પાશે કરાવી. ખાંનું તઇઆર થવાથી બરાહમણે સરવેનાં ભાણાં પરીશીઆં, અને તે પછે સઘલાઓ જમવા બેઠા. જમતાં જમતાં બરાહમણને પોતાનાં આગલાં કરતુક યઆદ આવીઆં, તે ઉપરથી તેણે વીચારીઉં કે—અગરજો મારાં આગલાં કરતુક ચલાવું તો તેમાં હું ફાવી શકું કે નહી? જમી રહેઆ પછે બરાહમણ વાંણીઆના ઓટલા ઉપર જઇને બેઠો, તેથી વાણીઆએ વીચારીઉ કે બરાહમણ એખલો બેઠોચ તેની આગલ જઇ બેશું, જેથી શાસતરની બે વાતોથી જાણીતો થાઉં. વાંણીઓ એવા વીચારથી બરાહમણ આગલ જઇ બેઠો, અને એણીગમ પેલીગમની વાતો ચલાવી. એ વખતે બરાહમણે પોતાનાં આગલાં કરતુક સંબંધી અજમાએશ કરવાને ધારવીઉં, અને તે ઉપરથી બરાહમણે વાંણીઆ આગલ પોતે કીધેલાં તીરથની વાત કરવા માંડી, જેમાં તેણે જણાવીઉં કે દશ વરશ સુધી ભીખ માંગી તે આ તીરથ કરી આવીઓ છે; પણ તે સઘલો ધરમ આજ દીને તારાં ઘેરમાં ઉતારો લેઇ જમેઆથી ડુબી ગએઓ છે. વાંણીઓ મોટી અચરતીમાં પડેઓ, અને તે વીશેનું કારણ બરાહમણ પાસે જાણવા માંગીઉં. બરાહમણે તેને જણાવીઉં કે—મહારાજ, તમારી વહુ ડાકણ છે, અને તે દર રોજ તમારૂં કાલજું ખાવા સારૂં તમારા ઓરડામાં આવેછે; પણ જાતે નાહીમત હોવાથી પરથમ તમારાં મોહડાં આગલ ધીઆંન ધરેચ કે રખેને તમો સજાગરૂ હોવો. તમો ઉંઘમાં હીલચાલ કરોચ તે ઉપરથી તે જાંણેચ કે શશરાજી જાગેછે, એવું સમજીને તે પાછી ફરેછે." વાંણીઓ આ વાત સાંભલવાથી અચરતીમાં પડેઓ, અને બરાહમણને કેહવા લાગો કે—"મહારાજ! મારી વહુ એવી હોએ

એમ હું કધી માંનવાનો નથી. તમો તમારી ધારણામાં ઠગાતા હશો.” બરાહમણે ફરીથી વાંણીઆને જણાવીઉં. કે—“મહારાજ ! જો તમો ન માંનો તો તમારી ખુશી. માંનવું અથવા ન માંનવું એ કાંઇ મારા હાથમાં નથી. એ સઘલું તમારી મરજી ઉપર છે; પણ એ વાતની સાબેતી દાખલ મારે આટલું તમોને કેહવું જોઇએ છે કે—અગરજો તમો તમારી ખાતરી કરવા માંગતા હોવો તો, આજ રાતરે જાગતા રેહવું, અને જો તમારો વહુ તમારા ઓરડામાં તમારા ખાટલા આગલ આવે તોજ મારા બોલવા ઉપર ભરોશો લાવવો, અગર ન આવે તો સુખેથી મને જુઠો કરીને ગણવો.” વાંણીઓ આ વાત સાભલી મુગોજ રહેઓ, અને પોતાનાં મનમાં ધારીઉં કે બરાહમણ કેહચ તેમ કરૂ; પછે ખરૂં ખોટું માલમ પડી આવશે. એ પછે બીજી કાંઇએક વાત બરાહમણે કહાડી; પણ વાણીઆનો જીવ ઉપલી વાત સાંભલવાથી ઉદાશ થવાને લીધે બરાહમણની બીજી વાત ઉપર તેણે લખશ આપીઉં નહી, અને તાંહાંથી સુવાને બાંહને ઉઠી ગએઓ. તે ખાટલા ઉપર જઇ સુતો ખરો પણ બરાહમણની વાત તેનાં મન ઉપરથી ખીશી નહી.

એ પછી વાણીઆનો છોકરો, જે ઘરમાં પોતાની બાએડી જોડે બેઠેલો હતો તેણે વીચારીઉં કે બરાહમણ એટલે એખલો બેઠો છે તો તેની આગલ જઇ ધરમને લગતી બે વાત સાંભલું, એવું ધારી તેણે પેલા બરાહમણને કહીઉં કે—મહરાજ ! તમો તો પુનનું કામ કરી આવીઆ માટે હવે તમારી સઘલી ધાશતી મટી ગેઇ. બરાહમણ બોલીઓ કે—“રે જજમાંન, મારી જે ધાશતી હું મટાડી આવીઓ હતો તેમાં તમારે તીઆં ઉતારો લીધાથી પાછો વધારો થઇ પડેઓ છે, જે ચીંતાને માટે હું ઉદાશ થઇ અતરે બેઠો છેઉં.” છોકરો અચરતીમાં પડીને પુછવા લાગો કે—મહારાજ ! તે કેમ થઇઉં ? બરાહમણે કહીઉં કે જેમ થઇઉં તેમ થવા દીઓ; પણ કોઇનાં ઘેરમાં કંકાશ અને કલેશ કરવાને હું રાજી નથી. છોકરાએ બજીદ થઇ પુછીઉં કે મહારાજ ! હું કાંઇ કલેશ વાલું આદમી નથી. મારૂં પેટ સમુદર સરખું છે; માટે જે છાંણી વાત તમો મને કેહશો તે સાંભલી છુપી રીતેજ કામ લેવશ. બરાહમણે કેટલીએક ભારચપાંમની કીધા પછે પેલા વાણીઆનાં છોકરાને કહીઉં કે—“જો ભાઇ તું કાંઇજ આકું નહી કરે તોજ હું તુંને જણાઉંચકે તારો બાપ બહુ ખરાબ ખસલતનો છે. તે તારી

વહુને બગાડે છે, એવું વરતારા ઉપરથી મને માલમ પડીઉં છે. એવા એક નઠારાં અને અનીતીથી ભરેલાં કુટુંબમાં આવીને હું ફશીઓ અને તેઓને તાંહાંનું પકવાંન ખાવા માટે મારાં તીરથ પુનનો નાશ થએઓ, અને સતીઅતાપણું ડુબી ગયું." છોકરો સારીપઠે જાણતો હતો કે તેનો બાપ નીતીવાંન છે, અને વલી તેની બાએડી પતીવરતા છે માટે એવું અનીતીનું કામ તેઓથી બને નહી, તે ઉપરથી તેણે બરાહમણને કહીઉં કે—"મહારાજ, તમો તમારાં જોટકમાં કાંઇ ગોતું ખાતા હશો. એ બંધિની પરતીશઠા વીશે મારૂ રૂડું મત છે, માટે તમોએ કહેલી વાત હું ખરી માંની શકતો નથી. બરાહમણ બોલીઓ કે—"મહારાજ, હરેક વાત ખરી અથવા ખોટી માનવાનું કામ મારૂ નહી પણ તમારી મરજી ઉપર છે; પણ જે હકીકત મેં તમોને કેહી છે તેની સચાઇ દાખલ એટલુંજ તમોને કેહું છેઉં કે તમોએ આજની રાતના માતરે ઉજાગરો કરવો—એટલે તમારી બાએડી તમારા બાપના ઓરડામાં તેની જોડે વીઅભીચાર કરવાને જાએચ કે નહી તે વીશે અજવાલું થશે, જેથી મારૂ જોટક ખરૂં છે કે ખોટું, એ વીશે તમારી ખાતરી થવાની." આ વાત સાંભલવાથી વાણીઆનાં દીકરાનાં મોહડાં ઉપર ગેરાની ઉતરી, જેથી એ શબદો સાંભલી તે મુગોજ થઇ ગએઓ, અને બીજી વાતો કરેઆ પછી તાંહાંથી ઉઠી ગએઓ. એક તરફથી બરાહમણ ઓટલા ઉપર બેશી વીચારેચ કે જુગતી તો ઠીક બેશે છે; પણ હવે છોકરાની બાએડીને કાંઇબી કરીને ઘરડાનાં ઓરડામાં મોકલવી જોઇએ; એટલે પછે જોઇ લેવું કે વાણીઆનાં ઘરમાં કેવો વરઘોડો થાએ છે. બીજી તરફથી વાણીઆનો દીકરો ઓટલા ઉપર શુઇને બબાપો કરેચ કે જો બરાહમણની કહેલી વાત ખરી ઠડી તો પછે મારૂં જીવતર ફોકટ જાણવું. હાલ તો આજે છુપી રીતે ઉજાગરો કરીને આ વાતની સચાઇને શોધવી. વાણીઆની વહુ ઘેરનાં કાંમથી પરવારી, અને બરાહમણને કેહવા ગેઇ કે—મહારાજ! ખરડીમાં તમારે સારૂં બીછાંણું કીધેલું છે તે ઉપર તમોએ સુવું. મહારાજે તેને ઉત્તર વાલેઓ કે—રે બાઇ, મારૂં જીવતરજ બલીઉં, જે મોટાં દુ:ખમાં હું ગીરફતાર થએઓચ તેનો વીચાર કરવાને પડતો મેલીને સુવાને તે કાંહાં રહું? વાણીઆની વહુ ઘભરાટમાં પડીને પુછવા લાગી કે—મહારાજ, એવડું તે શું દુ:ખ તમારી ઉપર આવીઉંચ

કે સુવાનુંબી તમોને ભાવતું નથી? બરાહમણ બોલીઓ કે મારી ઉપર જે દુઃખ પડીઉંચ તે તને કેહવાથી ફાએદાને બદલે ગેરફાએદા થાએ; એટલું એજ નહી પણ તે સાથે પારકા ઘરમાં કંકાશ થાએ. જેથી તારાં આખાં કુટુંબનું દીલ દુખાએ, માટે બેહતર તો એજ છે કે મારૂં કીધેલું હુંજ ભોગવું. વાણીઆની વહુ વીચારમાં પડી અને બરાહમણની વાત સાંભલવાને ઘણીજ અધીરી થઇ કે એવી વાત તે શું છે કે જેથી મારાં કુટુંબમાં કંકાશ થાએ; માટે તેણે બરાહમણને ઘણોજ વીનવીઓ, અને તેનેથી તે વાત જાણવાનો ખાહેશ બતાવો, અને જણાવીઉં કે—હું એવી બાંએડી નથી કે તમારી વાત સાંભલીઆથી ઘેરમાં કંકાશ થવા દેઇશ. તમારી વાત સાંભલીને તેનો ભેદ છુપીઓજ રાખીશ. બરાહમણે કહીઉં કે જો એવુંજ છે તો બાઇ, હું તુંને કેહુંચ તે સાંભલ કે તારો શશરો છાકટો છે, અને તે દરરોજ ખાધા પછે દારૂ પીએ છે; માટે એવાં ઘેરમાં ઉતારો લેઇ ખાધાથી મેં કીધેલું જાતરાનું પુન મને પરાપત થઇઉં નહી, પણ વીઅરથ ગયું છે, જે દુઃખને સારૂં બેશીને હું બલાપો કરૂં છું. વાણીઆની વહુ ડાહી અને અકલવાંન હતી તેથી તેણે બરાહમણને જણાવીઉં કે મહારાજ, મારો શશરો એક ખરોજ ભગત છે, અને ધરમની આગ્નાઓને તે ઘણુંજ માંન આપે છે, અને ધરમની રીતીઓ સાંભલવાને તે ઘણોજ ખંતી રેહ છે, વાસતે તમો કદાચ તમારાં જોટકમાં ઠગાતા હશો—મારો શશરો દારૂ પીએચ, એવી વાત હું સપનાંમાંબી માની શકું નહી. બરાહમણ બોલીઓ કે—રે બાઇ! મારી વાત તારે જોઇએ તો સપનાંમાંબી ખરી ના માનતી. ખરી મનાવવાને મને શી ગરજ પડી છે, અને એ વાત તને કેહવાનીબી મને ગરજ કેહાં હતી? ઘણીજ જબરદસતીથી જારે તેં મને પુછીઉં તારેજ મેં તને જણાવીઉં. એ વાતના જો કાંઇ શાબશી હોએ તો તે આપીનેબી હું તારી ખાતરી કરૂં; પણ જે વાત જોટકમાં જણાઇ તેની સચાઇ શું આપું. એવી વાતોની સચાઇ માતરે એટલીજ હોએચ કે જારે તે બનાવ બને તારેજ તે ખરી ખોટી જણાએ છે. બાઇ, મારાં બોલવાની શાબશી તો એટલીજ કે—અગર જો આજે રાતરે તારો ભરથાર ઉંઘાએઆ પછે ધીમેથી ઉઠીને તારા શશરાનું મોહડું શુંઘી જોવું; પછે તુંને માલમ પડશે કે મારી વાત ખરી છે કે નહી, અને એમ કીધાથી તારાં દીલનો દગદગો નીકલી જવાનો. વાણીઆની વહું આ શબદો

સાંભલી દલગીર થઇ, અને તેનાં સબબથી તાંહાંથી મુગેજ મોહડે ઉઠી ગેઇ, અને પોતાનાં ભરથાર જોડે જઇને શુતી. આ પરસંગે વાણીઓ, તેનો દીકરો, અને તેની વહુ—એ તરણે જનાઓ પોતપોતાની જગા ઉપર સજાગરૂ સુતેલાં છે, અને એક બીજાનાં બુરાં લખન શોધવાની તદબીરમાં છે. વાણીઓ ધારેચ કે વહુ મારૂં કાલજું ખાવાને આવેચ કે નહી તે જાંણવું ; તેનો દીકરો ધારેચ કે તેની બાએડી તેનાં બાપ જોડે વીઅભીચાર કરવાને જાએચ કે નહી તે તપાસવું, અને તેની વહુ ધારેચ કે તેનો શશરો છાકટો છે કે નહી તે તેનું મોહડું સુંઘીને પારખવું.

થોડીએક રાત ગએઆ પછે, વાણીઆની વહુએ પોતાના ભરથારને હાંક મારેઓ, જેથી તે સહમજેઓ કે બાએડી હવે જવાની તઇઆરીમાં આવીચ, એવું જાંણી તેણે જવાબ નહી આપેઓ, જેથી તેની બાએડીએ તેનું શરીર હીલવી તેને બોલાવીઓ, પણ તે કાંઇબી બોલીઓ કે હીલીઓ નહી. તેની બાએડીનાં મનમાં તો એવું હતું કે એ વાત પોતાનાં ભરથાર આગલ કેહવી, અને બરાહમણની વાત ખરી છે કે નહી તેની તપાસ ભરથાર પાશેજ કરાવવી ; પણ માઠાં ભાગ્યે તેના ભરથારે તો, ઉંઘાએલા હોએ તેમ, તેને ઉત્તરજ નહી દીધો, જેથી તેણે વીચારીઉં કે ભરથારને મેહનત આપવા કરતાં ઝડપથી હુંજ જઇ આઉં અને ખાતરી કીધા પછી મારા ભરથારને જણાઉં. એવું વીચારી તે ખાટલા ઉપરથી ઉઠી. આ શનસારો જારે તેના ભરથારે જાંણીઓ તારે, તે સમજીઓ કે બરાહમણનું કેહવું ખરૂં ઠડે એવુંજ લાગે છે. રાંડ તો ખાટલા ઉપરથી ઉઠી ખરી. તેની બાએડી ઓરડામાંથી બાહેર ચાલી કે તે ઉઠીને ઉભો થએઓ અને વીચારીઉં કે તેના બાપ સાથે વીઅભીચાર કરતાંજ તેને પકડું.

પેલી તરફથી વાણીઆએ વહુને તેના ઓરડામાં દાખલ થતાં દીઠી, જેથી તેણે વીચાર કીધો કે બરાહમાણની વાત તો અંતે ખરોજ પડી. રાંડતો કાલજું ખાવાને આવી ખરી ; પણ હવે જોવાનું એટલુંજછે કે પરથમ તે શું કરેછે. તેની વહું શશરાના ઓરડામાં ગેઇતો ખરી ; પણ શશરો છાકટોછે કે નહી, અને તેનું મોહડું દારૂથી વાશ મારેચ કે નહી, તેની તપાસ કરવા સારૂં તેનાં મોહડાં તથા હોટ આગલ પોતાનું નાક લેઇ ગઇ. આ દેખાવથી તેનો શશરો સમજેઓ કે કાલજું મેલીને નાખ કરડવા જાએછે તેથી તેણે મોટેથી બુમ પાડી કહીઉં કે—"**આવો રે ખાધો**" બીજી તરફથી

તેનો દીકરો પોતાની બાએડીનું છીનાલું પકડવા સારૂં તઇઆર થએલો હતો, જે બાપના ઓરડા આગલ જઈ ઉભો હતો, અને તેણે પોતાની બાએડીને શશરાનું મોહડું સુંઘતાં જોઇ તારે તે સમજેઓ કે હલુસેથી તેને સજાગરૂ કરેછે તેથી, જે વખતે તેના બાપે બુમ પાડી તેજ બરોબર વખતે તેણે પોતાની બાએડીને મારવું શરૂ કીધું, જેથી ઓરડામાં શશરાની સાથેજ વહુનો અને તે વાણીઆના દીકરાનોબી પોકાર જારો થએઓ. શશરે પોકારીઉં કે—"**આવો રે ખાધો**" અને વહુએ પોકારીઉં કે—"**આવો રે મારંચ**" અને તેના દીકરાએ પોકારીઉં કે—"**રે ઓ દુરાચરણી બાપ, આ મહા પાપી કામ તું શા માટે કરેછે?**" આ એકજ ઓરડામા તરણેના સામટા પોકારો એકજ વખતે ઉઠીઆથી લોકોમાં મોટો ધમરાટ થએઓ. એણીગમથી બરાહમણ જાગી ઉઠીઓ, અને તેણે જોઇઉં કે ઇઉકતી બેઠીતો મજબુત, પણ જો હવે હઇઆં ઉભાચતો તીપાઇ જવાના. એવું સમજી તે પોતાનું પોતીઉં, પાઘડી બગલમાં મારી બારણું ઉઘાડી નાશવા લાગો. બારણું ઉઘાડું. હોવાથી આસપાસના પડોસીઓ ઘેરમાં દાખલ થઇ ગએઆ અને એક બીજાને પુછપરછ કરવા લાગા. શશરે કહીઉં કે—"વહુ મારૂં નાખ કડવા આવી." વહુએ કહીઉં કે—"શશરો છાકટો છે, એવું બરાહમણના કેહવાથી મોહડું સુંઘવા ગઇ." તેના ભરથારે કહીઉં કે—'બરાહમણે મને કહીઉં કે તારી બાએડી તારા બાપ સાથે કુકરમ કરેછે તેથી મે તેને મારી." શશરો બોલેઓ કે—"મને પણ બરાહમણેજ કહીઉં કે તારી વહુ ડાકણછે, અને આજે તારૂં કાલજું ખાવાને તારા ઓરડામાં આવશે" લોકો બરાહમણને શોધવા લાગા. એકે કહીઉં કે બરાહમણ પોતીઉં અને પાઘડી બગલમાં મારી નાશેછે તે ઉપરથી લોકો દોડી પોંહોચેઆ, અને ગામને પાદરેથી બરાહમણને પકડી લાવીને મારવા લાગા. ઘણો માર પડવાથી બરાહમણ બોલેઓ કે—**ટાઢ જાએ રૂએ, ને આદત જાએ મુવે** જાતરા જઇને ગમે એટલાંબી તીરથ કાંએ નહી કરી આવે; પણ જે ટેવ પડી તે કધીબી જાએ નહી.* •

---

* "ઝોરીની ટેવ તે દોરીએ જાએ."

# ૩૨

# રૂપની રડે ને કરૂપની ખાએ.

**કીસ કારણ કાંતે ને રોવે; કીસ કારણ કાંતે ને હસે !**

એક શેહરનો રાજા પોતાની રાજનીતી ચલાવવા પછવાડે ઘણો ખંતી રેહતો હતો, અને પોતાની પરજા તરફ઼ ઘણી સારી મમતા ધરાવતો હતો. તે રાજા પરજાનું દુઃખ અને સુખ જાણવા માટે એટલો તો અધીરો પડતો હતો કે દર વખતે રાતની વેલાએ ફરવા નીકલીને પરજાના લોકો શું અને કેવો ઉદીઅમ કરેછે, અને પોતાનો સંસાર કેવી હાલતમાં ગુજારેછે તેનો દેખાવ તે પોતાની નજરે જોતો હતો. એક દીવસે રાતનાં એક મોહલા મધે તે ફરવા ગએઓ, અને તે મોહલામાં લોકો ઘેર મધે શું કરેછે તે છુપી રીતે જોતો હતો. કેટલાએક ઘેર મધે કાંઇ જાણવાજોગ દેખાવ નજર નહી પડેઓ હતો; પણ તે પછે તેણે એક ઘેરમાં એવો દેખાવ જોએઓ કે—તાંહાં એક ઘણીજ ખુબ સુરત રૂપાલી અસતરી બેસીને રેંહટીઓ કાંતતી હતી, અને આંખ મધેથી નવધારે આસું પાડીને રડતી હતી; પણ તે વીશેનું કારણ પાદશાહ સમજી શકીઓ નહી હતો. પાદશાહ તાંહાંથી આગલ ચાલેઓ, અને તેની પડોશ માહેલાં એક ઘેરનો દેખાવ જોવા લાગો; જાંહાં તેને વલી ઉલટોજ દેખાવ માલમ પડેઓ. તે ઘેર માહેલી અસતરી, જે ખુબસુરતીમાં ઘણીજ હલકી, અને દેખાવમાં કાંઇ રૂડી નહી હતી. તે પોતાની પડોશનનીજ બીસાલે બેસીને રેહટીઓ કાંતતી હતી; પણ જેમ તેની પડોશન રેંહટીઓ કાંતતાં રડતી હતી તેમ તે અસતરી કાંઇ રડતી નહી હતી- પણ તેથી ઉલટું તે ખુશી અને મધન થતી તથા ખુશ મીજાજથી હસીને કાંમ કરતી હતી. આ બંધે દેખાવ સંબંધી પાદશાહને કસો ભેદ માલમ પડેઓ નહી, જેથી અચરતીમાં પડેઓ હતો, અને તેનું કારણ શું હશે તે જાણવાને ઘણોજ ઉતાવલો થએઓ હતો. ઘેર ગએઆ પછી બીજે દીને જારે તે કચેરીમાં બેઠો તારે, વજીર આગલ ઉપલી હકીકત કહી જણાવી. પાદશાહે વજીરને સવાલ કરી ખોલાસો માંગીઓ કે—"એક પરોશન કાંતે ને રોવે; એક પરોશન કાંતે ને હસે; કીસ કારણ કાંતે ને રોવે; કીસ કારણ કાંતે ને હસે? એ વાતનો ખોલાસો કરવા સારૂ વજીરે પાદશાહની

પાસે મેહતલ માંગી. કેટલા એક દીવસ સુધી ઉપલા બનાવની શોધને માટે તે વજીર શેહરમાં ફરેઓ, અને તે બંધે પરેશનોના ઘેર શોધી કાડેઆ. તાંહાં પાદશાહના કેહવા મુજબનો દેખાવ તેણે પોતાની નજરે જોએઓ. શોધ કરતાં તેને માલમ પડીઉં કે—જે પરેશન રેહટીઓ કાંતતાં રડતી હતી તેને ભરથાર સારો નહી મલેઓ હતો, અને ભરથારની તરફથી તે સુખી નહી હતી; તેમજ તે ભરથારની કસમજથી તે અસતરીને તેની સાસુ, શશરો અને નનંદની તરફથી ઘણું દુઃખ સોસવું પડતું હતું. એટલું એજ નહી પણ તે સાથે તેનું "પીઅર," એટલેજે મા બાપ અને ભાઇઓનું ઘેર તેના શાશરા ઘેરથી ઘણુંજ વેગલું હતું. એવી રીતની એક ઘણીજ ખુબસુરત અને રૂપવાલી, પણ દુખીઆરી અસતરી' જેને આખો દીવસ ઘેરનાં દરેએક જનના ધાશા સાથે કામ કરવું પડે, તેને રાતની વેલાએબી નીરાંતથી સુવાને મલતું નહી હતું કારણ કે તેના ભરથારે પર નારી સાથે પીઠ બાંધી હતી તેથી તે રાતની વેલાએ ઘેરમાં બરોબર સુતો નહી હતો. રાતની વેલા જારે ઘેરને લગતું બીજું કાંઈ કામ નહી હોએ તારે તે બીચારીને વલી રેહટીઓ કાંતવાને આપીઆમાં આવતો હતો, જેથી તે નવધાર આશુંએ રડીને તે કાંમ કરતી હતી.

બીજી પરેશન, જે રેહટીઓ કાંતતાં હસતી હતી તે કોઇબી પરકારે રૂપાલી અને સારા દેખાવની નહી હતી; તોપણ તેને તેના ભરથારની તરફથી બહુજ સુખ હતું. તેનો ભરથાર સારી ખુબીવાલો અને સમજદાર હોવાથી તે અસતરીની સાસુ અને સસરા વગેરે તેની સાથે હલી મલીનેજ ચાલતાં હતાં. તે અસતરીને સાશરાનાં સુખ સાથે વલી બીજું મોટુ સુખ એ હતું કે તેનું "પીઅર," યાને મા બાપનું ઘેર ઘણુંજ નજદીક હતું. એ સઘલાં સુખનાં સબબથી તે અસતરી પઇસો જમાવ કરવા સારૂં ખુશી અને મગન થતી રેંહટીઓ કાંતતી હતી. મુદત પુરી થવા પછે એ વાતનો ખોલાસો કરવા સારૂં વજીરે પાદશાહને અરજ કીધી, અને પાદશાહના હોકમથી તે બોલીઓ કે—બે પરેશનો મધેની એક મુસલમાની અને બીજી હીંદવાની છે, અને તેઓના રડવા તથા હસવા વીષેનો ખોલાસો એછે કે—

**સાશરેએમેં ખટપટ ઘણી, પીઅર કે સબ આધે બસે.**
**જીસકે ધણી પરઘર જા સોવે, ઈસ કારણ કાંતને રોવે.**

એ પછે બીજી પરોશનને માટે વજીર બોલીઓ કે—

**"સાશરીઆંમાં સંપજ ઘણી,**
**માંથે છે મન ગમતે ધણી**
**પીઆરનું સઉ આગલ વસે,**
**તે કારણ કાંતે ને હસે."**

એ હકીકત સાંભલવા ઉપરથી પાદશાહને પેલી દુખીઆરી અસતરીની હાલત ઉપર દએઆ આવી; માટે તેનાં દુઃખનું નીવારણ કરવા સારૂ તેના ભરથારની સાથે તેને પોતાની પાસે બોલાવી. તે અસતરીના ભરથારને કેટલુંએક સમજાવીઓ, જે ઉપરથી તેણે પોતાની બાએડીની બેરડાઇ અને ફુવરાઇ વીશેની સાબેતી આપી. પાદશાહના પુછવા ઉપરથી, તે બાએડીએ પાદશાહને સવાલ કીધો કે શું **"રૂપની રડે ને કરૂપની ખાએ?"** પાદશાહે તેને જણાવ્યું કે—તું રૂપાલી છે; પણ તારા ભરથારના કેહવા પરમાણે જો તું ફુવરજ હોય તો, તારૂં રૂપ જે છે તે કાંઇજ કામનું નથી. અને દાચ તારી સોખ કરૂપી હોય, પણ અગરજો તે સુઘડ હોય તો, તેના જેવી રૂપાલી અને ભાએગશાલી બીજી કોઇ સમજવી નહી.

## ચહડજા બેટા સુલીપર!

### એક ઘરડું પણ બુધીવાંન જોડું.

એક વાણીઓ ઘણોજ જઇફ થએલો હતો, તેમજ તેની બાએડીબી તેટલીજ વએની હતી. વાણીઓ પાંચ પઇશે સારી પેઠે સુખી હતો; પણ તે પઇસો વાપરવા સારૂ તેનો કોઇ વારસ નહી હતો, તેટલા માટે તે બંને ધની ધનીઆંની પુરતું સુખ નહી, પણ સાધારણ રીતથી પોતાતો કાલ કાહડતાં હતાં, તે બંને ઘણાંજ જઇફ હોવાથી નબલાં જાંણી એક શખસે તેઓના ઘેરમાંથી તેઓની નગદી ચોરી લેઇ જવાનો ઇરાદો કીધો, અને તે મતલબથી દીસની વેલાએ નજરાસ જોઇને તે ઘેરમાં ભરાઇ બેઠો; કારણ કે રાતની વેલાએ ડોસો અને ડોસી સુઇ ગયા પછે મરજી પરમાંણે ચોરી કરવાને તેને બની આવે; પણ એ ધારણામાં તે ચોર ફાવી

શકીઓ નહી. રાતના ખાનું ખાધા પછે, ઘરનું બારણું બંધ કરીને ડોસો અને ડોસી બંધે જના મોટી રાત સુધી, તેઓને કાંઈ ફરજંદ નહી હતું તે સંબંધી વાત કરવાં બેઠાં, અને તે પછે ડોસો પેટી ઉપર સુતો, અને ડોસી પેટીની પડોસમાંજ એક ખાટલી ઉપર સુતી. થોડો વખત ગએઆ પછી ચોરે જાંણીઉં કે બંધે જના હવે ઉંઘાઇ ગયાં હશે; એવું સમજી ચોરી કરવા માટે તે હુશીઆર થએઓ, અને ઘેર મધેની બતી બુજાવી નાખી. આ બનાવથી ડોસો તુરત ચેતીઓ કે ઘેરમાં કોઇ પરોહણો આવીઓચ ખરો. ડોસાએ મોટે અવાજે ડોસીને કહયું કે—ઉઠરે અલી ઉઠ, ઘરમાં તો દીકરો આવીઓ છે. દરરોજ ઇશવર પાસે આપણે દીકરો માંગતાં હતાં તે આપણી ફીકર ઇશવરે આજે ટાલી છે; માટે વેલી ઉઠ, અને બતી કર કે દીકરાને લેઇને પેટમાં દાબીએ. આપણી પાસે જે દઇવત છે તે તેને આપી આપણે બેશીને ખાઇએ. ડોસી આ મતલબને સમજી ગઇ, જેથી તેણી જડપથો ઉઠીને મોટી જેવી બતી સલગાવી, અને બંધે જનાઓ હાથમાં બતી લેઇને એણીગમ પેલીગમ ફરતાં ફરતાં બોલવા લાગાં કે—"દીકરા આવરે પેટમાં દાબીએ—દીકરા આવરે પેટમાં દાબીએ, અને સઘલું તારે સવાધીન કરી હવે અમો નચીનતાઇથી બેસીએ." ચોર જાતે બેઅકલ હતો; માટે તેણે ઉપલા શબદો સાંભલી વીચારીઉં કે આ તો વધારે ઠીક થાએ છે, એવું જાણી એક કોઠીમાં સંતાઇ બેઠો હતો તાંહાંથી બાહેર આવીઓ. જેવો તે બાહેર આવીઓ કે ડોસો અને ડોસી જઇને —ઓ દીકરા; ઓ દીકરા—એવું બોલતાં તેને બાજી પડીઆ. ઘેરમાં તેને સઘલી જગોએ ફેરવીને જે જે વસતુઓ હતી તે દેખાડવા લાગાં, અને કહયું કે એ સઘલું તારૂંજ છે. હવે અમો નીરાંતથી બેશી રહીએ, અને તું તારો ઉદીઅમ કરી અમોને ખવારીઆ કરશે, એટલે અમો મધન થઇશું. ઇશવર પાસે દરરોજ દીકરો માંગતાં હતાં, અને આજ રાતરે પણ અમોએ એજ વાત કીધી; માટે ઇશવરે અમારે ઘેર તને મોકલી દીવો છે. એ પછે એક ઘણીજ મોટી અને ઉંડી પેટી હતી, જેમાં રોકડ નાણાં સીવાએ બીજું કાંઇ હતું નહી, તે ઉઘાડીને પેલા ચોરને કહયું કે— દીકરા વાંકો વલીને આ પેટી મધે જે રૂપીઆ નાંખેલા છે તે તપાસી લે, અને હવે અમોને નચીનતાઇથી બેસવાને આપ. ચોર લોભાયો, અને તે પેટી જે ઘણી ઉંડી હતી તે મધે વાંકો વલીને

પેલા રૂપીઆ ગણવા લાગો, એટલામાં એકબીજાએ એશારત કરી તેના પગ પકડીને તેને પેટીમાં નાખી દીધો, અને પછી ઝડપથી પેટી બંધ કરીને ટાલું મારી દીધું. એ પછી ડોસાએ હાથમાં એક ઢોલ પકડીઉં, અને ડોસીના હાથમાં એક થાલી આપી. બંધે જ-નાં ઘેરના દરવાજા ખોલી તે ઉપર આંમણ સાંમણ બેસી ઢોલ અને થાલી વજાડતાં મોટે આવાજે બોલવા લાગાં કે—"અમારે ઘેર તો દીકરો આવીઓ—અમારે ઘેર તો દીકરો આવીઓ." આ ગ-રબાડ સાંભલવાથી પોલીસના સીપાઇઓ તાંહાં જાઇ પુગા, અને તેઓને પુછપરછ કરવા લાગા. ડોસાએ તેને જવાબ દીધો કે—ભાઈ અમો બંધે જનાં સુતાં હતાં એટલામાં અમારા ઘેરમાં દીકરો આ-વીઓ તેને અમોએ પેટીમાં સાંતેઓચ, અને તે ખુશાલીમાં આ ગાનું ગાઇએ છીએ. સીપાઇઓ તેઓની મતલબને સમજી ગયા કે ડોસો અને ડોસી બંધે અશકત છે, અને તેઓએ હીકમતથી ચોરને પેટીમાં બંધ તો કીધોચ; પણ બાહેર આવી સીપાઇને બો-લાવી લાવવાની શકતી તેઓમાં નહી હોવાને લીધે આ હીકમત તે-ઓએ લગાવી છે. સીપાઇઓએ કહીઉં કે—દીકરો કાંહાંછે તે અમોને દેખાડ. ડોસાએ ઉઠી સીપાઇઓને સાવધ રેહવાને એશારત કરીને પેટી ઉંઘાડી. જેવો પેલો ચોર ઉઠીને ઉભો થએઓ તેવોજ સીપા-ઇએ તેને પકડી લીધો. દોશા અને દોશીને સીપાઇઓએ જણાવીઉં કે—તમારા દીકરાને પાદશાહની પરવાંનગી સાથે સહવારે અમો તમારે ઘેર પાછો લાવી આપીશું, એટલું કહી સીપાઇઓ તેને પકડીને કેદખાંને લેઇ ગએઆ. એ વેલાએ દોશા અને દોશી મોટે અવાજે કેહવા લાગાં કે—રે દીકરા, તું હવે વેલા આવજે. એ સાંભલી પેલો અંનાડી ચોર જવાબ દેવા લાગો કે હું સહવારે આવીશ. તે શેહ-રનાં પાદશાહનો એવો ધારો હતો કે જે શખસ ચોરીનાં વાંકમાં છઠી વાર પકડાએ તેને ફાંસી દેવો. આ ચોર પણ એજ વાંકને સારૂં પાંચવાર તુરંગમાં જઇ આવીઓ હતો. સહવારે તેનો ઇન-સાફ થએઓ, અને તપાસ કરતાં કોટવાલને માલમ થઇઉં કે—તે સખશ ફાંસીની સજાને લાએક થયોચ; કારણ કે ચોરીનાં વાંકને માટે તે પાંચ વખત તુરંગમાં જઇ આવીઓ છે. એ ઉપરથી તેને તેજ દીને પાછલા પોરનાં ફાંસી દેવાની સીખશા કીધી. આ ડેડાવ જાંણવા ઉપરથી, ફાંસી દેવાને વખતે પેલો દોસો તે જગોએ જઇ એક ખુરસી લેઇને બેઠા. પેલા ચોરને ફાંસી દેવાને વખતે તે

જગોએ લાવેઆ, જે રડતો રડતો તાંહાં આવેઓ, અને દોસાને તાંહાં બેઠેલો જોઇ તેની આગલ જવા માંગીઉં. સીપાઇઓ તેને દોસા પાસે લઈ ગએઆ. દોસાએ ચોરને પોતાનાં પેટમાં દાબીઓ. ચોર સહમજીઓ કે દોસાથી ચલાએ નહી તોબી તેને છોડવી પોતાને ઘેર લઈ જવા સારૂં તે તાંહાં આવી બેઠો છે. એવી આશાથી તે બોલીઓ કે—રે બાપ, મને તો પાદશાહ સુલીએ ચહડાવે છે. દોસો મુછ સમારતાં સમારતાં બોલીઓ કે—કાંઈ ફીકર નહી, પરમેશવરનું નામ લઇ જહડપ કરીને, **“ચહડજા બેટા સુલીપર.”** ચોરે આશા છોડી અને તેને ફાંસી દાધો.

આ ઘરડું જોડું જો કે અશકત હતું તોપણ આવી હીકમતથી તેઓએ પોતાનાં બલવંત શતરૂને સજાએ પોંહચાડીઓ.

## કમ જોર ઓર બેહોત ગુસસા.

### ડાહીના ઘેલા અને ઘેલીના ડાહેઆ!

ઉપલી કેહવત ઘરડા લોકોથી ઉતરતી આવી છે, અને તે વાંણીઆ તથા રજપુત લોકોને લાગુ પાડેલી છે. વાંણીઅનો જાતે ઘેલી સરખી અને સકાર વગરની હોએ છે; તેઓને વધારે બુધી નથી હોતી; તેઓ પોતાનું શરીર અને ઘેર સફાઇ ભરેલી રીતે વાપરી જાણતી નથી; તેઓ સુઘડાઇને સમજી શકતી નથી; આંગ ઉપર પેહડેલાં સારા પોશાક સાથેબી તેઓ સફાઇ નહી રાખેઆને લીધે બીરાજતી નથી, અને ગમે એવોબી સુંદર સીણગાર તેઓને કરાવીઓ હોએ તોપણ તેમના સકાર ઉપરથી તેઓ જણાઇ આંવવાની. તેઓને જો કોઇ ઠગવા માંગે તો, થોડી બુધી ને લીધે તે કાંમ થોડી મેહનતે બની શકે, જો તેઓમાં લાંમબી બુધી હોએ તો, બરાહમણ સરીખા લોકોની જાલમાં ફસી નહી પડે. જો તેઓ ઉપર કાંઇ સંકટ આવી પડીઉં તો તેનો ઉપાએ લેવાને તેઓ પુરતી શકતીવાન નથી.

પણ તેઓનાં પેટથી પેદા થએલા વાંણીઆઓ જાતે ડાહેઆ, બુધીવાંન, ધીરજવાંન, અને વેપાર વગરે કાંમકાજમાં સરવે પાંતીએ સહમજવાલા અને ગનેઆની હોએ છે. જો તેઓ ઉપર કાંઇ સંકટ

આવી પડીઉં હોએ તો, ધીરજથી તેનો ઉપાએ લીએ છે. જો તેઓ-ને કોઇએ દુઃખ દીધું હોએ તો, મુંગે મોહડે શાંસીને તેઓ બેસી રેહછે; પણ ઝનુનમાં આવી તે દુઃખ દેનાર સાથે એકાએક લડવા નીકલતા નથી; કાંએકે તેઓ સારી પેઠે સમજેચ•કે તેમ કરવાથી પઇસાની અને શરીરની ખરાબી થાએ છે.

એક મારવાડીએ કોઇ બે વાંણીઆઓ ઉપર જુઠું તોહમત ઉભું કીધું હતું, અને જો તે વાંણીઆઓ મારવાડીને કાંઇ નાણું નહી આપે તો સરકારની ચુંગાલમાં તેઓને ફસાવવાની તેઓને ધાસતી આપી હતી. વાંણીઆ-ઓ જાતે ઢીલા, અને પોતાની આબરૂથી પોતાનો ધંધો કરનારા; માટે મારવાડીને થોડું એક નાણું આપીને માંડી વાલવા જણાવીઉં. મારવાડી તેટલાંથી રાજી થએઓ નહી, અને તે ઉપરથી એકબીજાને રદબદલ ચાલી. થોડા વખતમાં મારવાડીનું તરકટ વાંણીઆઓને માલમ પડીઉં, જે ઉપરથી તેઓએ મારવાડીને આપેલું નાણું પાછું માંગીઉં. મારવાડીએ તે નાણું પાછું આપવાને બદલે વાંણી-આઓ મહેના એકને માર મારીઓ. એ ઉપરથી તેની સાથેના બીજા વાંણીઆએ મોટી ધરપજ કરી અને સીપાઇને બોલાવી મારવાડીને પકડાવવાની ધમકી આપી. તે વાંણીઆએ મોટી ગરબર કરી મેલી અને પોતાનું પોટીઉં ખેંચીને બાંધીઉં, અને માંથા ઉપરની પાઘડી દાબીને પેહડી, અને પેલા મારવાડીને કહીઉં કે ઉભો રેહ બચા. નાસી નહી જાઇશ. તેં તરકટ કીધુંચ માંટે હવડાં તને સઘલું બતલાઉં છેઉં. જે વાંણીઆએ માર ખાધો હતો તે પોતાનાં સોહબતીને કેહવા લાગો કે—ભાઇ એને આપણે છોડવો નથી; પણ આપણને બીજું જે કાંમ કરવુંચ તેનો વખત વહી જાએ છે. તે ધની જો બાહેર જતો રેહશે તો આપણને મોટું નુકસાન થવાનું; માટે તાંહાં જઇ આવીઆ પછે, એ લુચ્ચાની સારી-પેઠે ખબર લઇશું. એટલી ધાંધલ કરી તે બંધે વાંણીઆઓ મા-રવાડીને પઇસા આપીઆ છતાં સામનો માર ખાઇને મુગે મોહડે તાંહાંથી નીકલી ચાલીઆ. આ વાંણીઆઓની જગોએ કોઇ બીજી કામ વાલા પુરૂશો હતે તો, મારામારીમાં વધારો થતે, જેથી પઇસા અને શરીરની બેચીત હાણી થતે; પણ વાંણીઆ જાતે ડાહેઆ માટે વીચારીઉં કે—જો વધારે ભાંજગડ કરીશું તો, ગએલા પઇસા અને ખાધેલો માર તો કાંઇ પાછો આવવાનો નથી; પણ તેને બદલે ઉલટા વધારે પઇસા ખરચવા પડશે, અને કદાચ બીજા

માર ખાવો પડશે. એવું સહમજી તાંહાંથી ચાલતા થએઆ, જેથી તે કજીઆનું સેવટ આવીઉં.

રજપુત લોકોની અસતરીઓ જાતે ડાહી, બુધીવાલી, ધીરજવાલી, સહમજવાલી, કસરતવાલી, ગનેઆની, અને લાંબા વીચાર ધરાવનારી હોએછે. તે ગમે એવોબી હલકો પોશાક પેહરે તો પણ પોતાના શરીરની સફાઇ રાખવાથી તે દીપી નીકલેછે. તે જાતે નમાની અને સહમજ વાલી હોએછે; પણ તેનાથી જનમ પામેલા રજપુત બચાઓ ઓછી સહમજના, ઝનુની અને વીખા મોજાજના હોએ છે. જેવી ચાલચલણ રજપુત બચાઓનીછે, તેવીજ ચાલની જો રજપુતણોબી હતે તો, ખચીત એ ટોલાના લોકોની મોટી ખરાબી થતે; પણ રજપુતો પોતાની કસહમજને લીધે જે ખરાબ કામો કરવા ધારેચ તેનો સંભાલ તેઓની નેક અસતરીઓ ઘણી ખરી રીતે કરી શકેછે. રજપુત ગનેઆતની અસતરીની ગંભીરાઇ વીશે એક વારતા છે, જે ઉપરથી એ ટોલાની અસતરીઓની સારો ચાલ અને લાએકી આપણુને માલમ પડેછે.

કેહચ કે એક ગાંમડામાં એક રજપુતના ઘેરની પડોશમાં એક મુસલમાન પઠાન રેહતો હતો. એ મુસલમાન સારે ઠેકાણે ચાકરી કરતો હતો. અને પોતાના ઘેર ખરચ કરતાંને બે પઇસા વધારે પેદા કરતો હતો, જેને લીધે તે સારો અને ભપકાદાર પોશાક પેહરતો હતો. મુસલમાનનાં પડોશી રજપુતની બાએડી ઘણીજ સુંદર ચેહરાની અને રૂપમાં સારા દેખાવની હતી; તેમજ તે મુસલમાનની અસતરીબી ખુબસુરત હતી; તોપણ રજપુતણનાં કરતાં મુસલમાની ઉતરતાં રૂપની હતી. રજપુત બીચારો રજવાલામાં ચાકરી કરતો હતો, અને પોતાનો ઘેર સંસાર ચલાવવાની તે કાંઇબી વાત જાંણતો નહી હતો. તેનું કામ એટલુંજ કે ચાકરીનો જે પગાર આવે તે લાવીને પોતાની બાએડીનાં હાથમાં આપવો. તેની બાએડી ઘેરની આબરૂ રાખનારી અને સહમજુ હતી, અને કપડાં લુગડાં વગરેનો સઘલો ખરચ તેજ કરતી હતી. રજપુત બચો ગમે એવી કમાઇ વાલો અને ચેહરા વાલો હોએ તોપણ તે હંમેશાં સાદાજ ફરે છે, અને તેજ મીસાલે ઉપલો રજપુતબી ચાલતો હતો. એક દીને રજપુત બાહેર ગએઓ અને તે વખતે તેનો પડોશી મુસલમાન પોતાનાં ઓટલા ઉપર બેઠેલો હતો. થોડા વખત પછી

પેલી રજપુતાણ પાંણી ભરવાને માટે બાહેર નીકલી. મુસલમાને રજપુતાણને પુછીઉં કે, ભાભી? ભાઇ કાંહાં ગએઆ, રજપુતને ઉત્તર દીધો કે—રે ભાઇ! તારાં મોહડાંને સંભાલ. જો તારે વાત કરવી હોએ તો, સાલેશાઇ ભરેલી રીતે કર કે હું તુંને વાજબી રીતે ઉત્તર આપું; પણ અગરજો તું વાંકી રીતે ચાલશે તો કોઇ દીને પસતાવું પડવાનું. મુસલમાન ફરીથી બોલીઓ કે—ભાભી. શું આ ધમક ભરેલા ભાઇની બીહીક દેખાડો છો કે? એ ભાભર બુજો શું વાઘ મારતો હશે. જો રજવાલામાં ચાકરી નહી હોએ તો, બચીત બીચારો રખડેઆ કરે પણ એનો કોઇ ભાવ પુછે નહી. જેની ચાલ નબલી અને સુસતી ભરેલી; જે ધનીને પુરતી રીતે બોલતાં આવડે નહી; તે રજવાલામાં તે શું ધાર મારતો હશે. રજપુતાણે બીજીવાર મુસલમાનને કહીઉં કે—રે ભાઇ, તારી ઉપર નહી પણ તારી બાએડી ઉપર મને દએઆ આવે છે; માટે હું તુંને ચેતાઉંચ કે હવે પછી કોઇબી રીતે મારી પરતીશઠાને ઝાંખ લાગે એવા શબદો તારે વાપરવા નહી, અને પોતાનાં મારગસરજ ફરેઆ કરવું. જો કદાપી પારકા મારગ ઉપર પગ ઉંચકશે તો પાછલથી પસતાવું પડવાનું. મુસલમાન જાતે મગરૂર માટે ઉત્તર વાલેઓ કે હા ભાભી હા. ભાઇ જાતે પેહલવાંન અને શુરો મરદ પડેઓ તેથી પશતાવો કરવા સરખું કાંમ કરે તેમાં કસો સંધે નથી. રજપુતાણે તરીજીવાર ચેતવણી આપી કે—ભાઇ તે શુરો પેહલવાંન નથી તો તેની ચીંતા તુંને કાંઇ નથી; માટે પારકી પંચાતી કરવાની તુંને કાંઇજ ગરજ નથી. તુંને એટલુંજ લાએક છે કે પડોશીની સંગાથે આબરૂ દરકારથી ચાલવું, અને તેઓની લાજનો સંભાલ કરવો. આ વાતથી મુસલમાનને તેની કસહમજને લીધે કસી અસર થઇ નહી, અને વારેઘડીએ પેલી રજપુતાણની એવી ટકોર કરવા લાગો કે ભાભી ભાઇ શું ધાર મારતા હશે. રજપુતાણે તેને કહીઉં કે ભાઇ, એ વાતનો બીઆલ તું છોડી દે, નહી તો સેવટે દુઃખ શોશવું પડવાનું. એ વાતબી મુસલમાને ધીઆનમાં લીધી નહી. તારે અંતે કંટાલીને એ સઘલી હકીકતથી પોતાના ભરથારને વાકેફ કીધો. રજપુતે કહીઉં કે જેવારે ગાંમમાં ધાર પડવાનો ડંકો, ધઆને નગારાનો આવાજ થાએ તારે, એ વીશે મને ફકત ઇઆદ આપવી. થોડાએક દીવસ ગએઆ પછી, એક દીવસે નગારાંનો ડંકો

થએઓ કે પેલા રજપુત બચ્ચાનાં દીલમાં શુર આવીઉં, અને તેવી ઝહડપમાં ઉઠીને લડાઇનાં હથીઆર ભીડવા લાગો. આ જોગવાઇએ તેની અસતરીને પેલા મુસલમાનની વાત ઈઆદ આવી, જે વીશેની તેણે પોતાનાં ભરથારને ચેતવણી આપી. એતેફાક એવો બનીઓ કે ભોગ ચોઘડીએ મુસલમાનપી પોતાનાં ઓટલા ઉપરજ બેઠેલો હતો અને એ વખતે રજપુત પુરતાં ઝનુનમાં આવીઓ હતો. તેણે ઘેરમાંથી લોહડાંનો એક જાડો શલીઓ હાથમાં લીધો, અને ઓટલા ઉપર જઇ પેલા મુસલમાનનાં ગલાંમાં ફુલના હારનો મીસાલે તે શલીઓ વાલી દીધો, અને તાંહાંથી લડાઇ ઉપર નીકલી ગએઓ. મુસલમાનનાં ગલાંમાં લગભગ અધમણનો બોજો થઇ પડેઓ, જેથી તે દુઃખ પાંમવા લાગો. તેને જેમ બેશવાને તેમજ સુવા અને ફરવા હરવાનેબી દુઃખ થઇ પડીઉં. ગાંમ મધેથી લોહવાડોને બોલાવી તે શલીઓ કાહડવાને જણાવીઉં; પણ તે કાપી નાખોઆ સીવાએ, અથવા હીરણુ ઉપર મેલી ઠોકીઆ સીવાએ ગલાં મધેથી નીકલી શકે નહી, અને જો તેમ કરે તો, મુસલમાનનાં ગલાંને મોટો જોખમ થઇ પડે. એવી રીતની પીડા થવાથી તે મુસલમાન ઘણોજ કાએલ થએઓ. પેહલાં તે રજપુતાણુની મશખરી કરતો હતો, તેને બદલે હવે તે કાકલુદી સાથે માએ અને બેહનથી બોલવા લાગો, અને મોટો પશતાવો કરી પોતાને થએલી પીડા કહડાવી નાખવાની તેને અરજ કીધી. રજપુતણ બોલી કે:—

મેરા ખાવીંદ તો હએ ભાભર ભુંજા,
અબ તુંમ કરો એ લુંહેકી પુંજા.
ઓ કીઆ મારે લડાઈકી ધાર,
દેઓ અબ તુંમારા ચાહના પાર.
**જીસકુ કમ જોર ઓર બહોત ગુસસા,**
ઉસકા હોતા હએ ખરાબ કીસસા.
ઇસ બખતે ઓ મુસલમીન ભાઇ,
છોરોગે કે નહી, અબ મેરી આશનાઇ ?
ટુકી ગરદન લંબી પેશાંની હરાંમજાદેકી નીશાંની,
"કમજોર ઓર બહોત ગુસસા" માર ખાંનેકી નીશાંની.

મુસલમાને પોતાનાં બોલવાનો મોટો પશતાવો કરી તેની આગલ માફ માગી. રજપુતાણુ જાતે ડાહી માંટે દીલમાં દએઆ લાવી

કેહવા લાગી કે—જાંહાં સુધી ગાંમમાં ધાર પડવાનો બીજીવાર ડંકો થાએ નહી તાંહાં સુધી, તારાં ગલામાં ઓરવાએલી એ તોક નીકલી શકવાની નથી; કારણ કે તાંહાં સુધી મારા ભરથારને એટલું બધું શુર છુટીને કઉઅત આવવાનું નથી; માટે રે હંકાર ભરેલા મુસલમાન પડોશી, હાલ તો તું તારાં પાપનો પશતાવો કર. આવતી કાલે હું નગારચીને શીખવી આવશ કે તે ધારનાં નગારાંનો જુદો ડંકો વજાડે, અને તે વખતે મારા ભાભરમુંજા ભરથારને જેવું શુર છુટશે તેવીજ હું તેની આગલ નમનતાઇ કરી તેને તારા વીશે સહમજાવશ, એટલે તે તારાં ગલાં મધેની તોક કહાડવાની ધાર મારશે! એટલે તુંને થએલાં દુઃખનું નીવારંણ થશે. બીજે દીને નગારાંનો આવાજ થએઓ, તેવાજ પેલો રજપુત બચો લડાઇને માટે તઇઆર થએઓ, અને તેની બાએડીએ નમનતાઇ સાથે ઇઆદ આપેઆથી મુસલમાનનાં ગલાં મધેનાં લોહડાનાં શલીઆનાં આંટા કાહાડી નાંખેઆ, જેથી તે પીડા મધેથી મુસલમાંન છુટો થએઓ.

# જાલમ બેત ખરાબ.

જાંબુલ નાંમનો એક છોકરો તુરત નાંમે એક ગાંમમાં રેહતો હતો, તે છોકરો જાતે ઘણોજ કદાવર અને મસતાંન હતો; કારણ કે તેને ખાવા પીવા, અને પેહરવા ઓઢવાની, તથા ઘેરબાર વગેરે કોઇબી પરકારની ફીકર અને ચીંતા નહી હતી. જાંબુલ જાતી અકલ નહી ધરાવતો હતો, જેથી તે લુચા લોકોનાં હાથમાં એક હથીઆરની મીસાલે થઇ ફરતો હતો. લુચાઓ તેનાં કઉઅતનો લાભ લેઇ પોતાની નીચ ઇકકતીઓમાં ફાવતા હતા. જાંબુલની એવી મસતાંન હાલતથી ઘણા લોકોએ માર ખાધો હતો, અને ઘણીએક અસતરીઓની લાજ લુટાઇ હતી, જેથી લોકોમાં તે ઘણોજ અણગમતો અને અકારો થઈ લાગો હતો. એક દીવસે અંધારી રાતનાં તે બીજે ગાંમથી પોતાને ગાંમ આવતો હતો. રસતામાં તેની પડોશ માંહેલા ગાંમડાંનાં કેટલાંએક ગાડાં તેને મલઆં. જાંબુલે તેઓને

પુછીઉં કે તેઓ કીએ ગાંમના છે. ગાડાંવાલાઓએ સાંજ ઉપરથી જાંબુલને એલખીઓ, અને વીચારીઉં કે આ મસતાંન રખેને કાંઇ દુઃખ દીએ, તેથી તેઓએ પોતાનાં ગાંમનું નાંમ બદલીને છેક દુરના બીજાં ગાંમનું નાંમ દીધું. જાંબુલે એક ગાડાંને અટકાવી કહીઉં કે તેને ગાડાં મધે બેશાડી તેને ગાંમ લેઇ જાએ. ગાડાંવાલાએ તેને સંમજાવી ના કહીઉં; પણ જાંબુલ જાતે મસતાંન તેથી તોફાંન કરી ગાડાંવાંલાને ગાલગલોચ કરવા લાગો. પાછલથી એક બીજાં ગાડાંવાલાએ હરઠે આવીને જાંબુલના માથાં મધે લાકડાંનો એક જાડો દંડુકો મારીઓ, જેથી તેનાં ભેજાં ઉપરની ખોપડી ચીરાઇ ગેઇ, અને લોહીની નેહર ચાલુ થઇ. ગાડાંવાલાઓ તાંહાંથી ચાલી ગએઆ, અને જાંબુલ બીચારો બેસુધ જમીનદોસત થઇ પડેઓ. થોડા વખતમાં એક બીજો ગાડાંવાલો તાંહાં જઇ પુગો, જેની સંગાથે એક ફાંનશ સલગાવેલું હતું. જાંબુલને રસતા ઉપર એવી અવસથામાં પડેલો જોઇ તેને દએઆ આવીઆથી, જાંબુલને તેણે ઉંચકીને પોતાનાં ગાડાં મધે નાંખેઓ, અને તેનાં ગાંમડાંમાં લેઇ જઇ તેનાં સગાંઓને હવાલે કીધો. આ દુઃખથી જાંબુલ બે વરશ સુધી હેરાંન રહેઓ, જે પછી તેને પાછી તંદરૂસતી આવીઆથી વલી તે પોતાની આગલી મસતીમાં આવેઓ, અને કોઇની વહુ તથા કોઇની દીકરીની લાજનો સંભાલ કીધા વગર, ગાંમના લોકોને દુઃખ દેવા લાગો.

એનેકાક એવો બનીઓ કે ગાંમમધે રેહનાર એક હોરાને અને કોઇ રજપુતને ટંટો હોવાથી, એક દીવસે અંધારી રાતના રજપુતે લુચા લોકોની પાશે હોરાને મજબુત માર મરાવીઓ, જેથી થોડા વખતમાં તે મરણ પાંમીઓ. હોરાની એવી ખરાબ અવસથા તેનાં બેશીઓએ જાંણી, જે ઉપરથી આસરે પચાસ આદમીઓ તેની આગલ એક પછી એક દોડી ગએઆ, અને તેને કોણે મારીઓ તે બાબે પુછપરછ કરવા લાગા, તે સઘલાંઓને હોરાએ માતરે એટલોજ જવાબ વાલીઆ કીધો કે—તેને રજપુતે મારેઓછે; પણ કીઆ રજપુતે તેને મારીઓ તેનું નામ જેમ હોરાએ દીધું નહી તેમજ તેનાં સગાંઓથી તેને પુછતાં ભુલી ગએઆં, અને તેપછી હોરાએ પરાણ છોડી દીધો. જે રજપુત સંગાથે હોરાને ટંટો હતો તેને સરકારે પકડીઓ. તે મુકદમાની તપાશની વેલાએ સઘલા હોરા-

ઓએ પુરીજ એફીનદારીથી સાખશી આપી. અને નીઆએધીશને જણાવીઉં કે તેને રજપુતે મારેઓ. સરકારની તરફથી, જારે તેઓને સવાલ પુછીઆમાં આવે કે—કીઆ રજપુતે તેને મારેઓ તારે, હોરાઓ ખુલ્લી રીતે જવાબ દેતા હતા કે—તે કાંઇ અમો જાણતા નથી. જેમ અમોએ મરનારને પુછીઉં નહી, તેમજ તેણે પોતાના દુશમનનું નામ અમોને જણાવીઉં નથી. આએ ટકનો લાભ લેઇ એક મારવાડીએ જાંબુલને ઉશકેરીઓ કે અગરજો તું એવી સાખશી આપે કે—ફલાંણા રજપુતે મારી પાશે હોરાને મરાવીઓય તો, રજપુત ઉપર ફાંશીનો દાવો આવશે, જેથી હોરાઓની તરફથી આપણને નાણાની મોટી રકમ મલશે. તે આપણ બંધે જનાઓ વેંહચી લેઇશું. જાંબુલને જાતી અકલ નહી હોવાથી તે મારવાડીના ફાંદામાં ફશીઓ, અને તેની સાથે હોરાઓની તરફની સાખશી આપવા સારૂં ગએઓ. સરકારી અદાલત મધે જાંબુલની સાખશી લીધી, તારે તે બોલીઓ કે—ફલાંણાં રજપુતે આગલ ઉભો રહીને મારી પાશે હોરાને માર મરીવીઓ, જેથી તેનું મરણ થઇઉં, પણ બીજી તરફથી રજપુત પોતાનો ગુનાહ નાકબુલ ગએઆથી, જાંબુલ ઉપર તે ખુન કરવાનો દાવો સાબેત થએઓ. નીઆએધીશે જાંબુલને જણાવીઉં કે—રજપુત તેનો અપરાધ કબુલ રાખતો નથી, અને તેમજ તારા સીવાએ બીજા કોઇની સાખશી તેની ઉપર એવી રીતે પડી નથી કે હોરાને મારતી વખતે એજ રજપુત તાંહાં હાજેર હતો; પણ તું તો તારેજ મોહડે એકરાર કરેચ કે—રજપુતના હોકમથી લાકડી વટે હોરાને તેંજ મારેઓ, જેથી તેનું મરણ નીપજીઉં એ વાસતે તુંને ફાંશી દીવામાં આવશે!

રજપુતને હોરા સંગાથે અનબનાવ હતો, એ વાત નીઆએધીશના જાંણીઆમાં આવીઆથી, છ માસની મુદતના તેના હાથ જામીન લખાવી લેઇ તેને છોડી મેલીઓ, અને જાંબુલને ફાંશી દેવાનો હોકમ થએઓ !!!

જાંબુલને હાથે બેડી ડોકી તેને ફાંશી દેવા સારૂં તઇઆર કીધો, જે ઉપરથી લોકો તેની ચાલ ચલનનો ધીકકાર કરી બોલવા લાગા કે—**જાલમ બેલ ખરાબ.**

હવે એક તરફથી રજપુતનાં ઘેર આગલ ખુશાલીનાં ઢોલ વાગાં, અને બીજી તરફથી જાંબુલનાં ઘેરમાં મઇઅતની માહેતમને શારૂં બાએડીઓ બેઠી !

# ૪૫

# અગલી અછ્છી પીછલી ખરાબ.

• એક શેહરને પાદરે છાપરૂં નાંખીને કોઇ વેરાગી ઘણી લાંબી મુદતથી રહેલો હતો, અને તે દર રોજ ગાંજો પીતો હતો. ગાંજો તઇઆર કરીને પીતી વખતે તે વેરાગી જીંદેહગાની વીશે એવા શબદો બોલતો હતો કે—"અગલી અછ્છી, પીછલી ખરાબ." એક દીવસે એતેફાક એવો બનીઓ કે તે વેરાગીએ ગાંજો તઇઆર કીધો, અને તેજ વખતે તે શેહરના રાજાની દીકરી અને તેની માએ, એ બંધે જના, કેઠે બાહેર જતાં, વેરાગીના જુફડાં આગલ પસાર થતાં હતાં. એ વખતે છોકરી આગલ અને તેની માએ પાછલ ચાલતાં હતાં, જે વખતે વેરાગીએ ગાંજાની કટોરી હાથમાં પકડેલી હતી, અને તે હંમેશના રબેતા પરમાંણે બોલીઓ કે **અગલી અછ્છી, પીછલી ખરાબ.** એ શબદો સાંભલવાથી રાણીનાં દીલમાં ગુસસો ઉપજીઓ કાંએકે તે એવુંજ સહમજી કે—વેરાગીએ તેની દીકરીની જુવાંની અને તેનાં ઘડપણનો મુકાબલો કરી આ શબદો કહેઆછે. ગુસસાભર તે અસતરીએ પોતાને ઘેર જઇ પોતાના ભરથાર આગલ વાત કીધી, અને તે વેરાગીને મારી નાખી તેનું જુફડું તાંહાંથી ઉખેડી નાંખવાની મજબુત ભલામણ કીધી, અને અગર જો રાજા તેમ નહી કરેતો, પોતાનો જાન બરબાદ કરવાની ધારણા જણાવી. રાજા પોતે દાહેઓ હતો માટે બાએડીના કેહવા ઉપર તે ચાલીઓ નહી, અને તપાસ કરી વાજબી ઇનસાફ તોલવા સારૂં પેલા વેરાગીને પોતાની હજુર બોલાવી મંગાવીઓ. પુછપરછ કીધાથી તે કબુલ થએઓ કે—એવા શબદો તે બોલેઓછે ખરો; પણ તેમ બોલવામાં તેની ધારણાં કાંઇ ખગુબ નહી હતી. તે શબદો પોતાની જીંદેહગીને માટે દર રોજ ગાંજો પીતી વખતે તે બોલેછે. તેણે કહીઉં કે—જુવાનીની વખતે જે જીંદહગી તેણે ગુજારીછે, તે અરશામાં તેણે સઘલી પાંતીનું સુખ મેલવીઉં હતું, અને જારે ઘડપણ આવીઉં તારે, સઘલી પરકારે તે દુઃખી થઇ પડીઓછે. તેટલા માટે દરરોજ ગાંજો પીતી વખતે, આગલી અને પાછલી જીંદેગીનાં મુકાબલાનું ઉપલા શબદોમાં વરણન કરીને હું ગાંજો પીઉં છેઉં. બાકી બીજી કોઇ

ખરાબ ધારણાથી તે શબ્દો બોલતો, અથવા બોલેઓ નથી. વેરાગીનું બોલવું તેની આસપાસ રેહનારા લોકોનો શાખશીથી ખરું ઠડીઉં, જે ઉપરથી રાજાએ વીચાર કીધો કે—અગર જો આટલી પુછપરછ કીધી વીના, રાણીના કેહવા ઉપરજ આધાર રાખીને વેરાગીને મારી નાખેઓ હને તો ફોકટમાં એક નીરદોશ જીવની હંતીઆ કરવાનું પાપ તેની ગરદન ઉપર રેહતે.

# અપન તો કેહેનેવાલે, કુચ કરનેવાલે નહી.

## કાજીજીની કેહવાત.

એક ગાંમમાં રેહનારા મુસલમાનોએ કોઇ પુરશને પોતાનો કાજી ઠેરવીઓ હતો, અને ધરમનો ઉપદેશ લેવા માટે મુસલમાનો તે કાજીની પાસે જતા હતા. એક મુસલમાન બાહેર દેશથી વેપાર કરીને તે ગાંમડાં મધે પાછો આવીઓ હતો, જાંહાંથી સારો કમાઇ કરી લાવીઆ ઉપરથી કોઇ જાતનો ધરમ કરવાની તેને ઇછા થઇ. મુસલમાને વીચાર કીધો કે—કોરાનમાં ફરમાવીઆ પરમાણે જે જાતનો ધરમ સરસ ઠડે તે ધરમ તણે કરવો. એવા વીચારથી મુસલમાંન કાજીની પાસે સલાહ લેવાને ગએઓ, અને પુછીઉં કે કાજીજી સાહેબ, "અપણે કોરાનમે કીસ જાત કે સવાબ કે કામ સબસે બરે કેહલાતે હએ?" કાજીજીએ ઉતર વાલીઓ કે—"નંગેકુ વસતર દેના, ભુખેકું ખીલાના, પીઆસેકું પાણી પીલાનાં, ઓર ભુલે ચુકેકું રાહ બતલાનાં, એ ચાર કામ કોરાનમે સબસે બરે લીખે ગએ હએ." આએ વખતે કાજીજીની ઓરત પોતાનાં ભરથારના ઓરડા આગલ આવેલી એક બારી પાસે ઉભેલી હતી, જેણે ઉપલી વાત સાંભલી લીધી. થોડા વખત પછે કાજીજી કોઇ કામસર ઘેરમાંથી બાહેર ગએઆ. એ પછે એક મુસલમાન ફકીર મોહલામાં આવી પોકારવા લાગો કે—'રે થંડસે મરજાતા હઉં જો કોઇ નંગેકુ વસતર દેવે, ઉનકે ઉપર ખોદા બહોત મેહરબાન રેહતા હએ. નંગેકુ વસતર દેનેકા કોરાનમે બહોત બરા સવાબ લીખેલા હએ.' આએ કાકલુદી ભરેલા શબ્દો જારે કાજીજીની

ધનીઆનીએ શાંભલીઆ તારે, તેણે વીચાર કીધો કે—મારા ખાવં-દેની કહીઉંચ કે નાંગાને વસતરથી ઢાંકવાનો સવાબ કોરાંનમા ઘણો મોટો કહેલો છે. અને આ એ ફકીરની તેને મતાીજ વાત જણાવે છે ; વાસતે જો હું એને વસતરથી ઢાંકસ તો મને મોટું સવાબ હાંસેલ થશે. એવા વીચારથી તેણે પોતાના ઢોલીઆ ઉપરની ચા-દર લેઇને પેલા ફકીરને ઓઢવાને આપી. કાજીજીના ઘેરમાં માતરે તે એકજ ચાદર હતી, અને પોશ માસ હોવાથી તે દીવસો ઉપર તાઢ તો ઘણીજ સખત પડતી હતી. રાતની વખતે જીઆરે કા-જીજી ખાંનું ખાઇ ઢોલીઆ ઉપર સુતા તારે. તાહડ ઘણી લાગવા-થી ઢોલીઆ ઉપર એણીગમથી પેલીગમ હાથ ફેરવી ચાદર શોધવા લાગા. ચાદર નહી મલવાથી પોતાની બાએડીને પુછીઉં કે—પલંગ ઉપરકી ચદદર કહાં હએ ! બાએડીએ ઉત્તર વાલેઓ કે—આજ ફજરમે જે મુસલમીન તુમારે પાસ આએથે, ઉસકે તંઇ તુમને કોરાંનકે ફરમાન મુજબ, નંગેકુ વસતર દેનેકા સવાબ સબસે બરા કહાથા. ઉસ પીછે તુમ બાહેર ગએ બાદ, એક નંગા ફકીર મોહોલેમે પોકારતા આએથાકે—રે થંડસે મરતા હઉં : ઇસ ઉપરસે ઇસકે આંગ ઢાંકને કે વાસતે ચદર મએને સવાબ કે ખાતર દી હએ. કાજી ઘણોજ ગુસામાં આવીઓ, અને બોલીઓ કે—અરે રાંડ **આપ-ન તો કેહેનેવાલે, કુચ્છ કરનેવાલે નહી.** ઘરમે એકજ ચદદર થી સો તુમને સવાબકે ઇરાદેસે ફકીરકુ દે દીઇ, અબ અપનકુ થંડી લગતી હએ ઉસકા ઇલાજ કએસા કરના. અબ પીછે ખુબ ઇઆદ રખના કે—સવાબ કએસા કરના સો ફકત બ-તાનેકા કામ અપના હએ : કુચ્છ સવાબ કરનેકા કામ અપનાં નહી હએ.

## સતનો કાંટો !

### સબ બીગરી, સબ બીગડી, નહી બીગરી એક તારા !

એક શેહર મધે કોઇ તેહલીઓ ફકીર દરરોજ સહવારનાં ફરવા આવતો, અને દરએક મોહલામાં ફરતાં ઉપલા શબદો બોલતો હતો. તે ફકીરને બપોર સુધી ફરતાં, જે કાંઇ મલતું હતું તે લેઇને

પોતાના મકાન ઉપર જતો હતો. ઘણા દીવસ સુધી તે ફકીર તે શેહરમાં ફરેઓ હતો, અને ઉપલા શબદો બોલીઓ હતો. એક દીને એક લફંગા પુરૂશે તે ફકીરના સવાલ ઉપર ધીઆન આપીઉં, અને એ ઉપરથી તે લફંગાને વીચાર આવીઓ. જે ફકીર કેહચ કે—"સુખ બીગરી, સુખ બીગરી, નહી બીગરી એક તારા !" એનું કારણ શું અને કેહવું છે તેની શોધ કરવી જોઇએ; એવા વીચારથી તે લફંગો તે ફકીરની પછવાડે છુપી રીતે લાગુ થએઓ. ફકીર દર આઠ દીવસે એક હજાંમને ઘેર જતો હતો, અને તેને પોતાની સાથે પોતાને ઘેર લઇ જતો હતો. શેહરની બાહેર ગએઆ પછી, એક નવરાશ ભરેલી જગો ઉપર હજાંમની આંખે પાટા બાંધતો હતો, અને પછી, તેને પોતાની બાંધ ઉપર બેસાડીને ઘણાજ બીહામના જંગલ મધે બનાવેલા એક ભોએરામાં તે હજામને લઇ જતો હતો.

ફકીર સુખવાસી અને પઇસાવાલો હતો. જારે તેની ઇછા થઇ કે કોઇ અસતરી સાથે નેકાહ કરવા, તારે તેનાં દીલમાં એવો વીચાર આવીઓ કે, પુર જુવાનીમાં આવેલી અસતરી સંગાથે પરણવું નહી; કાંએકે અસતરી બેવફા છે; માંટે તેની એકીનદારી ઉપર ભરોશો લાવવો નહી. એવા વીચારથી તેણે ઠેડાવ કરેઓ કે—કોઇ ખુબસુરત છોકરીને બચગીથી એકાંત જગા ઉપર લેઇ જઇ રાખવી, અને કોઇની મરદ અથવા અસતરીની સોહબતથી તેને જુદી પાડવી, અને જારે તે પુરતી ઉમરમાં આવે તારે તેની સંગાથે લગનનો કોલ કરી સંસાર સુખ ભોગવવું. એવા વીચારથી એક દીવસે એક શેહર મધે ફરતાં ઘણાંજ ખુબસુરત અને સુંદર ચેહરાની આસરે આઠ વરસની એક છોકરીને તેણે એક મોહલા મધે ફરતાં દીઠી. સવાલી ફકીરે તે છોકરીને ફુસલાવી અને લાલચ દેખાડીને એક નવરી જગોએ લેઇ ગએઓ, અને તાંહાંથી તે છોકરીને ઉંચકીને એક જંગલમાં લઇ ગએઓ. જંગલમાં લેઇ ગએઆ પછે તે છોકરીને ઘણીજ માવજતથી અને પોતાના માએ બાપની મોહબત ભુલી જાએ એવી રીતનાં સંભાલથી તેણે રાખી. જંગલમાં એક નાંનું જુહફડું બનાવીઉં હતું, તેનેથી ઘણી વેગલાઇ ઉપર તે ફકીરે એક બીહામની જગાએ નાનું શરીખું એક ભોએરૂ બનાવીઉં, અને તેમાં જવાનો રસતો એવાતો બે માલમ કીધો કે કોઇને માલમ પડેજ નહી. ભોએરૂં તઇઆર થઇઉં તાંહાં સુધી તે છોકરીને પેલાં જુહફડાં મધેજ રાખી હતી, ભાંએરાને લગતું સઘલું

કામ પુરૂં થએઆ પછી, બેગારા લોકો જેઓ તે કામે લાગા હતા તેઓને એક દીવસે તે ફકીરે ઠગાઈથી મારી નાખેઆ, અને તે પછી પેલી છોકરીને તે ભોંએરામાં લઇ જઇ રાખી. એ પછી ફકીર ઉપલા શબ્દો બોલવા લાગો, અને દર અઠવાડીએ જે હજાંમને આંખે પાટા બાંધીને તે છોકરી પાસે લઇ જતો હતો, તેની પાસે ઘણી માવજતથી તેના નખ લેવાડતો હતો, અને હજાંમને તેની કીમત ઘણી સારી આપીઆ પછી, પાછા તેની આંખે પાટા બાંધી તેનાં શેહરની તરફ લઇ જઇ મેલી આવતો હતો. પેલા લફંગા પુરૂશે ફકીરને હજાંમના ઘેરમાં જોએઓ તે ઉપરથી બાહેર એક ખુણામાં ભરાઇ બેઠો, અને ફકીર હજાંમને પોતાની સાથે લઇ ગએઆ પછી, તે તેઓની પછવાડે લાગુ થએઓ. શેહરની બાહેર ગએઆ પછી, નવરી જગા ઉપર જઇને પેલો ફકીર ઉભો રહેઓ, તે જોવાથી પેલો લફંગો પુરશ એક ખુનામાં છુપાઇ ગએઓ, ફકીરે પેલા હજાંમની આંખે પાટા બાંધીઆ, અને તેને પોતાની ખાંધ ઉપર લેઇ ચાલતો થએઓ. એટલો દેખાવ જોએઆ પછી, પેલો લફંગો પુરૂશ શેહર તરફ પાછો ફરી પોતાને ઘેર ગએઓ. બીજે દીવસે જીઆરે પેલો ફકીર શેહરમાં આવીઓ, અને ઉપલા શબદો બોલી ફરવા લાગો ત્યારે, વલી પેલો લફંગો તેની પાછલ લાગુ થએઓ. તે દીવસે ફકીર હજાંમનાં ઘેરમાં નહી ગએઓ, અને પરબારો બીજા મોહલામાં ઉતરેઓ. એ જોવાથી લફંગો પુરૂશ હજાંમનાં ઘેરમાં દાખલ થએઓ, અને તેને મોટી લાલચ દેખાડીને ફકીરની હકીકત પુછવા લાગો. ફકીરે કાંઇબી વાત બાહેર નહી પાડવાને હજાંમને સખત મનાઇ કીધેલી હતી, તે છતાંબી લાલચને લીધે તેણે સઘલી વાતનો ખોલાસો કીધો, અને જણાવીઉં કે એક ભોંએરાં મધે ઘણાંજ ખુબસુરત અને સુંદર ચેહરાની અને લગભગ બાર વરસની એક અસતરી છે, તેના હાથનાં નખ લેવાડવા સારૂ ફકીર તેને સાથે લેઇ જાએ છે; પણ તે ભોંએરાંનો રસતો છુપો રાખવા સારૂ ફકીર મારી આખે પાટા બાંધે છે, જેથી હું તે મારગ જાણી શકતો નથી. લફંગાએ હજાંમને હીકમત બતાવી કે—

તારી દગલીનાં ગજવાં મધે છુપી રીતે તું તલ ભરી રાખજે, અને ગજવાંને એક જીનો છેદ પાડી તેને દોરાથી બાંધી રાખજે, અને જારે ફકીર તુંને ખાંધ ઉપર બેસાડે તારે, છુપી રીતે ગજવાંનો

છેદ છુટો કરજે, અને ફકીરને ખબર નહી પડે તેવી રીતે તલને જમીન ઉપર વેરીઆ કરજે. ભોંએરૂં નજદીક આવીઆથી ગજવાંનો છેદ પાછો બંધ કરજે. હજાંમે લફંગાના ડગાઇ ભરેલાં બોલવા ઉપર વીશ્વાશ રાખીઓ અને બીજી વાર, જારે પેલો ફકીર આવીને તેને ભોંએરાં મધે લેઇ ગએઓ તારે, તેણે છુપી રીતે તલ વેરીઆ કીધા. એ કામ થએઆને બીજે દીને પેલો લફંગો સહવારથી ગાંમને પાદરે જઇ છુપાઇને બેઠો, અને ફકીરને શેહર તરફ જતો જોઇ પેલા હજાંમે વેરેલા તલની ઇધાંની શોધવા લાગો. તલ માલમ પડેઆથી તેણે તે મારગ પકડીઓ, અને તલ પુરા થવાથી ભોંએરાંનો દરવાજો શોધવા લાગો. શોધ કરતાં મોટા કદનો એક પથથર નજર આવીઓ, જે ખીસાડીઆથી એક સીડી નજર આવી, જે જોવાથી લફંગો સહમજીઓ કે એ સીડી ભોંએરાંમાં ઉતરવાની છે. લફંગો અંદર ઉતરીઓ, અને જોએચ તો, આફતાબ સરીખા ચેહરાની અને ઘણીજ ખુબસુરત નાર એક સુંદર ખુરસી ઉપર મોટી ગમત અને નાંજનખરાંથી બેઠેલી હતી. બીજી તરફથી તે સુંદર ઓરત તારાએ પેલા લફંગાને દીઠો. તે અચરત થવા લાગી કે આએ આશક કેવી રંજ અને મેહનત ખેંચીને આ છુપી જગોએ આવીઓ હશે. તારા તેને કેહવા લાગી કે—રે બેગાંના પુરૂશ, તું હંઇઆં શા માટે આવીઓ છે? જલદીથી પાછો નીકલી જા. મારો ફકીર હમણા આવશે તે તુંને તરત કતલ કરી નાખશે. લફંગાએ જવાબ વાલેઓ કે—તારૂં નામ શાંભલવાથી, તારી મેહરબાની ભરેલી મોહબત મેલવવાની ખાહેશથી હું અતરે આવીઓ છેઉં; માટે તે કામમાં કદાચ મારો જીવ જશે તો, એમ સહમજશ કે તારી ઉપર મેં મારો જીવ કુરબાન કીધો છે. અગર જો જે પીઆર ભરેલી રીતે, તારી ખાહેશને સારૂ હું રંજ અને મેહનત ખેંચતો અતરે આવીઓઇ, તેમજ જો તારાં દીલમાં મારા ઉપર દએઆ ઉપજતી હોએ તો મારા પરાંણને બચાવવાનો ઇલાજ તું શોધી કાહડ; કાંએકે આ અંજાંણી જગા ઉપર ગોએઆ હું આંધલાની મીસાલે છેઉં. તારાએ તેનો જીવ બચાવવાની તદબીર શોધી કાહડી. એક સાગવડ ભરેલી પેટી, જે મધે તે લફંગાનો સારી રીતે સમાસ થાએ, અને તેના જીવને ઇજા નહી પુગે તેમાં તેને ઉતારી, ખાવા પીવાનું આપીઉં, અને પેટી બંધ કરી લીધી. જરા વખત ગુજરેઓ કે પેલો ફકીર આવી પુગો. એ વખતે તારા પોતાને માંથે

રોમાલ બાંધી ઘણી ઉદાસ સરીખી થઇને બેઠી. ફકીરે તેનો ચેહરો તે દીવસે અચરતી ઉપજાવનારો જોએઓ.

તારા ભરજુવાંનીમાં આવેલી હતી, અને તેને સંસાર સુખની ઘણીજ ઉલટ હતી; કારણકે ફકીર તેને ખાવા પીવાનાં, અને બીજાં સઘલી પરકારના સુખમ આરાંમથી રાખતો હતો, અને એટલી ઉમરમાં તેની સંગાથે સંસારી વેહવાર રાખવાથી તે અચકાટો હતો. તારાનો ચેહરો કુમલાએલો જોવાથી, ફકીર દલગીરી સાથે તેને પુછવા લાગો કે—રે પતીવરતા અને સુંદર તારા, આ જગતમાં ઉતપન થએલી અસતરી જાતની ઉપર **સટનો કાંટો** તું છે, એવું હું તો શું પણ કુલે આલમનાં લોકો કબુલ કરવાના. તું આજે અનમની થઇને બેકરારપણાંથી બેઠીચ, માટે તારાં દીલને શું દરદ થએલું છે ? તારાએ જવાબ વાલેઓ કે—મારી તંદરસતીમાં આજે અતીશે બીગાડ થએલોછે; માટે મારા જીવને ખુશી રાખવાની, જો તું ઇછા રાખતો હોએતો, પગે ઘુંગરા બાંધી, હાથમાં ઢોલક પકડીને મોટે અવાજે ઢોલ વજાડી મારી આગલ ઘણાજ ખુશ અવાજથી એક ખુશનમાં ગાએણ કર, જેથી મારો જીવ ખુશીમાં આવે. ફકીરે ખાવાનું પણ છોડી દીધું, અને ઝડપથી પગે ઘુંગરા બાંધીઆ, અને ગલામાં ઢોલ ભોરવીઉં, અને તારાની આગલ નાચવા લાગો. તારાએ તેને કહીઉં કે—એમ નહી. તારી આંખે પાટા બાંધીને જો તું ગાએણ ગાએ તો મને વધારે ખુશ લાગશે. ફકીરે તે વાત કબુલ કીધાથી, તારાએ પોતાને હાથે પોતાની મરજી મુજબ તેની આંખે પાટા બાંધીઆ, અને જારે તેણે ઢોલ વજાડી નાચવાને શરૂ કીધું, અને ગાએનનો શરોદ મોટા આવાજથી કાહડેઓ. એ તકનો લાભ લઇ તારાએ પેલા લફંગાને પેટીમાંથી બાહેર કાહડીઓ અને તેની સાથે ગમત ભરેલી રમત ચલાવી ! તારા જારે પોતાની રમતથી પોતાની મરજી મુઆફક ફારેગ થઇ તારે, પેલા લફંગાને પાછો પેટી મધે બંધ કીધો, અને પાછી પોતાની જગા ઉપર બેઠી, અને ફકીરને કહીઉં કે હવે મારા જીવને જેવો જોઇએ તેવો આરામ થએઓ ; માટે તમોએ વધારે તસદી લેવી નહી અને આંખના પાટા છોડી નાખો. ફકીરે તુરત આંખનાં પાટા છોડી નાખેઆ, અને જહડપથી તારાને સારૂં સુતરૂં ખાનું તઇઆર કીધું. તારાને પેહલાં જમાડીને પાછલથી પોતે ખાવા બેઠો.

બીજે દીને ફકીર બાહેર ગએઆ પછી પેલા લફંગાને તારાએ બાહેર કહાડેઓ, અને તેની સંગાથે પોતાની મરજી મુઆફેક રમતમાં પડી. તારાએ એ પછી લફંગાને પોતાની સાથેજ રેહવાને અરજ કીધી; પણ લફંગાની ગરજ પુરી થઇ તેથી તેમ કરવાને તેણે ના પાડી, અને ફકીર પાછો આવે તેની આગમચ તાંહાંથી નીકલીને તે પોતાને ઘેર ચાલીઓ.

બીજે દીવસે ફકીર શેહરમાં ગએઓ અને બોલતો હતો કે—**સબ બીગરી, સબ બીગરી, નહી બીગરી એક તારા!** તારે લફંગો ઘેરમાંથી બાહેર નીકલી જવાબ દેવા લાગો કે—**ઓભી બીગરી.** ફકીરે લફંગાને પુછીઉં કે—**કબરે બાવા કબ?** લફંગાએ ઉત્તર વાલેઓ કે—**જીસ વખત પાંઉકુ ઘુંગર બાંધ ગલેમેં ઢોલક દાલકે બજાએઆ તબ.** ફકીરે કબુલ કીધું કે—**સચરે બાવા સચ.**

ફકીરે આ શબ્દ શાંભલી ઘણોજ પશતાવો કીધો, અને હાએ અફશોશ કીધા પછી પોકાર મારી બોલીઓ કે—રે **સતનો કાંટો** કાંહાં મલશે? જો કે જગત માહેલા તરેહવાર દેખાવો જોવા ઉપરથી જારે મને દલગીરી ઉપજી તારે, એક શેહર મધેથી આઠ વરશની ઉંમરમાં તારાને હું ચોરી લેઇ ગએઓ, અને દુનીઆનાં લોકોને સાવધ રાખવા થકી, **સતનો કાંટો** ગોએઆ ગલામાં ઓરવી ઉપલા શબ્દો હું બોલતો હતો, પણ તે સઘલું આજે તારાની બેવફાઇથી ધુલમાં મલેઉં. ફકીરે ઘેર જઇ તારાને કાંઇબી કીધા વગર બીચેરા મધેથી કાહાડી મેલી.

તારાએ પેલા લફંગાનાં જીવને ખાતર આટલી બધી ધુઉકતી લડાવી; પોતે પાપમાં ગીરફતાર થઇને તેનાં જીવને ખુશી કીધો તેનાં બદલામાં તે લફંગાએ બેવફાઇ ભરેલી રીતે તારાને જનમ સુધીની દુઃખી કીધી.

વાંચનાર. ખુબ ઇઆદ રાખવું જોઇએચ કે ઇશક જે છે તે ઘણોજ ખરાબ અને બુરી ઇલતથી ભરેલો છે. છેહલ બગાઉ અને મોહેનાં રાણીનાં કીસસામાં કહેલું છે કે—રાંડકી આશનાઇ મત કરો ભાઇ, બુરીકી અંણી;—રૂપ દેખ આશક હો ગઇ મોહેનાં રાંણી.

## ૫૩

# રેરેઓ રોટલો કુતરે ખાધો.

એક વાણીઆ વેપારીને તાંહાં મુસલમાંન ગનેઆતનો એક છોકરો ચાકરી કરતો હતો. એક દીવસે તેની શાદી કરવા સારૂં છોકરાને ગામથી તેનાં મા બાપોએ તેના શેઠ ઉપર કાગજ લખેઓ, અને તે મધે તે વાનીઆને અરજ કીધી કે—એક વરશનાં પગારનાં રૂપીઆ જો તે આગ ઉપર આપે તો, છોકરાની શાદી કીધામાં આવે. વાણીઓ દએઆલુ હતો, અને મુસલમાંનનો છોકરો-બી ગરીબ હતો અને એકીનદારીથી પોતાનાં શેઠની ચાકરી બજાવતો હતો તેથી વાંણીઆએ તે છોકરાને એક વરશનાં પગારનાં રૂપીઆની હુંડી તેનાં બાપનાં ગામ મધેનાં એક શરાફ ઉપર લખી આપી અને તેને રસતામાં ખાવાને સારૂં ભાતીઉં તઇઆર કરી આપીને રવાંનાં કીધો. રસતામાં ગએઆ પછી, જારે તે છોકરાને ભુખ લાગી તારે તેણે એક જાહાડના છાએઆ નીચે વીસામો કીધો, અને પોતાની ખાંધ ઉપર ભાતીઆંની જે ગાંશડી હતી તે જમીન ઉપર મેલીને બેઠો. તેનાં શેઠે તેનાં પગારની જે હુંડી તેને લખી આપી હતી તે તેને ભાતીઆંની ગાંશડી સંગાથેજ બાંધી લીધી હતી. જરા વખત તાંહાં બેઠા પછે તે છોકરાને પીશાબ લાગી, જેથી પેલી ગાંશડી તાંહાં રેહવા દેઇને જરા દુર જાઇ પીશાબ કરવા બેઠો. એટલા વખતમાં એક કુતરૂં તાંહાં જાઇ પુગું, જેને રોટલીનો વાસ આવીઆથી, પેલી ભાતીઆંનો ગાંશડો મોહોડાંમાં પકડીને ચાલતું થઇઉં. મુસલમાંનનો છોકરો પીશાબ કરીને આવીઓ, અને જોએચ તો ભાતીઆંની ગાંશડી તેની જગા ઉપર નહી મલે. આશપાશ જોતાં માલમ પડીઉં કે તે ગાંશડી એક કુતરૂં લેઇને જાએ છે. છોકરો તે કુતરાંની પછવાડે દોડેઓ કે ગાંશડી લેઇ આવે; પણ જેમ તે છોકરો દોડે તેમ તેથી વધારે પેલું કુતરૂંબી દોડવા લાગું. અંતે કુતરૂં ફતેહ પાંમીઉં, અને મુસલમાંનનાં છોકરાથી ઘણુંજ દુર નીકલી ગએઉં. રાત થવાથી અંધારૂં થવા આવીઉં, તારે છોકરાએ વીચાર કીધો કે જંગલ મધે ભુખો પરશ તો જંગલી જાંનવરો ખાઇ જશે, એવું સહમજીને તે પાછો ફરેઓ, અને એક જગોએ જાઇ રાતનાં વાસો કીધો. બીજે દીને તે પાછો પોતાના

શેઠને ગાંમ ગએઓ. શેઠ તેને જોઇ અંદેશામાં પડેઓ કે તે શા માટે પાછો આવીઓ હશે, એવું વીચારી તેને પુછવા લાગો કે— બચા પાછો, કેમ આવીઓ? છોકરાએ જવાબ દીધો કે—

**અકલતો થી, પણ શેરમ નહી, શેરમ બરી જોદા;**
**બારે મહીનેકી રોટી સો કુત્તા લેકર ભાગા.**

ઉપલા વાકીઅનો ખોલાસો એ છે કે—છોકરો સહમજતો હતો કે હુંડીને વધારે જાલવણીથી રાખ્વી જોઇએ; પણ ગફલતથી તેણે તે દસતાવેજ ભાતીઆં સાથે બાંધીઆથી તે કુતરૂં લઇ ગએઉં. વાણીઆ સહમજીઓ કે છોકરાએ હુંડી ગુમાવી છે. એ ઉપરથી છોકરાને કહીઉં કે—મેર રાંડના, એમ તે શું કીધું કે—**રરે આ રોટલો કુતરે ખાધો!** એટલું કહીને તેણે છોકરાને બીજી હુંડી લખી આપી, જે લઇ જઇને છોકરાએ પોતાની શાદી કીધી.

## રાણીનો શાલો!

આપણા લોકોમાં કેહવત ચાલે છે કે—

**“અંધેર નગરી ચોપટ રાજા,**
**ટકે સેર ભાજી ટકે સેર ખાજા”**

અને વલી એજ બાબતમાં શાએરોએ બીઆલ જોડેલો છે કે—

**“અંધેર નગરી ચોપટ રાજા, નહી માને કોઈ કીસીકું,**
**શાહુકાર પટેલ નવ ચોંધરી, કીઆ દુખના ઉસ બસતીકું”.**

એવા અંધેર કારોબારવાલા એક શેહરમાં એક રાજકુવર રાજ ચલાવતો હતો. એ રાજકુવર રાજનીતીને તો સહમજતોજ નહી હતો, અને પરજા તથા રાજા વચે કેવો સંબંધ રાખવો જોઇએ તેની સહમજ તેનામાં મુદલ હતીજ નહી. રાજા અને પરજા શું તે જાંણીઆ વગર ફકત તે નામનો રાજા થઇ

બેઠો હતો. શેહેરનો કારોબાર કેમ અને શી રીતથી ચાલેછ તેની તે કસી ખબર ધરાવતો નહી હતો. એવા એક બેપરવા રાજકુવરને લીધે તેના હાથ નીચેના, તેમજ શેહેર મધેનાં બીજા લફંગા લોકો જેમ પોતાથી બને તેમ, પરજા ઉપર જુલમ ગુજારી પોતાનું ગુજરાંન ચલાવતા હતા. જો શેહેરમાં કોઇ ચંડાલે એક નીરદોશનું ખુન કીધું હોએ તો, છ માસ તો શું પણ તેથીબી વધારે મુદત લગે મરનારનાં સગાંઓ પોતાની દાદને પોહોંચતા નહી હતા. શેહેરમાંથી થતી નીકાશ અને આએઆત માલની જગાત જેને જેમ ગમે તેમ પારકા લોકો લઇને ખાઇ જતા હતા. તેઓના એ કામમાં લોકો ઉપર એટલો તો જુલમ હતો કે—કોઇ પરદેશી વેપારી, કદાચ શો રૂપીઆનો માલ શેહરમાં વેપાર કરવાને માટે લેઇ આવતો તો તે માલના મુદલ પઇસા જગાત અને ફુરજામાંજ પુરા થઇ જતા હતા, અને માલ ધની બીચારો ફોકટમાંજ મેહનત કરી મુગો બેશતો હતો. એવી રીતનો જુલમ તે શેહરમાં ઘણોજ વધી પડેઓ ; પણ પેલા બેકદર રાજકુંવરે તે વીશે કાંઇબી પરવા કીધી નહી, કે નહી તેની પાસે બેસનારા તેનાં કોઇબી ખેરખાહ મીતરોએ એ જુલમ ભરેલી બીનાથી તેને વાકેફ કીધો.

એક લફંગો પુરૂશ, તેનાં વતનમાં કાંઇ રોજગાર નહી હોવાથી ભટકતો ભટકતો તે શેહેરમાં જઈ લાગો, અને શેહેરના દરવાજામાં દાખલ થવા ગએઓ. દરવાજા ઉપર ચોકી કરનાર દરબાંને તેને અટકાવીઓ. એ નગરમાં દાખલ થવાની સઘલી મલીને સાત ભાગરો હતી. તે પસાર કીધા સીવાએ મુસાફરથી શેહેરમાં જવાઇ શકાતું નહી હતું. લફંગાને અટકાવવા બાબે તેણે દરબાંન સંગાથે પુછપરછ કીધી, જેને દરબાંને જણાવીઉં કે—દરેક ભાગર મધે દાખલ થવાને એક એક રૂપીઓ પડે છે ; તોજ શેહેરમાં દાખલ થવાઇ શકાએ છે. લફંગાએ વીચાર કીધો કે જે શેહેરમાં ફકત દાખલ થવાને એક રૂપીઓ આપવો પડેછ તારે તેમાં આબાદાંની સારી હશે, અને રોજગાર ધંધો સારી રીતથી ચાલતો હશે. એવું ધારી દરબાંનને એક રૂપીઓ આપીઓ, જેથી દરબાંને લફંગાને શેહરમાં પસાર થવાનો પરવાંનો લખી આપીઓ. ચીઠી લઇને લફંગો, આગલ ચાલીઓ કે—વલી બીજી ભાગર આવી. બીજી ભાગર ઉપરના દરબાંનેબી તેને અટકાવીઓ, અને તેની પાસેથી શેહેરમાં દાખલ થવાનું જગાત માંગાઉં. લફંગાએ પેહેલા દરવાજામાં આપેલી

જગાત વીશે તેને જાંણીતો કીધો. દરબાંને જોઇઉં કે પેહેલા દરવાજામાં તેણે એક રૂપીઓ આપીઓ છે; માટે એવા વીચારથી પોતાનાં દરવાજામાં દાખલ થવા દેવાના તેણે બે રૂપીઆ માંગીઆ. લફંગો બીચારો અંજાંણો માટે તેણે તે દરબાનને બે રૂપીઆ આપીઆ અને તેની પાસેથી બંધે દરવાજાની પાસ લઇ આગલ ચાલીઓ. આગલ ચાલતાં તેને વલી તરીજી ભાગર મલી. તાંહાંબી જગાત આપવા બાબે તેને ફરજ પાડવામાં આવી. એ મીસાલે તે શખસ લફંગો હોવા છતાંબી દર એક ભાગરે ચહડતી જગાત આપીને શેહેરમાં દાખલ થએઓ. તેણે વીચારીઉં કે દરબાંનો બાએકીવાલા છે; માટે તેઓએ જુલમ ભરેલી રીતે આએ કર લીધો છે. આગલ ચાલતાં ખાધ ખોરાકીની જીનસને માટે તે શેહરમાં ફરવા લાગો, અને એક મીઠાઇવાલાની દુકાંન ઉપર જઇ જુદી જુદી મીઠાઇનો તેણે ભાવ પુછીઓ. મીઠાઇ વાલાએ સઘલી તરેહની મીઠાઇ એક સરખે ભાવે, ટકે શેર આપવાને તેને જણાવીઉં. તે તાંહાંથી આગલ ચાલીઓ, અને બજારમાં ગએઓ, અને બીજી જીનસોનો તેણે ભાવ પુછીઓ. ભાજી તરકારીવાલાઓએબી તેને તે જીનસનો ભાવ એક સરખી રીતે ટકે શેરનોજ બતલાવીઓ. બજારની એવી પોંઠ જોવાથી લફંગો અચરતી પામીઓ, અને આએ બાબતની શરૂઆતમાં જણાંવેલો પેહલો મીસરો તેણે જોડી કાહડીઓ. લફંગાએ જોઇઉં કે શેહરના સઘલા ભાગોમાં જેણે જેમ ગમેચ તેમ તે જુલમ ગુજારે છે. પણ તે બાબે સરકારની તરફનો કસોબી બંદોબસત રાખીઆમાં આવતો નથી; માટે હુંબી કોઇ જાતના જુલમનો ઉદીઅમ કરૂં તો, મારો અટકાવબી કોઇથી થઇ શકવાનો નથી. બીજે દીવસથી તે મશાંન કાંડે જઇ બેઠો, અને દર મુરદાં દીઠ તેણે લવાજમ લેતો કીધો, જેથી થોડાં વરસમાં તે લફંગો એક શ્રીમંતની બરોબરી કરવા લાગો; કેંમકે તે શેહર મધે મુરદાં બાલનારા લોકોની મોહલી વસતી હતી.

ઍતેફાક એવો બનીઓ કે એક દીવસે રાજાની માએ મરણ પામી, જેને અગનીદાહ કરવા સારૂ રાજા પણ સાથે ગએઓ હતો. લફંગાને ખબર થઇ કે તે મઇઅત રાજાની માએની છે; તો પણ રાજાની મુર બાબ તરફ ધીઆંન રાખી, હીમતથી તે પોતાનો લવાજમ તેણે માંગીઓ, અને

જણાવીઉં કે—મશાંનીઆનો કર આપીઆ સીવાએ મુરદાંને અગનીદાહ કરવામાં આવશે નહી. મઇઅત સાથે ગએલા લોકોએ તેને પુછીઉં કે તું કોણ છે! અને આ કર શેનો માંગે છે? લફંગાએ ઉત્તર વાળીઓ કે હું **રાંણીનો શાલો** થાઉં છું; અને મને મલેલા પરવાંનાની રુએથી આ કર વંશ પરંપરા ઉઘડાવતો આવીઓ છું. રાજાના અંધેર કારોબાર પરમાણે એ બાબે વધારે જોસતપાસ કીધા વગર તેને કર આપીને રાજાની માએને અગનીદાહ કીધામાં આવી, અને ઘેર ગએઆ પછી, રાજાએ રાંણીને પુછીઉં કે રે રાણી તારો શાલો મશાંન કાંઠે બેસી જે કર ઉઘડાવેચ તે શાનો લીએ છે? રાંણી જાતે ચબરાક, અને સઘલી પરકારે પોહોંચેલી હતી; પણ તેના કેહવા પરમાણે રાજા કોઇબી રીતનો અમલ કરતો નહી હતો; કારણ કે રાજા જાતે મુરખ હતો. રાંણીએ રાજાને જવાબ દીધો કે રે રાજા! મશાંન કાંઠે બેઠેલા શખસે તુંને જવાબ દેતાં ભુલ કીધી છે; કાંએકે તે મારો શાલો નહી, પણ તારી મુરખાઇનો નમુનો છે. જે રાજા છતી આંખે આંધલો, અને છતી અકલે અપટ હોએ તેનાં શેહરમાં એવી પરકારના નામોથી જોર જુલમ કરીઆમાં આવે તો તેમાં નવાઇ શાંની! જો કે તે શખસે મોટી હીંમત ચલાવીને તારી પાસેથીબી કર લીધો છે, તો પણ તે વીશે તેં કાંઇબી પુછપરછ અને તપાસ કીધી નથી, તારે તારી રઇઅત ઉપર એથીબી વધારે જુલમ ગુજરતો હોએ તો તે બીચારાઓ ફરીઆદ તે કોણની આગલ લઇ જાએ? કારણ કે જે શેહરનો રાજા પોતે બેદરકાર તે શેહરની પરજાની ફરીઆદ વીશેનો ઇનસાફ કાંહાં થઇ શકે તે વીશે, જો ઇશવરે તુંને ગનેઆંન આપીઉં હોએ તો, વીચાર કીધાથી તુંને માલમ પડવાનું. જે શખસને એટલુંબી ગનેઆંન નથી કે અસતરી જાતનો શાલો હોએચ કે નહી, અને તેટલું બટીકબી જે સહમજી શકે નહી, તારે તેવો પુરૂશ રાજસથાનમાં રહી રાજ કારોબાર તે શી રીતે ચલાવી શકે?

# અંધેર નગરી ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા.

એક અંધેર નગરીમાં એક વેરાગી પોતાના ચેલા સહીત જઇ પોહોંચીઓ, જેણે એક જગા ઉપર પોતાનો ઉતારો કીધો, અને ચેલાને ગાંમ મધે ભીખ્યશાને સારૂ મોકલીઓ. ચેલો એણીગમ પેલીગમ ફરીઓ, જાંહાંથી તેને ભીખ્યશા દાખલ થોડોએક આટો મલીઓ. તેણે વીચારીઉં કે આટાનો થોડોએક ભાગ બજારમાં વેચું, અને લાકડાં વીગરે બીજો કાંઇ સામાન લેઉં, જેથી રોટલા સાથે ખાવાને બની આવે. એવા ઇરાદાથી તે બજારમાં ગએઓ, અને દુકાંને દુકાંન ફરીને માલનો ભાવ પુછીઓ. દુકાંનદારો તરફથી તેને એવો જવાબ મલીઓ કે દરેક ચીજ "ટકે શેર" મલવાની. એ ઉપરથી તે ચેલો વીચારમાં પડીઓ; અને દુકાંનદારોને પુછવા લાગો કે આ શું અંધેર નગરી છે કે જાંહાં સઘલી વસતુનો ભાવ એક સરખોજ છે. બજાર મધેના એક રેહવાસીની તરફથી તેને જવાબ મલીઓ કે **અંધેર નગરી ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા** એટલે કે જે શેહેરનો રાજા ગડું હોએ તાહાંનું બજાર પણ અંધેર રીતનું હોએ. બજારવાલાઓએ પેલા વેરાગીના ચેલાને તરકારી, મીઠાઇ, અથવા ખાધ ખોરાકની સરવે વસતુ ટકે શેરજ આપવાને જણાવીઉં. એ વાતથી પેહલાં તે ચેલો અજાએબ થએઓ, પણ પાછલથી તે મગન થએઓ, અને પોતાની પાશે જેટલો આટો હતો તે સઘલો આપી દેઇને તેને બદલે સઘલી મીઠાઇ તોલાવી લીધી, અને પોતાના ગુરૂ આગલ લઇ જઇ મેલી.. ગુરૂને ચેલાએ જણાવીઉં કે—જેમ તારેથી ખવાએ તેમ આ મીઠાઇ તું ખા. હંઇઆતો મીઠાઇનો ભાવ કાંઇ મોઘો નથી. ખાધ ખોરાકીની જે કાંઇ ચીજ જોઇએ તે ટકે શેરના એક સરખા ભાવથીજ મલેછે. વેરાગીએ પોતાના ચેલાને જણાવીઉં કે—જે શેહેરમાં ખાધ ખોરાકીનો ભાવ એવી અંધેર રીતે હોએ તાંહા એક રાતપણ રેહવું દરસત નથી; માટે ચાલ આપણે હંઇઆથી બીજે શેહેર, અથવા ગામ જઇને રહીએ. જે

શેહેરમાં ખાધ ખોરાકી સંબંધી એવો અંધેર કારોબાર હોએ તે શેહેરનો ઇનસાફ પણ એવી અંધેર રીતનોજ હોવો જોઇએ; માટે હે શીશીઅ, હું તો અહીંઆં એક ઘડીબી રહી શકતો નથી. તે સારૂં તું તઇઆર થા. ચેલાએ ગુરૂને જવાબ દીધો કે હે ગુરૂ બાવા, આ શેહેરમાં જારે એવું સોંઘું ખાવા પીવાનું મલેછે તારે વલી બીજે દલદર ગાંમ આવીને હું શું કરૂં ? સારૂ ખાવાનું મલેચ તે છોડીને હું કાંઇ બીજે ઠેકાંણે આવતો નથી. તારે જોઇએતો તું સુખેથી જા. આએ સખુન ચેલાના મોહડાંમાંથી નીકલતાંજ તે વેરાગી તાંહાંથી ચાલતો થએઓ, અને તેનો શીશીઅ ખા-વાની લાલચથી તાંહાંજ પડી રહેઓ. તે દરરોજ મનભાવતી મી-ઠાઇ ખાવા લાગો, જેથી તેનું આંગ ફુલાતું ગએઉં, અને હાથથી જેવાં ફરએ શરીરનો બની બેફીકરાઇથી એશોગમથી પેલીગમ ફરીને પોતાનો કાલ ખુશીથી ગુજારવા લાગો અને પોતાના ગુરૂને ધીક્કારવા લાગો કે એવી રીતની ગંમત છોડીને તે તાંહાંથી જતો રહેઓ.

એક વખતે એવો બનાવ બનીઓ કે ચાર ચોરો એક ઘેરમાં ચોરી કરવાને ગએઆ. ઘેરમાં દાખલ થવા સારૂં તેઓ તે ઘેરની દેવાલ ખોદી ખાતર પાડીને અંદર જવાની વેતરણ કરતા હતા. દેવાલ નબલી હોવાથી, ખાતર પાડતાં ધશી પડી જેથી તે ચારે ચોરો દેવાલ તલે કચડાઇ મરણ પાંમીઆ. ચોરોની માતાઓ રાજા આગલ ફરીઆદ ગઇ, અને જણાવીઉં કે ઘેર ધનીએ ન-બલી દેવાલ બાંધીઆથી તે પડી ગઇ, જેથી તેઓના ચાર છોક-રાઓનું મરણ થઇઉં છે. રાજા જાતે અપટ, તેથી તેનો ઇનસાફ ઉંધો, જે ઉપરથી તેનાં શેહેરને **અંધેર નગરી** કરીને નાંમ મલેલું હતું. રાજાએ પેલા ઘેર ધનીને પકડી મંગાવી કહીઉં કે— તેં તારૂ ઘેર નબલું બાંધીઆથી ચાર પુરૂશોનો જાન ગએઓ, જેથી ચાર બુઢી અસતરીઓને મોટું દુઃખ થઇઉં છે; તેટલા માટે તુંને સુલીએ ચહડાવીઆમાં આવશે. ઘેર ધનીએ જવાબ દીધો કે, રાજા, એમાં મારી તકસીર શાંની? કરીઆએ આ દેવાલ નબલી બાંધી તેથી આ માઠો બનાવ બનીઓ. રાજાએ કરીઆને પકડી મંગાવીઓ, અને તેને જણાવીઉં કે આ ધનીના ઘેરની દેવાલ તેં નબલી બાંધીઆથી ચાર ખુન થએઆં છે. જેના બદ-લામાં તુંને ફાંશી દેવો જોઇએ. કરીઆએ પોતાના બચાવમાં જણા-વીઉં કે બંદે નવાજ એમાં મારી તકસીર કાંઇજ નથી. દેવાલ

બાંધવા સારૂં જે ચુંનો તઇઆર કીધામાં આવીઓ હતો તે મધે ભીશતોએ પાંણી ઘણું નાંમીઉં, જેથી ચુંનો વધારે નરમ હોવાથી દેવાલનું કાંમ નબલું થઇઉં. અનનારી રાજાએ એ ઉપરથી વલી ભીશતીને પકડી મંગાવીઓ, અને તેને જણાવીઉં કે—આ ઘેરની દેવાલ બાંધવાનાં ચુનામાં તેં વધારે પાણી નામીઉં; જેથી ચુંનો વધારે નરમ થવાથી દેવાલનું કામબી નબલું થઇઉં, અને તેથી ચાર પુતરેનો પરાંણ ગએઓ, જેથી આ ચાર બુઢીઆઓને મહા દુઃખ થઇઉં; માટે તેનો બદલો મેલવવા સારૂં તુંને સુલીએ ચહડાવવો જોઇએ. જો એમ થાએ તો શેહરમાં ફરીને કોઇ એવું નબલું બાંધકાંમ નહી કરે, જેથી માનસોનાં જીવનો બચાવ થાએ. ભીશતી પોતાનાં બચાવમાં બોલીઓ કે, સાહેબ, પાંણી રેડતી વેલાએ મુલલાંની સવારી આવી હતી, અને તે મોટો દમાંમ કરી તાંહાંથી જતો હતો; માટે તેને જોવા ઉપર મારૂં ચીત બેઠું હતું, આ રમુજી દેખાવ જોવાથી મારે હાથે ચુંનામાં પણી વધારે રેડાઇ ગએઉં. અગરજો મુલલાં પાંણી રેડીઆ પછી આવીઓ હતે તો આ પરમાણેનો બનાવ બનતે નહી. તે મુરખ રાજાએ પોતાની અકલની ખાંમીને લીધે વલી મુલલાંને પકડી મંગાવીઓ, અને તેને જણાવીઉં જે ભીશતી ચુંનામાં પાંણી રેડતો હતો તે વખતે તારી સવારી તાંહાં ગએઆથી તેનું ચીત તારી ઉપર લાગુ જેથી ચુંનામાં પાંણી વધારે પડવાથી દેવાલનું કાંમ નબલું થઇઉં, અને દેવાલ પડી ગએઆથી ચાર પુરશોનાં જાંનની ખોવારી થઇ; માટે તુંને સુલી ઉપર ચહડાવવો જોઇએ. મુલલાંએ કહીઉં કે—જેહાંન પનાહ એમાં મેં શું તકસીર કીધી? રાજાએ કહીઉં કે—પાણી રેડવાનો વખત પુરો થવા પછી અગરજો તું ભીશતીની આગલથી ગએઓ હતે તો આ માઠો બનાવ કધુબી બનતે નહી. બીચારા મુલલાંને પોતાનો બચાવ કરતાં આવડીઉં નહી, જેથી તેને સુલી ઉપર ચહડાવવા લઇ ગએઆ.

થોડા વખત પછી એક અમલદારે રાજાને જઇ કહીઉં કે—સુલીનું બાંકું મોટું છે, અને મુલલાંનું ગલુ તો પાતલું છે; માટે તેને સુલી બરોબર બેશતી નથી. રાજા ખીજવાઇ ગએઓ, અને બોલીઓ કે—દરએક કાંમને સારૂં વારેઘડીએ મને પુછવા શા માટે આવો છેઓ? જેમ તમારા ધીઆંનમાં

આવે તેમ શા માટે નથી કરતા ? મુલ્લાંનું ગલું પાતલું છે તો કોઇ માંતેલા પુરૂશને પકડી લાવો, અને મુલ્લાંની જગોએ તેને સુલીપર ચહડાવો એટલે ખુનને બદલે ખુન લેવાઇ જશે. મુલ્લાંને માંથે બેહેલું ચકર ખીશી ગએઉં, જેથી તેને છોડી દઇ રાજાના અમલદારો ગામમાં શોધ કરવા નીકલીઆ. ફરતાં ફરતાં તેઓની નજર પેલા વેરાગીનાં ચેલા ઉપર પડી, જે સારી સારી મીઠાઇ ખાઇને ફરબે બનેલો હતો. રાજાનાં હોકમ પરમાણે કારોબારીઓએ તેને પકડીઓ અને સુલી દેવાનું કારણ જણાવી તેને સુલીની જગોએ લઇ ગએઆ. ચેલો બીચારો લાચાર થએઓ, અને તે વેલાએ તેનાં ગુરૂએ આ નગરીનાં ઇનસાફ બાબે કહેલી નસીહત તેને ઇઆદ આવી. તેણે મોટી કાકલુદી કરીને કારોબારીઓને જણાવીઉં કે—અગરજો તમો મને સુલીએ ચહડાવવા ચાહોચ તો મારી ખુશી ; પણ મારો ગુરૂ, જે આ નગરીની નજદીકનાં એક ગાંમ મધે છે તેની મને મુલાકાત કરાવીઆ પછી જેમ તમારી નજરમાં આવે તેમ મારાં શરીરનો ઉપીઓગ કરજો. કારોબારીઓએ તેની તે માંગણી કબુલ રાખી, અને તેને તેનાં ગુરૂની પાશે લઇ ગએઆ. ચેલાએ પોતાનાં ગુરૂની મુલાકાત લીધી, અને તેણે કીધેલી સોહત પરમાંણે તે નહીં ચાલીઆથી જે મુસીબત તેનીપર ગુજરી તેનું વરણન ગુરૂની આગલ તેણે કહીઉં. ગુરૂ બોલીઓ કે—જે પીડા તારી ઉપર ગુજરે તેમાં બીજાં કોઇનો વાંક નથી, પણ તારો પોતાનો છે. ખાવા સરીખી નીચ મતલબથી તેં મારી નસીહતને ધીક્કારી, અને લાંમબી મુદત સુધીની મારી સંગત તીઆગ કીધી. ગુરૂને દએઆ આવીઆથી તુરત તેની સાથે અંધેર નગરીમાં ગએઓ, અને પેલા કારોબારીઓને જણાવીઉં કે—તમો જઇ રાજાને અતરે બોલાવી લાવો. એ માંગવા પરમાંણે રાજા સુલીની જગોએ હાજેર થએઓ, જેને પેલા ગુરૂએ જણવીઉં કે—આ ચોઘડીઉં એવું છે કે જે શખસ સુલીએ ચહડે તેને શાસતરમાં જણાવીઆ પરમાંણે મોટું સવરગ મલવાનું ; માટે રે રાજા, ચેલાને બદલે હું સુલી ઉપર ચહડું છેઉં ! એટલું કહી તે ગુરૂ સુલી પાશે ગએઓ. ચેલાએ તેને આચકો મારી ખીશાડીઓ, અને પોતે સુલીપર ચહડવાને કહીઉં. એ પરમાંણે તે બંધે જનાઓ એક બીજાને આંચકા મારીને સુલી પાશે જતા હતા. રાજા જાતે અંનાડી તો ખરોજ, માટે તે પેલા ગુરૂ તથા ચેલાની મતલબને

સહમજીઓ નહી, અને સવરગની આશામાં સુલીએ ચહડવાને પોતે તઇઆર થએઓ, અને તે ધારણાથી પેલા ગુરૂ અને ચેલાને તે શેહેરથી પાંચ ગાઉ દુર કાહાડીને પોતે સુલીએ ચહડેઓ ! ! !

જે રાજા પઢેલો નહી હોએ તેની અકલથી દેશમાં શુધારાને બદલે એવાં અનરથ કામો નીપજે તેમાં નવાઇ શાંની ?

## સબ સબકી સંભાલીઓ, મેં મેરી ફોરતા હું.

અંગરેજી હકુમતનાં ગામઠી લશકરની એક ટુકડી એક મથકથી નીકલીને બીજે ઠેકાંણે જતી હતી, તેણે રસતામાહેલા એક ગાંમ મધે છાવણી નાંખી. એ લશકરે જે ગાંમમાં જઇ છાવણી નાંખી તાંહાં આગલાં ગાંમથી જઈ પોંહચતાં ઘણો મોટો વખત લાગો હતો, જેથી લશકરી આદમીઓને ઘણી ભુખ લાગી હતી. છાવણી કરતાંજ તેઓ પોતાને માટે ખાવાનું કરવાને વલગી ગીઆ, અને ચુહુલા ઉપર ખીચરી મેલી થોડા થોડા સીપાહીઓનાં ટોલાં થઇ એક બીજા સંગાથે વાત કરવા બેઠા. એક મુસલમાંન સીપાહી કુવા ઉપર પાંણી લેવાને ગએઓ હતો, જાંથી આવીઆ પછી તે પોતાનો ચુહુલો ભુલી ગએઓ. આએ ગફલતીને લીધે તે મુસલમાંન સીપાહી બીજા પુરભીઆ સીપાહીઓના ચુહુલા આગલ જવા લાગો. પુરભીઆઓના વીચાર પરમાણે, અગરજો તેઓના ચુહુલાને મુસલમાન સીપાહી અડકેતો, તેઓનું ખાવાનું અપવીતર થાએ, તેટલા માટે તેઓ મધેથી એક એક પોકાર મારવા લાગા કે—"એ ચુહુલા તો મેરા હએ." એ પરમાણે તે મુસલમાંન સીપાહી ઘણાએક ચુહુલા આગલથી પાછો ફરીઓ, જેથી તેને મોટો ગોસસો ઉતપન થએઓ ; કાંએકે પુરભીઆઓ પોતાના ચુહુલા ઓલખી પોકાર મારવા લાગા ; પણ તેનો ચુહુલો કાંહાં છે તે કોઇએ તેને દેખાડેઓજ નહી. મુસલમાન સીપાહીને એકતો ભુખ લાગેલી અને બીજું તો તેની ખાંધ ઉપર પાંણીનાં વાસણનો ભાર હતો, અને વલી તરીજું એકે રસતામાં મંજલ કાપવાથી તે થાકી ગએલો હતો. પુરભીઆઓએ ગરરીમાં રહીને તે મુસલમાંનનો ચુહુલો તેને

બતલાવીઓ નહી તારે જહડપથી પાંણીનું વાસણ મુસલમાંન સીપાહીએ જમીન ઉપર મેલી દીધું, અને એક મોટો પથથર હાથમાં ધરી બોલીઓ કે—**સબ સબકો સંભાલોઓ, મેં મેરી ફેરતા હું.** આએ શબદ શાંભલવાથી પુરભીઆઓએ જોઈઉં કે, અગરજો મુસલમાંન સીપાહી તેઓની હાંલ્લી ફોરી નાંખશેતો તેઓ ભુખે મરશે; માટે દરએક જન પોત પોતાના ચુહ્લા આગલ જઈ બેશી ગએઆ. એમ કરતાં એક ચુહુલો બાકી રહેઓ, જે પેલા મુસલમાનનો હતેઓ.

# ઘણો લોભ તે પાપનું મુલ.

અનાર નાંમનાં એક કસબાને પાદરે એક બાવો રેહતો હતો અને પોતાનાં છાપરાંના ઓટલા ઉપર ધુઈ નાંખી તેની આગલ તે બેશી રેહતો હતો. તે કસબાથી વીશ ગાઉ દુર એક બીજું ગામ આવેલું હતું, જેનું નામ ગુલ કરીને હતું. એ બંધે ગામડાંઓ ઘણાં રસીલાં હોવાથી તાંહાના રેહવાસીઓ ધંધા વેપારથી સુખી અને આબાદ હતા; કારણ કે તે બંધે ગાંમડાંઓ જમીનની આઠમણ બાજુ ઉપર આવીઆથી તેઓને આશપાશનાં શેહરોનાં દુજતાં બંદરો લાગેલાં હતાં. તે બંધે ગાંમના લોકોને એક બીજાના ગાંમમાં આવજાવ કરવાનો રવઈઓ સમુદરને મારગેથી હતો; જોકે તે બંધે ગાંમો વચચે આવજાવ કરવાનો ખુશકીનો મારગ હતો પણ તે નવરો અને રાહમારૂં વાટ પાડાઓનાં જુલમથી ઘણો ભએ ભરેલો હોવાથી તે મારગે ઘણાંજ થોડાં લોકોની આવજાવ થતી હતી. એક દીવશે એવો બનાવ બનીઓ કે અનારથી પચાશ કોશની વેગલાઈ ઉપરનો રેહવાસી એક વાંણીઓ પોતાનાં ધંધાની ઉઘરાંણી જવા નીકલેલો, બીજાં ગામો ખાતે ફરતો ફરતો અનારના કસબા તરફ જઈ પોહચીઓ, જે પોતાનાં ધંધાસર વારેઘડીએ તાંહાં આવજાવ કરતો હતો. એ દીવસે તે વાણીઆને અનાર ગાંમ મધેથી પોતાની ઉઘરાંણીનાં રૂપીઆની મોટી રકમ મલી હતી. વાંણીઆએ વીચાર કીધો કે છેક હદઆં સુધી આવીઓચ તો

ગુજના કસબા ખાતેબી ફેરો મારું; જો પઇસા ઉંચકવાની પીડાથી આલશ કરશતો વલી છેક ગાંમ જઇ પઇસા મેલીનેબી પાછું ગુજ ખાતે આવવું પડવાનું. વાંણીઓ આજનો ખરચ બચાવવાના વીચારથી અનારથી ખુશકીને રસતે ગુજ તરફ નીકલીઓ. ગાંમને પાદરે પછી તે એક વેરાગીના ટકીઆ આગલ બીડી પીવાને બેઠો. વેરાગીએ તેને બીડી પીવા સારું આગ લેવાને જણાવીઉં, અને જો ભાંગ, ગાંજો, અને ચલમ પીએતો, તેનીબી તઇઆરી બતલાવી. વાંણીઆએ ભાંગ પીધી, અને થોડોએક વખત સુધી વેરાગીના ટકીઆ આગલ વાતે બેઠો. વાતચીત ઉપરથી વેરાગીએ જાંણી લીધું કે વાંણીઆ પાશે પઇસાની એક મોટી ડેલી છે. થોડો વખત રહીને વાંણીઓ તાંહાંથી ગુજ ગાંમ તરફ જવાને ઉભો થએઓ. વેરાગીએ તેને જણાવીઉં કે—ભાઈ, અગરજો તું ગુજ તરફ જવાનો હોએ, અને તારી પાશે કાંઈ પણ જોખમ હોએતો, સાથે ના રખતો, કારણકે રસતા મધે વાટપાડાઓના મોટા ભએ કેહવાએ છે; માટે જો પાશે કાંઇ જોખમ હોએ તો, અનાર કસબા મધે મેલી જજે. આ શબ્દ શાંભલીને વાંણીઓ બીહીઓ, જેથી વીચારમાં પડીઓ. વાંણીઆને અનાર મધે રેહનારી એક વેશીઆ સંગાથે સારી દોસતી હતી, તેથી તેણે વીચારીઉં કે તેનાં ઘેરમાં રૂપાઆની ડેલી મેલીને ગુજ તરફ જાઉં; પણ તે વીચારને તેણે પાછો મેલીઓ; કારણકે તે વેશીઆ કદાચ તે પઇસા ખાઇ જએ તેની વાંણીઆને ધાસતી લાગી. વાંણીઆએ જેટલો વખત સુધી પેલા વેરાગી સાથે બેશીને વાતચીત કીધી હતી તે ઉપર તેણે ભુલાવો ખાધો, અને વેરાગીને પુરેપુરો એકીનદાર જાંણીઓ, તે ઉપરથી તેણે જણાવીઉં કે—જારે રસતામાં ભએજ છે તારે, મારી પાશે જે જોખમ છે તે હું તુંને શોંપવા માંગુંચ. હું પાછો ફરતી વેલાએ તારી પાસેથી પાછો લેતો જઇશ. વેરાગીએ જણાવીઉં કે તારી પાશે જે હોએ તે લેવાની મને કસી ગરજ નથી. પણ જો તારી ખુશી અનતરે રાખવાનીજ હોએ તો, મારાં જુંફડાં મધે જઇને તુંને પસંદ પડતી જગોએ મેલી જા; પાછો ફરતી વેલાએ તે જગોએથી કાહડી લેઈ જજે; કારણ કે હું તો પ્રભુ આમલથી રાત અને દીવસ ઉઠી શકતો નથી. વાંણીઆએ તે વેરાગીના બોલવા ઉપર મજબુત વીશવાશ રાખીઓ, અને તેનાં જુંફડાં મધે જઇ એક ઠેકાંણે ખારો ખણીને તે મધે પોતાના રૂપીઆની ડેલી ડાટી, અને તાંહાંથી પોતે

ગુંલ ગાંમ તરફ ચાલીઓ. વાંણીઆના ગએઆ પછી રાતના વેરાગીએ ઉઠીને તેના રૂપીઆની ડેલી જમીન મધેથી ખાણી કાહડીને બીજી નવતરી જગા ઉપર ડાટી, અને તે જમીનને અસલ પરમાંણે સરખી કરી મેલી. વાંણીઓ બીજે દીને તાંહાં પાછો આવોઓ, અને વેરાગીને કેહવા લાગો કે—બાવા, હું મારી ડેલી કાહડી લેઉંચ. વેરાગીએ ઉતર વાલીઓ કે—ભાઇ તારૂં હોએ તે તુંને મુબારક. વાંણીઆએ જમીન ખાણી; પણ તાંહાં શું હોએ કે તે બીચારો લીએ? આએ ખબર વાંણીઆએ પેલા વેરાગીને કહી. તેણે જણાવીઉં કે—ભાઇ હું શું જાંણુ કે તેં મારાં જુરૂડાં મધે કાંહાં અને શું ડાંટીઉં હતું? જે જગો ઉપર તારી વસતુ તેં ડાટેલી હોએ તે જગોએથી તે કાહડી લેવાને તુંને કોઇનીબી મનાઇ નથી. વાંણીઆએ જુરૂડાં મધેની જમીનનો ભાગ ખાણી નાંખીઓ; પણ તાંહાં શું હોએ કે તેને મલે? વાંણીઓ લાચાર થએઓ, અને વેરાગીને કેહવા લાગો કે—"બાવા, ઇશ જમીનમે તો કુછબી નહી હએ." વેરાગીએ તેને કહીઉં કે—"ભાઇ, મેં તો બાહેર બેડણે વાલા—અંદર કીઆ હોવે ઉસકી મુજે ખબર નહીં. બખતપર કોઇ નીકાલ લેબી ગએઆ હોએગા તો મુજે ઉસકી કીઆ ખબર. અગર તુમને જમીનમે ગાલા નહીંબી હોએગા, અને મુજે સતાને કે વાસતે તરકટબી ઉડાતા હોએગા તો મુજે કીઆ ખબર? વાંણીઓ લાચાર થએઓ, અને રડતો તથા માંથું કુટતો તાંહાંથી પેલી વેશીઆનાં ઘેર તરફ ચાલતો થએઓ, અને એ ખબરથી તે વેશીઆને જાંણીતી કીધી. વેશીઆને ખબર હતી કે તે વેરાગી ઘણા લોકોને ઠગોને તેઓનું જે હોએચ તે ખાઇ જાએ છે; માટે તેણે ડેડાવ કરેઓ કે વેરાગીને તાંહાં જઇને તેને શીખશાં આપવી. વેશીઆએ વાંણીઆને દીલાશો આપેઓ કે કાંઇ ફીકર નહી—હું તારી ડેલી કહડાવી આપું છેઉં. તેણે વાંણીઆને કહીઉં કે—આવતી કાલે સહુવારે નવ કલાકે હું તે વેરાગીના ટકીઆ આગલ જઇશ, તું સાહડા નુવ વાગે એટલે તાંહાં આવીને રડી કુટીને વેરાગીને કેહજે કે બાવા મેરી ગડરી દીઓ. એ પછે વેશીઆએ પોતાના ચાકરને હોકમ કીધો કે—દશ વાગે તું જહડપથી તાંહાં આવીને મને કેહજે કે તારો ભરથાર આવીઓચ તે તુંને બોલાવે છે. આએ પરમાંણેના ડેડાવ મુજબ બીજે દીને સહુવારનાં નવ કલાકે પેલી વેશીઆ વેરાગીના મઠ આગલ ગેઇ.

એ વખતે વેશીઆએ પોતાનાં આંગ ઉપર ઘણી મોટી કીમતનું ઝવેર પેહરીઉં હતું. તેણે વેરાગીને પુછીઉં કે—બાવા, ગુલ ગાંમ તરફ જતાં રસનામાં કસી ધાશતી છે, કારણ કે હું મારી બેહનને તાંહાં લગનમાં જવાની છેઉ. વેરાગીએ જોઇઉં કે ઘણો મોટો છાંદો મલેચ; માટે બોલીઓ કે —"બાઇ મેં તો ઇંઆંહી બેઠણે વાલા હઉં. કીસે ખબર રસતેમે કીઆ હોતા હએ; પણ લોકોકે કેહનેશે જાંણતા હઉં કે રાહજનુંકી બહોત ધાશતી હએ, ઓર આદમીઓકુ કાટનેકે કુછબી દર રખતે નહી હએ." વેશીઆએ તેને જણાવીઉં કે—" બાવા જબતો મુજે ડર લગતા હએ, ઉસ વાસતે મેરે જેવરકી રખેવાલી તુમને કરના શબ ઉતારકે મે તુમકું દેતી હઉં." વેરાગીએ જવાબ દીધો કે—"મુજે કીસકા કુછ ચઇતા નહી, અગર તુમારી ખુશી હોવે તો મેરી જુફડી કે બીચ, જીદર ચહીએ ઉદર જમીનમે છુપા રખકે જાઓ. આએ પીછે વહાંસેં નીકાલ લેજાનાં." વેશીઆએ જણાવીઉં કે—"બાવા તુમારા કેહના સચા હએ, ઉસ વાસતે સબ જેવર ઉતારકે એક ગઠરીમે બાંધકે મેં તુમારી જુફડી કે બીચ જમીનમે ગાલતી હઉં." એમ કહીને તે બાવાની સાંહમણે બેઠી અને જમીન ઉપર એક રોમાલ પાંથરીઓ, અને વેરાગીની સાથે વાત કરતાં કરતાં ધીમે ધીમે એકકી જનસ કાહાડીને પેલા રોમાલ મધે મેલવા લાગી. એટલા વખતમાં પેલો વાંણીઓ આવી પુગો, અને વેરાગીને કેહવા લાગો કે—"બાવા, મેરી ડેલી તુમારી જુફડીમેશે ગુમ હુઇ હએ, ઉસ વાસતે ઉસકા પતા તુમને મુજે મીલા દેના ચહીએ. મેં ગરીબ હઉં, ઉસ વાસતે મેરે ઉપર મેહરબાંની કરના". વેરાગીએ જોઇઉં કે જો વાંણીઆને ડેલી નહી આપશ તો આ અસતરીને ખબર પડશે કે વેરાગી તો લોકોનો માલ ખાઇ જાએચ, તેથી એ મોટી રકમનો દલલો હાથ મધેથી જતો રેહશે—એવું ધારી તેણે વાંણીઆને જવાબ દીધો કે—"બનીઆ ભાઇ, કલ તુંમ ઈદરસે ગએ તબસે મેરા જી ફીકરમે ગીરફતાર હુવા હએ; સબબ કે તુમને મેરે વીશવાસપે ગઠરી રખી ઓર ઓ ઉદરસે ગેપ હુઇ. ઓ ગઠરી મેને નીકાલ રખવાઇ હએ, ઉસ વાસતે તુમારા માલ તુમને જુફડીમેસે લેએ લેનાં." વાણીઆએ જુફડી મધે જઇ જોતાં તેના રૂપીઆની ડેલી મલી, જે લઇને તે બાહેર આવી બેઠો, અને પેલી વેશીઆ તાંહાં જે મકર લગાવતી હતી તે જોવા લાગો. વેશીઆએ પોતાની જનસનો કેટલોએક ભાગ

ઉતારી રૂમાલ મધે મુકીઓ, એટલે તેનો ચાકર અંબીને કેહવા લાગો કે—"બાઇ સાહેબ, તુમારે પીઉજી આએ હેં સો તુમકુ બોલાતે હેં." એ ઉપરથી કંચનને ઉતારેલી સઘલી જનસો જહડ-પથી પાછી પેહરી અને પેલા વેરાગીની સાંહમણે ડણકો કરીને નાચ કરવા લાગી. વાંણીઓ પણ તેની સાંહમણે નાચવા લાગો, જે જોવાથી પેલો વેરાગી પણ ઉઠીને ઉભો થએઓ, અને પેલાં બંધે જનાંઓની સાથે બંધે હાથની બગલ બજાડતો નાચવા લાગો. વે-શીઆ ઘણાજ સુંદર આવાજથી બોલી કે—**મએ નાચું મેરે પીઉ ઘર આએ, મએ નાચું મેરે પીઉ ઘર આએ; બનીઆ નાચે સો ગઠરી પાએ, બનીઆ નાચે સો ગઠરી પાએ, તું કીઉં નાચે બેરાગી ભાઈ!** એ શબદો સાંભલી વેરાગીએ તે વેશીઆને જવાબ આપીઓ કે—**તું નાચે તેરે પીઉ ઘર આએ, તું નાચે તેરે પીઉ ઘર આએ, બનીઆ નાચે સો ગઠરી પાએ, બનીઆ નાચે સો ગઠરી પાએ, મએ નાચું આજ એક અકલ પાએ—એહીં કારણ હએ સુ-નલે ભાઈ.** એ પછી પેલો વેરાગી બોલીઓ કે—**ઘણો લોભ તે પાપનું મુલ.** એ શબદ સાંભલવાથી પેલી વેશીઆ વાંણી-આને સાથે લઇને તાંહાંથી ચાલતી થઇ.

## ઇનિસાનનું તુકારે મોત.

એક શેહેર મધે તાંહાંના વજીર અને સોદાગરનાં છોકરાઓને એક બીજા સાથે દોસતી હતી. તે બંધે જનાઓ દરરોજ સાંજની વખતે એક પણગટ આગલ એકઠા મલી બેશતા હતા, અને તાંહાં પાણી ભરતી પાનીઆરણો, અને બીજા રાહદારીઓનો દેખાવ જોઈ જોઇને એક બીજા સંગાથે વાત કરી સંતોશી થઇને તેઓ પોતાને ઘેર જતા હતા. થોડાએક દીવસ ગએઆ પછી, જાંહાં તે-ઓની બેઠક હતી તાંહાં એક તરીકો પુરૂશ જઇને સાથે બેશવા લાગો.

તે પુરૂશ જાતે લફંગો અને રંડીબાજ હતો, જે વીશેની ખબર પેલા બંધે મીતરોને નહી હતી. તેઓએ તેનેબી પોતાનાં જેવાજ દરજજાનો ગણેઓ, અને તેને પોતાની સોહબતમાં રાખેઓ. એમ કરવામાં તેઓએ મોટી ભુલ કીધી હતી. દરરોજ પેલા બંધે શખસો પણગટ આગલ બેશીને પાક દીઆનતથી અને ચોખી નજરથી તાંહાં પાણી ભરતી પનીઆરણો તરફ જોઇ નીરદોશ રમુજ કરતા હતા; પણ પેલો લફંગો પુરૂશ તેઓની કુમકનો ફાએદો લઇને છુપી રીતે પોતાનો બુરો હવસ પુરા પાડતો હતો. એક દીવસે તે લફંગાએ એક સારાં ખાંનદાંનની અસતરીની લાજ ઉપર હોમલો કીધો, જેને માટે તેને અને તેની સાથે બેઠેલા પેલા બંધે અમીરજાદાઓને કોટવાલનાં માનસોએ કેદ કીધા. બીજે દીવસે તેઓને કોટવાલની સાંમણે ઉભા કીધા. એ વખતે કોટવાલની કચેરીમાં તે શેહરનો પાદશાહ પણ બેઠેલો હતો, જેનું દીલ કોટવાલનાં ઇનસાફ ઉપર લાગું હતું. ફરીઆદીની તરફના શાખશી તપાશીઆથી કોટવાલને માલમ પડીઉં કે પેલા બે અમીરજાદાઓ જે જગોએ બેઠેલા હતા તેજ જગોએ પેલો લફંગોબી બેઠેલો હતો, અને તાંહાથી ઉઠીને તેણે પેલી અસતરીની આબરૂ ઉપર હોમલો કીધો હતો. એ દેખાવ ઉપરથીજ માતરે ફરીઆદી કરનારનો તે બંધે અમીરજાદાઓ ઉપર પેલા લફંગાને ઉસકેરવાનો સંધે ગએઓ હતો; પણ તેઓએ પોતાનાં બચાવમાં જે ખોલાશો કીધો તેથી તે સંધે દુર થાએ તેવું માલમ પડતું હતું, તોપણ એ બાબતને લગતી ફરીઆદી કરનારની તરફની એક શાખશી તેઓનાં ખોલાશાની વીરૂધ જાએ તેવી હતી; પણ તે શાખશી આપનાર શખસ કાંઇ વધારે વજનદાર નહી જણાતો હતો. એ ઉપરથી કોટવાલે વીચારીઉં કે બંધે અમીરજાદાઓ તેઓએ કીધેલા ખોલાશા પરમાંણે નીરઅપરાધી છે ખરા; પણ તેઓની ભુલ માતરે એટલીજ છે કે વગર તપાસે તેઓએ આ લુછાને પોતાની સંગતમાં સાંમેલ કીધો, જેની સોહબતથી તેઓ ફસી પડેલા જણાએ છે. વજીર અને સોદાગરનાં છોકરાઓને કોટવાલે જણાવીઉં કે—"સારાં અને આબરૂદાર માનસોને લાએક નથી કે એવા એક લુછાની સોહબતથી પોતાની તાખમ અને ઇજતને ધોકો પોહચાડે" એટલું કહી તેઓને છોડી મેલીઆ, અને પેલા લફંગાને ગધેડે બેશાડી આખાં શેહરમાં ફેરવી છોડી મેલવાનો હોકમ કીધો. પાદશાહે કોટવાલનાં ઇનસાફને

પસંદ કીધો, તોપણ રમુજને ખાતર બોલીઓ કે વજીર અને સોદાગર સંઘાથેનો મોહબતને લીધે તેઓનાં દીકરાઓને બે સખુન કહી છોડી દીધા, અને એક વગર પીછાંણવાળા, અને ગરીબ પુરૂશને ગધેડાંની સવારીએ મોકલીઓ. કોટવાલે પાદશાહને • જણાવીઉં કે સાહેબ—**ઈનસાનનું તુંકારે મોત.** વજીર અને સોદાગરનાં છોકરાઓ લાએકીવાળા અને આબરૂદાર છે, અને તેઓને માતરે જે બે સખુન કહેઆય તેબી ગોએઆ તોરની મીસાલે તેઓને લાગા હશે, અને પેલાને ગધેડે બેશાડવાનો જે હોકમ કીધોય, તે કાંઇ તેની ખાતરમાં ઉતરવાનુંજ નથી, જો પાદશાહને એ બાબે ખાતરી કરવી હોએ તો તરણે શખસોની પછવાડે છુપા જાસુસો મુકવા, જેઓનાં આવીઆ પછી આપણી તકરારનો નીવેડો આવશે. પાદશાહે દરએક જણની પછવાડે એક એક છુપો જાસુસ મોકલીઓ. તેઓએ આવીને કચેરી મધે પાદશાહને જણાવીઉં કે સોદાગરનો છોકરો એક મુસાફર તરીકે શેહર બાહેર નીકલી ગએઓ અને વજીરના છોકરાએ શેહર બાહેર જઇ કુવામાં પડી પોતાનો પરાંણ ખોહેઓ ! પણ પેલો ગધેડે બેશી ફરનાર તો કોઇ ઘણોજ નફટ નજર આવીઓ. તે જારે એક મોહલામાં ફરતો હતો તારે તેનો કોઇ પડોશી તેને મલીઓ. તે પડોશીને તેણે જણાવીઉં કે—**ઘેર જઇને મારી અસતરીને કેહજે કે હું ગધેડે બેશીને અરધું શેહર તો ફરી ચુકો છેઉં ; હવે અરધું બાકી છે તે પુરૂં કરીને હવડાં ઘેર આઉંચ ; તું પાણી તાતવી તઈઆર રાખજે કે આવીને દીલ શેકું.** એ ખોલાસો જાણીઆથી કચેરીનાં સઘલાં માનસો દલગીર થએઆં, અને કોટવાલે પાદશાહને જણાવીઉં કે—બંદેખોદા, જેઓ ઇનસાંન બચા છે તેઓનું એકજ તુંકારે મોત થાએ છે ; પણ જેઓ જાતે અપદ અને લુચ્ચા છે તેઓને ગમે તેવી ખરાબ શીખશા કીધી હોએ તોબી તેઓને શાંન આવી શકતી નથી. અને ઓરબી તેઓ આ મુકદમાં મધેથી છુટેલા શખસની મીસાલે નફટાઇ પકડે છે ; માટે મેં જે ઇનસાફ કીધોય તે કોઇનીબી ખાતરદારી રાખીઆ વગર વાજબી અને ખરો કીધો છે, તેવું છતાંબી જારે આવો માંડો બનાવ બનીઓ છે તારે તે સાંભલવાથી મોટી દલગીરી ઉતપન થાએ છે,

## ૭૦

# મા મેં ભલા કે મેરા ભાઈ?

મુસલમાન ગનેઆતનો એક બુઢો પુરૂશ કાંહએક દોલત મેલીને મરણ પાંમીઓ હતો, જેની પછવાડે એક બુઢી અસતરી અને બે બાલકો હતાં. બાલકો ઘણા નાહલાં હતાં, તેઓને ઉછારી મોટા કરવા પછવાડે તે બુઢી અસતરીને ઘણી વેદનાં ખેંચવી પડી હતી, કારણકે તે બંન્ને પુતરો ઘણાજ અટકચારા અને ખરાબ રીતભાંતના હતા. તેઓ દરરોજ મોહલા મધેના છોકરાઓ સાથે મારામારી કરતા હતા, અને મોટા પુરૂશો સંગાથે બાથ લીધાથી તે બુઢી અસતરીને મોટી પંચાતી ચુકવવી પડતી હતી. એવી બુરી ખાસીઅતની સાથે તે છોકરાઓ રોગી હતા, જેથી તે બુઢી અસતરીને તેઓની પછવાડે મેહનતની સાથે પઇસાની ખરાબી કરવી પડતી હતી. તે છોકરાઓ એટલીજ એબવાલા નહી હતા; પણ ચોરી વીગરે સઘલાં વીઅસનમાં સંપુરણ હતા. એક દીવસે તે બુઢોના મોટા છોકરાએ પોતાના શેહરમાંહેલા એક મુસલમાન રેહવાસીની આઠ વરસની એક છોકરીને, તેના હાથ મધેના પંદર રૂપીઆનાં રૂપાંનાં શાંકલાંને માટે તેનાં ગલાંમાં રોમાલની ફાંસી દેઇ મારી નાખી, જેને માટે તે બુઢી ઓરતે નાણાંની મોટી રકમ ખરચીઆથી તે છોકરાનો છુટક થએઓ. તે બંન્ને છોકરાઓ એવા તો બુરા હતા કે દીશના સુતેલા ઉઠીને બાહેર જાએ તે ફકટ ખાવાનેજ માટે ઘેરમાં આવતા હતા; પણ ઘેર મધેનો કાંઇ સર સામાંન વટીકંબી તેઓ લાવી આપવાને તે બુઢી અસતરીને કાંમે લાગતા નહી હતા. જાંહાં સુધી તે બુઢો અસતરીથી પોતાનો ઘેરનો નીભાવ થએઓ તાંહાં સુધી તો તેણે પોતાનાં ઘેર મધેનું લાવવા કરવાનું પોતાનેજ હાથે કીધું; પણ જારે તે શરીરે અશકત થઇ તારે, બાહેરના પારપડોશીઓની ખુશાંમદ કરી પોતાને ઘેરનો સામાંન તેઓની પાસે મંગાવવા લાગી. એક દીવસે તે બુઢીનાં દીલમાં મોટા કંટાલાને લીધે એવો ખીઆલ આવીઓ કે—ઇશવરે તેને જે બે દીકરા આપીઆય તે શું કાંમના? છતે દીકરે તે ઓશીઆલું ભોગવે છે અને વલી પઇસા ખરચતાંબી તે હારગાર થાએ છે. કદાચ તેનો ભરથાર દોલત મેલીઆ વગર મરણ પાંમીઓ હતે તો આ બુઢી

છોકરાઓ તેનાં કેવા બુરા હાલ કરતે; એવા ખીઆલથી બેશીને તે દોશી રડતી હતી, તેવામાં તેનો નાંધલો દીકરો બાહેરથી ઘેરમાં આવી પુગો. તેણે પોતાની માને રડતાં જોઇ, જેથી તેનાં દીલમાં દએઆ આવી. એ ઉપરથી તે પોતાની માને પુછવાં લાગો કે—રે મા, તું શા માટે રડે છે! દોશીએ તેને કરોધનો મારેઓ ઉત્તર દીધો નહી, જેથી તે ઘણી કાકલુદી કરી રડવાનું કારણ પુછવા લાગો. અંતે દોશીએ તેને જવાબ દીધો કે—રે ભાઇ, તમો દીકરાઓ શું કાંમના? લોકોના દીકરાઓ પોતાનાં માબાપના ઘડપણનાં વખતમાં તેઓનું પોશન અને ચાકરી કરે છે; પણ તમે તો છતો પઇસો ખરચવેબી મારી ચાકરી તો રહી, પણ મારૂં કાંમ વટીકબી કરતા નથી? નાના દીકરાએ એ દીનેથી દોશીને કબુલાત આપી કે—હવેથી તું જે મંગાવશે તે હું ખચીત લાવી આપીશ, અને તારૂં કાંમકાજ કરીશ. તે છોકરો એ દીનેથી દોશીનો વહીવટ ચલાવવા લાગો; પણ રૂપીઆનું લાવીને દોહડ રૂપીઓ તે બુઢીની પાસેથી લેવા લાગો. દોશી બીચારી ઓશીઆલી માટે તેની લુછાઇ જાંણીઆ છતાં મુંગે મોહડે તેબી સોસવા લાગી; કારણ કે એક તો પેટની આંચ, અને બીજું તો એ કે તે ગરજવંતી હતી. એવું છતાંબી તે બુઢી નાંધલા છોકરાને ફોકતની શાબાશી આપતી હતી. અને મોટા છોકરાની ખરાબ ચાલ જણાવી તેને ધીક્કારતી હતી. એક દીવસે નાંધલો છોકરો દોશી ઉપર આભાર મેલવા સારૂ બોલીઓ કે—**મા મેં ભલા કે મેરા ભાઈ!** દોશીએ કરોધને લીધે જવાબ દીધો કે—**મુવા તું ઢેર ઓર ઓ કસાઈ!** નાંહના છોકરાએ પોતાની માએને પુછીઉં કે—રે મા હું તો તારૂં સઘલું કામકાજબી કરૂંચ, અને તે તો હરાંમખોરી કરીને કાંઇ કાંમકાજ કરતો નથી, અને વલી ઘેરમાં માર મસતી કરીને ખાઈ જાએ છે, તે છતાં તું મનેબી તેની બરોબરનોજ ગણે છે કે શું? દોશીએ એ દીને છોકરાને કહીઉં કે—રે છોકરા જેટલાં વરસ મને થએઆંચ તેની અરધી મુદતેબી તું પુગો નથી તેટલામાં તું મને ઠગવાની પેરવી કરે છે. બજારનો સોદો લાવતાં મેં મારી આખી જીંદગી આટવી છે, જેથી એ કાંમમાં ઘણો અનુભવ મલીઓ છે. તું રૂપીઆનો માલ લાવી આપીને મારી પાસેથી દોહડ રૂપીઓ લીએ છે, એવું હું સારીપેઠે સહમજુચ; પણ શું કરૂં? શરીરની

નબલાઇ અને અશકતપણાંને લીધે એ દુઃખ મુગે મોહડે સોસવું પડે છે. જેમ તારો મોટો ભાઇ કાંમકાજ અને ધંધો ધાપો કીધા વીના લુછાઇથી ઘેરમાં ખાએ છે, તેમ તું કાંમકાજને બાંહાને મારૂં ઘેર લુટી લીએ છે. એવી રીતે તમો બંધે જનાઓ ઉપર, તમોને પાલી પોશી મોટા કરવાનો મારો જે ઉપકાર છે તેનો બદલો સારી રીતે વાલીઆ કરતાં એવી નઠારી રીતે વાલો છેઓ; તો પણ એક મા દાખલનો ખરો પીઆર મારેથી છોડી શકાતો નથી. તમોને ઘણી વાર ઘેરમાંથી બાહેર કાહડી મેલવાનો ઠેરાવ કરવા છતાં, વલી મને તમારી ઉપર પાછી માએઆ આવે છે.

# નહીં બોલીઆના નવ ગુણ.

મથુરસ નાંમે ગાંમડાંમાં અમરત નામનો એક હીંદુ રેહતો હતો; જેને તાંહાં માતરે એક પુતરજ પેદા થએલો હતો. એ છો-કરાનું નાંમ ગંભીરશાહ કરીને હતું. ખરેખર એ છોકરો તેનાં નાંમને શોભા આપનારો હતો. ગંભીરને જે બાએડી મલી હતી તે ઘણી ખુબસુરત અને આપવંતી હતી. તેની ખુબસુરતી ઉપરથી તેનું નામ ચંદરાવલી કરીને રાખેલું હતું. એ અસતરી જેવી ખુબસુરત તેવી પતીવરતા પણ હતી; પણ માંઠાંભાએગે તે અસતરી પોતાનાં ભરથારનાં એક મીતરની જાલ અનેં ફરેબભરેલા ફાંદામાં એક દીવસે ફસી પડી, અને તેવા વખતમાં તે કરાીન મીતરે વધારે વખત સુધી તે અસતરીની ખુબસુરતીનો બાહર લુટીઓ હતો. જે વેલાએ તે બંધે આશક માશુકનું જોડું થએલું હતું તેજ વખતે તે ચંદરાવલીનો ભરથાર તાંહાં જઇ પોંહોંચીઓ. એ વખતે ચંદરા-વલીનો કરાીણ ઇઆર તાંહાંથી એકદમ નાહાસી ગએઓ, અને ચંદરાવલીએ પોતાનો જીવ આપઘાત કરીને ખોહવાનો ઇરાદો કીધો. તે પાંમી જવાથી તેનાં ભરથાર ગંભીરશાહે તેને પુછીઉં કે—રે ચંદરાવલી, તું શા માટે ઉદાસ થઇ બેઠી છે! જો આ બુરાં કર-તુકથી મેં તુંને જોઇ તે સારૂ તું ઉદાશ હોએ તો, ખરી વાત શું છે તેનો મારી આગલ ખોલાસો કર. ચંદરાવલીએ પોતાના ભર-થારના પગ ઉપર માંથું મેલી અરજ કીધી કે—રે મારા ગંભીર

ભરથાર, જેવો તું ગંભીર તેવી હું પતીવરતા હતી ખરી; પણ તારા મહા પાપી મીતરે આજ દીને મને ફરેબમાં નાંખી ફસાવીઆથી એ ગુનાહ મારે હાથે આજે બનીઓ છે; માટે તે બાબે તારી આગલ બંધે હાથ જોડીને પશચાતાપ કરૂં છેઉં. તેનો ભરથાર તો જાતે ગંભીરજ હતો માટે તેણે ચંદરાવલીને કહીઉં કે—જો એ કાંમ મારા મીતરે તને ફરેબમાં નાંખીઆથીજ બનીઉં હોએ, તો એ ગુનાહ હું તુંને માફ કરૂં છેઉં; પણ અગર જો તેં તારી મતલબ અને ખુશીથી કીધું હોએ તો તેનો જવાબ તે કીરતાર તારી પાસેથી સેવટે લેવાનો. એ બાબે મારે તો કાંઇએ સનાન કે સુટક નથી; કારણકે ચાલતી આવેલી કેહવત પરમાણે, જે કરશે તેજ ભોગવશે; માટે એ બાબેનો એખ્યાલ તારાં મંન મધેથી એકદમ કાહાડી નાંખીને નીરભએપણાથી તારે ફરવું. હું પણ એ બાબેની કસી રીશ મારાં મનમાં રાખવાનો નથી. હવેથી તારે ખુબ સાવધપણાંથી રહીને ફરવું, અને ઇશવરનો ડર દીલમાં રાખવો, જેથી સેવટે પશતાવું નહી પડે. આ વાતને એક લાંબી મુદત ગુજરી ગઇ. ચંદરાવલીને ગંભીરશાહથી હમેલ રહેઆ, અને એક પછે એક દર વરશે તેણે બાલકોને જનમ આપેઆ. ગંભીરશાહને તાંહાં પાંચ છોકરા અને ચાર છોકરી થઇ, જેથી ગંભીરશાહનું ઘેર બાલકોની વસતીવાડીથી આબાદ થએઉં. ગંભીરશાહનાં છોકરાઓએ તેને જણાવીઉં કે—રે બુઢા બાપ, હવે તમોએ ચાકરી છોડી દેવી, અને ઘેર મધેજ રહીને છઇઆં છોકરાંઓનો સંભાલ કરવો. એ વાત ગંભીરશાહેબી કબુલ રાખી, અને ઘેરમાં રહીને સઘલો ખટલો ચલાવવા લાગો. ગંભીરશાહનો પેઆર તેની નાનકરી વહુ ઉપર બહુજ હતો; માટે તેનાં બાલકને વારેઘડીએ જોહડામાં સુવારીને હાલેરૂ પણ ગાતો હતો. હાલેરાં મધે બીજા કેટલાએક શબદોની સાથે બોલતો હતો કે—**નહી બોલીઆના નવ ગુણ રે, નહી બોલીઆના નવ ગુણ.** આ વાકીઅ દરરોજ તેની નાધલી વહુ સાંભલતી હતી. એક દીવસે તેણે પોતાના શશરાને પુછીઉં કે—શશરાજી, દરરોજ હાલેરામાં તમો બોલોચ કે—"નહી બોલીઆના નવ ગુણ રે, નહી બોલીઆના નવ ગુણ." માટે એનું કારણ શું છે તે મને કેહવો. શશરાએ તેને જણાવીઉં કે—રે વહુ હરેક ખરાબ વાત આપણે કાંણે શાંભલી હોએ, અગર કોઇ માંડો દેખાવ આપણી નજરે જોએઓ હોએ તો ઘટારત છે કે તે વાત કોઇનીબી આગલ

કરવી નહી; કાંએકે એમ કીધાથી મોટામાં મોટો ફાએદો થાએ છે. જે વાત વીશે હવડાં હું બોલુંચ કે—નહીં બોલીઆના નવ ગુણ, તે વાત જો હુંએ કોઇનીબી આગલ કીધી હતે તો મારૂં ઘેર આજે છઈઆં છોકરાંઓથી ભરાતે નહી, અને ઇશવરને માલમ કે હું આજે કેવી અવસથામાં રેહતે; પણ તે વાત કોઇનીબી આગલ નહીજ બોલીઓ, અને જેમ બનીઉં તેમ દાબીને મારા પેટમાંજ રેહવા દીધી તો, આજે હું ઘડપણનાં વખતમાં સુખ સાથે મારો કાલ કાહાડું છેઉં. ગંભીરશાહની નાંનકરી વહુને તેની શાશુ સંગાથે અનબનાવ ચાલતો હતો; કારણ કે તે જરા બાહેરલતી હોવાથી તેની શાશુ તેને વારેઘડીએ દમ આપીઆ કરતી હતી; માટે તેણે વીચારીઉં કે જો શશરો શાશુને લગતી કાંઇ ખરાબ વાત કેહ તો પછી મનેબી તેને બોલ મારવાને બની આવે. આ વીચારથી તે વહુએ ગંભીરશાહને એ વાત સાંભલવાને ઘણો કંટાલો આપીઓ. ગંભીરશાહ તેની કાકલુદી અને મતલબીઆ બોલવા ઉપર ઠગાએઓ, અને કેટલીએક શીખાંમણ દીધા પછી પોતાની બાએડી ચંદરાવલીએ પોતાના મીતર સંગાથે કીધેલાં છીનાલાંને લગતી વાત તેની આગલ કહી, અને તેને જણાવીઉં કે એવી બીના બનીઆ છતાંબી મેં કસી ભાંજગડ કીધી નહી; કારણ કે જો મેં કાંઇ ભાંજગડ કીધી હતે તો, તમાંથી કોઇ માઠો બનાવ બનતે. તારી શાશુને મારતે, અથવા એ વાત હું કોઇની આગલ કેહતે અને તેથી તારી શાશુને ખરાબ લાગતે, જેથી તે કદાચ આપઘાત કરીને મરણ પાંમતે. અગર જો ગુસસામાં આવીને મેં એને તજી મેલી હતે, અને બંધે જનાનો સંબંધ તુટી ગએઓ હતે તો, આજે મારાં ઘેરમાં બાલકોની જે ગુલજાર વારી વસની છે તેથી હું બેનસીબ રેહતે; માટે તે વખતેજ ગંભારાઇથી મેં ધારીઉં કે—**નહી બોલીઆનાં નવ ગુણ**. તે નવે ગુણ આજે હું ભોગવું છેઉં. નહી તો તેને બદલે મોટા અવગુણો ભોગવવા પડતે. વહુએ પુછીઉં કે—શશરાજી નવ ગુણ તમને કેમ થએઆ? શશરાએ ઉત્તર દીધો કે—૧ લું એ કે રૂપાંનાં પતરાં સરીખી અને વલી તે સાથે ઘેર જાલવનારી અને ભરથાર તરફની ફરજ સહમજનારી બાએડી કાએમ રહી. ૨ જું એ કે નહી બોલીઆથી બંધેનો એખલાસ રહેઓ. ૩ જું એ કે નહી બોલીઆથી જારે બંધેને એખલાસ રહેઓ તારે, મને છઇઆં છોકરાં થએઆં. ૪ થું એ કે વલી

તેઓને ઘેર છોકરાં થએઆં, જેથી આજે મારૂં ઘેર કબીલદાર થવાથી શોભી રહેઉં છે. ૫ મું એ કે નહી બોલવાથી જારે મારી વસતી વારી વધી તારે, આજે મારૂં ઘડપણ સચવાઇઉં છે, જેથી હું આજે નીરાંતે ઘેરમાં બેશીને ખુશી સાથે મારો વખત ગુજારૂં છેઉં. ૬ ઠું એ કે જો હુંએ એ વાતની કાંઇબી ભાંજઘડ કીધી હતે તો, ખચીત તેથી મારા ઘેરમાં કાંઇબી મોઠો બનાવ બનતે, જેથી સેવટે મારા પઇશાની ખરાબી થતે; માટે નહી બોલીઆથી મારા પઇસાનોબી બચાવ થએઓ. ૭ મું એકે નહી બોલીઆથી આજે હું એવી હાલતને પોંહચીઓ, જેથી પરલોકમાં મારી આબરૂ વધી, અને મંડલીમાં મને માન મલેછે. ૮ મું એકે જો હું એ વાત બોલીઓ હતે તો, પાંચ લોકમાં મારી અને મારી બાએડીની ફજેતી થતે; પણ નહીજ બોલીઆથી તે ફજેતી ઢંકાઇ ગઇ, અને આજ સુધી સઘલુ સમાંધાંન રહીઉં. ૯ મું એકે હું નહી બોલીઓ તો મારા મીતર સંગાથેબી મને કસી રીતે દુશમની થઇ નહી. જો તેની સાથે મેં મારામારી કીધી હતે, અને તેને કાંઈ કહીઉં હતે તો, તેથી પાંચ લોકમાં તે વાત ઉંઘાડી પડતે; પણ તેને કાંઇબી નહી કહેઆથી લોકો એમજ સહમજેઆં કે અમારી મીતરાઇ કાએમજ છે.

આ બનાવ બનેઆને કાંઇએક મુદત ગુજરેઆ પછી ચંદરાવલીની નાંનકરી વહુએ કાંઇ તકસીર કીધી, જેથી ચંદરાવલીએ તેને શીખામણ દીધી. એ ઉપરથી તેની વહુએ તેને તાનો મારીએ કે— શાસુ છીનાલ અને વહુને શીખામણ દીએ! ચંદરાવલીએ એ વીશે તેને પુછીઉં કે કેહરે રાંડ મેં છીનાલું કોણ સાથે કીધું? તેની વહુએ જવાબ દીધો કે—તે તો શશરાજીના મીતરને પુછો. આ શબદ શાંભલવાથી ચંદરાવલીને બહુજ નઠારૂં લાગું, માટે ઝડપથી જઇ તેણે કુવો પુરેઓ. ગંભીરશાહે જોઇઉ કે જાંહાંસુધી નહી બોલીઓ તાંહાંસુધી ફજેતી ઢંકાએલી હતી; પણ નાંનકરી વહુ આગલ જખ મારીઆથી હવે ફજેતીનો પાર થવાનો; એવું સહમજી તેણેબી કુઆમાં નખાવીઉં. તેઓની નાંનકરી વહુએ જોઇઉં કે આ બે જીવ જવાનું મુલ હું છેઉં માટે જગતની લેઆંનત મારી ઉપર પડવાની માટે હવે મારૂં જીવવું ફોકટ, એમ સહમજી તેણે વીખ ખાઈ આપઘાત કીધો. તેના ભરથારે જોઇઉં કે મારી બાએડીની આડી ચાલથી આ મોઠો બનાવ બનીઓ માટે

લોકો મને આંગલી દેખાડવાના. એવું જાંણી તેણે પેટમાં છરી મારી પરાંણ ખોહેઓ. ગંભીરશાહના બીજા ચાર છોકરાઓએ બીચાર કીધો કે આ ફજેતીભરેલી હાલતમાં હવે જીવવું શું કાંમનું ? એવું ધારી તેઓએ સાથે તલાવમાં ડુબી આપઘાત• કીધો. આ દુ:ખભરેલા બનાવથી મધુરસ ગાંમમાં મોટો પોકાર ઉઠી રહેઓ, અને લોકોએ દોડી જઇને ગંભીરશાહનાં બાકી રહેલાં કુટમબનો મરણથી બચાવ કીધો.

વાંચનાર, હરેક કોઇની એબ જો નજરે જોઇ, અથવા કાંણે શાંભલી હોએ તો, બેહતર એજછે કે તે વીશે દરગુજર કરવી ; કારણ કે તેવું મહા પાપી કાંમ કરનારાઓ જારે ફજેત થાએચ તારે, જો રાંક હોએચ તો, આપઘાત સીવાએ બીજો કોઇ મારગ બેહતર ધારતા નથી, જેથી તેઓ એમ સહમજેચ કે ફજેતી મધેથી તેઓનો છુટકારો થાએ.

# હાથનાં કીધેલાં હઇડે વાગેચ!

અસુંદરા નામે એક ગાંમ મધે દેવશંકર નાંમે એક બરાહમણ રેહતો હતો, જે આસપાસના ગાંમો મધેથી ભીખશા લાવીને પોતાના ઘેરનો વખત ગુજારતો હતો. દેવશંકરને ઘેર ચંપાવલી નાંમે એક દીકરી અને ગોલાબશંકર નામે એક દીકરો હતો. આ બંધે ભાઇ બેહન ઉમરે પોહચેલાં હતાં ; પણ તેઓના મા બાપ કંગાલ હલતમાં હોવાથી તે બંધે ભાઇ બેહનોની કેથે સગાઇ કીધામાં આવી નહી હતી. દેવશંકર બરાહમણ હતો ખરો, પણ પોતાના ધરમ સંબંધી કાંઇબી વીદીઆ તેણે હાંસેલ કીધી નહી હતી, જેને લીધે પોતાના ઘેરનો ખરચ પણ ચલાવવાને તેને મુશકેલ થઇ પડીઉં હતું. જે મીસાલે દેવશંકર ધરમ સાસતર વગેરે કાંઇબી વીદીઆ નહી શીખેલો હતો, તેમજ તે પોતાના બાલકોનેબી શીખવવાને અશકત હતો. ગોલાબશંકર જાતે હોશીઆર અને ચપલ મનશકતીવાલો હતો, માટે તે પોતાનાં ગાંમ મધેના છોકરાઓ સંગાથે ફરીને ઉપર ટપકેથી થોડું ઘણું લખવા વાંચવા અને હીસાબની ગણતરી કરવા શીખીઓ હતો. જારે ગોલાબશંકર પુરી સહમજમાં

આવીઓ તારે, તેણે વીચાર કીધો કે આ મારાં ઘરડાં મા બાપ, જેઓના હાડકાં હવે ચાલતાં નથી તેઓની મારે બરદાશત કરવી જોઇએ. તેને બદલે હું અને મારી બેહન તેઓની ઉપર એક બોજા તરીકે માંથે પડેલાં છઇએ. જે બચારાંઓને માતરે પોતાનુંજ પેટ ભરવું મુશકેલ છે તેઓને વલી અમારે વાસતે વધારે રંજ ખેંચવી પડે છે; માટે હું આ ગાંમ મધેથી કોઇ બાહેર દેશાવર તરફ નીકલી જાઉં, અને કેથે ચાકરી ધંધો કરી બે પઇસા મેલવું તો આ મારાં ઘરડાં મા બાપ, જેઓએ હવડાં સુધી મારાં અને મારી બેહનનાં પાલણને વાસતે મોટો રંજ અને ભારે મેહનત ખેંચીચ તેઓની થોડી ઘણીબી કલ વલે. આ પોતાનો ઠેરાવ ગોલાબશંકરે પોતાની બેહનની આગલ જણાવીઓ અને હલુશેથી ઘેર મધેથી નીકલી જવાને તેણે વીચાર કીધો. હલુશે નીકલી જવાનું ગોલાબશંકરને એટલુંજ કારણ હતું કે તેનાં મા બાપ કંગાલ હોવા છતાં તેને જરાએ વીહલો મેલતાં નહી હતાં, જેથી કાંઇબી ધંધો ચાકરી કરવાને તેનેથી બનતું નહી હતું, અને આવા માંઠા બનાવથી તે અને તેની બેહન પરણવા વગર રહી ગએઆં હતાં, જેથી તે બંધે ભાઇ બેહનને બલાપો થતો હતો. એક દીવસે ગોલાબશંકર પોતાની બેહનને ચેતવણી આપીને ગાંમ મધેથી નીકલી ચાલેઓ, અને એક શેહર તરફ જઇ લાગો, અને તે શેહરના એક વેપારીને તાંહાં તે ચાકરી રહેઓ. ગોલાબશંકરની ચાલચલણ અને તેની ઇમાંનદારી સારી જાણેઆથી તેના શેઠે તેને કાંમકાજમાં વધારેઓ, અને વેપારનાં કાંમમાં તેણે થોડા વખતમાં સારો અનુભવ મેલવીઓ, જેથી તે પોતાના શેઠને મોટો નફો કરી આપવા લાગો. આ પરમાણેની ગોલાબ શંકરની હોશીઆરી જોવાથી તેના શેઠે તેને વેપારનાં કાંમસર તે શેહરથી ઘણી લંબાંણ મુસાફરીનાં એક શેહર ખાતે પોતાના આડતીઆ દાખલ મોકલીઓ, અને કેટલોએક પઇસો અને માલ તેને ધીરીઓ. ગોલાબશંકરને પોતાના શેઠે મોકલેલ ઠેકાંણે તે જઇ પોંહચીઓ અને તંહાં પોતાનો રોજગાર ચાલું કીધો, જેથી તેને તાંહાં સારો નફો થવા લાગો. આ હકીકત ગોલાબશંકરે પોતાના શેઠને જણાવીઆથી તેણે ગોલાબશંકરને પોતાના વેપારમાં અરધો ભાગીઓ કીધો, જે લાલચમાં પડીઆથી ગોલાબશંકર પોતાના મા બાપ ઉપર કાગલ લખવાનેબી ભુલી ગએઓ. એવા બનાવથી ઘણી લાંમબી મુદત સુધી ગોલાબશંકરે

પોતાનાં મા બાપ ઉપર એકે કાગજ નહી લખીઉં, જેથી તેનાં મા બાપ તેની હતઆતી કેથે ખતમ થએલી સહમજીઆં, અને તેના વીલાપમાં પોતાનો વખત ગુજારતાં હતાં. બાહેર દેશનો એક શેઠીઓ એક દીવસે અસુંદરા ગામમાં આવી લાગો, જે ગમતને માટે ફરવા નીકલીઓ હતો, અને ગરીબ મુફલેસ લોકોની તે બરદાશત કરતો હતો. તે શેઠીઆએ અસુંદરા ગામમાં કેટલાએક ગરીબોને પાચ પઇસા આપેઆ, તેમાં દેવશંકરનેબી તેણે થોડુંએક આપીઉં હતું. આ જોગવાઇ લેઇને પોતાની દીકરી ચંપાવલીને પરણાવી આપવાની દેવશંકરે તે સેઠીઆને અરજી કીધી, જે કામ કરી આપવાને તે તઇઆર થએઓ. એટલામાં બીજી તરફથી એવો બનાવ બનીઓ કે અસુંદરા ગાંમથી બાર કોશ દુરનાં ભેશાંણ ગાંમનો રેહવાસી એક બરાહમણ અસુંદરામાં આવેલો હતો, જેનો એક દીકરો પરણવાનો હતો; માટે અસુંદરાના કેટલાએક રેહવાસીઓએ દેવશંકરની દીકરી ચંપાવલીની સગાઇ પેલા બરાહમણના દીકરા સંગાથે કરાવી આપી, જેથી ચંપાવલીના લગન થએઆં. ચંપાવલી સારે ઠેકાણે ગએઆથી તેણે પોતાનાં મા બાપને કાંઇએક આશરો આપવા માંડીઓ, જેથી તેનાં ઘરડાં અને લાચાર મા બાપને મોટો ટેકો થઇ પડીઓ.

પેલી તરફથી ગોલાબશંકરે જારે મોટી દોલત મેલવી તારે, તેણે પોતાનાં મા બાપને મલવાનો ઇરાદો કીધો અને પોતાના શેઠ પાશેથી રજા લઇને પોતાનાં ગાંમ તરફ જવાને નીકલેઓ. ગોલાબશંકરની બેહન ચંપાવલીનું શાશરીઉં ગાંમ ભેશાંણ, તેને આવવાના મારગમાંજ હતું માટે કેટલેએક દીવસે ગોલાબશંકર પોતાની બેહનના ગાંમ મધે જઇ પોંહચીઓ. ગોલાબશંકર પોતાના ઉદીઓગથી પઇસે ટકે સુખી થએલો હતો માટે રસતામાં આવતાં તેવાં સારાં ગાંમોમાં એક બે દીવસ રહી મોજ મારતો હતો, તેજ પરમાંણે ભેશાંણ ગાંમ જોવા સારૂં ગોલાબશંકર ફરવા નીકલીઓ હતો. એતેફાક એવો બનીઓ કે ગોલાબશંકરની બેહન ચંપાવલી પાંણીનું બેહડું લઇને તેની સાંમણે આવી લાગી. ચંપાવલીએ પોતાના ભાઇ ગોલાબશંકરને ઓલખીઓ; પણ ગોલાબશંકરે પોતાની બેહનને ઓલખી નહી. ચંપાવલીએ પોતાના ભાઇની તરફ ટીકી ટીકીને ઘણેવાર સુધી જોવા પછે, તેને બોલાવીઓ, અને તેનું નામ પુછીઉં. ગોલાબ શંકરે પોતાનું નામ આપીઉં, અને તેમ કરવાનું ચંપાવલીને

કારણ પુછીઉં. ચંપાવલી ઘણી મગ્ન થઇ અને ગોલાબશંકરને પોતાની સગાઈ બતલાવીઆથી તે બંધે જનાંઓ એક બીજાને મલીઆં, અને ચંપાવલી પોતાના ભાઇને પોતાને ઘેર લઇ ગઈ. ગોલાબશંકરે પોતાનાં માએ બાપની ખબર પોતાની બેહનને પુછીઆ પછી તે બંધે ભાઇ બેહનોએ ઠેડાવ કીધો કે, ગોલાબશંકરે મા બાપનાં ઘેરમાં એક પહરોણા દાખલ જઇ ઉતારાની જગો માંગવી, અને તપાસવું કે તેઓ લાંમબી મુદત ગુજરવાને લીધે તેને ઓલખી શકેચ કે નહી. એ પરમાણે બીજે દીવસે ગોલાબશંકર પોતાનાં અસુંદરા ગાંમ તરફ નીકલીઓ, અને બીજે દીવસે ચંપાવલીએ પોતાનાં મા બાપને ઘેર જવાની પોતાના ભાઇને કબુલાત આપી. ગોલાબશંકર પોતાનાં ગાંમમાં ગએઆ પછી પોતાનાં ઘેરના ઓટલા ઉપર જઇ ઉભો, અને પોતાનો બાપ, જે ઘેરમાં બેઠો હતો તેની પાશે એક મુસાફર દાખલ એક રાત ઉતારાની જગાને સારૂં અરજ કીધી. દેવશંકર જો કે ગરીબરો હતો, તોપણ તેનું દીલ દએઆલું હતું માટે પોતાની બાએડીને સહમજાવીને ગોલાબશંકરને ઘેરમાં બોલાવીઓ. રાતની વખતે તે બંધે માટી બઇઅરે ગોલાબશંકરને જમાડીઓ, અને તરણે જણાઓ એકઠાં બેશીને વાત કરવા લાગાં ; પણ ગોલાબશંકરને તેનાં મા બાપ ઓલખી શકીઆં નહી, તેમ ગોલાબશંકરે બી ભેદ ભાંજીને કહીઉં નહી. ગોલાબશંકરને સુવાડવા સારૂં એક જગા ઉપર બીછાંણું કરી તેને સુવાને જણાવીઉં. આ વખતે ગોલાબશંકરે પોતાની પાશે સુણાની મોહરોની એક કોઠલી હતી તે પોતાની માએને રાખવા આપી, અને જણાવીઉં કે સહવારે જારે હું તમારે ઘેરથી જઇશ તારે મને પાછી આપજો. એટલું કહી તે પોતાનાં બીછાંણાં ઉપર જઇને સુતો. દેવશંકરની બાએડી જોકે ઘડપણને લીધે મરવાતોલ હાલતમાં આવેલી હતી તોપણ પઇસાએ તેની મતી ફેરવી નાંખી, અને બધાં વરસની એમાનદારીને ધુલમાં નાંખી. તેણે પોતાના ભરથારને હલુશેથી જણાવીઉં કે આ મુસાફરે તેને સુણાની મોહરથી ભરેલી એક કોઠલી રાખવા આપીચ માટે રાતનાં તે હુંઘાએઆ પછી તેને મારી નાખીએ કે આપણે સુખી થઇશું. આ વાત દેવશંકરે નાકબુલ રાખેઆ છતાંબી તે કરપીણ ડોશીએ ગોલાબશંકર મોટી ઉંઘમાં પડીઆ પછી તેનાં ગલાંમાં છરી ભોકી દીધી ! જેથી તે આશા ઉમેદથી પોતાનાં મા બાપને મલવા થકી આવેલો એવી મુસીબતને પોંહોંચી મરણ પાંમીઓ !!!

વાંચનાર તું જોજે કે હવે આ ઘેરમાં કેવો દેખાવ થશે. જે કુટુંબે આખી જીંદેહગાંની કંગાલીઅતપણાંમાં ગુજારી તેનો વખત જારે સુખ ભોગવવાનો આવીઓ એટલે કે ગોલાબશંકર નાંણાંની એક મોટી રકમ લેઇને પોતાનાં મા બાપને ઘડપણના વખતમાં આરામથી રાખવાને આવેઓ તારે, તે આખાં કુટમબનો નાશ થઇ ગીઓ !!!

જે રાતનાં ગોલાબશંકરને તેની માએ મારી નાંખીને ઘર મધે ડાટીઓ તેને બીજે દીવસે તેની બેહન ચંપાવલી તાંહાં આવી પુગી. ઘરમાં એણીગમથી પેલીગમ જોતાં તેને પોતાના ભાઇની કાંઇએ ઇધાંણી જારે નહી મલી તારે, તે પોતાની માઅને પુછવા લાગી કે, રે માવતર, આપણાં ઘેરમાં ગેઇ કાલે એક મુસાફરે ઉતારો લીધો હતો તે કાંહાં છે? તેની માએ જવાબ દીધો કે તે આજ દીને સહવારનાં અતરેથી નીકલી ગએઓ. આ બોલવા ઉપર તેને ભરોશો આવીઓ નહી. એ ઉપરથી તેણે પોતાના બાપને પુછીઉં; પણ તેણેબી તેને એવોજ જવાબ દીધો, તારે તે બોલી કે રે વરધપ બાપ, તેતો મારો ભાઇ ગોલાબ હતો તારે તે ઘેર છોડીને વલી કાંહાં જાએ? આ વાત શાંભલવાથી ડોશાએ ફોક મેલી અને દીકરીને સઘલો એહવાલ કહી શંભલાવીઓ. આ વાત જાંણવાથી ચંપાવલીએ કુવામાં પડી આપઘાત કીધો, અને દેવશંકરે ગલાંમાં ફાંશી ખાઇ પરાંણ બોહેઓ. પોલીસને ખબર પડવાથી દેવશંકરની બાએડીને પકડી લેઇ ગએઆ, અને ઇનસાફ કરી તેને ફાંસોની સજા કીધી, અને એક મુકરર દીવસે ફાંસીની જગોએ લેઇ ગએઆ. આ વખતે એક વેરાગી મુસાફર તાંહાં આવી પુગો અને તેણે એક ઘરડી ડોશીને ફાંસી દેવા લઇ જતાં જોઇ, જે પોતાના આખાં કુટંબનો નાશ થવાની આગથી મોટું રૂદન કરતી હતી. વેરાગીએ ડોશીની આગલ જઈ તેને પુછીઉં કે બાઇ તુંને શા માટે ફાંસી દેવા લઈ જાએછે? ડોશી બોલી કે રે સુને આસી બાવા

**હાથનાં કીધેલાં હઈડે વાગેચ.**

## ૮૧

# આલસુનો પાદશાહ !

મથુરાં નાંમે એક શેહરનો પાદશાહ ઘણો દએઆલુ હતો; અને પોતાની રઇઅત મધેથી જેઓ કંગાલ હોએ તેઓની હાલત ઉપર હંમેશાં તે ધીઆંન આપતો હતો, એ શેહરમાં બે આલસુઓ રેહતા હતા, જેમાં એક માંમો, અને બીજો તેનો ભાંણેજ હતો. એ બંધે પુરૂશો એટલા તો આલસુ હતા કે ઘણીવાર ખાવાના વખતનીબી દરકાર કીધા વગર માતરે સુઇ રેહતા હતા. એ બંધે આલસુઓ કાંઇ ધંધો નહી કરવાને લીધે પાછલથી ભુખે મરવા લાગા, જે બીના વીશેની રાજાને ખબર પડી. એ ઉપરથી રાજાએ બંધે માંમાં ભાંણેજોને પોતાની નજદીક બોલાવીઆ, અને કાંઇ ધંધો સોંધી ગુજરાંન ચલાવવાને કહીઉં. તેઓએ રાજાને જણાવીઉં કે અમોને ધંધો કરવાની કસી ફીકર નથી. ઇશવર જેમ રાખશે તેમ રહીશું, રાજાએ પોતાના મેહલની સાંમણેનું એક ઘેર ખાલી કરાવીઉં, અને તે મધે તે આલસુઓને રાખીઆ. દરરોજ તેઓને સારૂં તાંહાજ ખાવાનું તઇઆર કરવાને અને તેઓની ચાકરી બજાવવાને એક માનસ તાંહાં રાખીઉં, અને તે ઘેરનું નાંમ આલસુઓની ધરમશાલા કરીને રાખીઉં, આ નાંમનો ફાએદો લુચ્ચા લોકોએ લેવા માંડીઓ ; પાદશાહે તે ઘેરને આલસુઓની ધરમશાલા કરીને જે નાંમ આપેઉં હતું તેથી જે શખસ આલસુમાં નાંમ ખપાવી તાંહાં રેહવા આવે તેનો અટકાવ કરવાને તે શરમ ભરેલું સહમજતો હતો. એમ કીધાથી તો પેલાં આલસુ ખાનાંમાં પચાશથી વધારે માનસો થઇ પડીઆં. તારે પાદશાહે વીચાર કીધો કે આ કાંમ ખોટું થઇઉં છે ; કાંએકે એનો લાભ હરાંમખોરો લેવાંને ચુકતા નથી. પાદશાહે આ કામમાં વજીરની સલાહ લીધી, વજીરે કહીઉં કે એ ઘેરમાં આગ લગાડવી અને પછી જોવું કે આગની ધાશતીથી કીઆ શખસે નાહશી જાએચ અને કીઆ શખસો આગનીબી દરકાર રાખીઆ વીના પડી રેહચ, જેઓ આગની ધાશની કીધા વગર પડી રેહે તેઓનેજ માતરે આલસુ જાણવા, અને તેટલાજ લોકોને એ ધરમશાલાનો લાભ આપવો. પાદશાહને આ સલાહ વાજબી લાગી તેથી ત ઘેરમાં આગ સલગાવવાનો હોકંમ કીધો. આગ લાગવાથી જેઓ લુચ્ચા હતા તે સઘલાઓ

દોડીને નીકલી ગએઆ; પણ પેલા માંમાં ભાંણેજ બંધે જન છેક તેઓની આગલ આગ આવી તાંહાં સુધી પડી રહેઆ. એવો બનાવ બનીઓ કે તેઓનાં ખાટલાથી બે ગજ આગ દુર રહી, તારે ભાંણેજ માંમાંને બોલાવવા લાગો કે—**માં** એ ઉપરથી તેના માંમાંએ જવાબ દીધો કે—**ભાં** તારે ભાંણેજે આગ નજદીક આવવા સંબંધી કહીઉં કે—**આ** મામાંએ જવાબ દીધો કે—**ઉપરથી જા**

આ માંમો અને ભાંણેજ એ બંધે જન એટલા તો આલસુ હતા કે ચાલવા હાલવા અને કાંમ કરવાનું તો રહીઉં, પણ એક બોલ વટીક તેઓ પુરો અને આખો બોલવાની આલસાઇ કરતા હતા. ઉપલી ખીનાનો ખોલાસો એ છે કે જારે તે બંધેનાં ખાટલાની લગભગ નજદીક આગ આવી તારે, ભાંણેજે માંમાંનું આખું નાંમ દેઇ હાક મારવાને બદલે **માં** એવા એક હરફમાંજ પતાવીઉં; તેમજ માંમાંએબી ભાંણેજ કરીને કેહવાને બદલે **ભાં** એવા એક હરફમાં કાંમ ચલાવીઉં. આગ આગલ આવી એવું કેહવાને સારૂં ભાંણેજે **આ** શબદથી સહમજાવીઉં, અને સેવટે તેનાં માંમાંએ તેને કહીઉં કે—આગ આગલ આવીચ તો આપણી ઉપરથી જશે, એટલા બધા શબદોને બદલે **ઉપરથી જા** કરીને જણાવીઉં. આએ દેખાવ જોવાથી પાદશાહને વજીરે જણાવીઉં કે બીજા લોકો જેઓ આલસુને નાંમે એ ઘેરમાં પડેલા હતા તે ખરેખરજ લુછાજ હતા; પણ આ માંમાં અને ભાંણેજને તો **આલશુના પાદશાહ** દાખલ ગણવા જોઇએ, અને એઓનીજ માતરે પરવરશી કરવી જોઇએ; કાંએકે તેઓ ખાવા પીવાની અને કાંમ કરવાની તો આલસ કરેચ પણ આખો બોલ વતીક બોલવાની આલસાઇ કરે છે.

પાદશાહે તુરત આગ હોલવાવી નાંખી અને પેલા બંધે માંમાં ભાંણેજને તે ઘેરમાં રાખી તેઓની જનમ સુધી પરવરશી કીધી!

# ૮૩

# શું મણ શાબુ વાપરીઓ તોબી સીધીભાઇ કાળોનો કાળોજ ?

કપરવંજ નાંમે શેહરમાં કરીમભાઇ નામનો એક વોરાજી રેહતો હતો. એ વોરાની બાએડીનું નામ હસનબુ કરીને હતું. કરીમભાઇ પાસે મોટો દરવીઅ હતો, જે માંહેલો કેટલાએક તેને બાપીકો અને બાકીનો તેણે વેપાર વનજમાં એકઠો કીધેલો હતો. કરીમભાઇની દુકાંન ઉપર, એક દીવસે અરબસતાંનના ગોલાંમી ધંધો કરનારાઓ આસરે ચાર વરસની વએનો એક છોકરો વેચવાને લાવીઆ. કરીમભાઇએ તે છોકરાને પાંતરીશ રૂપીઆ બદલે વેચાતો લીધો, અને તેને પોતાનાં ઘેરમાં રાખીઓ, અને તેનું નાંમ મુરજાંન કરીને રાખીઉં. એ વખતે કરીમભાઇની ઊમ્મર તીસ વરસની હતી; તોપણ તેની પાસે મોટી દોલત હોવા છતાં તેને તાંહાં એક બાલક થઇઉં નહી હતું. મુરજાંન જો કે કાંઇ ચેહરાવંતો નહી હતો; તો પણ તેની ઉઘરતી ખાસીઅત ઘણીજ લાએક માલમ પડવા લાગી, એ ઉપરથી કરીમભાઇની બાએડી હસનબુએ પોતાનાં માંટીને જણાવીઉં કે મુરજાંન એક લાએક છોકરો છે, અને આગલ જતાં તે સારો નીવડે એવું લાગે છે, માટે એને આપણો ગોલામ નહી, પણ આપણા દીકરા દાખલ ઠેરવીએ. કરીમભાઇબી તેની બાએડીનાજ જેવો દએઆલુ હતો, અને તે પણ મુરજાંનની ચાલ ચલણ જોવાથી ખુશી હતો, વાસતે તેણે વીચાર કીધો કે—આપણાં મરણ પછી આપણું નામ કાએમ રાખવાનો સારો મારગ એ સીવાએ બીજો કોઇ નથી, એવું ધારી તેણે પોતાની બાએડીની માંગણી કબુલ રાખી, અને એક દીવસ ઠેરવીને મુરજાંનની સુન્નતની કીરીઆ મોટી ધાંમધુમથી કીધી, અને એ દીવસે મલેલી મીજલસમાં તેણે મુરજાંનને પોતાનો દીકરો કરી લીધો, અને મુલાંજી પાસે મુરજાંનને પોતાનો દીકરો કબુલ કરાવીઓ.

એ વાત જારે તેના જાતભાઇઓએ જાંણી તારે, તેની નેઆત માંહેલા મુસાભાઇ નાંમના એક વોરાએ પોતાની મરીઅમ નામની દીકરીનું કારજ મુરજાંન સંગાથે કરવાને કરીમભાઇ ઉપર માંગું,

મોકલીઉં; કારણ કે મુસાભાઇ અને કરીમભાઇ તેઓની નેઆ-તમાં જેવો પઇસો અને માન ધરાવતા હતા તેવાં માંનને લાએક તેઓની નેઆતમાં બીજો કોઇ પુરૂશ નહી હતો. મુસાભાઇની જે દીકરીનું માંગું • કરીમભાઇને તાંહાં આવીઉં તે છોકરી એટલી તો ખુબસુરત અને રૂપાલી હતી કે તેનાં જેવી રૂપવંતી અસતરી જગ-તમાં થોડીજ હશે. એ ઉપરથી કરીમભાઈ અને તેની બાએડી ઘણાંજ ખુશીમાં આવીઆં, અને મુસાભાઇની માંગણી તેઓએ કબુલ રાખી, અને પોતાની નેઆત માંહેલા બીજા લોકોના કરતાં સરસ ગરેહનું અને કપડાં મુરજાંનની બાએડી મરીઅમને કરી તેઓની શાદી મોટા દમામથી કીધી. •

મુરજાંનને જારથી કરીમભાઇએ દીકરો કરી લીધો તારથી તેણે એવો વીચાર રાખીઓ હતો કે, જો એનાં શરીરને સારી પેઠે સાબુ ચોલીઆમાં આવશે તો, અલબતે એનું શરીર સફેદી પકડશે. એ વીચારથી તેણે મુરજાંનને નાહતી, મોહડું ધોતી અને બીજી સઘલી વખતે શાબુ આંગે ચોલવાને જણાવીઉં હતું. જારે મુરજાંનના લગન એક ઘણીજ ખુબસુરત અને પરીને ચેહરની છોકરી સાથે કીધાં તારે, કરીમભાઇએ બે ચાકરો ઘેરમાં રાખીઆ, અને મુરજાં-નને નહવાડતી વખતે શાબુ લગાડી સારી પેઠે તેનું દીલ ચોરવાનો તેઓને હોકમ આપીઓ, અને શાબુ ખરીદવાને ઠકી પોતાની જાત-વાલા શાબુના એક વેપારી સંગાથે ખાતું પાડીઉં. એ પછી કરી-મભાઇ પોતાનાં કાંમસર સફર કરવાને બાહેર દેશાવર ખાતે ગએઓ, જે કેકાંણેથી લાંમબી મુદતે પાછો પોતાને દેશ આવીઓ. કરીમભાઇ દેશાવરથી પાછો આવીઆ પછી શાબુના વેપારીએ તેની ઉપર શા-બુનો આંકડો મોકલીઓ, જેમાં એક મણ શાબુ કરીમભાઇને ઘેર ખાતે ગએલો તેણે લખીઓ હતો. કરીમભાઇ અચરતીમાં પડીઓ, અને પોતાની બાએડીને પુછવા લાગો કે—**શું મણ શાબુ વાપરીઆ તોબી સીધોભાઈ કારોનો કારોજ ?** તેની બાએડીએ તેને જણાવીઉં કે મેહનત તો ઘણીબી કીધી પણ કાંઇએ સફેદી નીકલી નહી.

મરીઅમની શાદી મુરજાંન સંગાથે કીધી તો ખરી, પણ કસ-હમજને લીધે તે જોરૂં નકાંમું થઈ પડીઉં; કારણ કે મુરજાંનનાં દીલમાં એવી ધાસતો હતી કે તેનું શરીર કાલું છે, અને તેની બાએડીનું બદન ઘણુંજ ગોરૂં છે; માટે તેનું કાલું આંગ જો

તેની બાએડીના સફેદ શરીરને લાગે તો, તેનું રૂપભી કાલું થઇ જવાતું !

એવાં બેસહમજપણામાં ઘણા દીવસ નીકલી ગએઆ, અને તે સત્રેલા વખત સુધી તે જોરૂ પોતાના ઘેરમાં શાશુ શશરા, અને માએ બાપના કબજામાં મોટા અંદાજા સર ચાલતું હતું, અને વલી તે ઉંમરે પુગેલું નહી હતું તેથી તેઓનું કસહમજપણું જલદીથી પરકાશી નીકલીઉં નહી.

એતેફાક એવો બનીઓ કે કરીમભાઇ અને તેની બાએડી હસનબુ એક પછી એક પંદર દીવસને આંતરે મરણ પાંમીઆં, જેથી તે ઘેરમાં મુરજાંન અને તેની બાએડી આપઅખતીઆર થએઆં અને સઘલી દોલત તેવનનાં સવાધીનમાં આવી. એ વખતે મરીઅમ અને મુરજાંન પુરી ઉમરમાં આવીઆં હતાં. એટલું થએઆ છતાં, વોરા લોકોના કાએદા અને કાનુન પરમાંણે મરીઅમબુ પોતાના ભરથાર મુરજાંનને પુછી નહો શકી કે તે તેની સંગાથે સંસાર સુખ શા માટે નથી ભોગવતો, અને શું કારણથી તેનાં શરીરને અડકતો નથી.

એતેફાક એવો બનેઓ કે કોઇ કાંમને સારૂં મુરજાંનને પોતાના શેહેરથી એક દીવસનો વેગલાઇના એક ગાંમ ખાતે જવું પડીઉં. એ વખતે મુરજાંને વીચાર કીધો કે મરીઅમ પુર જુવાનીમાં આવી છે, માટે એને ઘેરમાં એખલી રાખી જવાથી કોઇ ખરાબ પરીનામ નીપજશે; માટે તેને સાથે લેઇને ઘેરથી નીકલીઓ. તે બંધે જના ખાવાનું કરી લેઇને પગે ચાલતાં તે ગાંમ તરફ જવાને નીકલીઆં. અરધો દીવસ ગુજરેઓ તારે, રસતામાં આવેલા એક ઉતારાની જગોએ તે બંધે જનાઓ ખાવાને બેઠાં. ખાઇ રહેઆ પછી મરીઅમબુએ મુરજાંનને એલતેમાસ કીધી કે— આ ખુશનુમા પવનની જગોએ તેને જરા આરામ કરવા ગમે છે; કારણકે રસતામું ચાલવાથી તેને ઘણી થાક લાગી છે. મુરજાંન તેની ઉપર ઘણો પીઆર અને મોહબત રાખતો હતો, વાસતે કમરની પીછોડી કાહાડીને તેને સુવા થકી પાંથરી આપી, જે ઉપર તે સુતી. મરીઅમને પવનની લેહકોથી મીઠી ઉંઘ આવી ગઇ, અને તે પછી તેના પગ ઉપરથી શાડી તથા પગ પરનાં વસતરનો છેડો પવને કરીને ઉંચે ચહડી ગએઓ, જેથી તેનો પગ છેક ઉપર સુંધી

ઉંઘાડો થઇ ગએઓ. જો કે તે જગોએ સુરજાંન અને મરીઅમ સીવાએ બીજું કોઇ હતું નહી, તો પણ સુરજાંનને લાગું કે તેનો પગ ઉંઘાડો થએઓચ એ નકારૂં લાગે છે, અને જો તે પોતાને હાથે વસતર પકડીને પગપર ઢાંકે, અને કદાચ તેનો હાથ મરીઅમજુના અંગને લાગે તો તેનું શરીર કાલું થઇ જશે ! આ સુરખાઇ ભરેલા વીચારથી તે મોટો અંદેશો કરતો બેઠો હતો, એટલામાં એક મોટો અને તે સીનીભાઇના કરતાં ઘણોજ કાલો ભંમરો ભું ભું કરતો તાંહાં ઉડી આવીઓ, અને મરીઅમની શાડી ઉપર બેઠો. સુરજાંન ભંમરાને જોઇને ધાશતીમાં પડેઓ ; કાંએકે કદાચ જોતે શાડી ઉપરથી ઉંઘાડાં શરીર ઉપર આવી જશે તો, મરીઅમજુનું શરીરબી એના જેવું કાલું થઇ જવાનું; એવા વીચારથી તેણે ભંમરાને મરીઅમની શાડી ઉપરથી ઉરાડી મેલવાને ઘણાબી ઉપાએ કીધા, પણ તે સઘલા ફોકટ ગએઆ, અને ભંમરો તો ઝડપથી મરીઅમજુના પગ તરફ ચાલી આવીઓ, અને તેના ઉંઘાડાં સઘલાં અંગ ઉપર ફરવા લાગો. તે એણીગમથી પેલીગમ મરીઅમના સઘલા ઉંઘાડા ભાગ ઉપર ફરીને ઉડી ગએઓ. એ વખતે સુરજાંનની સુધ ઠેકાંણે આવી, અને તેણે વીચારીઉં કે જારે મારા શરીરના કરતાં વધારે કાલો ભંમરો મરીઅમના શરીર ઉપર ચાલી ગએઓ, તેથી તેનું શરીર કાલુ નહી થએઉં તારે, મારૂં અંગ લાગાથી તેનું શરીર કેમ કાલું થશે ; એ વીચાર કરીને તેણે મરીઅમનુ વસતર પકડીને તેના પગ ઉપર ઢાંકીઉં જેથી તેનો હાથ મરીઅમના મખમલ સરીખા શુંમારા પગને લાગો, અને તેથી સુરજાંનનો ઇશક તેની ઉપર ગ્રાલેબ થએઓ, જેથી તે ઝડપથી મરીઅમજુ સાથે સંસાર સુખ ભોગવવાને મંડી ગએઓ. મરીઅમ આ બનાવથી જાગી ઉઠી, અને તેને મોટી ખુશાલી ઉપજી. તે બંધે જના, સંસાર સુખથી ફારેગ થએઆ પછી, મરીઅમે સુરજાંનને ઉપલા બનાવનું કારણ પુછીઉં. સુરજાંને ખોલાસો કીધો, તે સાંભલી મરીઅમે ભંમરાને આશીરવાદ દીધા, અને બોલી કે :—

"વરરે વર, તારી પતાલ જડ, ઉપર અમર છાએઆ,
ઘણું જીવોરે તું ભંમરા, એક સુરખકુ રસતા બતાએઆ."

# ૮૭

# ભેરંમભેરાની જાતરા.

હાલના વખતમાં જેમ અંગરેજ તેમજ પારસી, હીંદુ, મુસલમાંન અને એ વગેરે ગનેઆતના સઘલા લોકોમાં વગર પઢેલા ઉપાધીઆઓ આપણા દીઠામાં આવવાના, અને જારે તેવા ઉપાધીઆઓની હાલત તરફ આપણે જોઇશું તો તે ઘણીજ માઠી માલમ પડવાની; કારણ કે તેઓમાં ધરમ સંબંધી કસું ગનેઆંન નહી હોવાથી ઠગાઇ, તરકટ, અને લુચછાઇથી તેઓને પોતાનું ગુજરાંન કરવું પડેછે. એવા તેઓના અગનેઆનપણાની માંડી અવસથાને લીધે ઘણીવાર તેઓ પોતાનાં કરતુકમાં પકડાઇ આવેછે, જેથી કોઇવાર તેઓને માર ખાવો પડેછે અને કેટલીએકવાર પોતાની પરતીશઠા ખોઇને મુગે મોહડે ચાલી જવું પડેછે.

એવાંજ માઠાં ભાએગનો એક હીંદુ બરાહમણ, જે વગર ભણેલો હતો, તે ગરીબ લોકોને ધરમનો બોધ કરવાને બાંહાંને ઠગાઇ ચલાવી પોતાનું ગુજરાંન ચલાવતો હતો. તે બરાહમણ એટલો તો અપટ હતો કે તેને મહીના, મહીનાની તીથી અને સાત વાર વતીક ગણતાં આવડતા નહી હતા. એ સઘલાની ગણતરીની સહમજ તે બરાહમણે દરરોજ મેલવવા સારૂં જે મોહલામાં તેના જજમાંનો રેહતાં હતાં તે મોહલાને નાંકે રેહનારી એક ડોશીનાં ઘેરની દેવાલ મધેના એક ગોખલામાં વાંશની શલી, અને કાંકરા રાખી મેલીઆ હતા, અને દરરોજ એક કાંકરો અને શલી જુદી પાડીને તીથી અને વારનું નાંમ તે સહમજતો હતો, જે ઉપરથી તે પોતાના જજમાંનોને ઘેર તે તીરથો સહમજાવતો હતો. એમ કરતાં તેણે કેટલાએક વરશ ગુજારીઆં, કારણ કે તેનો કોઇ જજમાંન એવો નહી હતો કે, જે તેની લુચછાઇ પકડી શકે. જે ડોશીનાં ઘેરની દેવાલના ગોખલામાં તે બરાહમણ પોતાનો અસબાબ રાખતો હતો, તે ડોશીને ઘેર એક દીવસે બાહેર ગાંમથી તેનાં કોઇ સગાં આવીઆં, જેઓનો સામાંન મેલતાં, તે ગોખલા મધે એક જને હાથ ઘાલેઓ, જેથી બરાહમણની ગણતરી ભેલાઇ ગઇ. એ જોતાંજ ડોશીએ બુમ પાડી કે—રે ભાઇ, એ ગોખલામાં હાથ નહી ઘાલીશ; કાંએકે એમાંતો બરાહમણની પુંજા પાતરીનો સામાન છે. એ ઉપરથી તે શખસે તે વાતનો ખ્યાલ તે વેલાએ કાંઇજ કીધો

નહી ; કારણ કે પારકા ઘેરમાં લાંમબી પંચાતી કરવાને તેણે વાજબી જોઇઉં નહી. બીજે દીવસે સહવારે બરાહમણ તે ઘેરમાં આવીઓ અને ગોખલામાં હાથ ઘાલી તપાશેઅતો, સઘલી શલી અને કાંકરાં સાથે મેલાઇ ગએલાછે. બરાહમણે વીચ્યાર કીધો કે આજે કાંઇએ ઝડપ કરી હઇથી વટી જવું જોઇએ, અને ડોશીને ઘેરનાં પહરેના પાછા જાએ તાંહાંસુધી આજારીને બાંહાંને ઘેરમાંજ રેહવું ઠીક પડવાનું ; નહી તો માર ખાતાંબી સરવાનું નથી ; પણ તે સાથે જનમના રોટલા ખોઇ બેશવા પડવાના. આ વીચ્યારથી તે બરાહમણ કાંકરા અને શલી પાછા ગોખલામાં નાંખીને ઝડપથી નાહશવા લાગો, એટલામાં ડોશીને ઘેર આવેલા પેલા પહરેનાએ તેને પુછીઉં કે મહારાજ, આજે શું તીથી થઇ? મહારાજે ધારીઉં કે ઓ આબરૂ ગેઇ ; માટે તેણે તાલો કીધો કે ભાઇ મારે મોટું નુકસાન થાએચ તેથી ઉતાવલે ઘેર જઇ આવવું જોઇએ, એવું એ ગોખલા મધેના પરશટણાના મારા હીસાબ ઉપરથી મને માલમ પડીઉ છે ; માટે મને ઉતાવલેથી ઘેર જવા દેવો. પહરેનાએ તેનો હાથ પકડી પુછીઉં કે મહારાજ મારે તીરથ કરવું છે તે સારૂ આજની તીથી શું તેટલુંજ માતરે મને કહીને જતા રેહવો. મહારાજે જોઇઉં કે હવે તો કાંઇ ઇઉકતી કીધા સીવાએ છુટકોજ નથી, તારે તેણે જણાવીઉં કે ભાઇ, આજે તો **ભેરંમ ભેરાની જાતરા** થઇચ. પહરેનાએ બરાહમણને પુછીઉ કે એ જાતરા અમારે ગાંમ તો કોઇ કરતું નથી માટે એ જાતરા તે કેઇ? બરાહમણે ઉત્તર વાલીઓ કે—ભાઇ, એ જાતરાનો ખોલાસો લાંમબો છે અને હવડાં મને ઘણું કાંમ છે માટે મારેથી થોબી શકાતું નથી, તે સારૂં હું ઘેર જઇ આવીને તમોને સઘલું સહમજાવશ. એટલું કહી તે ઘેર ગએઓ તે ફરીને આવોઓજ નહી. પેલા પહરેનાને ભેરમ ભેરાની જાતરાનું તીરથ જાંણવાને મોટી ઇનતેજારી પેદા થઇ તેથી તેણે પેલા બરાહમણને ઘેર આંણું મોકલીઉં. બરાહમણે જોઇઉં કે જો ગએઓ તો મુવો ! માટે તેણે જણાવીઉં કે—મારા જીવને સુખ નથી તે સારૂં હું આવી શકતો નથી. પહરેનાને તો ભેરમ ભેરાની જાતરા ઓરખવાની ખાહેશજ હતી માટે તે પેલા બરાહમણને ઘેર ગએઓ, અને પેલી જાતરા વીશે તેને પુછવા લાગો. બરાહમણે જોઇઉં કે હવે તો પહરેનો તેનાં ઘેરમાં આવીઓચ માટે તેને

શરમમાં નાંખી સઘલો ખરો ઓલાસો કરૂં. તેણે પહેરોનાને માન આપી બેશાડીઓ, અને હાજતજોગ ચોજો તેની આગલ મેલી, જેથી પહેરોનો મધન થએઓ. એ પછી બરાહમણે તેની આગલ બંધે હાથ જોડી જણાવીઉં કે—મહારાજ, હું તો તીથી અને વાર વટીકબી ગણી જાંણતો નથી, અને તે જાંણવા માટે તમારાં સગાંનાં ઘેરમાંનાં ગોખલામાં તીથીની શલી અને વારના કાંકરા રાખેલા છે તે પેહલાં ગણીઆ પછી હું સહમજ્યુંચ કે આજે ફલાંણી તીથી અને વાર થએઓ. પણ તમો ડોશીના ઘેરમાં આવીઆથી તે શલી અને કાંકરા સાથે ભેલાઇ ગએઆ; માટે તીથી અને વાર કેહવાનો મારો ઉપાએ ખુટી ગએઓ, અને તહમે તો બજીદ થઇનેજ પુછવા લાગા તારે નાચારે મેં ઇઉકતી કીધોકે આજે તો—**ભેરમ ભેરામી જાતરા** થઇ છે. પહેરોનાએ બરાહમણનું ભંડોલ એવું જોવાથી તે મોટી અચરતીમાં પડેઓ, અને તેને મોટો ગુસસો આવીઓ કે ગરીબ રાંડી કુડીઓના મુવાની કીરીઆ વટીક તે બરબાદ કરે છે તેથી તેને મજબુત મારમારીને તાંહાંથી પાછો નીકલીને ડોશીને ઘેર ગએઓ, અને સઘલી વાતથી ડોશી અને બીજાં લોકોને જાંણીતાં કીધાં, જેથી બરાહમણને કોઇએ પોતાને ઘેર ઘાલીઓજ નહી !

## તેરા કુતા મેરી કોહાડી લાએઆ?

મગરેબ નાંમનાં ગાંમમાં બે મુસલમાંનો એક બીજાની પડોશમાં રેહતા હતા, જે મધેનાં એકનું નાંમ જાફેર અને બીજાનું નાંમ ફાજેલ ફ્રીને હતું. જાફેર જાતે નમાનો અને ઉદીઓગી પુરૂશ હતો જે પોતાનાં ઉદીઓગને લીધે પોતાનાં બાલગોપાલ સાથે સુખથી પોતાનો વખત ગુજારતો હતો. ફાજેલ નજરનો બદ, અને વલી તે સાથે હરાંમખોર હતો; માટે પોતાની ખરાબ ચાલથી એખલો અને અટુલોજ પોતાનો કાલ લોકો ઉપર આધાર રાખીને ગુજારતો હતો. જાફેર પોતાનાં ઉદીઓગને લીધે પોતાનાં ઘેરમાં દરરોજ પોતાનાં બચ્ચાંસાથે બેશીને ખોદા જે તેને આપે તે ખાંનું જમતો

હતો. એક દીવસે ફ્રાન્જેલનું મન જાફેરનાં ઘેરનાં ખાંના તરફ દોડીઉં; કારણ કે તેનો તો એજ ધંધો હતો કે હરેક ખાંણાંને લોકોનાં ઘેરમાં જઇ જમીને એણીગમથી પેલીગમ ભટકીને પોતાનો કાલ કાહડવો. એ ઉપરથી ફ્રાન્જેલ જાફેરનાં ઘેરમાં કેમ જવું તેની ઇઉકત શોધી કહાડી. જાફેરે પોતાનાં ઘેરમાં એક કુતરો પાલેલો હતો, તે ઉપર ફ્રાન્જેલનું ચીત લાગું, અને તેણે વીચારીઉં કે આ કુતરાનું બાહાનું લઇને જાફેરને તાંહાં ખાંનું ખાવાને વખતે જો હું જવશ તો ખાંનું ખાવાને મલી આવવાનું. જાફેર રાતનાં જારે ખાનું ખાવા બેઠો તારે, તે વીશેની ખબર ફ્રાન્જેલને માલમ પડી, જેથી ઝડપમાં જાફેરનું બારણું ઉઘાડી ઘેરમાં દાખલ થએઓ, અને જાફેરને પુછવા લાગો કે:—જાફેર ભાઇ, **તેરા કુત્તા મેરી કોહાડી લાએઆ?** જાફેરે ફ્રાન્જેલને કહીઉં કે—ભાઇ મેરા કુત્તા તો કબસે ઘરમેંજ હએ; કોહાડી બોહાડી કુછ મએને દેખી નહીં હએ. એટલું બોલવા પછી તેણે કહીઉં કે—ભાઇ આ ખાંનાં તઇઆર હએ. ફ્રાન્જેલ, "બીસમલ્લા" બોલીને તુરત ખાનાં ઉપર બેશી ગએઓ. ખાંનું ખાધા પછી કાંઇએક ગપપા સપપાની વાત ચલાવીને તાંહાંથી ઉઠી ગએઓ. એજ રીતે ફ્રાન્જેલે દરરોજ જાફેરનાં ઘેરમાં ઉતરી પડવા માંડીઉં. આ બનાવથી જાફેર કાંઇ કંટાલીઓ નહી હતો; કારણ કે તે પઇસાથી સુખી, અને વલી તે સાથે ઇઆરબાજ હતો; પણ તેની બાએડી અદેખી હતી, માટે તેણે પોતાના ભરથાર ઉપર તોફાંન ઉઠાવીઉં કે પારકાને તે દરરોજ શા માટે ખવાડે છે? જો હવે પછી તેને ઘેરમાં ઘાલી ખવાડતા બેશાડશે તો હું ઘેર છોડીને બાહેર જતી રેહવશ. જાફેર જો કે મેહરબાંની ભરેલો હતો, તો પણ બાએડીનાં તોફાંનથી લાઇલાજ થએઓ. તેણે પોતાની બાએડીને કહીઉં કે તે જારે ખાતી વખતે ઘેરમાં આવેચ તારે મને મોટી શરમ પોંહોચેચ, જેથી તેને સાથે બેશાડીઆ વીના ચાલતું નથી. જાફેરની બાએડીએ તેને કહીઉં કે જો આજે આવે તો તારે એકે હરફ બોલવોજ નહી; હું તેને જવાબ આપીશ. રાતનાં ખાંનું ખાતી વેલાએ ફ્રાન્જેલ જેવો ઘેરમાં ભરાઇને જાફેરને પુછેચ કે:—જાફેર ભાઇ **તેરા કુત્તા મેરી કોહાડી લાએઆ?** તારે જાફેરની બાએડીએ એક કોહાડી તઇઆર રાખેલી હતી, તે તેણે ફ્રાન્જેલની ઉપર છુટી મારી, અને

કહીઉં કે—ભાઇ લે, એ તેરી કોહાડી. ફાજેલ તો બીચારો ખાવાની ઉમેદમાં ગએઓ હતો : પણ જાહેરની બાએડીએ કોહાડી છુટી મારીઆથી તેના પગનો નલો ભાગી ગએઓ, પણ શરમનો મારીઓ મુગે મોહડે તે કોહાડી લેઇને પોતાનાં ઘેરમાં ચાલી ગએઓ. એ દુઃખી લાંમબા વખત સુધી તે હેરાંન થએઓ.

હરાંમખોરો જેઓ ઉદીઓગ કરી શકતા નથી તેઓ લોકોના તાબેદાર અને ઓશીઆળા રહે છે, જેથી ઘણીવાર એવાં માઠાં પરીનામને આધીન થાએ છે.

## સાચને આંચ શાની ?

સીંદુ નાંમે શેહરમાંનાં એક ઘેરમાં એક અસતરી રેહની હતી, જેને એક બીજી અસતરી સાથે મીતરાચારી હતી. ઘેરધનીઆંણીનું નાંમ સતીઉગ કરીને હતું, અને તેની બેહનપનીનું નામ કલીઉગ કરીને હતું. કલીઉગનો ભરથાર પાછનથી મરણ પાંમીઓ, જેથી તે નાચારી હાલતમાં આવી. બંધે બેહનપનીઓને મીતરાઇનો ગાંઠ એવો તો મજબુત થએઓ હતો કે, કલીઉગના માંઠા વખતમાં તેની હાલત સંબંધી સતીઉગને ઘણી દએઆ ઉપજી. તેણે કલીઉગને ઘણો દીલાસો આપીઓ, અને પોતાનાં ઘેરમાં બોલાવી રાખી. સતઇઉગે તેને દેલાશો દેઇ જણાવીઉં કે—બાઇ, મારા ભરથાર વીશે તુંએ કસી ચીંતા રાખવી નહી. જેમ હું તુંને ચાહુંચ તેમજ મારો ભરથારબી તારા ઉપર દએઆ આંણે છે ; માટે જાંહાં સુધી મારા ઘટમાં પરાંણ રેહશે તાંહાં સુધી, સારી રીતે હું તારી બરદાસત લેવશ ; માટે મારી સાથે કોઇબી રીતનો આંતરો રાખીઆ વીના મારાં ઘેરમાં સુખેથી રહીને તું તારો વખત ગુજારજે. ઘણા દીવસ સુધી તેઓએ સારા સંપજથી સાથે રહીને પોતાનો વખત ગુજારીઓ હતો. એ પછી સતઇઉગને તાંહાં એક છોકરાનો જનમ થએઓ, જેને કલીઇઉગ મોટા પીઆર સાથે રમાડવા લાગી, અને જેમ પોતાના બાલકની માવજત કરે તેમ તેની ઉપર તે ચાહ રાખતી હતી. એક દીવસે સતઇઉગના ભરથારે પરદેશ જવાનો ઇરાદો કીધો, અને તેને ચાકરી મલીઆથી પોતાના રસાલા સહીત બીજે

દેશ ગએઓ. સતઇઉગના છોકરાને કલીઉગ ઘણી સારી રીતે રમાડતી હતી, જેથી તે છોકરો પોતાની ખરી માએને ભુલીને કલીઉગની કાંટમાંજ રેહતો હતો, અને તેનેજ માના નાંમથી બોલાવતો હતો. એતેફાક એવો બનીઓ કે અકસમાત બનાવથી સતઇઉગનો ભરથાર મરણ પાંમીઓ, જે વેલાએ તેની બોહરદાર અસતરી સતઇઉગ ઘેર મધેથી બાહેરે ગએલી હતી. આ જોગવાઇનો લાભ લઇને કલીઉગે, સતઇઉગના ભરથારની જે દઇવત હતી તે પોતાના સવાધીનમાં લેઇ મેલી. એ પછી સતઇઉગ બાહેરથી ઘેરમાં આવી. પોતાનાં ઘેરની દઇવત વીશે તેને કલીઇઉગ ઉપર પુરો વીશવાશ હતો; માટે તે સઘલું પડતું મેલી પોતાના ભરથારની માહેતમમાં પડી, અને તેને ઠેકાંણે પાડીઆ પછીબી તેણે કલીઇઉગની એકીનદારી ઉપર પુરો વીશ્વાશ રાખીઓ, અને ઘેરના ખટલા સંબંધી તેણે કસીજ ખટપટ કીધી નહી, અને પરથમથીજ ચાલતા આવેલા રેવાઇઆ પરમાણે, એક ઘેરધનીઆંણીની મુઆફેક ઘેરનું સઘલું કાંમ તે કલીઇઉગ પાસેજ કરાવતી હતી. થોડો વખત ગએઆ પછી કલીઇઉગે પોતાની બેહનપની સતઇઉગ સંગાથે મોટો જઘડો ઉઠાવીઓ અને વગર કારણે તેને સતાવવા લાગી. આ પરમાણે જારે કલીઇઉગે ચાલ ચલાવા માંડી તારે, સતઇઉગે પોતાના ઘેર મધેના માલ મતાનો સંભાલ રાખવાની તદબીર કીધી. એ વખતે કલીઇઉગે તેને પુછીઉં કે—માલ મતા તથા અશકેઆંમત ઉપર તારૂં શું ફુગે છે? તું મારા ભરથારની રાખેલી, અને જારે તે મરણ પાંમીઓ તારે, હવે હું તુંને મારી સંગાથે રાખતી નથી; વાસતે હવે તારે મારાં ઘેર મધેથી બાહેર નીકલવું. એ બધે અસતરીઓ પરદેશી દાખલ તે શેહરમાં તુરતનીજ જઇ રહેલીઓ હતી, અને તેઓના ઘેરમાં કલીઇઉગે ચલાવેલી ચાલ ઉપરથી તેઓના ચાર પડોશીઓ કલીઇઉગનેજ ઘેરધનીઆંણી સમજતાં હતાં. સતઇઉગનો છોકરો પણ તેને તેનાં જાતી નામથી બોલાવતો હતો, અને કલીઇઉગને મા કરીને કેહતો હતો; તેમજ વલી સતઇઉગની પોતાની બેહનપનીને પોતાના બાલક ઉપર તેણે રાખેલા પીઆંરને લીધે તેને માન આપવા સારૂં, જારે તેનો છોકરો રડે તારે, છોકરાને કલીઇઉગ આગલ મોકલતાં બોલતી હતી કે—રે દીકરા "તારી માની પાસે જા," તે તુંને કાંઇ આપશે. એટલું એજ કરીને સતઇઉગ મુગી બેઠી નહી હતી; પણ કલીઇઉગની ઉપર પોતાના ભરથારનો

પીઆર વધારવાની ધારણાથી, તેનું ભેણું બી કલીઇઉગની પાસેજ મોકલતી હતી. જારે તેઓ પોતાનાં દેશથી ઉપલાં શેહેરમાં જઇ રહેઆં તારે, સતઇઉગે ભાડે રાખેલાં ઘેરનું ભાડું પણ તેનાં માલેક સાથે કલીઇઉગની પાસેજ નકી કરાવીઉં હતું. એવી પરકારના માંમલા ઉપરથી, તેઓના પાર પડોશીઓબી એમજ સમજતાં હતાં કે કલીઇઉગજ ઘેરધનીઆંણી છે. એ ઉપરથી સતઇઉગ અને કલીઇઉગ વચે ઉઠેલા ટંટાની વચે પડવાને તેઓને મોટો વીચાર પેદા થએઓ. સતઇઉગ જાતે નરમાશવાલી અને શરમવાલી અસતરી હતી, અને કલીઇઉગ બેરડી અને બેશરમ હતી, તે ઉપરથી તે સતઇઉગને ઘણાજ નીરલાજરા શબદોથી કેહવા લાગી કે—રે રાંડ, હવે તું મારાં ઘેરમાંથી મારો ખીઆલ છોડી નીકલી જા. બીચારી સતઇઉગ લાચાર થઇ; કારણ કે તેની ભોલાઇએ તેને દગો દીધો, જે ઉપરથી તે કલીઇઉગને કાલાવાલા કરી કેહવા લાગી કે—રે બાઇ, મારા ભરથારની પુંજી મધેથી જો તું મને કાંઇ પણ મારાં ગુજરાંણને માટે આપે તો હું ઘેર મધેથીબી બાહેર પડું. કલીઇઉગે મોટું તોફાંન ઉઠાવી કાંઇએક તેને આપીઉં, જે લઇને ઘેર મધેથી બાહેર નીકલવાને તે તઇઆર થઇ, અને પોતાનો સાથે પોતાના પીઆરા દીકરાને માંગીઓ. કલીઇઉગે છોકરો આપવાને ના પાડી, અને જણાવીઉં કે મારો દીકરો હું તુંને કેમ આપું ? સતઇઉગ હવે ઘણીજ લાચાર થઇ, અને પારપડોશીઓ આગલ ફરીઆદ ગઇ, અને કલીઇઉગ અને પોતા વચેના એહવાલથી લોકોને વાકેફ કીધાં. કેટલાએક લોકોએ આ એહવાલ ખરો માંનીઓ, અને તે ઉપરથી તેઓ સતઇઉગની તરફેણ કરવા લાગાં, અને જેઓને એ એહવાલ ખોટો માલમ પડીઓ તેઓ કલીઇઉગની તરફદારી કરવા લાગાં; કારણ કે કલીઇઉગ તેઓ આગલ જુદીજ રીતની મહમજાવત કરતી હતી. સતઇઉગ કેહતી કે તારી સાથે મેં ઘણી ભલાઇ કીધા છતાં સઘની પાંતીથી હું સેવટે હારી બેઠી; પણ મારો છોકરો તો મને આપ. કલીઇઉગ લોકોની આગલ તેને કેહતી કે—મારા ખાવંદની હઇઆતીમાં, મારી છાતી ઉપર મારાં ઘેરમાં રહીને તેની સાથે સંસાર સુખ ભોગવતી હતી. હવે મારો ભરથાર તો મરણ પાંમીઓ માટે તું મારો ખીઆલ છોડ, અને મારા છોકરાને મારી આગલ રેહવા દે. આ ટંટાનું સેવટ જારે ઘેરમેલ નહીજ આવીઉં તારે, તેઓ દરબાર ચહડીઆં. દરબારમાં બંધે તરફની સાખશી લેવાઇ,

જે બંધેનાં દાવા પરમાંણે એક બીજાની તરફેણમાં સરખી રીતે ઉતરી. દરબારનો નીઆએધીશ અદલ ઇનસાફને ચાહનારો હતો, માટે તેણે વીચાર કીધો કે બધેના બોલવાને તેઓની તરફના સાખશોઓથી ટેકો મલે છે, તેમજ બંધે જણાઓની જુબાંની એવી છે કે તે દરએક જનીનો દાવો મજબુત કરી શકે છે, તો પણ બે-માંથી એકની તરફ લુચ્ચાઇ તો હોવીજ જોઇએ, માટે તે પકડવા સારૂ કોઇ હીકમતી કાંમે લગાડવી જોઇએ. તે રાજાનાં વજીરે આ મુકદમાનાં ચુકાદાને માંટે એક ઉપાએ શોધી કાહડેઓ, અને રાજાને જણા-વીઉ કે ધમકી દાખલ જલ્લાદને હોકમ કર કે એ છોકરા ઉપર બે અસતરીઓ દાવો કરેછે; માંટે છોકરાનાં બે સરખા કકડા કરીને એ બંધે અસતરીઓને વેંહચી આપવા. એમ કીધાથી મા દાખ-ખલનો ખરો પેઆર જણાઈ આવવાનો. જલ્લાદને રાજાએ ઉપર પરમાણેનો હોકમ કીધો, જે શાંભલવાથી કલીઇઉગ બોલી કે—કાંઇ ફીકર નહી; **સાચને આંચ શાંની ?** રાજાએ જલ્લાદને હો-કમ કરતાંજ સતઇઉગ રડી પડી અને મોટા ધભરાટથી પોકાર મારી બોલી ઉઠી કે—રાજા, મને છોકરો જોઇતોજ નથી; એને કાપેઆ વગર એ રાંડ તરકટ ભરેલીને તું સુવાધીન કરી દે; મારો ઇનસાફ તારી દેવરીમાં નહી થતો તો ખેર; ઇશવરની દરબારમાંતો બરોબરજ થવાનો. આ બંધે અસતરીનાં એક પછે એક બોલવાથી રાજાની ખાતરી થઇ કે છોકરો તો સતઇઉગનોજ છે. કલીઇઉગે તરકટ કરીને તેનાં હાથ ધોવાડવાની હીકતી લગાડી હતી. રાજાએ છોકરાને સતઇઉગના હવાલામાં આપેઓ, અને કલીઇઉગે જે તરકટ કીધું તેને માંટે તેને દેશનીકાલ કીધી, જેથી સતઇઉગે ખોહેલું સઘલું દઇવન પાછું તેના સવાધીનમાં ગએઉં.

ઠગારા લોકો ગમે એવી હીકતીથી પોતાનું કાંમ સાંધે; પણ અંતકાલે સતીઆતા પોતાનો પરકાશ દીધા વગર રેહતીજ નથી.

## તનખા હરાંમ નેં બચકા હલાલ.

બે વાંણીઆ વેપારીઓ પોતાને દેશથી કાપડ લેઇને બાહેરના ગાંમો ખાતે વેચવા સારૂં જતા હતા. ચાલતાં ચાલતાં મધીઆ

દીવસ ગુજરેઓ, જેથી તેઓએ ખાવાનો ઇરાદો કીધો. આગલ ચાલતાં તેઓએ મોટું ઝાડ દીઠું, જાંહાં ઘણા લોકોએ આશરો લીધેલો હતો. લોકોથી થોડેએક દુર એક ઓરદુ ઉપર જમનાદાસ નાંમે એક વાંણીઓ બેઠેલો હતો. જમનાદાસને એકલો જોઈ પેલા બંધે વાંણીઆ વેપારીઓ તેની આગલ જઇ ઉભા. જમનાદાસે તેઓને આદરમાંન આપી બોલાવીઆ કે ભાઇઓ આવો ; "ફરાલ" કરવા હોએ તો બેશીને કરો, અને ગોટ પાણી પીઓ કે ઠાકેલો જીવ હોશીઆરી પકડશે, અને વલી ચાલવાને પાછી શકતી આવશે. ભાઇઓ મુસાફરીના રસતામાં તો કાંઇબી રીતે શરમાવું નહી જોઇએ; કારણ કે જો તેમ કીધામાં આવે તો ભુખે મરવું પડે. બંધે વાણીઆઓ એક મારગી હતા ; પણ જમનાદાસની મધુર વાંણી શાંભલવાથી તેની ઉપર ભરોશો આવીઓ કે તે કોઇ ભલો અને અકલમંદ આદમી છે, એ ઉપરથી તેઓએ પોતાના માથાં ઉપરથી કાપડના ગાંસડા ઉતારી નીચે મેલીઆ. એક જન જઇને પાણી લેઇ આવીઓ, અને પછે બંધેએ સાથે બેશીને "ફરાલ" કીધા. પાણી પીધા પછી બેશોને તેઓ પાંન શોપારી ખાવા લાગા. એ વખતે તેઓએ જમનાદાસને પાંન શોપારો ખાવાને પુછીઊં, તારે જમનાદાસ બોલીઓ કે—ભાઇઓ, તમો કેહાંથી આવીઆ, અને કાંહાં જવાના. વેપારીઓએ તેને જણાવીઉં કે—ભાઇ, અમો હેડોપોરથી નીકલેલા આવીઆ, અને હવે શુતેપોર તરફ જવાના. ભાઇ, ધંધાને માટે આણીગમથી પેલીગમ ભટકવું પડેછે. આટલી વાત કીધા પછી તેઓએ કાપડના ગાંસડા છોડેઆ, અને કાપડના તાકા સારી પેઠે ગોઠવી મેલીને પાછા ગાંસડા બાંધીઆ, અને બંધે જનાઓએ તે માંથે ચહડાવીને તાંહાંથી ચાલતા થએઆ. તેઓએ કાપડના ગાંસડા છોડવાથી, કાપડના તાકાને નાકેની એક ધારી, જે કાપડ ખરીદીઆ પછી લેનારાઓ ફારી નાખેછે તે તાંહાં પડેલી હતી. એ ચીપ જારથી તાંહાં પડી તારથીજ જમનાદાસે તે જોએલી હતી ; પણ તાંહાંથી પેલા કાપડીઆઓ ઉઠી ગએઆ તાંહાં સુધી તે અંજાણો થઇને બેશી રહેઓ હતો. આસરે અરધા માઇલ સુધી જારે પેલા વેપારીઓ ચાલી ગએઆ તારે, જમનાદાસ પેલી ચીપ લઇને ઉઠીઓ, અને તે વેપારીઓની તરફ ચાલીઓ. જારે તેઓ જમનાદાસને દુરથી દેખાએઆ તારે, મોટો પોકાર મારી તેઓની તરફ તે દોડવા લાગો, અને બોલવા લાગો કે—"અરે ભાઈ

વેપારીઓ, આ તમારૂં કાંઇ રહી ગએઉં, તે લેતા જાઓ." જમનાદાસનો આવાજ શાંભલવાથી વાંણીઆઓ પાછલ ફરીને જોવા લાગા. તેઓએ જમનાદાસને જારે ઘણો દોડતાં, અને મોટા પોકાર મારતાં જોએઓ તારે, તુરત તેઓ ઉભા રહેઆ. જારે જમનાદાસ તેઓની નજદીક પુગો તારે, કાપડના તાકાને છેડેની ધારી (આંતરી) લઇને તે આપવા લાગો. કાપડીઆઓ બંધે ભાઇજ હતા, તે મધેનો એક ભાઇ બોલીઓ કે જમનાદાસ કોઇ ઘણોજ ભલો આદમીછે, કે આ નકાંમી જેવી વસતુબો એણે બાહરેવાટ જવા નહી દીધી, અને મોટી મેહનત લઇને તે આપવાને આવીઓછે. તેઓએ જમનાદાસને શાબાશી આપી પુછીઉં કે ભાઇ તું કહે ગાંમ જવાનોછે. જમનાદાસ બોલીઓ કે ભાઇઓ હું તો ધંધાવગરનો છું, અને રોજગારને માટે બાહેર નીકલીઓચ ; માટે જો સાથે રાખીને તમો કેથે ચાકરીએ લગાડો તો મોટી કુરપા થશે. તે વેપારીઓ મધેથી નાંહના ભાઇને દએઆ આવી કે એવું સારૂં અને એકીનદાર આદમી ચાકરી વીના રજડે છે, જેથી તેણે પોતાના વડા ભાઇને વાત કરતાં કાંણમાં લાગીને કહીઉં કે—શુતેપોર ગએઆ પછીબી તો આપણને ચાકરનો ખપ પડવાનો માટે એનેજ રાખોએ તો ઘણું સારૂં ; કાએકે એકીનનો તો ઘણો ચોખો માલમ પડે છે. છેક આરધા માઇલ સુધી કપડાંની એક ચાંપને સારૂં દોડતો દોડતો આવીઓ છે. વલી બીજું એ કે શુતેપોર અતરેથી ઘણું દુર છે તાંહાં સુધીનો આપણે માથેનો ભાર ઓછો થશે. તેના વડા ભાઇએ એમ કરવાને આંનાકાંની કીધો ; પણ નાંહના ભાઇએ તેને વધારે સહમજાવીઆથી, તેણે જમનાદાસને જણાવીઉં કે—જો તારી ખુશી હોએ તો મારી સાથે કાપડની આ ગાંશડી લેઈને ફરવું. જે અમો ખાઇશું તે તુંનેબી ખવાડીશું, અને દર માસે ચોએ ચોખા બે રૂપીઆનો પગાર આપીશું. જમનાદાસ બોલીઓ કે ભાઇ પગાર તો ઘણોજ થોડો છે ; પણ તેમ કરવાની તમારી મતલબને હું સહમજુચ કે તમારો વીશવાશ મારી ઉપર બેઠો નથી. જાંહાંસુધી તમો મને સારી પેરે વાપરશો નહી તાંહાંસુધી મારી ચોખી દીઆનતદારી પીછાંની શકવાના નથી—તેની કાંઇ ચીંતા નહી ; પણ જારે તમારી ચાકરી તમો ખુશી થાવો એવી રીતે હું બજાવશ તારે, તમો મારો પગાર વધારશો કે નહી ? તેઓએ એ વાત કબુલ કીધી, જેથી જમનાદાસ તેઓની ચાકરીમાં રહેઓ, અને બંધે જનને માથેના

કાપડના ગાંસડા તેણે પોતાને માંથે ચહડાવીઆ. વાંણીઆઓ જાંહાં જાએ તાંહાં તેઓની વચોવચમાં જમનાદાસ ચાલતો હતો. વેપારીઓ શુતપોર ખાતે જઇ પુગા, જાંહાં તેઓ દરરોજ જમનાદાસ પાશે ગાંસડા ઉંચકાવીને પોતાનો ધંધો કરવા લાગા. ઘણા દીવસો વહી ગએઆ, અને એટલા વખત શુધીમાં જમનાદાસે તેઓની ચાકરી એવી તો સારી રોતે કીધી કે તેઓનો વીશવાશ તેની ઉપર મજબુત બેશી ગએઓ. વાંણીઆઓ, જારે શુતપોર મધે ઘણા દીવસ સુધી રહેઆ તારે, તાંહાંના રેહવાસી બીજા વેપારીઓ સંગાથે તેઓને ઓલખાંણ થઇ હતી. એક દીવસે રાતના તે ગાંમમાં કોઇ પરકારનો નાચ હતો, તે જોવા જવાને થકી ગાંમ મધેના બીજા વેપારીઓ, પેલા બંધે ભાઇઓને બોલાવવાને તેઓની દુકાંન ઉપર ગએઆ. તેઓ શુતેલા હતા તેથી હાક મારી ઉઠાડેઆ. બંધે ભાઇઓ વીચાર કરવા લાગા કે જમનાદાસ ઉંઘેલો છે માટે એમજ રેહવા દેઇ બારણા બાહેરથી બંધ કરી જઇએ કે, એને ઉંઘમાથી ઉઠાડીએ. નાધલા ભાઇએ કહીઉં કે આપણે ગએઆ પછી કદાચ ટાલું ભાંજીને કોઇ ચોરી કરી જાએ તો એ શું જાંણે, માટે એને ઉઠાડીએ તો વધારે સારૂં. તેઓએ જમનાદાસને ઉઠાડેઓ, અને જણાવીઉં કે અમો નાચ જોવાને જઇએચ માટે તમોએ દુકાંન અંદરથી બંધ કરી હોશીઆરીથી ઉંઘવું. જમનાદાસે તેઓને હા કહી, જે ઉપરથી તેઓ રવાંનાં થએઆ.

એક તરફથી જમનાદાસના શેઠો નાચ મધે રંગ રાગ કરે છે, અને બીજી તરફથી તેઓની દુકાંન મધેનું ઉંચું કાપડ જમાવ કરીને જમનાદાસ ગાંસડો બાંધવા લાગો, અને સઘલું આતપી લઇને જહડપથી તઇઆર થએઓ. એ પછી એક કાગજની ઉપર મોટા હરફથી જમનાદાસે લખીઉં કે—**તનખા હરાંમ અને બચકા હલાલ.** એ કાગજ તેણે દુકાંનના દરવાજા ઉપર ચોંહટાડીઉં, અને કાંપડનો ગાંસડો લઇને તાંહાંથી ચાલતો થએઓ. વાંણીઆ વેપારીઓ સહવારે દુકાંન ઉપર આવીઆ, અને બારણા ઉપર ચોંટાડેલું પેલું કાગજ વાંચી હસવા લાગા કે જમનાદાસે આ તે શું કોતક કરીઉં છે. રાતના ઉંઘ આવી હશે તે મટાડવા સારૂ જમનાદાસે આ રમત કરી હશે. એ પછી તેઓ બારણું ઠોકવા ગએઆ અને જોએચ તો, જમનાદાસે દરવાજા ઉપર કીધેલી ચેતવણી પરમાણે તે કોઇ ખરોજ ઠગારો જણાએઓ, અને તનખું

આપવા આવીને બચકો લઇ ચાલતો થએઓ ! વાંણીઆ બીચારા બાફલા વગરના થએઆ, અને એણીગમ પેલીગમ દોડ કરીને રડી કુટીને મુંગા બેઠા ; માંટે વાંચનાર હરએક માનસ ઉપર વીશવાશ બેશાડતી વેલાએ ઘણો મોટો વીચાર કરવો જોઇએચ.

## જીસ મુલસેં આએ, ઉસ મુલસેં ગએ, નર્કમેં દો જુતીઆં !

### ચોરને ઘેર ઠગ પહુરોણો.

દલેરખાં નાંમનો એક મુસલમાંન શખસ ચોરીનો ધંધો કરતો હતો, અને એક સોદાગરનાં સરીખો તે દમાંમ રાખતો હતો. તેને ઘણાં ખરા લોકો ચોર નહી પણ કોઇ સોદાગર કરીને સહમજતા હતા ; કારણ કે જે ચોરી તે કરતો હતો તે એવી હીકમતથી કરતો હતો કે ખરે દીવસે, અને માલ ધનીની નજરની સાંમણે જઇને કરતો હતો, પણ તેની હીકમત અને કલાથી પકડાઇ શકતો નહી હતો. જેઓ તેના ધંધા સંબંધી ખબરદાર હતા તેઓ તેને નામીચા ચોરનાં નાંમથી ઓલખતા હતા. તેણે પોતાના છોકરા ચતુરખાંને પોતાના ધંધાની સઘલી તાલીમ આપીને પકો બનાવીઓ હતો. એક દીવસે તે છોકરાને સાથે લઇને પડોશ માંહેલા ચંદર નાંમનાં એક શેહરમાં ગએઓ, અને તાંહાં એક ઘોડાનાં વેપારી ગફલતશાહને તાંહાં પોતાનાં છોકરાને વેચીઓ. એ વખતે તેણે મુસલમાંની પોશાક પેહડેલો હતો. આ વાતને લાંબી મુદત ગુજરી ગઈ, અને પેલા ચતુરખાં છોકરો એટલા વખત સુધી ગફલતશાહ સોદાગરને તાંહાં એવી તો સારી ચાલ ચલાવવા લાગો કે જેથી તેની ઉપર તે સોદાગરનો વીશવાશ બેશી ગએઓ, અને વેપારને માટે તે જાંહાં જતો હતો તાંહાં તે છોકરાને પોતાની સાથે લઇ જતો હતો. કારણ કે છોકરો ઘોડાની પરીખશા અને કીમતમાં તે વેપારીના કરતાં સારૂં ધીઆંન રાખતો હતો. એક દીવસે પેલો નાંમીચો ચોર દલેરખાં એક હીંદુ સોદાગરનું ડોલ ઘાલીને

પેલા ઘોડાનાં વેપારી ગફલતશાહને તાંહાં ગએઓ, અને તેની પાશેથી એક ધણોજ નાંમીચો ઘોડો વેચાતો માંગેઓ. ઘોડાનાં વેપારીએ ચતુરખાંને હોકમ કીધો કે એ વેપારીને પસંદ પડતો એક ઘોડો એને કાહાડી આપ. પેલો ચતુરખાં છોકરો પોતાના બાપ દલેરખાંને ઓલખતો હતો, અને તેની ઠગાઇ ભરેલી મતલબને પુરતી રીતે સહમજી ગએઓ હતો. ચતુરખાંએ એક ધણોજ તેજી ઘોડો શોધી કાહાડેઓ, અને પોતાનાં બાપને એશારત કરી જણાવીઉં કે તારા કાંમને માટે આ ઘોડો ઠીક છે. તે નાંમીચા ચોરે સોદાગરને તે ઘોડાની કીમત પુછી, અને તે કીમત પરમાણે રૂપીઆ ગણીને તેની આગલ મેલઆ. સોદાગરે તે રૂપીઆ લેવાને પેલા છોકરાને હોકમ કીધો. રૂપીઆ લઇને છોકરો તાંહાંજ ઉભો હતો, એટલામાં પેલા નામીચા ચોરે વાંધો કાહાડેઓ કે ઘોડો દોડવામાં શીતાબી ધરાવેચ કે નહી તે વીશે તેની ખાતરી થઇ નથી. ઘોડાનાં વેપારીએ પેલા ચતુરખાંને હોકમ કીધો કે ઘોડા ઉપર બેશીને તેની દોડવાની જહડપ એ ધણીને દેખાડવી. ચતુરખાં રૂપીઆ સાથે તુરત ઘોડા ઉપર બેઠો, અને તે ઘોડાને એટલાતો જોરથી દોડાવી મેલઓ કે તે શેહર મધેથી તે ગુમ થઇ ગએઓ! ઘણો વખત સુધી તેને પાછો આવવાની રાહ જોઇ પણ તે પાછો આવીઓ નહી. પેલા નાંમીચા ચોરે પોતાનાં રૂપીઆ ઘોડાનાં વેપારી પાશે પાછા માંગેઆ, જે તેને મુગે મોહડે આપવા પડેઆ. રૂપીઆ લઇને તે નાંમીચો ચોર પોતાને ઘેર ગએઓ, જાંહાં તેનો છોકરો પેલો ઘોડો અને રૂપીઆની ગાંશડી લઇને ગએલો હતો!

થોડા દીવસ ગએઆ પછી એક ઠગ તે ચોરને તાંહાં પહરોણા દાખલ ગએઓ, અને વાત કરતાં દલેરખાંને જણાવીઉં કે તેને એક ઘોડો જોઇએચ; માંટે ચંદર શેહર માંહેલા ગફલતશાહને તાંહાં તે જાએ છે. દલેરખાં લલચાએઓ, અને જણાવીઉં કે જો તેને ઘોડ જોઇતો હોએ, અને રૂપીઆ ખરચે તો તેની પાશે એક ઘણોજ નાંમીચો ઘોડો છે. ઠગે તેને જણાવીઉં કે તેને જે ઘોડો જોઇએચ તે પોતાનાં શેહરનાં રાજાને સારૂં શેકાર રમવાને જોઇએચ, વાસતે તે દોડવામાં ચાલાક હશે તોજ તપાસીને તે લેશે. દલેરખાંએ તે વાત કબુલ કીધી; પણ લોભે તેને ગફલતીમાં નાંખેઆથી, મતલબને તે કાંઇ સહમજી શકેઓજ નહી. સહવાર પડવાથી દલેરખાંએ ઘોડાને બાહેર કહાડેઓ અને પેલા ઠગે ઘોડાનું સઘલું શરીર તપાસી

જોઇઉં, અને દલેરખાંનો હોકમ માંગેઓ કે—જો તે હોકમ આપે તો, ઘોડાને એણીગમથી પેલીગમ દોડાવીને તપાસી જોએ. દલેરખાંએ હોકમ આપીઆથી પેલો ઠગ પોતાના જોડા જમીન ઉપર કાહડીને ઘોડા ઉપર સવાર થએઓ. થોડા વખત સુધી એણીગમથી પેલીગમ ફેરવીને, એકેદમ દોડાવીને પોતાને વતન નીકલી ગએઓ. દલેરખાં પોંહચેલો હતો માટે તેની મતલબને પાછલથી સહમજીઓ, તેથી મુંગે મોહડે પેલા ઠગારાએ જમીન ઉપર કાહડી મેલેલા કશબી નવા જોડા હાથમાં લીધા કે કાંઇ નહી તો એજ મલીઉં. તાંહાં ઉભેલા લોકો દલેરખાંને પુછવા લાગા કે ઘોડાનું શું ઉપજીઉં ? દલેરખાંએ તેઓને ખરેખરૂં જણાવીઉં કે—**જીસ મુલસે આએ, ઉસ મુલસે ગએ ; નફેમેં દો જુતીઆં !**

## લેણે ગઈ પુત અને ખો આઈ ખશમ !

એક ગાંમમાં કોઇ જુવાંન પઠાંણ રેહતો હતો. તે પઇસા ટકાથી સઘલી પરકારે સુખી હતો ; પણ તેને તાંહાં કોઇ બાલક નહી હતું તેથી તે અને તેની સુંદર ચેહરાની અસતરી ઘણાંજ ઉદાશ રેહતાં હતાં. બાલકના વેહમથી તે પઠાંણ એટલો તો દેવાંનો થએઓ હતો કે—જો કે તે જાતે મુસલમાંન હોવા છતાં, બાલક મેલવવાની આશાથી હીંદુઓનાં દેવ દેહડાંની માંનતા કરવાનેબી ચુકતો નહી હતો, અને તે કારણસર પઇસા ખરચવાને કસી રીતે બખીલાઇ કરતો નહી હતો. પઠાંણની એવી હાલતનો લાભ લઇને એક ધુતારાએ તેને ઠગેઓ, અને જણાવીઉં કે એક વેરાગી, જે ગાંમની પડોશ મધેનાં એક જુહુફડાંમાં ધુંઇ નાંખીને રેહ છે તે અસતરીઓને એક માસ સુધી દર રોજ રાતનાં પોતાની સાંમણે બેશાડી મંતર ભણાવેચ તે ઉપરથી તે અસતરીને બાલકનો જનમ થાએ છે. આ વાત વેહમી પઠાંણે ખરી માંની અને પોતાની બાએડીને તાંહાં લઇ ગએઓ, અને પેલા વેરાગી આગલ પોતાનો એહવાલ કહેઓ. વેરાગીએ તેને જણાવીઉં કે જો તું મારી ઉપર પુર

વીશવાશ રાખતો હોએ તો, એક માસ સુધી રાતની વેલાએ દર રોજ તારી બાએડીને મંતર ભણાવવા સારૂં મારે તાંહાં એખલી મોકલેઆ કરજે. એવાં કાંમને સારૂં હવડાં બે બાએડીઓ મારે તાંહાં આવે છે, જેઓ તાંહાં બેઠેલી હતી તે પઠાંણને દેખાડી. પઠાંણે વેરાગીની ઉપર વીશવાશ પકડેઓ, અને તેના કેહવા પરમાણે દર રોજ પોતાની બાએડીને બાલક મેલવવાની આશાથી તે વેરાગીને ઘેર મોકલવા લાગો. વેરાગી ધુતારો હતો ખરો, પણ પતીવરતાપણાંને ઘણીજ સારી રીતે જાલવતો હતો, અને તેને તાંહાં જતી અસતરીની લાજનો પુરતી રીતે સંભાલ કરતો હતો. એક દીવસે પઠાંણનાં દીલમાં પેલા વેરાગીની સતીઅતા સંબંધી સંધે આવીઓ, જેથી રાતનાં પોતાની બાએડીની પછવાડે છુપી રીતે ગએઓ, અને પેલા વેરાગીનાં જુહુફડાંની પછવાડે છુપી રીતે ઉભો રહીને અંદરનો દેખાવ જોવા લાગો. પેલી અસતરીના હાથમાં માલા આપી. અને વેરાગીએ દેવતાની સાંમણે બેશાડી અને ઇશવર સમરન કરાવવા લાગો, અને પોતે પીશાબ કરવા થકી બાહેર નીકલીઓ. જુહુફડાંની પડોશમાં તેણે પેલા પઠાંણને ઉભેલા જોએઓ; પણ અંધારી રાતને લીધે પઠાંણને ઓલખી શકેઓ નહી, અને એવું સહમજીઓ કે કોઇ લુટારો પુરૂશ આ અસતરીઓનું જેવર લુટવાની ઇઉકતીથી અતરે આવેઓ છે, એવું ધારી મુગે મોહોડે પાછો જુહુફડાંમાં ગએઓ, અને તલવાર લઇને પેલા પઠાંણનું દોકું કાપી નાંખીઉં. પેલી અસતરી પોતાને ઘેર પાછી ગેઇ, અને પોતાનાં ભરથારને ઘેરમાં નહી જોવાથી તેની શોધને માટે નીકલી. સહવારનાં માલમ પડીઉં કે તેનાં ભરથારને તો પેલા વેરાગીએ કતલ કીધો હતો, જે દેખાવ જોવાથી અસતરી ફોક મુંકી રડી કે—**લેને ગઇ પુત જો આઇ ખશમ !**

# લાકડાંનાં દેવને ખાશડાંની પુંજા.

## બરાહમણોની ઠગાઈ.

અંમત નાંમે એક કશબામાં હીંદુ લોકોની મોટી વસતી હતી. એ કશબા મધે એક દેહરૂં હતું, અને તે દેહડાંની મુહુરતાની

પુંજાને માટે શાંમલભટ નાંમે એક બરાહમણ રેહતો હતો. શાંમલભટને તાંહાં બે દીકરા હતા. એક દીકરાનું નાંમ રાંમભટ અને બીજાનું નાંમ ગાંમભટ કરીને હતું. ગાંમભટ સવભાવે સારો અને લાએકીવાલો હતો, જેથી તેની ઉપર કશબાના લોકોના મોટી ભાગનો વીશવાશ બેઠેલો હતો. રાંમભટ લુચછાઈ, લફંગાઇમાં અને તાલીમખાનાંઓમાં ફરતો હતો, જેથી તેણે ઘણાએક લુચછાઓને પોતાના મીતર કરી લીધા હતા. એક દીવસે શાંમલભટ મરણ પાંમીઓ. એ પછી થોડા દીવસ સુધી દેહડાંના પુંજારા દાખલનું કાંમ ગાંમભટે રાંમભટની સાથે રહીને ચલાવીઉં. ગાંમભટ આખો દીવસ પુજાનું કાંમ દેહડાંમાં બેશીને કરતો હતો, અને તે સાથે તેને પોતાના ઘેર મધેના ખરચ ખુટણ અને લાવવા લેવાનું કાંમબી કરવું પડતું હતું; પણ રાંમભટ કાંઇજ કાંમે લાગતો નહી હતો. અને જાંહાં ગમે તાંહાં ફરેઆ કરતો હતો. ગાંમભટની બાએડીએ ઘરમાં તોફાન ઉઠાવીઉં કે મારો માટી રલે અને દેર તથા દેરાંણી શા માટે ખાએ? એ ઉપરથી ગાંમભટેબી તે વાત કબુલ કીધી, અને પોતાના ભાઇને અને તેની બાએડીને જો રાંમભટ સાથે ધંધો નહી કરે તો, ઘરમાંથી નીકલી જવાને કહીઉં. ગાંમભટ નમાનો અને અશીલ હતો; પણ રાંમભટતો લફંગોજ હતો; માટે તેણે પોતાના ભાઇ ગાંમભટનેજ મારીને તેની બાએડી સહીત ઘર અને દેહડાં મધેથી બાહેર કાહડી મેલીઓ, અને ફરીને જો તે ઘર અને દેહડાં ઉપર દાવો કરે તો, વધારે મારવાની તેને ધમકી આપી. ગાંમભટ જાતે નમાંનો તેથી તેણે દેહડાં અને ઘેરમાં જવાનો વીચાર બીલકુલ છોડી દીધો, અને પોતાનાં ઘેર મધે પલંગનો એક પગ હતો તે લઇ તેને સીંદુર અને તેલથી લપેટઓ, અને શરાવણ માસના એક સોમવારને દીને તેને એક લાલ કપડું હોરાડીને કશબાની તરફથી દેહડાંની નજદીક એક જગા કરીને જઇ બેઠો. દેહડાંની પુંજા કરવા જવા સારૂં જે હીંદવાંનીઓ તે રસતે આવે તેઓને ગાંમભટ પોતાના પલંગનો પગ, જેને એક માહદેવ દાખલ તેણે ઠોકી બેશાડેઓ હતો તેની પુંજા કરવાને એવી રીતે બોલાવતો હતો કે—

**આવોરે બાઇઓ; આ છે પેલા મહાદેવજીનો નાંહનો ભાઇઓ; એનું નાંમ છે પલંગનો પાઇઓ.**

કશબાનાં લોકો ગાંમભટ તરફ સારી નજરથી જોતાં હતાં, તેથી તે સઘલાંઓએ દેહડાં માહેલા દેવની પુંજા પડતી મેલીને પેલા

ગાંમભટના પલંગના પઇઆની પુંજા કરવાને જવા લાગાં, જેથી રાંમભટે પોતાના ભાઇ પાશેથી છીણવી લીધેલાં દેહડાં મધેની બીલકુલ કમાઇ બંધ થઇ ગઈ. રાંમભટે પોતાના ભાઈનાં ભવીશની અદેખાઇ કીધી, અને એક સોમવારને દીને તે ગાંમભટની બેઠકમાં ગએઓ, અને ગાંમભટની પાશેથી પેલા પલંગના પઇઆને છીનવી લીધો, અને દેહડાંનાં ઓટલા ઉપર લેઇ જઇ મેલીઓ, અને જો કોઇ પુંજાને માટે આવે તેઓનાં દેખતાં પેલા પલંગના પઇઆ ઉપર ખાશડાં મારીને બોલવા લાગો કે—**લાકડાંના દેવને ખાશડાંની પુંજા અને પથરના દેવને માનસની પુંજા.**

## રાજાને ગમી તે રાંણી, ને છાંણાં થાપતી આંણી.

બાંનશલડા નાંમે એક મોટાં અને રસીલાં પરગણાં મધે અમીરશીંઘજી નાંમે એક રાજકુંવર રાજ કરતો હતો. એ રાજા જાને હુશીઆર અને ચપલ બુધીનો હતો. જો કે એ રાજા સારા અને માંદા ગુણોને જુદા પાડી જાંણતો હતો; તોપણ રજપુતોની ખવાસ ઉપર ઘણો વખત સુધી તે ધીઆન આપતો હતો, જેથી તેના સારા ગુણો પાણીમાં દુબી જતા હતા. એ રાજા એક નાંમીચા રજપુતની દીકરી સંગાથે પરણેલો હતો, જેને પેટે એક બાલક જનમીઓ હતો. એ બાલક ઘણોજ ખુબસુરત હતો, અને તેને શેરસીંઘ કરીને નાંમ આપીઆમાં આવીઉં હતું. એ બાલક આસરે પાંચ વરસની ઉંમરનો થએઆ પછી તેની માવતર મરણ પાંમી હતી. એ પછી રાજાને સારૂ બીજાં ઘણાએક નાંમીચા રજપુતોની દીકરીનું માંગું આવીઉં, પણ તે સઘલી જગોની માંગણી રાજાએ રદ કીધી હતી. એક દીવસે અમીરસીંઘજી શીકાર રમવાને સારૂ નીકલીઓ. જંગલમાં ગએઆ પછી તેણે એક હરણને દુરથી દીઠું, જેને મારવા સારૂં તેણે હરણની તરફ ઘોડો દોડાવીઓ. હરણે જોયો ઘોડાને પોતાની તરફ દોડતાં જોએઓ તેવુંજ તે ફલંગ મારતું આગલ

વધી ગએઉં. આ બંધેની દોડાદોડીથી રાજા ઘણો દુર નીકલી ગએઓ, જાંહાં હરણ થાકી ગએઆથી રાજાની બંદુકનો ભોગ થઇ પડીઉં. રાજાપણ ઘણો થાકી ગએઓ હતો, અને વલી રાતનો વખત થએઓ હતો. રાજાને ખબર નહી હતી કે તેણે જંગલમાંથી પોતાનાં મકાંન તરફ કીએ રસતે જવું. તેણે હરણને ઘોડાની પીઠ સાથે બાંધી લીધું, અને વગર ધારણાથી ઘોડાને આથમણ તરફ દોડાવીઓ. થોડા વખતમાં એક ગાંમડું આવીઉં, જેના પાદરમાં એક ખુબસુરત ચેહરાની અસતરી બેશીને છાંણાં થાપતી હતી. રાજા તે અસતરીને જોઇ તેની ઉપર મોહીત પડીઓ. અને તેની પાસે પીવાનું પાણી માંગીઉં. અસતરી જહડપથી ઉભી થઇ, અને પોતાના હાથ સાફ કરી એક જુફડાંમાં દાખલ થઈ. થોડા વખતમાં એક સુંદર અને ઝલકતા લોટામાં પાંણી લાવી, અને રાજાને આપીઉં. પાંણી પીધા પછી રાજાએ તેને પુછીઉં કે—તું પરણેલી છે કે નહી? અસતરીએ જણાવીઉં કે—મારૂં માંગુ ઘણી જગોએથી આવીઉં પણ મારી મરજી પરમાંણે મને ભરથાર મલતો નથી; વાસતે હું તે માંગણી કબુલ રાખતી નથી; કાંએકે મારાં ઘેરમાં હું પોતે મુખતીઆર છેઉં, સાથી કે મારો બાપ મરણ પાંમેલો છે, અને મારી મા છે તે આંખે અપંગ છે. રાજાએ તેને પુછીઉં કે જો હું તુંને પરણવા માંગું તો, મને ભરથાર દાખલ કબુલ રાખશે કે નહી? અસતરીએ જણાવીઉં કે તારા ચેહરા અને બોલચાલ ઉપરથી હું તારી ઉપર લલચાઇ છેઉં; પણ તું કેઇ જાતનો છે તે હું જાંણુતી નથી; કાંએકે હું તો ઢેડ ગરૂરાની જાતની છેઉં; માટે તારીથી મને પરણી શકાશે કે નહી? રાજાએ તેને જણાવીઉં કે હું તો રજપુત બચો છેઉં, અને બાંનશલડા નાંમે પરગણાનો રાજ કરતા છેઉં; પણ જો તું મને પસંદ કરતી હોએ તો, મારા ઘોડા ઉપર ચહડી બેશ; હું તુંને મારી મોહરદાર દાખલ મારે ઘેર લઇ જાઉં. તે અસતરી એક તો રાજા ઉપર મોહીત થએલી હતી, જેથી તેનાં ઘશકે તેને દેવાંની કીધી, અને વલી બીજું એ કે રાજા સરીખા તેને ભરથાર મલીઓ તારે તે આંધલી માએ અને મુવા બાપની દરકાર કાંહાંથી કરે. તે સઘલું પડતું મેલીને તુરતજ ઘોડા ઉપર ચહડી બેઠી, જેથી રાજા અને તે અસતરી બાંનશલડા તરફ નીકલી ગએઆં. આ દેખાવ તે અસતરીનાં ગાંમ મધેના એક ઢેડાએ દીઠો હતો; તેમજ કેટલીએક બોલ ચાલ તેણે શાંભલી હતી, જેણે

તે ખબર તે અસતરીની માએ આગલ કહી. એ ઉપરથી એ અસ-તરીની માએ બાંનશલડા ગાંમમાં એક પેગામ મોકલીઓ, અને પોતાની બરદાસત કરવાને પોતાની દીકરીને અરજ કીધી, અને તેને જણાવીઉં કે જારે તું સુખવાસી થઇ તારે, હવે મને તારી આગલ બોલાવી લેએ. તે અસતરીએ આ પેગામ શાંભલી વીચાર કીધો કે તેની જાત તો ઢેડાના ગરરાની છે, અને ઇશકનાં દેવાં-નાંપણાંથી રાજા તેને ઉંચકી લાવીઓ છે; પણ જાત અને નેઆ-બની ખબર ગાંમમાં કોઇને મલો નથી; તેમજ તે વીશે કોઇ જાં-ણીતું થવાનુંબી નથી, વાસતે જો તેની માએને તે પોતાની પાસે બોલાવશે તો સઘલો ભરમ ખુલી જવાનો; કાંએકે રાજાએ તે સરવેને કહીઉંચ કે એ એક નાંમીચા રજપુતની દીકરી છે, જેને તેના બાપની મરજીથી તે પરણી લાવીઓ છે. એ ઉપરથી તેણે પોતાની માએને સારૂ ખરચવાને મોકલાવીઉં, અને તે પછી વારે-ઘડીએ ખરચ મોકલવાને જણાવીઉં, અને જો તે તેને પોતાની પાસે બોલાવે તો ઉપલો ભરમ ખુલલો થાએ, એવો તેને સંદેશો જણાવીઓ. ઘણા દીવસ નીકલી ગએઆ પછી તે અસતરીને હંમેલ રહેઆ, અને તેણે એક ખુબસુરત છોકરાને જનમ આપીઓ, જેને બહાધરશીંઘ કરીને નાંમ આપીઉં. એ વખતે રાજાની આગલી અસતરીના છોકરા શેરશીંઘની વએ અગીઆર વરસની થએલી હતી. કેટલાંએક વરસ સુધી અમીરશીંઘજીએ પોતાનું રાજપાટ સારી રી-તીથી ચલાવીઉં; આ અરસામાં તેની નવી અસતરીએ પોતાથી બનતી કોશેશ કરીને પોતાના બાલક બહાધરશીંઘની તરફ રાજાનું પરીત ખેંચીઉં, જેથી શેરશીંઘનું દીલ દુખાવા લાગું. શેરશીંઘ ઘણો હોશીઆર અને અકલમંદ હતો, અને તેણે સારી કેલવણી લીધી હતી માટે આ અદેખાઇ વીશે તે જાહજી દરકાર રાખતો નહી હતો. શેરશીંઘે કીધેલી શોધ ઉપરથી તેની નવી માએની જાત સંબંધી તેને ખબર પડી હતી; પણ તે વીશે તેને કશી ચરચા કીધી નહી હતી. જારે શેરશીંઘ બાવીસ વરસનો થએઓ તારે, તેનો ભાઇ બહાધરશીંઘ અગીઆર વરસની વએને પોહોંચીઓ હતો. એ અરસામાં તેની માએ પોતાનો વગ ચલાવીને રાજાને સહમજા-વીઓ. કે તારૂં રાજ બહાધરશીંઘને સવાધીન કર. આ વાત રાજાએ કબુલ રાખી. અને પોતાના અમીર ઉમરાઓને તે વીશેની ખબર આપી. અમીર ઉમરાઓ આ ખબર શાંભલવાથી દલગીર થએઆ,

કાંએકે તેઓનો પીઆર શેરશીંઘ ઉપર ઘણો હતો, અને શેરશીંઘ સઘલી પરકારે રાજ ચલાવવાને લાએક હતો, અને બહાધરશીંઘનાં ગુણ તેની .માએનાં તોખમ તરફ ઉતરેલા હતા. તે સાથે આ બાબેની ચરચા થએઆથી, શેરશીંઘે બહાધરશીંઘની માએની તોખમ સંબંધી કીધેલી બોલની ખબર અમીર ઉમરાઓને થઇ, જેથી તેઓને માલમ પડીઉં કે બહાધરશીંઘ રાજ ચલાવવાને બીલકુલ લાએક નથી; કારણકે તેની માએ તો ઢેડાના ગરૂરા, ઇઆને ઢેડાનાં બરાહમણની દીકરી છે. એ ઉપરથી અમીર ઉમરાઓએ પોત પોતામાં મનસુબો કીધો, અને એક દીવસે એક ખાંનગી સભા બોલાવી, જેમાં તે પરગણાં મધેના મોટા વેપારી અને સાહુકાર લોકોબી સામેલ થએઆ હતા. એ સભામાં તેઓએ એવો ઠેડાવ કરીઓ કે રાજાએ બહાધરશીંઘને રાજ આપવાની જે ગોઠવણ કીધીચ તે બાબે તેને સહમજાવવો, અને શેરશીંઘને ગાદી ઉપર બેશડાવવો. આ વાત જો રાજા કબુલ નહી રાખે તો, આપણો પુરતો વગ ચલાવીને સઘલી લશકરી ફોજને રાજાની સાંમણે ઉભી કરવી, અને લડાઇ ઉઠાવી રાજાને દેશ મધેથી નહસાડી શેરશીંઘને ગાદી આપવી.

આ ઠેડાવ તેઓએ શેરશીંઘને જણાવીઓ. અને કહીઉં કે હવેથી તમો અમારા રાજા થાઓ, જેથી શેહરની રઇઅતમાં હોલી બેદીલી બેશી જાએ. શેરશીંઘે તેઓને ઉત્તર વાલીઓ કે જે કાંમ કરવાની મારા બાપની મરજી નહી તે કાંમ હું કદી કરી શકવાનો નથી. મારા બાપે જે ઠેડાવ કીધો તેને માન આપવાની મારી ફરજ છે. તે મને રાજ ગાદી નથી આપતો, અને બહાધરશીંઘને આપેચ તો તેબી મારોજ ભાઇ છે; માટે મારે દલગીરી કશી નથી. અમીર ઉમરાઓએ કહીઉં કે જે અસતરીને પેટથી બહાધરશીંઘે જનમ લીધોચ તે અસતરી રજપુત બચી નહી, પણ ઢેડાનાં ગરૂગાની દીકરી છે, અને વલી રાજા કાંઇ તેને પરણી લાવીઓ નથી; પણ એક વેશીઆ દાખલ તેને લાવીને રાખેલો છે, તેનેથી જનમેલો છોકરો રાજ ચલાવે અને લગણના પવીતર ગાંઠથી બંધાએલી ખરી માહરદાર અસતરીથી પેદા થએલા હકદાર છોકરાનો હક લુટાએ, એ દેખાવ જોવાને અમો રાજી નથી. શેરશીંઘે તેઓને ધીરજથી સહમજાવીઆ, અને રજવાડાની રીતભાંત અને રાજાઓની ચાલ ચલણ સબંધી તેઓની આગલ એક શુભાખીત ભાશાંણ કરી શંભલાવીઉં

અને તેમાં તેને જણાવીઉં કે, **રાજાને ગમી તે રાંણી, ને છાંણાં થાપતી આંણી.** માટે રે અમીરજાદાઓ, એ અસતરી ગમે તેવોબી નીચ વરણની હોએ, પણ જારે રાજા તેને પસંદ કરી લાવીઓ તારે, તે નેકાહ કીધા વગરની હોએ, તોબી તેને રાંણી દાખલજ ગણવી જોઈએ; કારણકે રાજા તેને રાંણી દાખલનો સઘલો દરજજો આપી ચુકો છે, વાસતે ઓ ઉમરાવજાદાઓ, તમોએ જે ડેઉાવ કીધોચ તે જો કે વાજબી છે, તો પણ તે અકલની દલીલથી ઉલટો છે, અને તેની ઉપર અમલ કીધાથી રાજની પાએમાલી સીવાએ બીજું કસું સારૂં પરીણામ નીપજી શકે નહી. જો તમો લશકર ફેરવીને મારા બાપને શેહર મધેથી નહશાડો, અને મને ગાદીએ બેશાડો, તો શું મારા બાપને બીજી ફોજ મલી નથી શકવાની ? વલી તે બીજી ફોજ ઉભી કરીને પાછો રાજ ઉપર ચહડી આવે, જેની સાથે લડાઇ કીધાથી પરજાનાં જાંન માલની ખરાબી થાએ; તે કરતાં બેહતર એજ છે કે બહાધરશીંઘ રાજ કરે અને અમો બધે ભાઇ સંપથી રહીએ, જેથી પરેજાનાં હકમાં ફાએદો થાએ.

## ઘેરની કસર, અને વાંહાંણની સફર.

મીઆંખાંન નાંમે એક વોરાજી કપરવંજ શેહરમાં રેહતો હતો. એ જાતે નમાંનો અને મીલનસાર હતો, અને વલી તે સાથે ધીરા સવભાવનો અને સઘલી પાંતીએ સહમજુ હતો. મીઆંખાંનથી ઉતરતા તેના બીજા તરણ ભાઈ હતા, જેઓને પોતાનાં બાપના મરણ પછી મીઆંખાંને સંપોવીને પોતાનીજ સાથે રાખીઆ હતા. મીઆંખાંનનો બાપ પોતાની છેલી ઘડીએ પોતાના ચાર દીકરાઓ સીવાએ કાંઈબી પઇસા મેલી ગએઓ નહી હતો; પણ મીઆંખાંન જાતે હોશીઆર હોવાથી પોતે નાંધલો સરખો વેપાર કરીને પોતાનાં કુટુંબ સાથે પોતાનું ગુજરાંન ચલાવતો હતો. મીઆંખાંન પોતાના ઘેરમાં જે કસર કરતો હતો તે ખરેખર હસવા જોગ હતી. એક દીવસે મીઆંખાંન નાશરી, ધઆને પા પઇસાની ગોવારફલી રાતનાં ખાવા સારૂ ઘેરમાં લાવીઓ, અને તેમાં દમડીનું ધઆને એકપઇસાના આંઠમાં

ભાગનું તેલ, અને દમડીનો મસાલો નખાવીને તેને રંધાવી. રાતનાં મીઆંખાંને પોતાને હાથે પોતાનાં તરણ ભાઇ સાથે પોતાનું ભાણું કીધું, અને સઘલા જનાઓ એકઠા જમવા બેઠા. મીંઆંખાંને સરવેને જણાવીઉં કે—જો આપણે કસર કરીશું તો પાછલથી સુખી થવાનાં, માટે મેં ખાંઉં તેમ તમારે પણ ખાવું અને મેં ચાલું તેમ તમારેખી ચાલવું. મીઆંખાંને રોટલીનો ટુકડો ભાંજીને મોહડાંમાં ઘાલીઓ, અને ગોવારફલીમાં આંગલું ઘાલીને તે ચાટીઉં! અને બોલીઓ કે—વાહ, ગોવારફલી બહુ ખાસ બની છે. એજ પરમાણે તે રોટલી ખાઇને ગોવારફલીમા આંગલું બોરી ચુસતો હતો, જેને જોવાથી ઘેરનાં સઘલાં માણસોખી તેમ કરવા લાગાં. એમ કરતાં રોટલી તો ખવાઇ ગઇ, પણ ગોવારફલી તો અનામત રહી. જમી રહેઆ પછી મીઆંખાંન બોલીઓ કે—જોવો મારી મુઆફક ખાધાસી કેટલો ફાએદો થએઓ. આપણે ચારો ભાઇઓ પેટ ભરીને જાણે આંમખાસ જીઆફત ખાધી. ગોવાર એવી તો સવાદ થઇઅ કે જાંણે બીરીઆંની. વલી આવતી કાલે ફજરમાં આપણે નાસતો ખાઇશું તારે આપણને કાંમ આવશે. બીજે દીવસે સહવારે જારે નાસતો ખાવા બેઠા તારે, મીઆંખાંને અરધી ગોવા-રફલી ખાધી, અને બાકી રહેલી અરધી એ દીવસે રાતનાં ખાધી. રાતનાં જમી રહેઆ પછી તે પોતાના ભાઇઓ આગલ બોલીઓ કે—**ઘેરની કસર, અને વાંહાંણની સફર** એ બરાબર થાએ છે. જો આપણે આખી જીંદગી સુધી બરોબર પઇસો જાલ-વીને ઘેરમાં પુરતી કસર કરીએ તો, એક સફર કીધાથી મેલવેલી દોલતનાં જેટલો ફાએદો થવાનો. બીજે દીવસે મીઆંખાંન પોતાના એક મીતરને મલવા ગએઆ, જેનાં ઘેરમાં વાતચીત કરતાં બજા-રમાં મલતી તરકારીની વાત નીકલી. એ વખતે મીઆંખાંન બોલી-ઓ કે—ભાઇ હવડાં ગોવારફલી ઘણી ખાસ મલે છે. હું એ ગઇ પરમ દીને નાશરીની મંગાવી હતી, તેને દમડીનું તેલ અને દમ-ડીનો મશાલો નાંખી પકાવી તો જાંણે બીરીઆંની સરખી બની હતી, અને તે એવી તો સવાદ લાગી કે પરમદીને રાતના ખાધી; ગઇ કાલે સહવારે નાસતો કીધો, અને વલી રાતના ખાસ રીતે જમા.

એ પછી મીઆંખાંનના ભાઇઓ તેનેથી છુટા પડીઆ, અને મીઆંખાંને જુદો વેપાર કરવા માંડીઓ. વેપારનાં કારણસર તેઓને

બાહેર દેશાવર બાતે જવું પડીઉં, જેને સારૂ એક દીવસે ઘેર મધેથી નીકલીઆ, બાહેર નીકલવા અગાઉ, મીઆંખાંને ઘેરમાં કસર કેમ કરવી તે વીશે પોતાની ધનીઆંનીને સહમજણ આપી. એ પછી પોતાની બાએડીને મલી ભેટીને મુસાફરીને ખાતર નીકલીઆ. આસરે તરણ કલાક થવા પછી મીઆંખાંન પાછા ઘેરમાં આવીઆ, અને બાએડીને કહીઉં કે—રે બુ, "એક જાતની કસર કરવાની સહમજ તમને આલતો હું ભુલી ગએઓ." બાએડીએ વીચાર કીધો કે તે કસર કોંણ જાંણે કેટલી અગતની હશે ; માટે મીઆં છેક લંબાંણ સુધી ગએલા પાછા આવીઆ છે. બાએડીએ પુછીઉં કે મીઆં ! તે કસર તે કેવી છે, કે તમો છેક લંબાંણ ગએલા તે કેહવા સારૂ પાછા આવા છો. મીઆંખાંન બોલીઆ કે—બુ, રાતની વખતે ઘેરમાં બતી કરવી તે તમલરમાં કરવી નહી, અને કોડીઆંમાં કીધેલી બતી જો જુક્તી હોએ તો, આંગલીસી જોતને આગલ ખેંચવી નહી ; કાંએકે આંગલી કોડીઆંમાં બોલીઆસી એરંડીઉં આંગલાંને વલગીને ઓછું થાએ છે ! બાએડીએ પુછીઉં કે—મીઆં આટલી નાંધલી સરખી વાત કેહવાને છેક લંબાંણસી જારે તમોએ ફેરો ખાધો તારે, આવતાં અને જતાં જેટલું તમો ચાલા અને ચાલશો તેથી તમારા જોરા ઘસાશે કે નહી ? તારે આપણને એટલો અવગુણ થવાનો. મીઆંખાંને જવાબ દીધો કે બુ. શેહર બાહેર નીકલીઆ પછી, મેં જેટલું ચાલી આવો તેટલા વખત સુધી જોરાને બગલમાં મારો હતો, અને પાછો જઈશ તેટલા વખત સુધી જોરાને પગમાંસી કાહાડીને બગલમાં મારીશ, એટલે હીસાબ બરોબર થવાનો ! મીઆંખાંન સફર ગએઆ પછી, તેની બાએડી પોતાના ભરથારના કેહવા પરમાણે ઘેરમાં કસર કરવા લાગી. જારે તે હરેક જાતની ભાજી મંગાવે તારે, તેના કુમલાં મુલીઆંને નીમખના પાંણીમાં નાંખી અચાર બનાવે, અને પાપડી, દોધી અને વેગણું મંગાવે તેનાં છાલ કાહડીને તે સુકવે, જે ખાંણું પકાવતી વખતે બાલવાનાં કાંમમાં લાવે, અને એ ઉપરાંત બીજી ઘણીએક કસર કરતી હતી. મીઆંખાંન સફરથી આવીઆ તારે, બાએડી પાસે ઘેરનો આંકડો માંગીઓ, જેનો હીસાબ ગણતાં દરરોજના ભાજી તરકારીના ખરચનો આંકડો અરધા પઇસાની ગણતરી આવી. આ હીસાબ જોવાથી મીઆંખાંને પોતાની બાએડીને ઠપકો આપીઓ કે—રે બુ, તેં કાંઇ બરોબર કસર

કીધી નહી. નાશરીની ગોવારફલીમાંથી, જારે હમો ચાર ભાઇ સાથે હતા તારે, બે દને રાતના અછી તરાંહસી જમા, અને વલી ખાસ રીતે એક દીવશે નાસતો કરો, અને તેં એખલીએ અરધો પઇસો ખાધો ! મેં જારે સફર ગએઓ તારે, એક પઇશાના ચણા કુરમરી લઉં તો તેથી એક દીવશ કાહડી નાખતો, અને તેં અનાજ ઘરમાંનો વાપરવા છતાં અરધા પઇશાની તરકારી ખાધી, એ કાંઇ ઠીક કરૂં નહી.

## લખાંનું તે વંચાંનું.

વેઆસ નાંમે જીલ્લામાં ભાડેલા ગનેઆતનાં લોકોની મોટી વસતી હતી, જેઓ તે લતાની જમીન ઉપર ખેતીનું કાંમ કરતા હતા. તેઓ અનાજ પાકવીને બાહેરના દેશો ખાતે મોકલતા હતા. બાહેરથી આવતા વછીઆતોને કેટલાએક લોકો પોતાનો માલ આપતા હતા, અને કેટલાએકો પોતે જાતે જઇને બાહેર ગાંમોમાં વેચી આવતા હતા. હરખા નાંમનો એક ભાડેલો અનાજનો બોહલો પાક કરતો હતો તેની જાતી અકલ ઘણી સારી હતી, તેમજ તેની વીચાર શકતી પણ ઘણી બાએક હતી, જેથી તે પોતાનાં કાંમમાં બીજા પોતાનાં ભાઇબંધો કરતાંને વધારે ફલદરૂપ થતો હતો, જેમ હરખાને બોહલો રોજગાર હતો તેમ તેને હીસાબ કેતાબનીબી મોટી જંજાલ ખેંચવી પડતી હતી. વેઆસથી થોડા દીવસની મંજલ ઉપર કંટાલીઆ નાંમે એક ગાંમ હતું, જેને આસપાસનાં ઘણાં દેશોનાં બંદર લાગેલાં હતાં. કંટાલીઆમાં ધીરજલાલ નામે એક વાંણીઓ રેહતો હતો. એ વાંણીઓ અનાજની દલાલી કરતો હતો, અને તેની ચંચલાઇને માટે તે ઘણો વખાણાએલો હતો. હરખો ધીરજલાલની મારફતે હંમેશ પોતાનાં માલનો સોદો કરતો હતો, અને તેમાં ધીરજલાલ તેને ઘણીવાર બજાર કરતાંને ચહડતો ભાવ અપાવતો હતો. ધીરજલાલની એવી ચતુરાઇને લીધે હરખાએ વીચાર કીધો કે તેને પોતાના બોહલા વેપારનો હીસાબ રાખવાને મોટી જંજાલ ખેંચવી પડે છે, માટે જો ધીરજલાલને ચાકરીએ રાખીઆમાં આવે તો મોટો ફાએદો થાએ. ધીરજલાલ હીસાબ રાખવા

સાથે વેપારને લગતું બીજું પણ કામ કરી શકવાનો. એ ઉપરથી તેણે ધીરજલાલની એ બાબતમાં મરજી પુછી, ધીરજલાલે તેને જણાવીઉં કે વરસ દાહાડે તેને જેટલી કમાઇ છે તેટલું વરશાંત જે હરખા પટેલ આપે તો, તેની ચાકરી કરવાને તે તઇઆર છે. હરખા પટેલે ધીરજલાલના પગારની રકમ સંગાથે તેને રાખવાથી કેટલો અને શું ફાએદો થશે તેનો મુકાબલો કરી જોએઓ, જે ઉપરથી ધીરજલાલની ચાકરી તેને ફાએદા ભરેલી લાગી. એ ઉપરથી હરખાએ ધીરજલાલને ચાકરીએ રાખીઓ, અને પોતાની સાથે વેઆસ ખાતે લઇ ગએઓ. ધીરજલાલ હરખા પટેલનો હીસાબ ઘણીજ સારી રીતે રાખવા લાગો, અને તે સાથે વેપારના કામમાં તેને ઘણી સારી સલાહ આપવા લાગો, જેથી હરખા પટેલને ઘારેઘડીએ ફાએદા થવા લાગો. એક વરસે વરસાદ રૂતુમાં જારે અનાજની ઓરણી ચાલતી હતી તારે, ધીરજલાલે વીચાર કીધો કે ઘણા દીવસ સુધી હરખા પટેલને આપણે ફાએદા કરી આપીઓ, અને હરખા પટેલ તેનું પરીણામ આપણી તરફ સારૂં નીપજાવીઉં નહી માટે હવે કોઇ છઉકતીથી તેનો બદલો વાલી લેવો જોઇએ. પાછલી વાવણીની વખતે જારે કોઠાર ઓરવાની તઇઆરી થઇ તારે, તીશ ખાંડી ચણા ખેતરમાં ઓરવા સારૂં હરખા પટેલે કાહાડીઆ, અને તેને ચોપડાનાં હીસાબમાં લખવા સારૂં ધીરજલાલને જણાવીઉં, ધીરજલાલ આ રકમ લખતી વખતે હસી પડીઓ, અને પોતાનાં શેઠને કહીઉં કે હરખા પટેલ! જો તમો રાજી હોવો તો, આ તીશ ખાંડી ચણા દફતરમાં લખવાની સાથે તમારી રાજી ખુશીથી હોકમ આપો તો, માતરે અરધો ચણો મારે નામનો લખું, તેની જે ઉપજ થાએ તે હીસાબે મને આલવી. હરખાએ આ વાતને નજેવી જાંણી હસીને કહીઉં કે ભાઇ, અરધા ચણાનો તે હીસાબ શું? ધીરજલાલે જણાવીઉં કે—હીસાબ પરમાણે જે પાક ઉતરે તે મારે ભવીશે મને આલવો. હરખા પટેલે એ વાત કબુલ કીધી, અને ધીરજલાલે કીધેલી માંગણી પરમાણે ચોપડામાં અરધો ચણો લખવાનો હોકમ આપીઓ, જે ઉપરથી ધીરજલાલે પોતાના શેઠ સંગાથે થએલી સઘલી તકરાર સાથે અરધો ચણો પોતાને હીસાબે લખીઓ. એ લખાંનની મતલબ એવી હતી કે—"હરખા પટેલના ખેતરમાં વાવેલા તીશ ખાંડી ચણામાં અરધા ચણાનો ભાગ ધીરજલાલનો છે." આ બીના લખીઆ પછી ધીરજલાલે હરખા

પટેલને તે દેખાડી, જે વાંચીઆથી હરખા પટેલ હસીઓ, અને જણાવીઉં કે—બચાંની રમતના સરખી વાત છે. ધીરજલાલે તેને કહીઉં કે—શેઠ પરાલબધમાં જે હશે તે ખરૂં. જો તમો એ વાતમાં રાજી હોવ તો, આ લખાતની નીચે તમારી સહી કરો. એ ઉપરથી હરખા પટેલે તે વાતને નજેવી જાંણી તે લખાંનની નીચે પોતાની સહી કીધી. એ વાતને ઘણો વખત ગુજરી ગએઓ, અને ખેતરમાં ચણાનો પાક તઇઆર થએઓ. હરખા પટેલે ધીરજલાલને જણાવીઉં કે હવે ચણાની કાપની શરૂ કરાવો, અને ખહડીમાં નખાવો. એ હોકમ પરમાણે ધીરજલાલે ચણાની કાપની શરૂ કીધી, અને તેની ખહડીના બે ભાગ કીધા. એક દીવસે જારે હરખા પટેલ ખેતર તરફ ગએઓ તારે, તેણે ચણાની ખહડીના બે ભાગ જોએઆ. એ ઉપરથી તેણે ધીરજલાલને પુછીઉં કે—ચણાની ખહડીના બે ભાગ શા માટે કરીઆ છે? ધીરજલાલે તેને જણાવીઉં કે એક ખહડી મારી અને બીજી તમારી. હરખા પટેલે ગુસસામાં આવીને પુછીઉં કે એનો સબબ શું? ધીરજલાલે જણાવીઉં કે આપણા બંધેના કરાર પરમાણે, અરધો ચણો મારો થએઓ કે નહી? હરખા પટેલે તેને જણાવીઉં કે માતરે અરધો ચણો, ઇઆને ચણાની એક ફાલના હીસાબ પરમાણે, જેટલા ચણા આપણે ઓરીઆચ તેની ગણતરી લેતાં જેટલા ચણા તારે હીશાબે આવશે તે તુંને આપવાને હું કબુલ થએલો છેઉં; માટે તું આ લુછાઇ કરેચ તે કાંઇ ચાલવાની નથી. ધીરજ લાલે હરખા પટેલને જણાવીઉં કે શેઠ! આ લુછાઇ ભરેલા શબદો તમો શા માટે બોલો છેઓ. જો હું તમારા મોહડેનાજ વચન ઉપર રહેઓ હતે તો, ખચીત આજે તમો મારા હાથ ધોવાડતે. હરખા પટેલે તેને ઉત્તર વાલેઓ કે—ભાઇ, દફતર મધે **લખાંનું તે વંચાંનું.** આપણે કોઇ પાશે ઇનસાફ કરાવીએ. એ ઉપરથી હરખા પટેલ અને ધીરજલાલે એક પંચ બોલાવી, અને તેની મારફતે પોતાના ઇનસાફની મુનસફી કરાવી. પંચની આગલ મેલેલાં દફતર મધે તો લખેલું હતું કે—"હરખા પટેલનાં ખેતરમાં વાવેલા તીશ ખાંડી ચણામાં અરધા ચણાનો ભાગ ધીરજલાલનો છે." માટે એ લખાંનનો અરથ પંચે એવો કીધો કે—તીશ ખાંડી મધેથી પંદર ખાંડી ચણાનો પાક ધીરજલાલને આપવો. એ સીવાએ પંચે હરખા પટેલને જણાવીઉં કે, ઉપલાં લખાંનનો અરથ બીજી કોઇ રીતે થઇ શકતો નથી.

પચના આ ચુકાદાથી હરખા પટેલને પંદર ખાંડી ચણાનો પાક ધીરજલાલને આપવો પડીઓ, અને ધીરજલાલને ચાકરીએ રાખવાથી હરખા પટેલને આવો મોટો ફાએદો થએઓ! માટે હરેક બાબતનું લખત કરતી વેલાએ તેમાં આવેલા મુખીઅ વાકીઓના અરથ ઉપર ખુબ ધીઆંન આપવું જોઇએ; નહી તો હરખા પટેલની માફક પાછલથી પસતાવો ખાઇને હારી બેશવું પડે.

# પઇસા બરા કે અકલ?

ટેણાં નામે પરગણાનાં મવશર નામનાં ગામમાં દલેરખાં નામનો એક પડાંણ રેહતો હતો. જેને બાપીકી મોટી દોલત મલવાથી તે હંમેશ મગરૂર રેહતો હતો. એજ પરગણાનાં અવશર નામનાં એક ગાંમમાં સવભાવચંદ નાંમે એક વાંણીઓ રેહતો હતો. એ બંધે જણાઓ એક બીજાને સારી પેઠે ઓલખતા હતા. સવભાવચંદ જાતે ડાહેઓ, ધીરજવાંન, અકલવાંન, અને મીલનસાર હતો, અને દલેરખાં ઉછાછલો અને તુંદ મીજાજનો હતો, અને જો કોઇની સંગાથે અણબનાવ થાએ તો, પઇશાના બલથી તેને ખરાબ કરવાની વેતરણ કરતો હતો. જેમ સવભાવચંદ પોતાની ડહાપણ ભરેલી અકલ અને ધીરા સવભાવને માટે પોતાના ગામમાં વખાણાએલો હતો, તેમજ દલેરખાંભી તેના ખરાબ ગુણને વાસતે પરખીઆત થએલો હતો. સેહજ વાતને સારૂ એ બંધે જાહેર પુરૂશોમાં અણબનાવ થએઓ હતો, જે ઉપરથી દલેરખાંએ સવભાવચંદને પોતાનાં પઇસાના બલથી ખરાબ કરવાનો ઠેડાવ કરીઓ હતો; પણ સવભાવચંદે પોતાનાં ડાહપણથી સારી અકલ અને ગોઠવણ કાંમે લગાડીઆથી દલેરખાં પોતાની ધારણામાં ફલદરૂપ નહી થતો હતો. એક•દીવસે એવો બનાવ બનીઓ કે એ બંધે હમનબરદોને એક બીજાનાં ગાંમ મધે જવું ઠડીઉં. દલેરખાં પોતાનાં કુટુંબ સહીત ગાડીમાં બેશીને પોતાને ગાંમથી અવશર તરફ નીકલીઓ, તેમજ સવભાવચંદ પોતાને ગાંમથી મવશર ખાતે જવા સારૂ ગાડીમાં બેઠા. એ બંધે ગાંમો વચે એક લાંમબી નાલ. ઇઆને આસપાસ ઉંચા ટેકડાઓની ઉપર આવેલી વાડીઓની વચે માતરે એકજ ગાડી જઇ શકે એવી ગલી, આવેલી હતી. એ નાલની

વચોવચમાં એ બંને હમનખરદોની ગાડી આંમણુસાંમણુ થઇ. એ વખતે દલેરખાંની સાથે તેના દમામ પરમાણે કેટલાએક સીપાઇઓ હતા, અને સવભાવચંદ તો માતરે એખલોજ હતો; પણ તેની ગાડીમાં તેનાં કેટલાંએક માનસો બેઠેલાં હતાં. દલેરખાંએ સવભાવચંદને જણાવીઉં કે તેની ગાડી મધે માનસો બેઠેલાં છે; માટે તે પાછી ફેરવા શકાએ નહી. તે સારૂ સવભાવચંદે પોતાની ગાડી પાછી ફેરવીને નાલની બાહેર કાહડવી. એ ઉપરથી સવભાવચંદે તેને ઉત્તર વાલાઓ કે ભાઇ, જેમ તારી ગાડી માનસોથી ભરેલી છે તેમજ મારી ગાડી કાંઇ માનસોથી ખાલી નથી, અને વલી તારી સાથે તો સીપાઇ સફરાઓ છે, તે સારૂ જો તારી ગાડી પાછી ફેરવી જાઇ જાએ તો, તુંને કશી હરકત પડવાની નથી. એ વાત સાંભલીને દલેરખાંનો મીજાજ ગએઓ, જેથી તેણે પોતાના સીપાઇઓને હોકમ કીધો કે સવભાવચંદની ગાડીના બલ છોડી નાંખીને એની ગાડી પાછી ફેરવી નાલની બાહેર કાહડી નાખવી. સવભાવચંદે આ હોકમ સાંભલવાથી એક ઇઉકતી શોધી કાહડી, અને દલેરખાંની આગલ લટી ગએઓ, અને તેને જણાવીઉં કે ભાઇ, હું ગરીબને નાહક હેરાંન શા માટે કરે છે ! જે વાત હુંએ તુંને કહીચ તે ખરી અને વાજબી છે; પણ જો મારી વાત તુંને ખોટી લાગતી હોએ તો, આપણે થાંનેદાર પાસે જઇ આપણો ઇનસાફ કરાવીએ અને તે અમલદાર જેની ગાડી બાહેર કાહડવાનો હોકમ આપે તેણે ગાડી બાહેર કાહડવી. જો તું વાજબી ચાલવા માંગતો હોએ તો આ મારી ગોઠવણને પસંદ કરશે. દલેરખાંએ વીચાર કીધો કે થાંણેદારને લાંચ આપશ તો તેબી મારી તરફેણમાંજ થવાનો, એવું સહમજી તેણે સવભાવચંદની વાત પસંદ કીધી, અને તેની સાથે થાંણેદારની કચેરીમાં ગએઓ. થાંણેદારના હાથ નીચે જે માનસો હતાં તે સઘલાં સવભાવચંદની મારફતથી નાણાં વીઆજે લેતાં હતાં, માટે તેઓએ થાંણેદારને સહમજાવીને દલેરખાં પાસેથી મોટી લાંચ લેવા છતાંબી એ મુકદમો આગલ ચલાવીઓ, અને તેનો ફેસલો થાંણેદાર નહી પણ તે પરગણાંના મામલતદારના ચુકાદા ઉપર મોકલાવીઓ. એ જગોએ મામલતદાર પણ સવભાવચંદનો ઓશીઆલો નીકલીઓ; કાંએકે ઘણીવાર તેને સરકારી કાંમમાં સવભાવચંદની મસલહત લેવી પડતી હતી; માટે તેણે દલેરખાંની પાસેથી લાંચ લેવા છતાંબી ઇનસાફ ઉંધો નહી વાલાઓ, અને જણાવીઉં કે જો

દલેરખાં પોતાની ગાડી પાછી ફેરવે તો તે વાજબી ઠરશે, કારણકે તેની પાસે સીપાહીઓ વીગેરે માનસો છે દલેરખાં આ ઇનસાફથી રાજી નહી થએઓ, માટે જણાવીઉં કે એ મુકદમો જીલ્લાની કચેરીમાં લઇ જાઓ. તેણે વીચારીઉં કે જીલ્લા કચેરીમાં રાજાનો વજીર જે છે તે કરજદાર છે; માટે તેને મોટી લાંચ આપીઆંથી તે મારી તરફેણમાંજ ઉતરવાનો. એ ઉપરથી એ મુકદમો તેએ જીલ્લા કચેરીમાં લઇ ગએઆ. વજીરની આગલ બંધે જનાઓએ પોત પોતાનો એહવાલ કહેઓ, જે ઉપરથી વજીરે તેઓને સહમજાવીઆ કે બંધે જનાઓની ગાડી અંધવચ નાલમાં એકઠી થઈ છે, તે સારૂ બેમાંથી એકુ જને સહમજુતીથી પોતાની ગાદી પાછી ફેરવવી જોઇએ. એમાં સરકારની તરફથી કોઇને જબરદસતી થઇ શકતી નથી; કાંએકે બંધેનો હક એક સરખો છે. વજીરની વાતને બંધેમાંથી એકુ જને કબુલ રાખી નહી, અને જણાવીઉં કે તેણે તેઓનો ઇનસાફ બરાબર કીધો નથી. એ ઉપરથી વજીર ગુસસામાં આવીઓ અને તે બંધે જનાઓને કેદ પકડીઆ, અને તે જીલ્લાથી આસરે પચાસ ગાઉ દુરના ઉજન નામનાં એક ગાંમના મામલતદાર ઉપર એક કાગજ લખી સીપાઇના ચોકી પેહરામાં તેઓને તે ગાંમ ખાતે કેદ રાખવા સારૂ મોકલીઆ, અને તે બંધેને જણાવીઉં કે તેઓનો ઇનસાફ ઉજન મધે કીધામાં આવશે તે કાગજમાં વજીરે એટલુંજ લખેલું હતું કે એ બંધે જનાઓએ ઇનસાફને અપમાન આપીઉંચ માટે તારે તાંહાં એઓને એક એક વરસ સુધી કેદ રાખવા અને વલી વજીરે તે બંધે જનાઓની ગાડીઓ જપત કીધી. આ હોકમથી સવભાવચંદ કાંઇબી રીતે ધભરાએઓ નહી, પણ દલેરખાંને મોટી ધાસતી પેઠી. રસતામાં ચાલતાં તેણે સવભાવચંદને કહીઉં કે જો તું સહમજીઓ હતે તો આપણ બંધે જનાઓ કેદ નહી થતે. સવભાવચંદે તેને ઉત્તર વાલીઓ કે ભાઇ હું તો ગરીબ છેઉં માટે ફીકર ઘણી કરૂંચ; પણ તું તો પઇસાવાલો છે તે સારૂ લાંચ આપીને છુટી જવાનો. દલેરખાં બોલીઓ કે—બલીઓ મારો પઇસો. દરએક જગોએ મોટી મોટી રકમોની લાંચ આપી પણ કાંઇએ વલીઉં નહી. બચાં છોકરાં હારમાર થતાં હશે અને વલી હું ખરાબ થાઉંચ તે જુદું. માટે રે ભાઇ હવે જો તું તારી રૂડી બુધી કાંમે લગાડે તો આપણ બંધેનો છુટકારો થાએ. જો તું મારો છુટક કરે તો હું તારો

ગુણ ભુલીશ નહી. સવભાવચંદે જોઇઉં કે હવે મીઆંનો મીજાજ ઠેકાણે આવીઓ છે, તારે તેને પુછીઉં કે—રે મીઆં સાહેબ **પઇસા બરા કે અકલ!** મીઆં સાહેબે જવાબ દીધો કે—સાહેબ, પંઇસા નહી પણ અકલ બરી. હવે તમોએ જલદીથી ઉપાએ કરવો. એટલું કહીને સવભાવચંદને એક હજાર રૂપીઆ પોતાના માનસ પાસેથી અપાવીઆ. સવભાવચંદે એક ફઉકતી શોધી કાહડી, અને ઉજન ગામના મામલતદાર પાસે જારે તેઓને લઇ ગએઆ, અને તેણે તે બંધેથી જારે પુછપરછ કીધી તારે, સવભાવચંદ બોલીઓ કે—સાહેબ, અમો બંધે જનાઓ પુરા ભાએગશાલી છઇએ. જાંહાં જઇએચ તાંહાં દુકાલ અને મરકી સીવાએ બીજું કશું પરીણામ નીપજતું નથી, જેથી આ દેશથી પેલ દેશ અમોને વારેઘડીએ કેદ કીધામાં આવે છે. સઘલી મલીને આ દસમી વાર કેદ થવાને તારાં ગામમાં અમો આવીઆ છઇએ, પણ અમોને ધાસતી લાગેચ કે રખેને વલી તું બી થોડા વખતમાં અમોને હઇઆંથી કાહડી મુકે. આ ગાંમ અમોને ઘણું રસીલું લાગે છે, અને હઇઆં રેહવાને અમો બંધેને બહુજ ગમેછે; પણ ધાસતી માતરે એટલીજ કે માંઠાં ભાએગે તારાં ગાંમમાં કોઇ રોગ ફેલાએઆથી તું અમોને રખેને કાહડી મેલે. જેટલી જગોએ અમો ફરી આવીઆ તે સઘલી જગોએ ઘણાં મજેહના કેદખાંનાંઓ છે, પણ કોઇએ એક માસ અને કોઇએ બે માસ કેદ રાખવા પછી, તેઓના ગામમાં મરકી અને દુકાલની અસર થવાથી અમોને તુરત કાહડીને બીજે ગાંમના મામલતદાર ઉપર મતલબી કાગજ લખી અમોને કેદ મોકલાવીઆ; પણ કોઇ એવો પુરૂશ નથી મલતો કે જે અમોને પોતાનાં ગાંમની જેલમાં એક લાંમબી મુદત સુધો કેદ રાખી મેલે. ઉજનના મામલતદારે આ એહવાલ શાંભલીઆથી વીચાર કીધો કે શું વજીરનાં શેહેરમા જેલ નથા કે એઓને હઇઆં કેદ કરવાને મોકલેઆ. પણ બંધવાઓના કેહવા પરમાંણે મરકી અને દુકાલ આલતોજ હશે તેથી એ પીડાને અતરે કાહાડી છે, તારે મારી ગરીબ રઇઅતને હું શા માટે દુખી કરૂં, એવું વીચારી તેણે તે બંધે જણાઓને છોડી મેલીઆ!

## ૧૧૭

# પટેલની વાત તો પટેલ જાણે, હાથમાં દાંનડો ને ઘંટી તાંણે.

કુમારીઆ નાંમે એક પરગણામાં વાઘજી નાંમે એક ભાડુલો રેહતો હતો. એ ભાડુલો સવભાવે ઘણો થંડો અને અકલ હોશીઆરીવાલો હતો, અને તે સાથે તેનામાં ખરૂં ખોટું પારખાંણવાની વીચાર શકતી ઘણી સારી હતી. એ ઉપરથી તે ગાંમના મામલતદારે તાંહાંના લોકોની ફરમાશ ઉપરથી વાઘજીને તે ગાંમની પટેલાઇ આપી હતી. વાઘજીને પટેલાઇ મલેઆથી તે ગાંમના લોકોમાં ઘણીજ ખુશી ઉપજી હતી; કારણ કે તેઓનો ઇનસાફ વાઘજી ઘણીજ સારી રીતે ચુકવતો હતો, જેથી તેઓને થાંણેદાર અને મામલતદારની હજુરમાં જવાની અને તેઓને તસદી આપવાની કશી જરૂર રેહતી નહી હતી. વાઘજીનાં આ રૂડા ગુણને માટે એવો બનાવ બનેઓ કે તે પરગણાંને લગતાં બીજાં ગાંમડાનાં લોકોબી પોતાનો ઇનસાફ તેની પાશે લાવવા લાગા; કારણ કે તેનાં વાજબી ઇનસાફને લીધે તે લોકોનાં પઇસાનો બચાવ થતો હતો; અને તેઓનો ફેસલો સેહલાઇથી થવાને લીધે થાંણેદાર અને મામલતદારની કચેરીમાં જવાની તેઓને જરૂર પડતી નહી હતી. આએ પરમાંણે વાજબી ઇનસાફ તોલવાને લીધે, તથા પોતાના હાથ હેઠેનાઓના વાજબી હક જાલવવા થકી, અને તેઓમાં પુરતી સુલેહ રાખવા સારૂં વાઘજી ઘણીજ સારી કાલજી રાખતો હતો; પણ તેની મેહનતનો બદલો તેને પટેલાઇના હક સીવાએ બીજી કોઇબી રીતે મલતો નહી હતો. વાઘજી કોઇની લાંચ રૂશવત લેતો નહી હતો, તેમજ કોઇને તાંહાંથી આવેલી ભેટ, શોગાત અને નજરાંનું પણ તે લેતો નહી હતો. આ બનાવથી તેને કોઇવાર ફુરશદ મલતી નહી હતી કે કોઇ પોતાનો બીજો ધંધો કરીને પોતાનાં ઘેરનું ગુજરાંન ચલાવી શકે; માટે તેને ઘેર ખરચની બહુજ આપદા ખમવી પડતી હતી; જેથી તેને પોતાનું કાંમ કરવાને પાછલથી કંટાલો છુટવા લાગો. તોપણ પટેલાઇ સરીખાં મોટાં નાંમ અને માંનને રડીને તે ઘેરમાં તંગાશ ભોગવીઆ છતાંબી એ કાંમ કરતો હતો. પાછલથી

વાઘજી પટેલનાં ઘેરમાં ઘણોજ અવગુણ થવા લાગો. અને બચાં છોકરાંને કોઇ વાર ખાવાનેવી નહી મળવા લાગું તારે, વાઘજી પટેલે જોઇઉં કે જો પટેલાઇનાં માંન અને મોહભાને જાળવીએચ તો ઘેરમાં ફાકા પડેછે, અને ધંધા રોજગાર ઉપર ધીઆંન આપીએચ તો માંન અને મોહભામાં ઘટાડો થાએછે, અને પછી કોઇ ભાવપણ પુછવનું નથી. પણ આ બે માહિલો કીઓ મારગ અખતીઆર કરવો તેના વીચારમાં વાઘજી પટેલે ઘણા દીવસ કાહાડી નાંખીઆં; કારણકે રાત અને દીવસના મોટા ભાગનો વખત તે બીચારો લોકોનાં કાંમ પછવાડેજ કાહડતો હતો તેથી તેને આ બાબતમાં પકો ઠેરાવ કરવાનો વખત નહી મળતો હતો. એક દીસે વાઘજી પટેલનાં ઘેરમાં આટો થઇ રહેઓ હતો અને બાએડી પણ કાંઇ સબબથી બાહેર રોકાએલી હતી, અને બીજી તરફથી તેની પાશે પઇસા નહી હતા કે તે અનાજ કોઇની પાસે દલાવી મંગાવે; પણ ઘેરમાં વખતસર ખાવું તો જોઇએ તેથી વાઘજી પટેલ ઘરનાં એક ખુણાંમાં મેલી ઘંટીએ બેશીને અનાજ દલવા લાગો. પટેલ દલતો હતો તેવામાં મામલતદારે તેને કોઇ અંજાંણા પુરૂશ પાશે આણું મોકલાવીઉં. તે અંજાણા પુરૂશને આપેલી ઇધાંની મુજબ તે પટેલનાં ઘેરમાં ગએઓ, પણ તે પટેલને ઓલખતો નહી હતો તેથી પટેલનેજ પુછવા લાગો કે ભાઇ વાઘજી પટેલ કાંહાં છે? પટેલે તેને ઉત્તર દીધો કે ભાઇ, **પટેલની વાતતો પટેલ જાંણે, હાથમાં દાંનડો ને ઘંટી તાંણે.** એ શબ્દની મતલબ પેલો અંજાણો શખસ એવી સહમજીઓ કે પટેલ કાંહાં છે તેની ખબર આ દલવાવાલા પુરૂશને નથી. એ ઉપરથી તેણે માંમલતદાર આગલ જઇને કહીઉં કે, પટેલનાં ઘેરમાં પટેલ નથી, એવું તાંહાં દલવા બેઠેલો એક પુરૂષ કેહછે, અને તે કાંહાં છે તેની તેને ખબરબી નથી. મામલતદાર વીચારમાં પડેઓ કે પટેલનાં ઘેરમાં દલવા સારૂં કીઓ પુરૂશ બેઠો હશે, જેથી તે વીશે તેને હાવકા માનસ પાશે ખબર મંગાવી. એ ઉપરથી તેને પટેલનો સઘલો ભરમ જણાઇ આવીઓ, અને તે પછી તેણે પટેલના લવાજમમાં વધારો કરી આપીઓ, જેથી તે પોતાનું ગુજરાંણ આબરૂથી ચલાવવા લાગો.

## ૧૧૯

# લાખના બાર હજાર!

ઉજાલા નાંમે એક શેહરમાં હુશીઆરખાં નાંમનો એક પઠાંણ રેહતો હતો. એ પઠાંણ ઘણોજ દલેર અને હીમતવાંન હતો, અને પોતાની ચાલાકીને લીધે બહુજ વખણાએલો હતો. તે પઠાંણ ઉજાલાના રાજાની ચાકરીમાં ખજાંનચીનું કાંમ કરતો હતો અને તેને પોતાની ચાકરીના અરશામાં પોતાની રૂડી ચાલથી રાજાની તરફનો મોટો પીઆર અને મોહબત મેળવી હતી. હુશીઆરખાંને રાજાએ તેનાં શારાં કામોને માટે ઘણીવાર મોટી રકમનાં ઇનાંમો આપીઆં હતાં, જેથી તે એક લાખ રૂપીઆનો માલેક થએઓ હતો. હુશીઆરખાંને તાંહાં એક બાલક હતો, જેને રમજાંનખાં કરીને નાંમ આપેલું હતું. રમજાંનખાંની માએ તેને બચગીમાં મેલીને મરણ પાંમી હતી. જેથી હુશીઆરખાંએ તેને ઘણો લાડ લડાવીઓ હતો, અને જે રીતથી તે ચાલવા માંગે તે રીતે તેને ચાલવા દેતો હતો. રમજાંનખાં જારે બાર વરશની વએનો થએઓ તારે, હુશીઆરખાંએ મોટી ધાંમધુમથી તેનાં લગન કીધાં હતાં, અને એક ઘણીજ ખુબસુરત અને પરીની માસાલના ચેહરાની તેને અસતરી અપાવી હતી. રમજાંનખાં જારે પંદર વરશની વએનો થએઓ તારે, હુશીઆરખાં મરણ પાંમીઓ, અને રમજાંનખાં તેની સઘલી દોલતનો માલેક થએઓ. રમજાંનખાં તો લાડમાંજ ઉધરેલો હતો, અને જેમ તે ચાલે તેમ ચાલવા દેવાની તેના બાપે તેને છુટ આપેલી હતી, જેથી તે કોઇબી સારી અકલ અને ગનેઆન ધરાવતો નહી હતો, અને સારાં નરસાંને સહમજતો નહી હતો. રમજાંનખાંમાં સારા ગુણ નહી પેઠાથી તેણે પોતાના બાપની દોલત સંભાલવાને કશો ઇલાજ નહી શોધેઓ; પણ તેને બદલે તે દોલત લખલુટ ખરચ કરીને વાપરવા માંડી. આ દેખાવ જોવાથી રમજાંનખાંની બાએડી નેહાલબીને બલાપો થએઓ, જેથી તે પોતાના ભરથારને દોલતની જાલવણી કરવા સારૂ અનેક પરકારની સહમજ આપવા લાગી. માઠાં ભાએગે રમજાંનખાં ટુકી સહમજનો હતો તેથી તેણે પોતાની બોહરદારની રૂડી ખુબી ઉપર કશી બી રીતે લખશ નહી આપીઉં, અને પોતાના લુચ્ચા, લફંગા અને લુટારા ગરીબા મીતરો જેમ સહમજાવે તેમ ચાલવા લાગો, જેથી

તેની દોલતનો નાશ થતો ગએઓ. રમજાંનખાં એટલો તો બેઅકલ હતો કે રૂપીઆની થેલીનીબી બરોબર જાલવણી નહી કરતો હતો, અને ઘણીવાર વાડીએથી પોતાના મીતરોને પેટીની કુંચી આપી ઘેર મધેથી તેઓની પાસે રૂપીઆ મંગાવતો હતો, જેઓ પોતાને હાથે પેટી ઉઘાડી તે મધેથી પોતાની મરજીમાં આવે એટલા રૂપીઆ કહાડી લઇ જતા હતા, અને પોતાની મરજીમાં આવે એટલા રૂપીઆ રમજાંનખાંને લઇ જઇને આપતા હતા. આ દેખાવથી રમજાંનખાંની બાએડી ઘણીજ દુઃખી હતી; પણ તેનું કશું ચલન નહી હોવાથી તે લાઇલાજ થઇને મુગી બેઠી હતી. નેહાલખી દરરોજ પોતાના મનમાં આએ વીચાર કરતી હતી કે દોલતનો નાશ થએઆ પછી, પાછલની જીંદગી કેવી રીતે ગુજારીઆમાં આવશે; પણ રમજાંનખાંની આંખે ગરૂરીના પરડા ફરી વલેઆથી તેવો કોઇએ વીચાર તે કરતો નહો હતો, અને તેની દોલત તેની જીંદગી સુધી કધીબી નહી ખુટે એવું તેના મીતરોના સહમજાવીઆથી તે ધારતો હતો. પઇસાની જાલવણી કરવા સારૂ નેહાલખી પોતાના ભરથારને વારેઘડીએ સહમજાવીઆ કરતી હતી, અને તેની આંખે ફરી વલેલો મગરૂરીનો પરદો દુર કરવા સારૂ તેને દોલત કેટલી રહીય તેની ગણતરી કરવાને દર વખતે કેહતી હતી. નેહાલખીની દરરોજની ઉશકેરણીએ એક દીવસે રમજાંનખાંનાં દીલ ઉપર અસર કીધી, જેથી તેણે એક દીવસે દોલતનો હીસાબ કહાડેઓ. જારે તેણે દોલતનો હીસાબ કહાડેઓ તારે, તેની આંખે ફરી વલેલો મગરૂરીનો પરડો એકેદમ ખીરી ગએઓ, કારણકે એક લાખ રૂપીઆની દોલત લખલુટ ખરચમાં અટવાઇ ગએઆથી માતરે બાર હજાર રૂપીઆજ તીજોરીમાં રહેઆ! આ દેખાવથી રમજાંનખાં ધાશતીમાં પડીઓ, અને પોકાર મારી પોતાની બાએડીને કેહવા લાગો કે—રે નેહાલખી, આતો **લાખના બાર હજાર**! રેહેઆય. રમજાંનુબીબીએ આ ટકનો ફાએદો લીધો અને જેમ બનીઉં તેમ સહમજાવતાંકી તેનાં દીલમાં ઉતારીઉં કે—અગરજો આ તારા મીતરોને તું તારેથી દુર નહી કરશે તો, હવે બાર હજાર તો બાર દીવસમાં પુરા થવાના, અને સેવટે તારા અને મારા બુરા હાલ થશે. જે ઘરમાં આજે મોજ મજાહ ચાલેચ તેજ ઘેરમાં ફકત ખાવાનાબી વાંધા પડવાના; માટે ઓ રમજાનખાં! સંધલા મીતરોને આજથી સલાંમ કરી

તમે રૂખશદ આપો, અને બાકી રહેલા બાર હજાર રૂપીઆ મારે સવાધીન કરો. તમારૂં કાંમ એટલુંજ કે વખતસર જે ખોદા આપે તે જમીને ગમે તાંહાં ફરવું, અને જો તમોને કાંઇ રૂડો બુધ્ધી સુઝે તો બે પઇસા મેલવવા સારૂં કોઇની ચાકરી બજાવો કે તેથી વલી તમારા હકમાં વધારે ફાએદો થશે, અને તે રૂપીઆ તમોને બીજી રીતથી ખરચવાને કાંમ આવશે. રમજાંનખાંએ બાર હજાર રૂપીઆ પોતાની ધનીઆંણીને સવાધીન કીધા, અને પોતે વખતસર ઘેરમાં જઇને ખાવા લાગો. એમ કરતાં નેહાલબીએ તેને દર રોજ સમજાવીઆથી તે ચાકરીએ લાગો, જેના પગારના રૂપીઆ નેહાલબીએ પરથમ તો તેનેજ લેવા દીધા. ઘણી મુદત ગુજરવા પછી નેહાલબીએ એક પુતર જણેઓ. આએ જોગવાઇ લેઇને તેણે પોતાના ભરથારને સમજાવીઓ કે હવે તમોએ પગારના રૂપીઆ ઘેરમાં આપવા જોઇએ; કારણ કે ઘેર ખરચમાં વધારો થએઓ. આ ધીરા સવભાવની શીખાંમને રમજાંનખાંનાં દીલ ઉપર સારી અસર કીધી, જેથી તે સુઘલી પરકારે સુધરી ગએઓ, અને પાછલથી તે બંને માંટી બઇઅરે સુખથી પોતાનો વખત ગુજારેઓ.

દોલતમંદોને ઘટારત છે કે જો તેઓને તાંહાં બાલક અવતરે તો, તેઓને એવો લાડ લડાવવો જોઇએ કે પાછલથી તે બાલકનાં હકમાં રમજાંનખાંનો મીસાલે ગેરફાએદો નહી થાએ, અને તેને ખશુસ કરીને એવી કેલવણી આપવી જોઇએ કે જેથી તે દોલતનો નાશ કરવાને બદલે તેમાં સાંહમણો વધારો કરી શકે. તેમજ અસતરીઓનાં મા બાપને ઘટારતછે કે તેઓને સારી કેલવણી આપવી, જેથી તેઓ મધેની કોઈ અસતરીને રમજાંનખાં સરખો કબુધીનો ભરથાર મલેઓ હોએ તો, પોતાની કેલવણીનાં બલથી તેને નેહાલબીની મીસાલે શુધારવાની બનતી કોશેશ કરે, જેથી સેવટે તે અસતરીનાં હકમાં તેમજ તેના ભરથારના હકમાં ફાએદો થાએ. જો અસતરીઓને કેલવણી આપેઆમાં આવી હોએ તો, ઓરત મરદનાં જોડાંમાં એકાએક વાંધો પડવાનો નહી; કારણ કે બે મધેનાં એકુને મલેલી સારી કેલવણીનાં બલથી તે વાંધાને જલદીથી પતાવી નાખવાને કશો વીલમ લાગેજ નહી.

---

# ૧૨૨

## ઓ નહીં ભીંગા, ઓ ભીંગા !

મુસલમાંન ગનેઆતના કેટલાએક લોકો તાડી પીવા ઉપર મોટો શોખ રાખેછે, અને અગર જો ઘણા દીવસ સુધી તેઓના પીવામાં તાડી નહી આવી હોએતો, તેઓ એક બીજાની આગલ દલગીરી બતલાવેછે, અને કેહછેકે "બોહત દીનસે અતી લગાઇ નહી હએ." તેઓ જારે તાડી પીવાને જાએછે તારે સહવારથી ખજુરાં મધે ઉતરી પડે છે. તાડીની સાથે તેઓ ખીચરી અને મુલાનુ લાવણુ ઘણુ પસંદ કરે છે, અને એક ભાગ ખીચરી તથા તરણ ભાગ મુલા તેઓ ખાએ છે.

કેટલાએક મુસલમાંનો એક દીવસે તાડી પીવા સારૂં ખજુરાં મધે સહવારથી ઉતરી પડેઆ, જાંહાં જતાંને વાર તેઓએ ખીચરી પકાવી, અને સુકરો માડીને ખાવા બેઠા. જારે તેઓ સુફરા ઉપર ખાવાને બેઠા તારે, મુરા હાથમાં પકડીને તેનાં પાતરાં, જે ખરાબ હોએ તે તોડીને સુફરાની બોરદુએ નાંખવા લાગા. તેઓ ખીચરીની સાથે મુલા ખાઇને તાડી પીવા લાગા. જારે ખીચરી ખાઇ રહેઆ તારે, બાકી વધેલા મુલા તાડીનાં લાવણુ દાખલ ખાવા લાગા. તેઓ તાડી પીધાથી જારે તઇઆર બનેઆ તારે સુફરાની આગલ જાંહાં તેઓએ મુલાનાં ખરાબ થએલાં પાતરાં નાંખી દીધાં હતાં તાંહાં બેશીને મુતરવા લાગા. જારે મુલા ખવાઇ રહેઆ, અને તાડીથી તેઓના પેટમાં શોર કડવા લાગો તારે, તેઓ આજુબાજુએ મુલા શોધવા લાગા. મુલા તો સઘલા ખવાઇ રહેલા હતા; પણ મુલાનાં ખરાબ પાતરાં, જે તેઓએ કહાડી નાંખેઆં હતાં, અને જેની ઉપર બેશીને તેઓ એક પછે એક વારેઘડીએ મુતરેઆ હતા તેની ઉપર તેઓની નજર પડી. તાડીની કેફથી તેઓ ચકચુર બનેલા હતા; માટે મુલાનાં પાતરાં ઉપર મુતરવાનો તેઓને કશી સુગતા નહી રહી. તેઓ મધેના થોડાએક સુફરા ઉપરથી ઉઠીને મુલાનાં મુતરથી ભીંજવાએલાં પેલાં પાતરાં એકઠાં કરીને સુફરા ઉપર લાવીઆ આ દેખાવ જોવાથી તેઓમાં એક જન જરા સુધીમાં હતો તે બોલીઓ કે—"મીઆં, મુઝેકે પતે ઉપર તો આપણુ સબ જન મુતેલે હએ." આ વાત

સાંભલી બીજો એક જન બોલીઓ કે ભાઈ, અપણુ આંખશે અંધે તો નહીં હએ. અછી તરાંશે દેખકે જો મુતમે ભીંગે નહી હોઈંગે સો ખાઈંગે. એ પછી તેઓમાંથી એક પછી એક મુલાનાં પાતરાં હાથમા પકડવા લાગા, અને **આ નહી ભીંગા, આ ભીંગા !** એમ બોલીને એક પાતરૂં નાંખી દઈને મુતરથી ભીંજવાએલાં તરણ પાતરાં ખાવા લાગા, પછી તે મુતરથી ભરેલાં હોએ કે નહી તે જોવાની તો ખેર સરજા. એ મીસાલે તેઓ જાંહાં સુધી બેઠા તાંહાં સુધીમાં તાંહાં પડેલું મુલાનું એકેએક પાતરૂં વીચીને ખાઈ ગએઆ. આ દેખાવથી પેલો મુસલમાંન, જે જરા સુધી ધરાવતો હતો તે પોતાના ભાઈબંધોને કેહવા લાગો—મીઆં, તુમતો તાડી પીનેશે બોહત છાકટે હો ગએ, ઓર ઉસકે સબબસે મુતમે ભીંગેલ મુલે કે સબ પતેભી ખા ગએ. આ વાત શાંભલવાથી તેઓને બેઅદલત લાગી, જેથી તેઓ મધેનો એક બોલીઓ કે—મીઆં, તુમ તો દીવાંને હો. મુતમે ભીંગેલ મુલેકે પતે કીનને ખાએ ? પેલા સુધીવાલા મુસલમાંને તેને સવાલ કીધો કે—જપતો મુતમેં ભીંગેલ મુલેકે પતે કાંહાં ગએ ? પેલાએ ઉત્તર વાલેઓ કે મીઆં જીદર જાંનેકે થે ઉદર ગએ, ઉસમે, કેઆ બરી બાત હએ કે તુમ પંચાતી બહરાતે હઓ. એ ઉપરથી તેઓમાં તકરાર વધી અને મોટી મારામારી થઈ, જેથી તેઓને સરકારી અમલદારો પકડીને કેદ લઈ ગએઆ, અને બીજે દીને તેઓનો ઇનસાફ કરીને દરએક જનને છાકટો થવાનાં વાંકને સારૂં એક એક રૂપીઆના દંડની સજા કીધી.

## ભુલા ચુકાનો મા બાપ.

ખંભાત તાલુકાનાં એક પરગણામાં અલીભાઇ નાંમે એક વોરાજી રેહતો હતો, અને મોટીબુ નાંમે તેની અસતરી હતી, જે ઘણી ખુબસુરત અને ચેહરાવંતી હતી. અલીભાઇ બીચારો થોડી અકલનો અને નાંધલી બુધીનો હતો. તે પોતાનાં ગાંમ મધેનાં બજારમાં પરચુટણ સાંમાંનની દુકાંન માંડતો હતો. અલીભાઇની દુકાંનની પાશે એક સીધીની દુકાંન હતી, જે લોહડાં કાંમનો ધંધો કરતો

હતો. સીધીનું નાંમ અબદુ કરીને હતું, અને તે ઘણોજ રંડીબાજ હતો, તેમજ તે ગાએનનો ઘણો શોખીલો હતો. જેમ અલીભાઇ જેવો જાતે ભોલો હતો તેમ તેની બાએડી હોશીઆર અને સઘલાં લખણમાં પુરી હતી. અલીભાઇની દુકાંન ઉપર જે દરરોજ તેને સારૂં ખાંનું આપવાને પોતે જતી હતી. જારે મોટીબુ અલીભાઇનું ભાણું લઇને દુકાંન ઉપર જાએ તારે, અબદુની ઇશકબાજીની દીલ લલચાવનારી લાવણી મોટીબુ દીલ લગાડીને સહમજતી હતી. એ દેખાવ જોવાથી અબદુએ તે અસતરીનું દીલ પોતા તરફ ખેંચાએચ કે નહી તે જાંણવા સારૂં કાંઇએક ઉપાએ કીધો. એ વખતે મોટીબુએ અબદુને પોતાની ખુશી બતલાવી, જે ઉપરથી તે બધે જનાઓને પરીતનો ગાંઠ બંધાએઓ, અને એ દીનથી તે બંને જનાંઓ પોતાના બુરા હવસો પુરા પાડવા લાગાં. અલીભાઇ બીચારો ઓલીઓ હતો માંટે અબદુ તેની નીત ટકોર કરતો હતો કે મીઆં એક દીવશે મને ઘેરમાં જમવા લેઇ જાઓ, અને મોટીબુનાં પકવાંનનો સવાદ ચખાડો. આ બોલો સાંભલવાથી અલીભાઇ ઘણો ગુસસામાં આવતો હતો, અને અબદુને ઘણી ગાલો દેતો હતો, જે ઉપરથી અબદુ તેને કેહતો કે—મીઆં તમો નહી લઇ જાતા તો ખેર, હું મારા મેરે આવીશ. એ વખતે અલીભાઇ તેને કેહતો હતો કે જોતું આવે તો જુતીશી મારૂં. અબદુ દીવસની વેલાએ ઘણીવાર અલીભાઇની ગેરહાજરીમાં તેનાં ઘેરમાં જતો હતો ; પણ તેણે મોટીબુને જણાવીઉં કે એક દીવશે એવી ગોઠવણ કરવી જોઇએ કે અલીભાઇને કોઇ કારનસર રાતની વેલાએ ઘેર મધેથી બાહેર કહાડીને આપણ બંધે જનાઓ ઘેરમાં રહીએ. મોટીબુએ એ કાંમને સારૂં એક દીવશ ઠેરવીઓ, અને એક ચોકશ વખતે ઘેરની નજદીક હાજર રેહવાને અબદુને જણાવીઉં. તે દીવશે મોટીબુએ રાતના દશ કલાકે મકર કીધાં અને અલીભાઇને જણાવીઉં કે—મીઆં, મારા પેટમાં બહુ દુઃખે છે ; માંટે હકીમજીને હુઆં જાઇ મારે સારૂં કાંઇ દવા લાવો. અલીભાઇ ઘેર મધેથી બાહેર નીકલીઓ, અને ઘેરનું બારણું બંધ કરવાને મોટીબુને જણાવીઉં, અને તેને કહીઉં કે જારે હું હકીમજીને હીઆંથી દવા લેઇને આવીશ તારે તુંને શાધ મારીશ કે—બુ, અરે બુ, બારણું ઉઘાડ ; તારે તું બારણું ઉઘાડજે. મોટીબુએ તેને જવાબ દીધો કે ઠીક. અલીભાઇ

ઘેર મધેથી બાહેર ગએઓ, અને મોટીબુએ તેને જણાવવા સારૂ બારણું બંધ કીધું. અલીભાઇ થોડએક ગએઆ પછી અબદુએ બારણુ ઠોકીઉં, જે ઉંઘાડે આથી તે ઘેરમાં ભરાએઓ. થોડો વખત પછી અલીભાઇ મોહલામાં પાછો દાખલ થએઓ, અને મોહોલાને નાકે લીમનું એક ઝાડ હતું તાંહાં ઉભો રહી મોટે આવાજે બોલવા લાગો કે—લીમનો લીમ, ડાલની ડાલ. આદમજીની અગારી કાશમજીની પીછારી. આ કરીમભાઇનું ઘર, આ નુરોદીનનું ઘર, આ મુશાજીનું ઘર, અને આ આપણું (અલીભાઇનું) ઘર!! એક બે, અને તરણ, એ પરમાંણે પોતાના ઓટલાની શીડી ગણી ઉપર ચહડેઓ, અને મોટે અવાજે શાધ મારેઓ કે—બુ, અરે બુ; બારણું ઉંઘાડ. એ વખતે અબદુએ ઘેર મધેથી મોટી બુમ મારી કહીઉં કે કોણ છે રે ? આ શબદ સાંભલવાથી બીચારો અલીભાઇ ઘભરાએઓ, અને સહમજીઓ કે ભુલથી તે બીજા કોઇનું બારણું ઠોકે છે; માંટે અબદુને ઉતર વાલીઓ કે, અરે સાહેબ ભુલો પરો છું. એમ બોલી તે પાછો મોહલા બાહેર ગએઓ. લીમનાં ઝાડ આગલ જઇ ઉભો અને વલી ફરીથી પોતાનાં મોહલતીઓના હારબંધ ઘેર ગણવા લાગો કે, લીમનો લીમ. ડાલની ડાલ. આદમજીની અગારી, કાશમજીની પીછારી. આ કરીમભાઇનું ઘર આ નુરોદીનનું ઘર, આ મુશાજીનું ઘર, અને આ આપણું (અલીભાઇનું) ઘર. એક, બે, અને તરણ. એ પરમાંણે પોતાના ઓટલાની શીડી ગણી ઉપર ચહડેઓ, અને પોકાર મારી બોલીઓ કે, બુ, અરે બુ; બારણું ઉંઘાડ. વલી અબદુએ બુમ મારી કે કોણ છે રે લુચો ? શું ચોરી કરવાને આવોચ કે ? અલીભાઇ ઘભરાઇને બોલીઓ કે નહી રે સાહેબ નહી, મેં તો ભુલો પરો છુ. એ પરમાંણે અલીભાઇએ ઘણો વખત સુધી ઢકેલા ખાધા પછી ઘેર આગલ જઇ બોલેઓ કે, રે બુ, ઘેરમાં આ શી ધાર છે ? અબદુ તેનાં ઘેર મધેથી નીકલી ગએઓ, અને પછી જારે અલીભાઇએ છેલી વાર મોહલાં બાહેર જઇ આવીને બારણું ઠોકીઉં તારે મોટીબુએ બારણું ઉઘાડીઉં. એ વખતે અલીભાઇએ તેને પુછીઉં કે રે બુ. ઘરમાં કોણ હતું, અને મને ગાલ કોણ આપતું હતું ? મેં બરોબર નીશાંનીશી આપણાંજ ઓટલા ઉપર ચહડીને આપણું બારણું ઠોકતો હતો કે કાંઇ ભુલો પરો હતો ? મોટીબુએ તેને જણાવીઉં કે મીઆં, ઘરમાં તો **ભુલા ચુકાનો મા બાપ**

આવો હતો. અલીભાઈ સહમજેઆ કે ઘરમાં કોઇ ચોર આ-વેઓ હશે, તેથી તેણે બાએડીને પુછીઊં કે કાંઇ લેઇગઓ કે? મોટીબુએ જણાવીઉં કે, મીઆં તતો સઘલું ઘર ખાલી કરી લેઇ જતે; કાંએકે હું તો બાએડી, અને મારા સીવાએ ઘરમાં બીજુ કો-ઇજ નહી હોવાથી મેં તેને બીજી રીતની લાલચ બતલાવી, જેથી તે ચોરી કરવાની વાતને ભુલી ગઓ. અલીભાઇએ પુછીઉં કે, રે બુ, લુચછાએ તમને બહુ ઇજા દીધી હશે. બુએ જવાબ દીધો કે—ના, મીઆં, મેં તેને આનીગમશી પેલી ગમ ગોરવા કીધો, જેશી બહુ ઠાકી ગઓ તારે ચાલવા માંડું. અલીભાઇએ મોટી-બુને શાબાશી આપી જણાવીઉં કે—"બુ, તમારા જેવી ઘર રાખુ અને એકીનદાર બાએડી થોડીજ હશે. જોકે તમે ચોરને લલ-ચાવીને ઘરનો શામાંન બચાવો, અને વલી તેને આનીગમશી પેલીગમ ગોરવી ઠકાવીને કાહડી મેલા!

# અકલ બડી કે ભેંશ?

## બાલકોના વીચાર.

મધુરસ નાંમે એક કશબા મધે ધીરજસીંગ નાંમનો એક રાજા રાજ ચલાવતો હતો. આ રાજા તેનાં નાંમને જેબ આપે એવો હતો, અને તેનાં નાંમ પરમાંણેજ ધીરા સવભાવનો, અકલવાંન, અને ડાહેઆ હતો. આ રાજા શેકારનો ઘણો શોખીલો હતો, અને તે કાંમને માટે ઘણા દીવસ સુધી જંગલોની મુસાફરી કરતો હતો. એક દીવસે ઉનાલાની રૂતુમાં જારે, તે શેકારને માટે નીકલેઓ હતો તારે, બામદાદને વખતે, જંગલ મધે તેણે એક હરણને દીઠું અને તે ઉપરથી તેની પાછલ ઘોડાને ડપટાવીઓ; પણ હરણુ એટ-લું તો જોરાવર હતું, અને દોડવા તથા છલાંગ મારવામાં એવું તો ચાલાક હતું કે છેક બીજા પોહર સુધી રાજાને જંગલના ઘણાએક ભાગોમાં એણીગમથી પેલીગમ વલાંણો લેઇને હફાવેઆ કીધો. અંતે હરણને થાક લાગી, અને તેથી તેણે રાજાને હાથે મરવાનાં કરતાં આપઘાત કરીને મરવાને બેહતર ધારીઉં.

થોડા વખતમાં એક બીજુ વન આવીઉં, અને તાંહાંની જમીન મધે વરસાદનાં પાણીથી એક મોટો અને ઘણો ઉનડો ખોહ પડેલો હતો; તે ખોહ હરણની નજરે પડેઓ. એ ઉપર હરણે તેને કુવો જાંણીને તે મધે નખાવી દીધું, જો કે આ ખોહ ઘણો ઊનડો હતો, તોપણ તેમાં પડવાથી હરણનાં શરીરને કશીએ હાંણી પુગોતી નહી; કારણ કે તે ખોહ એકસરખો ઉનડો નહી પણ આરકતરો હતો; માંટે હરણ તેની છેક નીચે સુધી ગબરી નહી ગઇઉં હતું; પણ ઉપરનાંજ ભાગ મધે છુપાઇ બેઠું હતું. રાજા પોતાના ઘોડાને આ ખોહની નજદીક લેઇ જવા ગએઓ; પણ તેની નજદીકની જમીન એટલી તો પોચી હતી કે તેથી ઘોડાના પગ તેમાં ગલવા લાગા. એ ઉપરથી રાજાએ ઘોડાને પાછો હટાવીઓ, અને પોતે નીચે ઉતરીને, જો હરણ ખોહ મધે દેખાએ તો તેને મારી નાંખીનેજ તાંહાંથી પાછો ફરવાનો ડેડાવ કરેઓ, કાંએકે તેણે રાજાને મોટા વખત સુધી હફાવીઓ હતો. રાજા બંદુક હાથમાં લઇને ખોહની નજદીક જવા ગએઓ; પણ તેનાબી પગ જમીન મધે ઉતરવા લાગાથી ધાશતી ખાઇને પાછો ફરેઓ, અને નોરાશ થઇ ઘોડા ઉપર બેસીને ચાલતો થએઓ. રાજા ઘણો ઠાકી ગએઆથી તેને પાણીની પીઆશ ઘણીજ લાગી હતી, અને તે ઉપરથી તેનું શરીર ઘણુંજ નબલું થઇ ગએઉં હતું. ચાલતાં ચાલતાં તે એક જગા ઉપર જઇ પુગો, અને તાંહાં ખેતીવાડી અને ભાજી તરકારીના કેઆરા જોએઆ. એ ઉપરથી રાજાએ વીચારીઉં કે આ જગાએ પાણી અને માનસ હોવાં જોઇએ, અને તે ઉપરથી તે જગા ઉપર તેણે માનસની શોધ કરવા માંડી. લંબાંણ નજર દોડાવતાં રાજાને બે છોકરાઓ ભાજીના એક કેઆરા આગલ રમતા માલમ પડેઆ. એ ઉપરથી રાજાએ તે છોકરાઓને શાદ મારીને પોતાની નજદીક બોલાવીઆ, અને તેઓ પાસે પીવાનું પાંણી માંગીઉં. આ જગાથી આશરે તરણ બાઉ ઉપર શેરડી પાલવાનો "કેલુ" ફરતો હતો, અને તાંહાં પેલા છોકરાઓનો બાપ ગોરના વેપારીને તાંહાં ચાકરી કરતો હતો, તાંહાંથી પોતાને ઘેર લઇ જવાને સારૂં છોકરાઓના બાપે શેરડીના રશનું એક ધારવું તેઓને આપેલું હતું, જે પોતાના મીતરનાં ખેતરમાં મેલી તેઓ રમતા હતા; કાંએકે તેઓનો મીતર પોતાને ઘેર જમવાને ગએઓ હતો, માંટે તેઓ તેનાં ખેતરની ચોકી કરતા રહેઆ હતા.

બંધે છોકરાઓ પાછા ખેતરમાં દોડી ગએઆ, અને એકે શેરડીનું, અને બીજાએ પાણીનું ધારવું હાથમાં લીધું, અને રાજાની આગલ જઇ જણાવીઉં કે આ બે ધારવાં પાણી અને શેરડીના રશનાંછે; માટે રે સાહેબ જે તમોને ગમે તે પીઓ. એ ઉપરથી રાજાએ શેરડીનો રશ પીધો, જેથી તેનો જીવ ઘણો સંતોશી થએઓ, અને તે ઉપરથી છોકરાઓની ચાલાકી અને તેઓની ઉદારતા ઉપર ઘણો ખુશી થએઓ, અને તેઓને જણાવીઉં કે હું રાજી છેઉં, અને તમોએ મને ખુશી કીધોચ તેથી તમો જે માંગો તે હું તમોને આપું; વાસતે જે ગમે તે માંગો. છોકરાઓ બંધે ભાઇ હતા, અને તેઓની વએ સાત અને આઠ વરશની હતી તેથી તેઓએ પોતાની બુધી પરમાંણે માગણી કીધી. નાંનાં છોકરાએ રાજાની પાશે માંગીઉં કે તેને ઘણી અકલ આપવી, અને મોટા છોકરાએ રાજાની પાશે એક ભેંશ માંગી! એ ઉપરથી રાજા તાંહાં ખોટી થએઓ અને તેઓના બાપને બોલાવી મંગાવીઓ. છોકરાઓના બાપને રાજાએ જણાવીઉં કે તેનાં છોકરાઓએ તેની બરદાશત કીધાથી તેઓની ઉપર તે પરસન થએઓછે; પણ તારા નાંહનાં છોકરાએ અકલ અને મોટા છોકરાએ ભેંશ માંગી છે, વાસતે હવડાંની હવડાં જેટલા રૂપીઆ બેશે તેટલા આપીને એક ભેંશ વેચાતી લાવવી. છોકરાઓનાં બાપે ગાંમમાં જઇને એક ભેંશ ખરીદ કીધી, અને તેના ધનીને રાજા પાશેથી રૂપીઆ અપાવીઆ. હવે નાંહનાં છોકરાએ તો અકલની માંગણી કીધેલી હતી તેથી તેને તો અકલજ આપવી જોઇએ તેથી રાજાએ તેના બાપને જણાવીઉં કે તારા નાંહનાં છોકરાએ તો અકલ માંગી છે, અને તે અકલવાંન થશે એવી તેને ખાતરી છે! કારણકે તેણે પાંણી માંગવા ઉપરથી છોકરાએ તેને શેરડીનો રશ પાઇને તેનો આતમા ખુશી કીધો છે; તેટલા સારૂં દર માસે તેને ખાવા અને કપડાંને વાસતે પગાર આપીઆમાં આવશે, અને તેને અકલ આપવા સારૂં એક માંનસ આપીઆમાં આવશે. માટે આજ દીનેથી તારા છોકરાને તે માનસના સવાધીનમાં આપવો કે પછી તે અકલવાંન થશે. એટલું કેહીને રાજાએ છોકરાઓનાં બાપને સો રૂપીઆ આપીઆ, અને તેપછી તે પોતાને ઘેર ગએઓ. રાજાએ પેલા છોકરાને કેલવણી આપવા સારૂં પોતાના કશબા મધેથી એક વીદવાનને શોધી કાહડીઓ, અને તેને પોતાની તરફથી પગાર આપતો કરીને તે છોકરાને શીખવવા સારૂં નેમીઓ.

એ ઉપરથી પેલા પુરૂશના નાંહનાં છોકરાએ વીદીઆ અભીઆસ કરવા માંડીઓ, અને મોટો છોકરો ભેંશનું દુજાણું ખાવાની આશાથી તેની પાછલ ચાકરીએ લાગો. વખત આગલ ચાલેઓ, અને એક લાંમબી મુદત ગુજરી ગેઇ, અને તે અરસામાં પેલા પુંરૂશના નાંહના છોકરાએ વીદીઆનો સારો અભીઆસ કીધો અને તેની પરીખશા રાજાને આપવા સારૂં તેના શીખશકે રાજા પાશે તેને લેઇ જાવાની તઇઆરી કીધો; પણ તેની આગમચ આ છોકરાનો મોટો બાઇતો નીરાશ થઇ બેઠેલો હતો; કાંએકે તેણે રાજા પાશેથી લાધેલી ભેંશ મરણ પાંમી હતી! એ ઉપરથી બીજી ભેંશ રાજા પાશે માંગવા માટે તેબી રાજાની પાશે જવાબે તઇઆર થએઓ, અને તે વીશે પોતાના ભાઇના શીખશકને અરજ કીધી. શીખશકે બંધે છોકરાઓને પોતાની સાથે લીધા, અને રાજાની આગલ હાજર કીધા. રાજાએ તે બંધે છોકરાઓને જોવાથી પુછીઉં કે—કેમ છોકરાઓ **અકલ બડી કે ભેંશ?** એ ઉપરથી મોટો છોકરોતો વીચારમાં પડેઓ કે શું જવાબ દેઉં; પણ નાંહનાં છોકરાએ તુરતજ જવાબ દીધો કે સાહેબ. અકલ બડી. રાજાએ તે છોકરાને પુછીઉં કે અકલના કરતાં તો ભેંશ ઘણી મોટી હોએછે? છોકરાએ જવાબ દીધો કે સાહેબ, ભેંશનાં કરતાંને અકલ ઘણીજ નાંહલી છે ખરી; પણ ભેંશની મીસાલે તેને કાંઇએ દુ:ખ દરદ થતું નથી; તેમજ તે ભેંશની પેઠે મરણ પાંમતી નથી; તેને ચોરો, લુછાઓ, અને પીનડારાઓની ચોરી અને લુટફાંટ વીશે કશીએ બાશતી નથી. એટલું એજ નાહી પણ અકલનો ખજાંનો શુનાં, રૂપાં, અને તાંબાના ખજાંનાની મીસાલે ખરચેઆથી ઇઆને કોઇને આપેઆથી ઓછો નથી થતો; પણ જેમ જેમ તે ખજાંનાને માંનસો ખરચેય, ઇઆને બીજાઓને આપેય તેમ તેમ તેના ફેલાવામાં વધારો થતો જાએ છે; એ ઉપરથી અકલ સરવે ઉપર મોટાઇ, અને વડાપણું ભોગવે છે. એ શાંભલવાથી તેનો મોટો ભાઇ રડી પડેઓ અને રાજાને જણાવીઉં કે—સાહેબ, તેને મલેલી ભેંશતો મરણ પાંમી. એ ઉપરથી રાજાએ તે બંધે છોકરાઓને બખશેશ આપીને વદીઆ કીધા.

# જટાલો તે જોગીનો ભાગ!

## ( વાંણીઆનો વેહવાર )

એક રસતા ઉપરથી એક બરાહમણ, વાંણીઓ, અને જોગી, આ તરણડે શખસો ચાલતા હતા, જેઓ એક ગાંમડાં તરફ જવાના હતા. એ રસતાની પકતીની બાજુએ શેરડીનો એક શાંઠો પડેલો હતો, જે ઉપર આ તરણડે રાહદારીઓની નજર સાથે પડી હતી. આ શેરડી વાંણીઆએ ઉંચકી લીધી, અને તેને માટે બરાહમણ અને જોગીએ દાવો કીધા ઉપરથી, વાંણીઆએ તે ભાગે પડતી આપવાને કબુલ કીધું, અને એક ઠેકાંણે બેશીને વેહચવા લાગો. પરથમ તે શેરડીનું પુછડું કાપીઉં, અને તે કકડો બરાહમણને આપેઓ અને બોલીઓ કે "અગરે અગરે વીપર." શેરડીની નીચેનું થડ કાપીને જોગીને આપીઉં, અને કહીઉં કે **જટાલો તે જોગીનો ભાગ** એ પછી તે શેરડીની વચેનો જે સારો ભાગ રહેઓ તે વાંણીઆએ પોતે લીધો, અને પેલા બંધે જનાઓને કહીઉં કે "વચેનું કંદ તે આરોગેનંદ." એવી રીતની ઠગાઇ કરીને શેરડીનો આખો શાંઠો પેલો વાંણીઓ ખાઇ ગએઓ. લુછા લોકો ભોલાં માંનસોને ઠગવાને માંટે ઘણીવાર એવી પરકારની હઉકતીઓ કાંમે લગાડે છે, અને તેઓની ઠગાઇની મતલબ નહી સહમજવા ઉપરથી ભોલાઓ તેઓનાં કાંમ ઉપર, કશીએ વાંધો લીધા વગર રાજી થાએ છે.

# હોટ બાહેર તે કોટ બાહેર.

## રાજાના બોકરા કાંણ.

ગુજરાત તરફ મકરપુરા નાંમે પરગણાંમાં એક રાજા રેહતો હતો, અને તે રાજા ઘણી મોટી દોલત ધરાવતો હતો; પણ તેને તાંહાં એક બાલક નહી હતું. બાલકની ઉતપંતીને માટે તે રાજાએ ઘણાએક ઉપાએ કાંમે લગાડીઆ હતા, અને બરાહમણ જોશીએ

વગેરે ઠગારાઓએ જેમ તેને કહીઉં તેમ કીધું હતું; પણ તેથી રાજાની આશા પુરી પડી નહી હતી. રાજાની કચેરીમાં એક ઢોંગી પુરૂષ બેશતો હતો, જે ફુરશદની વેલાએ ઢોંગ કરીને રાજાને ગમત આપતો હતો. આ ઢોંગી પુરૂશ રાજાના કરતાંને વધારે ગનેઆંની હતો; અને રાજા પોતાની દોલત, બરાહમણો વગેરે ધુતારાઓના કેહવા પરમાંણે ખરાબ કરતો હતો, તે વાત તે ઢોંગી પુરૂશને પસંદ પડતી નહી હતી. એકવાર તે ઢોંગી પુરૂશે વીચાર કીધો કે રાજાનું ચીત જો આ ધુતારાઓની જાલમાં ગુંઠાઇ ગએઉં તો, રાજા પોતાના રાજકારોબાર ઉપર કશુંએ ધીઆન આપી શકવાનો નથી. જેથી રાજની પાએમાલી થવાની.

રાજાને જોશીઓના વેહમથી છુટો કરવા સારૂં ઢોંગીએ કંઇ ઉપાએ શોધીઓ અને તેને સારૂં રાજા પાશેથી ગાંમ જવાને બાંહને એક માસની રજા માંગી લીધી, અને તેટલા વખત સુધી તે પોતાનાં ઘેરમાં છુપાઇ રહેઓ. આ મુદત પુરી થએઆ પછી, પેલો ઢોંગી પુરૂશ પાછો રાજાની કચેરીમાં ગએઓ. રાજા કચેરીનાં કાંમથી ફુરશદ પાંમીઆ પછી ઢોંગી પુરૂશ તેની આગલ જાઇ કુરનસ બજાવીને ઉભો રહેઓ, અને બોલવા લાગો કે—ખંદેનવાજ, નોકરની એક અરજ છે. રાજાએ હોકમ કરેઓ કે જાહેર કરવી. એ ઉપરથી ઢોંગીએ જણાંવીઉં કે જારે તે પોતાને ગાંમ ગએઓ હતો તારે, તાંહાં ૧૨૫ વરશની વએનો એક જઇફ બરાહમણ તેને મલીઓ હતો, અને તે વેલાએ રાજાને તાંહાં ફરજંદ આવશે કે નહી તે વીશેની તે બરાહમણથી તેણે પુછપરછ કીધી હતી. એ ઉપરથી તે બરાહમણે જણાંવીઉં કે—અગરજો દશ વરશ સુધી, દરએક વરસે એક એક કુમારી કનીઆ સંગાથે રાજા પોતાનાં લગણ કરે તો, તેને તાંહાં છોકરાનો જનમ થવાનો. માટે રાજા સલાંમત, તમારી દેવસી મેહેરથી હવે બરાહમણ જોશીઓને વેગલા કરીને આ ઉપાએ કાંમે લગાડવો જોઇએ; કાંએકે મારાં ગાંમ મધે રેહનારે બરાહમણ ઘણો બુઢો અને મોટી અજમાંએશવાલો, અને તે સાથે બોહલી હોશીઆરીવાલો છે; તે સારૂ તેણે કહેલા ઉપાએ કાંમે લગાડીઆથી ફાએદો થવાનો. આ ઢોંગીની વાત રાજાએ પસંદ કીધી અને પોતાને માટે એક બાએડી શોધી કાહડવાનો હોકમ કીધો. એ ઉપરથી એક ખુબસુરત ચેહરાની કનીઆ શોધી કાહડવામાં આવી જેની સાથે રાજાએ પોતાનાં લગણ કીધાં અને એજ

પરમાંણે દર વરશ એક એક નવી કનીઆ સંગાથે રાજા પોતાનાં લગન કરતો ગએઓ. રાજાએ જારે દશમે વરશે દશમીવારની બાએડી સંગાથે પોતાનાં લગન કીધાં તેવારે, તે અસતરીને હમેલ રહેઆ અને તેણે એક છોકરાનો જનમ આપીઓ. રાજાને ઘેર છોકરો આવીઓ ખરો; પણ તે બાલક એક એબ ધરાવતો હતો, જેથી રાજાનું દીલ દુઃખી થઇઉં. કારણ કે તે છોકરાનાં કાંન બકરાંનાં સરીખા લાંમબા હતા! આ વાતની શેહર મધે ચરચા નહી થવા સારૂં, રાજાએ એવી ઇઉકતી શોધી કહાડી કે—શેહરથી લંબાંણ આવેલાં કોઇએક જંગલ મધે થોડાંએક છાપરાં બંધાવીઆં, અને તાંહાં પોતાના વીશવાશુ માંનસો સાથે પોતાની બાએડી અને છોકરાને મોકલાવી દીધાં. આ કાંમ રાજાએ શા સબબથી કીધું તે વાતની ચરચા ઉઠવાથી રાજાએ એવી અફવા ઉરાડી કે શેહર મધેનાં કોઈ ખરાબ આદમીની દરશટી બાલક ઉપર નહી પડવા સારૂં એકાંત જગોએ તેને રાખીઆમાં આવીઓ છે. રાજાએ જે જંગલમાં છોકરાને રાખીઓ હતો તાંહાં કોઇએબી આવજાવ નહી કરવાને લોકોને ઘણીજ તાકીદ કીધી, અને અગરજો કોઇ આદમી તેવો અપરાધ કરે તો, તેને ફાંશી દેવાનો સખત હોકમ કીધો.

આ વાતને લાંમબો વખત ગુજરેઆ પછી, જારે રાજાનો છોકરો ઉમરે પુગો તારે, તે વાંચવા લખવા શીખીઓ અને રાજનીતી સંબંધી તેણે ઘણી સારી માહીતગારી મેલવી, અને પોતના બાપ સંગાથે રાજદરબારી બાબતો સંબંધી સંધેશા ચલાવવા લાગો. માંઠાં ભાએગે એવો સંજોગ બનીઓ કે રાજા અકસમાત મરણ પાંમેઓ, અને તે ખબર તેના દીકરા ઉપર ગઇ. આ માઠા સમાચાર જાંણવા ઉપરથી રાજાનો દીકરો માંનસીંગ ઘણો દલગીર થએઓ; પણ તેને પોતાના બાપ ગોલાબસીંગનાં પરગણાં મધે જવાને એક સેહલો ઉપાએ મલી આવીઓ. રાજાના દીકરાએ પોતાના બાપનાં સનાન, અને શોક દાખલ, પોતાનાં માથાં ઉપર એવી રીતથી સાલનો ફેંટો બાંધીઓ કે, જેથી તેના બંધે કાન તે ફેંટાની અંદર દબાઇ રહેઆ અને તેથી તેની એબ ઢંકાઇ રહી. આ નવો રાજા પોતાના બાપનાં પરગણાં મધે દાખલ થવા પછી, રાજની ગાદી ઉપર બેશીને વખાંણવાજોગ રીતે હાકમી ચલાવવા લાગો; પણ તેણે બાપના શોકની નીશાંણીને

બાંહને, પોતાની એબ ઢાંકવા સારૂં માંથાં ઉપર પાઘડીને બદલે શાલનો ફેંટોજ રેહવા દીધો.

આ નવા રાજાએ પોતાનું માંથું બોરાવવા સારૂં પોતાના બાપનાં બુઢ્ઢા હજાંમને બોલાવીઓ, અને તેને એકાંત જગાએ લેઈ જઇને કહીઉં કે—જો મારાં ઘેરમધેની કાંઇપણ વાત તારે મોહડેથી બાહેર પડીચ તો, તુને અને તારાં ઘેર મધેનાં તારાં બાલગોપાલ સુધાં ઘાંચીની ઘાંણીમાં પીલાવી નાંખશ. આ ઉપરથી હજાંમે જણાવીઉં કે સાહેબ, ગમે એવીબી છુપી વાત હશે તો તેને પેટમાંજ દાબી રાખીશ. એ પછી રાજાએ તે હજાંમ પાશે પોતાનું માંથું બોરાવીઉં. હજાંમે કાંન જોઇને વીચાર કીધો કે રાજાના કાંન તો બોકરાના જેવા છે. એ પછી ઘણા વખત સુધી હજાંમે તેનું માંથું બોરેઆ કીધું પણ તેના કાંન સંબંધી અચરતી ભરેલી વાત તેનેથી કોઇની આગલ કેહી શકાઇ નહી. હજાંમનું મન ઘણું છાલકું હતું, અને તે કાંઇબી નવી વાત સાંભલતો હતો, તો પોતાના મીતરો વગેરેની મંડલીમાં કેહેઆ વગર રેહતો નહી હતો. અગરજો તવી કોઈ વાત તે હજાંમ પોતાના મીતરો આગલ કેહવાને કોઈવાર ભુલી જતો હતો તો, કોઇબી જોગવાઇ લઇને તે વાત તેઓની આગલ કરતો હતો; પણ તેજ પરમાણે અગર જો રાજાની વાતબી કરે તો, તેનો તથા તેનાં કુટુંબ પરીવારનો જાંન જવાની તેને મોટી ધાશતી બેઠેલી હતી; માંટે તે કોઇનીબી આગલ કેહવાની તેની છાતી ચાલતી નહી હતી કે રખેને તેનાં આખાં કુટુંબનો નાશ થઇ જાએ.

એક દીવસે હજાંમ પોતાની નીઆતનું જમન જમી આવીઓ હતો. જમનમાં દુધપાક વગેરે બાદીનો ખોરાક વધારે ખાધાથી, બદહજમીઅતને લીધે તેનુ પેટ બાદી થવાથી ચહડી આવીઉં. એ ઉપરથી હજાંમ વીચારમાં પડીઓ કે તેનું પેટ શાંને ફુગાઇઉં હશે, અને થોડા વખતમાં તેના વીચારમાં એવું આવીઉં કે "રાજાના કાંન સંબંધી વાત પેટમાંજ રાખી મેલીઆથી તેનું પેટ ફુગાઇ આવીઉં છે!" આ વાત કોઇનીબી આગલ નહી બોલીઆથી તેનું પેટ ફુગાઇ આવીઉં, એવો વીચાર જારે હજાંમનાં દીલમાં ઉતપંન થએઓ તારે, તેનો જીવ ઘણો ઘભરાવા લાગો, અને તે વાત કોઇનીબી આગલ તે બોલી દીએ તો સારૂં, એવા વીચાર તરફ તેનું ધીઆન ખેંચાવા લાગું. એક તરફથી તે વાતને બાહેર

પાડવાને તેનું દીલ લલચાતું ; પણ બીજી તરફથી આખાં કુટુંબનો નાશ થવાની તેને ધાશતી પડતી. એ ઉપરથી હજાંમે એવો ઇરાદો કીધો • કે શેહરની બાહેર જઇને કોઇ અજાંણેઆં માનસને તે વાત કેહવી• એવી ધારણાંથી તે જંગલ તરફ નીકલી ગએઓ. ચાલતાં ચાલતાં મોટાં મોટાં ઝાડોનાં વનંમા જઇ પુગો, અને તે વેલાએ સંધીઆ કાલનો વખત થએઓ હતો. જેમ જેમ રાતનો સમો થએઓ તેમ તેમ તેને જાંનવરનો ભએ પેશવા લાગો, અને તે ઉપરથી તે એક ઝાડની ડાલ ઉપર ચહડી બેઠો તો ખરો ; પણ જંગલના ડરાંમનાં દેખાવથી તે અતીઘણો બીહીધો, અને પોતાની અકલ સંબંધી પશતાવો ખેંચવા લાગો, અને તે વેલાએ તેનાં દીલમાં એવો વીચાર આવીઓ કે અગરજો રાજાની વાતનો સમાસ પેટમાંજ કીધો હતે તો, આ મોટાં બીહાંમનાં જંગલનો વાસો કરવો નહી પડતે. જેમ જેમ રાત આગલ વધતી ગેઇ તેમ તેમ જંગલનાં બીઆબાંન વનનો ભએ તેનાં દીલમાં વધારે પેશતો ગએઓ. આ ભએને પોતાનાં મનમધેથી કાહડી નાંખવા માટે હજાંમે વીચારીઉં કે હઇઆંતો જંગલ સીવાએ કોઇએ આદમી નથી ; માંટે મોટા પોકારથી રાજાના કાંન, જે ખોકરાંના જેવા છે તે વાત બોલી દેઉં કે જીવનો ધભરાટ ભાગીને દીલનો ખુલાસો થાએ ! આ વીચાર પરમાંણે હજાંમે મોટા આવાજથી બોલવા માંડીઉં કે—"રાજાના ખોકરા કાંણ, રાજાનાં ખોકરા કાંણ." એ પરમાંણેની બુમ મારીને હજાંમે તે આખી રાત ગુજારી, અને સહવાર પડતાંજ પોતાનાં ઘેર તરફ નીકલી ગએઓ.

બનાવ એવો બનીઓ કે જંગલ મધેનાં ઉપલાં જાહાડની થોડીએક વેગલાઇએ બાહેરથી આવેલો એક ફકીર શુતેલો હતો, અને જારે હજાંમે "રાજાના ખોકરા કાંણ, રાજાના ખોકરા કાંણ" કરીને મોટા પોકાર મારેઆ તારે, તે ફકીર • જાગી ઉઠીઓ અને જંગલ મધે એવા પોકાર કોંણ કરેચ તેનો વીચાર કરવા લાગો. જારે તે ફકીરને આ બાબે કાંઇએ સાર નહી મલીઓ, તારે, કાંઇ બલા નીકલી હશે, એવું ધારીને તે ફકીર રાજાનાં ગાંમ તરફ ચાલતો થએઓ. શેહરમાં દાખલ થએઆ પછી તે ફકીર ભીખ માંગવાને નીકલીઓ, અને તે વેલાએ તેણે વીચારીઉં કે ગેઇ રાતરે જંગલ મધે જે શબદો તેણે શાંભલીઆચ તેજ

શબ્દો બોલીને જો તે ભીખ માંગશે તો, કદાચ નવાઇ જેવી વાત જાંણીને લોકો તેને ભીખ આપશે. એવા હેતુથી તે ફકીરે રસતાઓમાં ફરતાં ફરતાં બોલવા માંડીઉં કે "રાજાના બોકરા કાંણ, રાજાના બોકરા કાંણ" ફકીર આ શબ્દો બોલતો બોલતો જારે રાજાના મેહલ તરફ ગએઓ તારે, પેલો હજાંમ રાજાનું માથું બોરતો હતો. રાજાએ ફકીરને મોહડેથી ઉપલા શબ્દો શાંભલીઆ, અને તે ઉપરથી વીચારીઉં કે તેના કાંણ સંબંધી વાત હવે બાહેર પડી ખરી, અને તેટલા માટે રાજાએ હજાંમને દમ દેઇને પુછીઉં કે—મારા કાંણ વીશેની વાત તેં કોઇની આગલ કીધીચ કે શું ? જો પેલો ફકીર મોહલા મધે પોકાર મારતો ફરે છે. આ ઉપરથી હજાંમને ધભરાટ પેદા થએઓ, અને ઝડપથી બોલી ઉઠીઓ કે—હા સાહેબ, હું રાતને સમે જંગલ મધે જઇને બોલી આવીઓ છેઉં, અને તે પછી આ બાબત સંબંધી સઘલો ખુલાશો કીધો.

રાજાએ ફકીરને બોલાવીઓ, અને જે શબ્દો તે બોલતો હતો તેનો સબબ તેને પુછેઓ. ફકીરે આ બાબતમાં જે ખુલાસો કીધો તે મનમાંનતો, અને હજાંમે કહેલી મતલબને બરોબર મલતો આવીઆથી, ફકીરને રાજાએ ઇનાંમ આપીઉં, અને જણાવીઉં કે ઉપલા શબ્દો બોલવાની મકસદ કોઇનેબી જણાવીઆ વગર આ ગાંમ મધેથી તારે એકદમ નીકલી જવું, નહી તો તુંને ગરદન મારેઆમાં આવશે. એ ઉપરથી રાજાને કુરનસ બજાવીને ફકીર તાંહાંથી નીકલી ચાલતો થએઓ.

એ પછી રાજાએ હજાંમને ઉભો કીધો, અને કહીઉં કે—જે વાત તારાં મોહડાં મધેથી બાહેર પાડવાને મેં સખત મનાઇ કીધી હતી., તેજ વાતને તેં શેહર બાહેર જઇને વનમાં જાહેર કીધી. તું કદાચ એવું સંહમજીઓ હોએ કે વનમાં કોઇબી માનસ નથી; પણ તારાંજ મોહડાં ઉપર ફકીરે કહીઉં કે તે વનમાં તે શુતેલો હતો, અને આ શબ્દો શાંભલવાથી ધભરાઇને જાગી ઉઠીઓ હતો. ગમે એવીબી છુપી જગોએ જઇને હરએક ગુપત વાત બોલીએ તો તે જરૂર જાહેરમાં આવેઆ વગર રેહજ નહી. **હોટ બાહેર તે કોટ બાહેર** એટલે કે જે વાત મોહડાં મધેથી બાહેર પડે તે ફેલાઇ જવા વગર રેહજ નહી. હરેક વાત જાંહાંસુધી હોટની અંદરજ હોએચ તાંહાંસુધી તેનો ભેદ કોઇને માલમ પડતો નથી; પણ જારે તે હોટની બાહેર નીકલેચ તારે, દરએક ઠેકાંણે ફેલાઇ જવાને કશીએ વીલમ

લાગતો નથી. આ વાત જાંહાંસુધી તેં બાહેર પાડીતી નહી તાંહાંસુધી કોઇએબી જાંણીતી નહી; પણ જારે કોટ બાહેર જઇને તેં તે વાતને હોટબાહેર કાહડી, અને બોલી આવીઓ તારેજ તે ફકીરની મારફતે ગાંમ મધે પાછી દાખલ થઇ; માંટે તુંને હવે બચીત ગરદન મારવો જોઇએ. એટલું બોલીને રાજાએ તલવાર હાથમાં લીધી, અને હજાંમનું દોકું ધડ ઉપરથી છુટું પાડી નાખીઉં!!!

## પાપનો ઘડો ફુટી ગએઓ!

(પર પોટાની શાખશી)

ગુજરાત પરાંતનાં હરસુરન નાંમે એક ગાંમ મધે નાંહનો અને ફકીર નાંમના બે મીતરો રેહતા હતા. આ બંધે શખસોને એક બીજા સાથે ઘણીજ સારી મીતરાઇ હતી, અને તે બંધે પુરશો કલાકઉશલમાં સારી રીતે માહીતગાર હતા; તેમજ તેઓ ચાલાકી અને ચંચલાઇથી ખાલી નહી હતા; પણ માંઠાં ભાએગે તેઓએ ચોરી કરવાનો ઉદીઅમ શોધી કાહડીઓ હતો. ચોરી કરવાનાં કાંમમાં તેઓ એવા, અને એટલાતો ચાલાક હતા કે ગમે એટલોબી હોશીઆર પુરશ હોએ તેની હોશીઆરીને સેહલાઇથી ઝાંખ લગાડતા હતા. તેઓની એવી રીતની કાબેલીઅતને માંટે તેઓની આશપાશનાં ગાંમવાલા લોકોએ તેઓને **શાહ ચોરો** નું નાંમ આપીઉં હતું. આ ચોરોની ચાલાકી સંબંધી વખાંણ ગાએકવાડ રાજાની કચેરી મધે થઇ, જેથી રાજાને અચરતી ઉપજી હતી; તોપણ તેઓ સંબંધી થએલી વાતને તે રાજાએ સંપુરણ નહી ગણી હતી. એ ઉપરથી રાજા અને તેના દેવાંન વચે તકરાર ઉઠી. દેવાંને કહીઉં કે એ ચોરો ઘણાજ પકા અને કોઇથીબી નહી પકડી શકાએ એવા છે, અને રાજાએ કહીઉં કે તેઓ ગમે એટલા પોંહચેલા અને પકા હશે તોપણ તેઓને પકડીઆ વગર તે રેહવાનો નથી. એ ઉપરથી દેવાંને રાજાની પરવાંનગી લેઇને એક જાહેરનાંમું બાહેર પાડીઉં કે જે ધની રાજાના મેહલ મધેના તેના સુવાના ઓરડા મધેથી કોઇ ચોકસ વસતુ ચોરી જાએ તેને સારૂં ઇનાંમ આપેઆમાં આવશે. આ જાહેરનાંમું જે દીને બાહેર પડીઉં તેજ દીને રાતરે,

પેલા બંધે ચોરોએ રાજાના મેહલ મધે દાખલ થવાનો ઠેડાવ કરીઓ હતો, રાજા પોતાના મેહલના તરીજા માલના એક ઓરડા મધે શુતો હતો, અને નીચેથી તે ઉપર સુધી જવાના એટલા મારગમાં સઘલી મલીને સાત જગા ઉપર માંનસોની ચોકી રાખેલી હતી કે કોઇબી આદમી રાતના દશ વાગા પછી રાજાના ઓરડા મધે દાખલ નહી થઇ શકે. શોધ કરતાં પેલા શાહ ચોરોને આ ચોકી પેહરા વીશેની ખબર મલી.

તે ચોરો પોતાંનાં કાંમમાં ફતેહ મેલવવાને માંટે ચાર **પાટલાઘો** પોતાની સાથે લેઇને ગએઆ હતા. આ જાનવર એવાં હોએચકે તેને પકડીને દેવાલ ઉપર ફેંકીએતો એવી રીત વલગી જાએચકે ગમે એટલુંબી ખેંચીઆથી નીકલતાં નથી, પણ જારે તેનું મોહડું દાબેઆમાં આવેચ તારે તે છુટી થાએ છે. એ ઉપરથી તેઓએ આ જાનવરોની કંમરે મજબુત દોરડાં બાંધીઆં હતાં. રાજાના મેહલનો પાછલો ભાગ, જાંહાંની જગા ઘણી નવરાશ ભરેલી હતી તાંહાં તેઓ ગએઆ, અને પેલી પાટલાઘોઓને દેવાલની ઉનચાઇ ઉપર ફેંકી. જે ઘણીજ મજબુતાઇથી દેવાલ ઉપર વલગી રહી અને તેની મદદથી પેલાં દોરડાં પકડીને રાજાના મેહલ ઉપર ચહડવાને એખલા નાંહનાએ શરૂ કીધું, અને એકપછી એક પાટલાઘોની આગલ જઇને દેવાલ ઉપરથી ઉપાડીને વધારે ઉનચાઇ ઉપર તે ફેંકતો ફેંકતો છેક રાજાના મેહલના તરીજા માલની બારી સુધી જઈ પુગો. અંદરનો દેખાવ જોવાથી માલમ પડીઉં કે રાજાને શુવાના ઓરડા મધેથી જાજરૂં ખાંનાંમાં આવવા માંટેનો એક છુપો રસતો હતો, અને તે જગાએ કોઇબી માંનસની ચોકી રાખેલી નહી હતી; કાંએકે તે રસતો માંનસોની ચોકીની વચોવચમાં આવેલો હતો. ઉપલે રસતેથી નાંહનો રાજાના ઓરડા આગલ ગએઓ, અને અંદર નજર કરી જોતાં માંલંમ પડીઉં કે રાજા અને રાંણી ખુશીમાં આવીને રમત રમતાં હતાં. આ સમો સારો જાંણીને નાંહનાએ ફકીરને ઉપર બોલાવવા માંટે પેલી ચારે પાટલાઘોને નીચે નાંખી દીધી, જેની મદદથી ફકીરબી ઉપર આવી પુગો. ફકીરને ઉપર ગએઆ પછી, તે બંધે જનાઓ છુપાતા છુપાતા રાજાના ઓરડા મધે દાખલ થએઆ, અને તેના સેજની નીચે સંતાઇને બેશી રહેઆ, અને ધીરજથી ચો તરફ નજર કરીને

જોવા લાગા. તપાશ કરતાં તેઓને રાજાનો બાહેર જવાનો પોશાક માંલમ પડીઓ. રાજા અને રાંણી પોતાના પીઆરની રમતથી જારે ઠાકી ગએઆં તારે, તેઓ મધુર ઉંઘમાં પડેઆં, અને તે ટકનો લાભ લઈને ચોરોએ રાજાનો પોશાક લીધો. એ પછી તેઓ નચીનતાઇથી ઓરડા મધે એણીગમ પેલીગમ જોવા લાગા અને રાંણીનો પોશાક તેઓએ પલંગની નજદીકની એક ખુરશી, ઉપરથી શોધી કાહડીઓ. તે કુરસી ઉપરથી તે સઘલાં કપડાં પેલા બંધે જનાઓએ પોતાનાં સવાધીનમાં લીધાં.

નાહનાંનું શરીર રાજાની મુઆફક આંગે ભરેલું હતું, અને રાજાનીજ મીસાલે તેનાં મોહડાં ઉપર બાલ રાખેલા હતા, તેથી તેણે રાજાનો પોશાક પેહરી લીધો. ફકીરનું મોહડું રાંણીના ચેહરાને મલતું ગોરૂ હતું; પણ તેનાં મોહડાં ઉપર મુંછ હોવાથી એક બાટલી ભાંજીને તેના કાચે કરીને મુછના બાલ સફાહય બોરી નાંખીઆ, અને તે પછી તેણે રાંણીનો પોશાક પેહરી લીધો. એ પછી તે બંધે જનાઓ ઓરડાનાં બારણાં આગલ ગએઆ, અને દરબાંનને હોકમ કીધો કે મેહલ મધે રાખેલી. માંનસોની સઘલી ચોકી ઉઠાડી મેલ. ચોકીનાં માંનસો ઉઠી ગએઆ પછી, તેઓ ઓરડાની બાહેર નીકલીઆ, અને ઓરડાને બારે ટાલું મારીને મેહલ મધેથી નીકલી ગએઆ. ચોકીદારોએ જોઇઉં કે રાજા અને રાંણી ફરવા ગએઆં છે તેથી નીચલા દરવાજા આગલજ એક માંનસ જાગતું રહીઉં, અને બાકીનાં આખા મેહલ મધેની ચોકીનાં માંનસો નીરાંત પકડીને શુઇ ગએઆં.

એ પછી બાંમદાદનો વખત થએઓ, અને રાજા તથા રાંણી ઉંઘથી બેદાર થએઆં, અને રાંણી પલંગ ઉપરથી ઉતરીને પોતાનો પોશાક [શોધવા લાગી; પણ આખા ઓરડામાં શોધ કીધા છતાં તેનો પોશાક કેથેથી નહી મલીઓ, જેથી તેઓમાં ઘભરાટ પેદા થએઓ. જારે તેઓએ ઓરડાનું બારણું બંધ દીઠું, અને દરબાન વગેરે કોઇબી માનસ તાંહાં નહી જોઇઉં તારે, તેઓના ઘભરાટમાં વધારો થએઓ. જે ઓરડામાં તેઓ શુતાં હતાં તેની પડોશના બીજા ઓરડા મધે તેઓને પેહરવાનાં કપડાં રેહતાં હતાં; માંટે રાણીને તુરત પેહરવા માંટે બીજો પોશાક મલી નહી આવીઓ, અને તે ઉપરથી તે પાછી પલંગ ઉપર ચડીને, પોતાનાં ખુલ્લાં આંગને ઢાંકવાને ખાતર, શુઇ રહી, અને રાજાએ બારી આગલ જઇને મોટે આવાજે

ચોકીદારને પોકાર મારેઓ. આ પોકારથી મેહલ મધેનાં માનસો જાગી ઉઠીઆં, અને રાજા મેહલમાં ફીએ રસતેથી પાછો દાખલ થએઓ તેનો વીચાર કરતાં એણીગમથી પેલીગમ દોડવા લાગાં. દરબાંન રાજાના ઓરડાનાં બારણાં આગલ ગએઓ, અને રાજાને જણાવીઉં કે બંદેનવાજ, તમોએ બાહેર જતી વેલાએ બારણાંને જે ટાલુ મારીઉં હતું તેની કુંચી મારી પાસે નથી. એ ઉપરથી રાજા અચરતીમાં પડેઓ, અને નાંહના તથા ફકીરની ચંચલાઇને માટે તેઓ ઉપર આફરીન કીધી. બારણાંનું ટાલું ભંજાવી રાજા બાહેર નીકલીઓ, અને રાંણીને બીજો પોશાક પેહરાવીઆ પછી, દરબાંનને સઘલી હકીકત પુછી. દરબાંને જણાવીઉં કે રાતે અગીઆર કલાકને અમલે રાજા અને રાણીના સરીખું એક જોડું, મેહલના ઓરડા મધેથી બાહેર પડીઉં અને તેઓએ કીધેલા હોકમ પરમાંણે સઘલી જગોએના ચોકી પેહરા ઉઠાડી નાંખીઆ હતા.

એ ઉપરથી રાજાએ મેહલની આસપાસ ઘણી સારી રીતે તપાસ કરાવી; પણ નાંહનો અને ફકીર તેના મેહલ મધે કીએ રસતેથી દાખલ થએઆ તે વીશેનો કાંઇબી પટો તેને હાથ આવીઓ નહી. એ ઉપરથી રાજાએ ફરીને બીજીવાર જાહેર નાંમુ કરાવીઉં કે—જેઓ છુપી રીતે રાજાના મેહલમાં આવી ગએઆ હોએ તેઓએ આવતી કાલે કચેરી મધે હાજર થવું; કાંરણકે તેઓની ચાલાકીને સારૂં, મોટાં આદરમાંન સાથે તેઓને ઇનાંમ આપેઆમાં આવશે. પણ આ જાહેર નામાંની અને રાજાનાં ઇનાંમની તેઓએ જરાએ દરકાર કીધી નહી. એ પછી બીજે એક દીવસે તેઓ રાજાના મેહલમાં દાખલ થએઆ, અને તાંહાંથી કીમતી જવેરાંત, જે તેઓએ આગમચથી જોઇ રાખીઉં હતું તેની ચોરી કીધી અને રાતો રાત જંગલ તરફ જઇને તે મતા ડાટીને પાછા ઘેર જઇને સુતા. સહવાર પડી, અને રાજાના મેહલમાં થએલા ચોરીની બાત સઘલે ઠેકાંણે ફેલાઇ. ચોરી ઘણી મોટી હોવાથી ચોતરફ વાતો થવા લાગી, અને આ ચોરી કરવાની હીમમત નાહનાં અને ફકીર સીવાએ બીજું કોઇબી ચલાવી શકે નહી, એવું સઘલાઓને મોહડેથી નીકલવા લાગુ. રાજાના દેવાંને નાહનાં અને ફકીરને કેદ પકડીઆ, અને તેઓનાં ઘેરના ઝાડા લીધા; પણ આ બંધે ચોરોનાં ઘેર મધેથી આ ચોરીને લગતો કશોએ પતો હાથ આવીઓ નહી, અને તે ઉપરથી તેઓને છોડી દેવાની ફરજ પડી.

આ વાતને ઘણા દીવસ ગુજરી ગએઆ, અને જારે તે સઘલું થંડું પડી ગએઉં તારે, નાંહના અને ફકીરે વીચાર કીધો કે ચાલો હવે તે નગદી ખણી લાવીએ. આ વીચાર પરમાંણે તેઓ જંગલ તરફ જવા લાગા. રસતામાં ચાલતાં નાંહનાની નીશટા બીગડી, અને ફકીરને મારી નાંખવાનો તેણે વીચાર કીધો. આગલ જતાં એક ઘણોજ પોંહલો કુવો આવીઓ, અને તેની અંદર ફકીરને નાંખીને મારી નાંખવાનો નાંહનાંએ ઠેડાવ કરેઓ. એ વીચાર ઉપરથી નાંહનાંએ ફકીરને કહીઉં કે ભાઇ, આ કુવામાં કેટલાં પાણી હશે તેની આપણે તપાસ કરીએ, અને તે ઉપરથી તેઓ બંધે તે કુવાના વડા પાસે ગએઆ, અને ફકીરના હાથમાં દોરી આપેઆથી તે પાણી માપવા લાગો ; એટલામાં નાંહનાએ તેના પગ પકડીને તેને કુવા મધે નાંખો દીધો ! જે બારદુએથી નાંહનાએ ફકીરને કુવામાં નાંખીઓ તે બારદુની પાંણીની સપાટીથી આસરે એક ગજની ઉંચાઇએ દેવાલ ઉપર વરનું એક ઝાડ ઉગેલું હતું, અને તેની ડાલ પાણી તરફ વાંકી વલેલી હતી ; માટે ફકીર જેવો પાંણીમાં પડીને અંદર જઇ પાછો ઉપર આવીઓ કે વધારે ઉછાલો કીધો, અને ઝડપથી પેલાં વડનાં ઝાડને પકડી લીધું. એ વેલાએ ફકીરે નાંહનાને કહીઉં કે ભાઇ તારી મરજી એવીજ થઇ કે રાજાને તાંહાં આપણે કીધેલી ચોરીનો માલ તારે એખલાએજ લેવો તો, હું શા માંટે તારે આડે આવીશ. જો તારી મરજી તેમ કરવાની હોએ તો, સુખેથી તેમજ કરવું ; પણ મારા જીવને નકાંમો બરબાદ નહી કરવો ; જો હું જીવતો હોઇશ તો મારાં ભવીશને વલી બીજીવાર અજમાવીને મારો સંસાર ચલાવશ ; પણ અગરજો તુ મને મારી નાંખશે તો મારી બાએડી છોકરાં ભુખે મરશે. ફકીરે આટલું કેહવા છતાંબી નાંહનાએ કશીએ દએઆ નહી કીધી, અને એનીગમથી પેલીગમ રખડીને એક લાકડી શોધી લાવીઓ, અને ફકીરે પકડેલાં ઝાડથી તેના હાથ છોડવવા સારૂં. તેના હાથમાં લાકડી મારવાને શરૂ કીધી, અને લાકડીના ગોદા તેના હાથ ઉપર મારીને તેણે પકડેલો ઝાડનો આશરો મેલાવી દેવાનો ઇઅતન કીધો. એ વેલાએ ફકીરે કહીઉં કે ભાઇ, જે થઇઉં તે થઇઉં ; હું એવી હાલતમાંજ કુવા મધે રહીશ, તું તારે મારગે ચાલીઓ જા. જો કોઇ દએઆલુ પુરૂશ મને કાહડશે, તોપણ હું તુંને કાંઇએ બોલીશ નહી, પણ નાહનાને વીશવાસ નહી આવીઆથી તેણે ફકીરના હાથ

છોડવવાની કોશેશ જારી રાખી. ફકીર લાચાર થએઓ, અને જોઉં કે હવે થોડા વખતમાં તેના હાથ છુટી જવાના તારે, નાહના તરફ ગુસસે થઇ તેની તરફથી પોતાની નજર ફેરવીને પાંણી તરફ જોવા લાગો, ફકીર એકવાર પાંણીની અંદર જઇ આવીઆથી કુવાની સપાટી ઉપર પાણીના પરપોટા ફુટતા હતા. આ દેખાવ જોઇને ફકીર વલી બોલીઓ કે રે નાંહના "મેં તારી સાથે કીધેલી "ભલાઇનો બદલો તું મારી તરફ એવી રીતથી વાલે છે, અને તે "કાંમ તું સારૂં કરતો નથી. આ વન માંહેલા કુવામાં મને નાંખી "દઇને તું મારૂં ખુન કરે છે, અને કદાચ એવું ધારતો હશે કે "તારૂં પાપી કાંમ જાહેર પાડવા માટે અતરે કોઇએ શાખશી નથી; "પણ પાંણી મધેના આ "પરપોટા" મારા શાખશી છે, અને તેઓ "તારૂં કરૂરપણું જોએ છે, માટે તેઓ કોઇવાર મારી તરફથી શાખશી આપશે, અને સઘલો ખરો એહવાલ જાહેરમાં લાવીને ઇશ"વર પાશે તુંને શીખશા અપાવશે." ફકીર આટલું બોલી રહેઆ પછી તેના બંધે હાથ છુટી ગએઆ, જેથી તે પાંણીની અંદર જઇને ડુબી મરણ પાંમીઓ! ફકીરે પાંણીના પરપોટાને જારે પોતાના શાખશી દાખલ બતાવીઆ તારે, નાહનાને હસવું આવીઉં, અને તે બોલવા લાગો કે વલી પાંણીના પરપોટા તે શાખશીકેમ આપતા હશે!

એ પછી નાંહનો જંગલ તરફ ચાલીઓ, અને તાંહાંથી સરવે નગડી કાહડી લેઇને પોતાને ઘેર ગએઓ, અને જાંણે કશું જાંણતો નહી હોએ તેમ ફરવા લાગો. ફકીરની બાએડીએ નાંહનાને ફરતો જોએઓ તારે, પોતાનો ભરથાર કાંહાં છે, તે વીશેની ખબર તેને પુછવા લાગી. નાહનાએ તેને જણાવીઉં કે રાજાને ઘેર કીધેલી ચોરીનો ફાલો લીધા પછી તે જંગલમાંથીજ મારેથી છુટો થએઓ હતો; કાંએકે જો બંધે સાથે આવીએ તો કોઇને સંદેહ પેદા થાએ, અને કદાચ ચોરીની વાત જાહેર થાએ.

નાહનાની બાએડી અને તેની પડોશણ વચે મોટા ટંટા ચાલીઆ કરતો હતો, અને તે ઉપરથી નાહનાએ પોતાની પડોશણને એકવાર મારી પણ હતી. એક દીવસે મોટો વરશાદ વરશતો હતો, અને તે સમે નાહનો પોતાના માલની બારી આગલ બેઠેલો હતો. નાહનાએ પોતાની બાએડી શોડે પોતાને માટે ખાવાનું માંગીઉં, જે લેવા માટે તે ઘેરમાં ગએલી હતી. એ વેલાએ વરશાદ ઘણો મોટો પડવા લાગો, અને પાણી ઉપે જોરશથી છાંટા પડવાને લીધે તેમાં પરપોટા ફુટવા લાગા, જે

દેખાવ જોવાથી નાહનાને ફકીરનું ખુન કરવાનો વખત ઇઆદ આવીઓ, અને ફકીરે મરતી વેલાએ પરપોટાને શાખશી રેહવાને જે સખુનો કેહેઆ હતા તે ઇઆદ આવીઆ, અને તે ઉપરથી નાંહનો હસવા લાગો કે, ફકીર મરતી વેલાએ કેવો ઘભરાટમાં પડેઓ હતો કે તેણે આ નીરજીવ પરપોટાઓને પોતાના શાહેદ દાખલ રેહવાનેં કહીઉં હતું; પણ તે દેવાંનાએ આટલોબી વીચાર નહી કીધો હતો કે વલી પાણીના પરપોટા તે શું શાખશી આપે! જારે નાહનો એવો વીચાર કરીને હસતો હતો તારે, તેની બાએડી ભોણું લઇને તાંહાં જઈ પુગી, અને તેણે નાહનાને હસતો જોએઓ. એ ઉપરથી તે અસતરીનાં મનમાં સંદેહ આવીઓ કે નાહનો તેને ભોણું લઇને ચાલતી જોઇને શા માટે હસીઓ હશે, અને તે ઉપરથી તેણે નાહનાને હસવાનું કારણ પુછીઉં. જારે નાહનાએ કારણ કેહવાને આ-આડા કરવા માંડીઆ તારે, તેની બાએડી તે જાંણવાને ઘણીજ બજીદ થઇ. નાહનાએ તેની બાએડીની હઠીલાઇથી બચાવ કર-વાને જારે કશોએ ઇલાજ નહી જોએઓ તારે, લાચારે બોલીઓ કે વારૂ હું શાંનું હસીઓ તેનું કારણ તારી આગલ કેહું છું; પણ તે સાંભલીને મનમાંજ દાબી રાખવું, અને જો વાત બાહેર પાડીસ તો, મારો અને તારો જીવ બરબાદ થવાનો. બાએડી બોલી કે ઠીક છે, તમો કેહવો. એ વાત કોઇની જોડે હું નહીજ બોલીશ. એ ઉપરથી નાહનાએ ફકીરને કુવામાં નાંખતી વેલાએ ફકીરે પરપોટાને જે શાખશી રાખીઆ હતા, તે વાત તેને વરશાદનાં પા-ણીથી બંધાએલા પરપોટા જોવાથી ઇઆદ આવી તે સઘલી વા-તનો ખુલાસો તેણે પોતાની બાએડીની આગલ કીધો. આ વેલાએ નાહનાની પડોશણ, જેને નાહના સંગાથે બીગાડ હતો, તેપણ પોતાના માલની બારી આગલ બેઠેલી હતી, અને તેણે આ સઘલો એહવાલ સાંભલીઓ. પડોશણે જોઇઉ કે હવે નાહનાનો ઘાટ ઘડાઇ ચુકો. તે ઝડપથી ઉઠીને ફકીરની બાએડી પાસે ગઇ, અને નાંહનાએ, પોતાની બાએડી આગલ કીધેલી વાતનું સઘલું વરણન તેની આ-ગલ કીધું. ફકીરની બાએડી બેચરવાલ હતી, એખલું એજ નહી પણ તે સાથે તે બીચારી પોતાના ભરથારનાં મરણને લીધે ઘણીજ માંદી અવસથામાં આવેલી હતી. અને તે ઉપરથી તેની હાલત દએઆ આણવા જોગ થએલી હતી. આ માંઠા ભાએગની અસ-તરી ઝડપથી ઉઠીને રાજાનાં દેવાંન પાશે ગેઇ, અને તેણે પોતે

સાંભલેલી બીનાનો સઘલો ખુલાસો તેની આગલ કીધો, અને તે વેલાએં તે અસતરીએ, નાહના અને ફકીરે રાજાના મેહલ મધે ચોરી કીધી હતી તે સઘલાની વીગત, જે ફકીરે તેની આગલ કહેલી હતી તે દેવાંનની આગલ જાહેર કીધી. આ ખબર દેવાંને રાજાને આપી, અને તેની પરવાનગી ઉપરથી દેવાને નાહનાને પકડીઓ.

જારે આ પરખીઆત ચોરનાં ઘેરના ઝાડા લીધા તારે, તાંહાંથી રાજાનાં ઘેર મધેથા ચોરાએલી સરવે વસતુ મલી આવી; એટલું એજ નહી, પણ તે ઉપરાંત બીજા લોકોને તાંહાંથી ચોરેલી અનેક પરકારની જીનસો મલી આવી. એ ઉપરથી નાંહનાં ઉપર દેવાને બે વાંક મેલીઆ, જેમાનો પેહલો રાજાના મેહલમાં ચોરી કરવાનો, અને બીજો પોતાના મીતર ફકીરને આ ચોરીનો ભાગ નહી આપવાની ધારણાંથી તેને કુવામાં નાંખીને તેનું ખુન કરવાનો. આ બંધે વાંકને માંટે જારે તેની તપાશ કરવામાં આવી તારે, તેણે માટે આવાજે કહીઉં કે પરજાનાં લોકો, આજે **પાપનો ઘડો ફુટી ગએઓ.** ફકીરની સાથે રાજાના મેહલમા મેં ચોરી કીધી હતી, અને તે ચોરીનો ભાગ ફકીરને નહી આપવાની ધારણાથી તેને કુવામાં નાંખીને મેં મારી નાંખીઓ, એ બંધે વાત સાચી છે. જો આ વાત મારી બાએડીની આગલ હું નહી કરતે તો, કોઇ જાંણતે નહી કે એ બંધે કાંમો કેમ થએઆં, અને કોંણે કીધાં, પણ ફકીરેં પાંણી મધેના જે પરપોટાને શાખશી રાખીઆ હતા, અને જેને માંટે હુંએ તેની ઠેકડી કરી હતી તેજ પરપોટાએ મારૂં મહા પાપ અંતે જાહેર પાડીઉં; કારણકે કેથેબી જારે હું પાંણી મધે પરપોટા જોતો હતો તારે, ફકીરનું ખુન મારે હાથે કેમ થઇઉં અને મરતી વેલાએ, જારે તે બીચારાનાં જીવવા સંબંધી સઘલા ઉપાએ ખુટેઆ તારે, લાચારે તેણે પાંણી મધેના પરપોટાને શાખશી રેહવાને કહીઉં હતું, તે વાત મને ઇઆદ આવતી હતી, અને તે વેલાએ ફકીરનાં બોલવા ઉપર હું હસતો હતો કે વલી પાંણીના પરપોટા તે કેવી રીતે શાખશી આપશે; પણ અંત કાલે ઇશવરે તેવોજ સંજોગ બેશાડીઓ, અને ગોએઆ પરપોટાનીજ શાખશીથી મારૂં પાપી કરમ જાહેર થઇઉં. જો મારી બાએડી બજીદ થઇને હસવાનું કારણ મને નહી પુછતે, અને તેની આગલ ભોલાં મનથી તે કારણ હું નહી કેહતે તો, મારી પડોશણ, જે મારી મોટી

દુશમન હતી તે કાંઈએ કરી શકવાની નહી હતી; પણ પાપ જેછે તે માંનસનાં હઇડાંમાં અને તેનાં મગજમાં હમેશ ભમીઆ કરે છે, અને વારે ઘડીએ તે માંનસને તેનાં કરતુકની ઇઆદ આપેછે, જેથી કોઇ બી પરસંગે તે આદમી પોતાનાં ખરાબ કરતુકને લીધે પોતે કીધેલાં પાપનો ભોગ થઇ પડેછે. મનુશીઅમાં સંપ સરવેથી મોટાઇ ભોગવે છે. સંપથી ચાલનારાં માંનસો શતરૂને જીતે છે, અને અમો બે મીતરો જાંહાંસુધી સંપથી રહેઆ હતા તાંહાંસુધી અમારાં કરતુકની કશીએ વાત અને ભેદ કોઇએ જાંણીઓ નહી હતો. પણ જારે તે સંપનો મારે હાથે નાશ થએઓ તારે, હવે આજ દીને હું મોટાં શંકટમાં આવી પડેઓ છેઉં; માટે મનુશીઅને ઘટારત છે કે સંપજ સદા સાચવી રાખવો.

નાંહનો અચરત શરીઓ ચોર હોવાથી, દેવાંને તેને જનમ સુધી સખત મજુરી સાથે દેશનીકાલ કરવાની સજા કીધી અને તેનાં ઘેર મધેથી ઝાડા લેતાં મલેલો ચોરીનો સઘલો માલ ફકીરની બાએડીને આપેઆમાં આવીઓ.

# શું એકેક કોદરે કાલ જાશે?

ગોકુલ મથુરાં નાંમે દેશના લોકો ઇશવરની કુરપાથી ઘણાં સુખી અને ખુશી ભરેલી હાલતમાં રેહતાં હતાં, અને કશી પરકારની ફીકર કે ચીનતાએ તેઓ ઉપર ગલબો કીધો નહી હતો. આ દેશના રેહવાસીઓ ઉપર એક તરફથી ઇશવરની મેહરબાંની એવી ઉતરેલી હતીકે દર વરશે અનાજનો પાક તાંહાં બોહલો ઉતરતો હતો, જેથી ખાધ, ખોરાકી સંબંધી કોઇબી પાંતીની તેઓને અડચેણ પડતી નહી હતી. તેમજ બીજી તરફથી તાંહાંના રાજાની તરફની મેહરબાંની એટલીતો હતી કે પરજાને માંટે કર અને મેહસુલ વીગરે જે કાંઇ પરથમથી લેતું કીધેલું હતું તેમાં કોઇપણ વખતે વધારો કે ફેરફાર કરતો નહી હતો; પછી જાહેર બાંધકાંમો કે ગાંમની શુધરાઇને લગતાં ગમે એટલાં કાંમ વરશ દાહડે નીકલે તે સઘલાં કાંમોને મેહસુલની જે કાંઇ આવક થાએ તે મધેથીજ, અને જો તે મધે નાંણાંની વધારે જરૂર પડતો, પોતાની તીજોરી મધેથી ઉમેરીને ચલાવતો હતો;

પણ પોતાની પરજા ઉપર કશીબી રીતનો વેરો નાંખી તેને હેરાંન કરવા નહી માંગતો હતો. જે દેશનો રાજા એવો દએઆલુ અને કદરદાંન હોએ તે દેશની પરજાએ એથી બીજાં કીઆં સુખની વકી રાખવી જોઈએ ? આવી રીતનો મામલો લાંબા વખત સુધી ચાલીઆ પછી, માઠાં ભાએગે એવો સમો આવીઓ કે તે શેહર મધે વરસાદની તાંણ પડવા લાગી, જેથી અનાજના પાકમાં દર વરસે ઘટાડો થતો ગએઓ. આ પરમાણેનો કઢંગો બનાવ પાંચ વરસ સુધી બનીઆ કીધો, જેથી તાંહાંના લોકોમાં ભુખમરો પડવા લાગો ; પણ છઠે વરસે તો તાંહાં લીલો દુકાલ પડીઓ હતો. જો કે તે વરસે પેહેલો વરસાદ ઘણો સારો થએઆથી અનાજની વાવણીને, તેમજ રોપણીને તે સારો માફક આવીઓ, અને તેને લીધે ખેતરો હરીઆલીશી ખીલી નીકલીઆં ; પણ પાછલથી વરસાદે એટલી તો મોટી હેલી કીધી કે તે તાલુકા મધે તરણ વાર મોટી રેલ આવી, અને તેને લીધે અનાજના સઘલાં ખેતરો તણાઈ ગએઆં. વલી એ પછીનાં બીજાં બે વરસ સુધી તાંહાં મુલગોજ વરસાદ નહીજ પડીઓ, જેથી તાંહાં મોટો દુકાલ આવી પડીઓ. આસપાસ ખબર પડીઆથી તાંહાંના દએઆલુ શેઠીઆઓએ તે તરફ અનાજ મોકલવા માંડીઓ ; પણ દેશની વસતી બોહલી હોવાને લીધે બાહેરથી આવેલો અનાજ પુરતો થએઓ નહી જેથી અનાજ વગર તાંહાંનાં માનસો ભુખથી મરણ પાંમવા લાગાં. આ ખબર બનારસ નામે શેહરમાં પુગાથી તાંહાંનાં લોકોમાં ઉઘરાંણું થએઉં, અને તેથી નાણાંની એક મોટી રકમ ભેગી કરવામાં આવી, અને તે રકમમાંથી જુદા જુદા અનાજનો મોટો જથો ખરીદ કરવામાં આવીઓ, અને તેને ગોકુલ મથુરાં ખાતે મોકલવા સારૂ બાર વાંહાંણો નોલે માડવામાં આવીઆં જેમાં અનાજનો સઘલી જાતનો જથો ભરીને તેઓને ગોકુલ મથુરાં ખાતે રવાંના કીધાં. આ બારે વાંહાંણો બનારશ ખાતેથી સાથેજ ઉપડીઆં ; પણ તેઓ આગલ વધીઆ પછી, સમુદર મધે થએલાં તોફાંનને લીધે તે સઘલાં છુટાં પડી ગએઆં, અને કેટલાંએક દુરના દેશો તરફ ઘસડાઈ ગએઆં.

આ અનાજનો જથો બનારશ ખાતેથી જેઓએ ગોકુલ તરફ મોકલાવોઓ હતો ; તેઓએ ગોકુલ ખાતેથી વાંહાંણો ઉપડવાની

ખબર તપાલની મારફતે મોકલાવી હતી. જે ગોકુલ મધે પુગા ઉપરથી, તાંહાંનાં લોકોમાં વાંહાંણો આવવાની ઇનતેજારી પેદા થઇ હતી. બનારસ ખાતેથી અનાજ મોકલનારી મંડલીએ વીચારીઉં કે તેઓએં ગોકુલ ખાતે જે અનાજ મોકલાવીઓચ્છ તેનો જથો ઘણો મોટો છે, અને તેથી તાંહાં પડેલા દુકાલની ધાસતી એકેદમ મટી જઇને સુકાલ થઇ પડવાનો. એ ઉપરથી તેઓએ ગોકુલ મથુરાં ખાતેના હાકમ ઉપર સખત સપત સાથે લખી વાલીઉં કે આ અનાજ ગોકુલની પરજાના હરએક માનસને બરોબર રીતે અને સરખેજ હીસસે વેંહચવો, અને કોઇને વધુ ઓછો આપવો નહી, તેમજ કોઇને ખાલીબી રાખવું નહી. જો ગોકુલ મથુરાંનો હાકમ આ અનાજ એમ નહી વેંહેચે તો, દુકાલથી મરણ પાંમતાં આદમીઓની હંતીઆનું પાપ તેને સોંકવાને જણાવીરૂં હતું. અનાજનાં વાંહાંણો પુગવાનો વખત તો વહી ગએઓ; પણ એકે વાંહાણે મથુરાનો કીનારો સહી કીધો નહી.

એક વાંહાંણ, જે મધે કોદરા ભરેલા હતા તેણે પાછલથી ગોકુલ મથુરાં તરફ વલાંણ લીધી, પણ તે મધે ઉંદરનો મોટો ઉપદરવ થવાથી, તેઓએ કોદરાના મોટા ભાગનો નાશ કરી નાખીઓ, અને કાંઇ સેહજ ભાગ બાકી રેહેઓ તારે, તે વાંહાંણે મથુરાંનું બારૂં સહી કીધું. વાંહાંણ બારાં મધે આવીઆથી, લોકોમાં અનાજ ઉતારવાની દોડાદોડી થઇ રહી; પણ જોએ છે તો માતરે ઉપરના થોડાએક કોથરાઓ સીવાએ અંદરનો સઘલો ભાગ ઉંદરો ખાઇ ગએઆ હતા! જે કોદરાનો બચાવ થએઓ હતો તે એટલા હતા કે શેહર મધે રેહનારાઓમાં કોઇબી રીતે તેની વેંહચણી થઇ નહી શકે, અને અડશતો કાહડવા ઉપરથી દર કુટુંબ દીઠ માતરે એક એક શેરથીબી ઓછા કોદરાનો શુમાર આવવા ગએઓ. આ ઉપરથી શેહરના હાકમે તાંહાંના શેઠીઆઓની જે મંડલી ઠેરવી હતી તેના સભાસદોએ રાજાને અરજ કીધી કે હવે આ અનાજનું શું કરવું. મંડલીનો વીચાર તો એવો છે કે થોડાં માનસોમાં વેંહચવા કે જે આસરે મલવાથી તેઓનો બચાવ થાએ. મંડલીનો આ વીચાર તેઓને પસંદ પડીઓ નહી. તેણે જણાવીઉં કે હરએક ઘેર દીઠ ફાલો પાડીને વેંહચવો, પછી જેને જેટલો આવે એ ખરૂં; કાંએકે મોકલનારાઓના હોકમથી ઉલટા ચાલેલા નહી કેહવાઇએ.

રાજાના આ હોકમને માંન આપી કોદરા વેંહચવા માંડીઆ, અને હરએક ઘેર દીઠ એક એક ફુલીઉં કોદરા આપીઆ. ફુલીઉં

એટલું તો નાધલું હતું કે કેટલાંએક મોટાં કુટુંબવાલાં ઘેરમાં તો ઘણુંજ થોડા દાંણા કોદરાના માનસ દીઠ હાથમાં આવીઆ. એક ઘેર મધે તો નાંધલાં મોટાં ઘણાં માનસો હોવાથી, દર માનસ દીઠ માતરે એક એક કોદરો આવીઓ? આ અનાજ કંઠંગી રીતે વેંહચાએઆથી કોઇનુંબી પેટ ભરવામાં નહી આવીઉં. જેઓના હાથમાં વીશ કે પચીશ દાંના આવીઆ હતા તેઓ તો મોડાંમાં મારીને કાચાના કાચાજ ચાવી ગએઆ હતા. પેલું મોટું ઘેર જાંહાંનાં માનસ દીઠ એક એક કોદરો આવીઓ હતો તેઓ દલગીર થઇને બોલવા લાગા કે **શું એકેક કોદરે કાલ જાશે?**

આ ઘેર મધેનાં એક ઘરડા આદમીએ પોતાને તાંહાંના માનસોને એવી સલાહ આપી હતી કે આપણે તાંહાં આવેલા કોદરાને આપણા વાડા માંહેલી જમીન મધે વાવો, અને નદી માંહેલું પાંણી લાવીને તે મધે શીપની કરો. આ ઘરડાની વાત જો કે કોઇને પસંદ નહી પડી, તો પણ તે કોદરા બારેવાટ કરે તેના કરતાં વાવણી કરવાને તેઓએ વાજબી ધારીઉં, અને વાડા મધેની જમીન ખેડીને તે અનાજની વાવણી કીધી, અને તે ઉપર નદીનું પાંણી શીપવા માંડીઉં. આ વાતનો ફેલાવો શેહર મધે થએઆથી, બીજાં ઘણાએક કુટુંબો મધે તેજ પરમાણે કરવામાં આવીઉં, અને દેવાંનાઓની મીસાલે તે ખેતરોની પાછલ તેઓ મોટી કાલજીથી મેહનત કરવા લાગા. આ પરમાણે તે માંઠા ભાએગના લોકોને માટે આવેલા અનાજનો હાલ બનીઓ. એ પછી તે લોકોને બીજે કોઇબી ઠેકાંણેથી અનાજની મદદ મલવાની આશા રહી નહી, જેથી તેઓ મોટી ધાસતીમાં આવી પડીઆ. જેમ જેમ વખત આગલ ચાલતો ગએઓ તેમ તેમ તે દેશમાંથી અનાજ નહી સરીખો થતો ગએઓ, અને તે ઉપરથી લોકોની ધીરજ, વીશવાસ, અને એકીનદારી ઉઠતી ગઇ. પઇસાદાર માનસો છતે પઇસે અનાજ મેલવવાને અશકત થએઆં. તેમજ આબરૂદાર માનસો શરમને લીધે ભુખથી મરણ પામવા લાગાં. વચલે અને છેલે વાંધેનાં લોકોને જારે અનાજ મલતો બીલકુલ બંધ થએઓ તારે તેઓએ દુશટ અને મહાપાપી કરમો કરવા માડીઆં, અને નવરાસભરેલી જગાએ જબરાં માનસ નબલાં માનસને મારી નાખીને ખાવા લાગાં. આ દુકાલની ધાશતીથી તાંહાંના લોકોમાં મોટો ગભરાત ઉઠી રહેઓ. અને માતરે તરણુ

ચાર શેર અનાજને બદલે બારથી તે પંદર વરસ સુધીના બાળકો વેચવા લાગાં; પણ પાછળથી અનાજવાળા લોકોની પાસેથી જારે અનાજ ખુટી ગએઓ તારે શેવટે તઓ વેચાતાં લીધેલાં બાળકોને કાપીને ખાવા લાગાં!

આ દેશનો રાજા જાતે દએઆલુ હતો માટે માનસો જારે એક બીજાંને ખાવા લાગાં તારે, તેનું દીલ બહુજ દુખાવા લાગું, પણ જારે તેણે જોઇઉં કે એમ કીધા સીવાએ બીજી કોઇબી રીતથી માનસોના જીવનો બચાવ થઇ શકતો નથી તારે તેણે તે વાતની દરગુજર કરવા માડી. રાજાએ આ વાતની જારે દરગુજર કરવા માંડી તારે, કેટલાએક લુછાઓએ ગરીબો ઉપર એવો જુલમ ગુજારવા માંડીઓ કે જેઓને તાંહાં બાળકો જોએ તે બાળકોને જબરદસતીથી ઉંચકી લઇ જઇને કાપી ખાવા લાગા! અને તેઓના માબાપને નફ્તાઇથી કેહવા લાગા કે જો તમારૂં જોડું સલાંમત રેહશે તો, તમો કાલે બીજાં બાળકો પેદા કરી શકશો!

માનસો જારે એક બીજાને ખાવા લાગાં અને ભુખમરાથી મરણ પાંમવા લાગાં તારે, દેશની વશતીનો મોટો ભાગ ખાલી થઈ ગએઓ, અને કેટલાંએક પેરો તથા મોહલાઓ ઉજડ પડેલા જણાએઆ, અને સઘલી જગોએ માનસોનાં હાડકાંના ઢગલા દેખાવા લાગા, જે દેખાવ કમકમાટ ઉપજાવનારો થઇ પડેઓ હતો.

આ દેશનાં કેટલાંએક માનસોએ પોતાની જમીનો ઉપર કોદરાની જે વાવણી કીધી હતી તેનાં ખેતરો, ઇશવરની કુરપાથી સારી હાલતમાં ખીલી નીકલીઆં, અને વરશાદ વીગરે નદીનાં પાંણીથી તેનો બાહર ઘણી સારી રીતે ખીલી નીકલીઓ. એ ઉપરથી તે લોકોમાં આશા અને ધીરજ વધતી ગેઇ કે જો પરમેશવર મેહરબાંની કરશે તો, આ ખેતરો તેઓના હકમાં કાંઇબી ફાએદો કરી આપશે. એક તરફથી એવો બનાવ બનીઓકે બનારશના લોકોએ મોકલાવેલાં અનાજનાં વાંહાંણો, જે બાહેરના દેશો ખાતે ઘશડાઇ ગએઆં હતાં, તે એક પછી એક જલદી ગોકુલ મથુરાંને કીનારે આવી પોંહોચશે એવી આશાભરેલાં, દેશાવરો ખાતેથી કામજો તાંહાં પોંહચવા લાગાં–, અને વલી બીજી તરફથી પરમેશવરે તેઓ ઉપર એવી તો કુરપા કીધી કે ખેતરોમાં ઉગેલાં કોદરાનાં એક એક ઝાડ ઉપર અનાજનાં તરણ તરણ, અને ચાર ચાર કણસો ફુટી નીકલીઆં, અને વલી તેજ પરમાણે તે કણસોમાં દાંનોબી ઘણી સારી રીત પોશાવા લાગો–,

અનાજ સુકાઇને તઇઆર થાએ તેની આગમચ તેઓ તે કોદરાના પોંખ ખાઇને ધરવ મેલવવા લાગાં, અને એટલામાં પેલાં વાહાંણો એક પછી એક શેહેર મધે દાખલ થવાં લાગાં. એક તરફથી વાંહાંણો મધેના અનાજ, અને બીજી તરફથી વાવેલા કોદરાનો ટેકો મલીઆથી તાંહાંનાં લોકોને મોટાં આસરો મલી ગએઓ, અને ખચીત **એકેક કોદરેજ** કાલ મટી ગએઓ.

# ચોરને ઘેર ચોર પહરોણો.

ગુજરાત મધે હરશુરણુ નામે એક ગાંમમાં તરણ ચોર રેહતા હતા, જેઓ મધેના પેહલાનું નામ નેપો, બીજાનું નામ પેમો, અને તરીજાનું નામ દાંમો કરીને હતું. આ ચોરો એક એક કરતાંને સરસ હુઉકતી ધરાવતા હતા. એક દીવસે તેઓએ પોતાની હુઉકતી, હીંમત, અને ઠગાઇ સંબંધી ચાલાકીની એકબીજા સાથે પરીખશા લેવાનો ઠેડાવ કીધો. અને તેવા વીચારથી તે તરણડે જનાઓ ગાંમ બાહેરનાં એક જંગલ મધે ચાલીઆ, અને એક મોટાં ઝાહાડની નીચે જઇ બેઠા. તેઓ એકબીજા સાથે વાત કરતા હતા, એટલામાં નેપાની નજર ઝાહડના ઉપલા ભાગ તરફ ગઈ. અને તેને માલમ પડીઉં કે ઝાહડને મથાલે આવેલી એક ડાલી ઉપર કોઇ પખશીનો માલો છે. એ ઉપરથી નેપાએ પેમા અને દાંમાને કહીઉં કે ભાઇઓ, આપણા કાંમની પરીખશા અતરેજ કરવાનો વખત આપણને મલીઓ છે. જો તમારામાં ચાલાકી હોએ તો, આ ઝાહડને મથાલે જાંનવરનો પેલો માંલો છે તેની નજદીક જઇને એ માલા મધે બેઠેલાં જાંનવરને ખબર નહી પડે એવી રીતે એ મધેથી ઇંડાં કાહડી લાવો. પેમા અને દાંમાએ નેપાને કહીઉં કે ભાઇ, શું કાંઇ દેવાંનો છે. જારે માલા મધેથી ઇંડાંજ લઇએ તારે, અંદર બેઠેલાં જાંનવરને ખબર કેમ નહી પડે? એ ઉપરથી નેપાએ કહીઉં કે તારે તમારી ચતુરાઇ તો હઇઆંજ પુરી થઇ, અને માલમ પડીઉં કે તમો ચોરીના કાંમને લાએક નથી. એ ઉપરથી દાંમો બોલીઓ કે ભાઇ, તમારા બોલવા ઉપરથી એવું માલમ પડે છે કે ચોરીના કાંમને અમો તો નહીજ પણ તમો પુરી રીતે લાએક

છેઓ ; તારે તો તમોને ઘટે છે કે એ કાંમ તમોએજ કરી બતલાવવું. એ ઉપરથી નેપાએ કહીઉં કે ઠીક છે. લેવો એ કાંમ હું બજાઉં છેઉં. એટલું કહીને નેપો તે જાહાડ ઉપર ચહડીઓ, અને માલાની નજદીક જઇને આસપાસથી તપાસીઆ પછી છરીએ કરીને સંભાલથી માલામાં એક છેદ પાડીઓ, અને તે માલા મધેનાં ઇડાં તે છેદને રસતેથી કાહાડીને પોતાની દગલીનાં ગજવાંમાં મેલીઆં.

જારે નેપો જાહાડ ઉપર ચહડીઓ હતો તારે, તેને ખબર નહી પડે તેમ, તેની પછવાડે પેમો ગએઓ હતો, અને નેપાએ જારે માલા મધેથી લીધેલાં ઇડાં તેણે પોતાની દગલીના ગજવાંમાં મેલીઆં તારે, તેનું ચીત માલા મધે પાડેલો છેદ પાછો કેમ બંધ કરવો તે માંટે માલા ઉપરજ લાગેલું હતું. આ ટકનો લાભ પેમાએ લીધો, અને નેપાનાં ગજવાં મધે કાતરથી એક છેદ પાડીને તે મધેથી ઇડાં લઇને જહડપથી નીચે ઉતરી આવી ઉભો. નેપો નીચે આવીને ગજવાં મધેથી ઇડાં કાહડવા જાએચ તો, ઇડાં ચોરાએલાં માલમ પડીઆં ! એ ઉપરથી તે બોલીઓ કે મેં તો વગર વાચાના જાંનવરને તાંહાં ચોરી કીધી ; પણ ભાઇઓ, તમારા મધેના એકે હું **ચોરને ઘેર ચોરી કીધી,** માટે મારા કરતાંને તેને હું વધારે ચંચલ ગણું છેઉં. એ ઉપરથી પેમાએ ઇડાં કાહડીને તેનાં હાથમાં આપીઆં. દાંમાએ નેપાને કહીઉં કે ભાઇ તમો બંધેની ચાલાકી એકસરખી ગણાઇ ચુકી ; પણ હવે આટલું કરવું જોઇએ કે એ ઇડાં જેમ પખશીને માલમ નહી પડીઉં તેમ લાવીઆ, તેમજ તેને માલમ નહી પડે તેમ પાછાં મેલી આવવાં જોઇએ. એ ઉપરથી નેપાએ તે ઇડાં પાછાં પોતાનાં ગજવાંનાં એક ખુણાં મધે મેલીઆં, અને દોરાથી તેને બાંધી લાધું, અને પાછો જાહડ ઉપર ચહડીઓ. જાહાડ ઉપર ચહડતાં તે ભુલી ગએઓ કે માલાની કેહી બારદુએ તેણે છેદ પાડીઓ હતો, અને તે ઉપર ધીઆંન લગાડીને માલા તરફ જોવા લાગો. આ જોગવાઇનો લાભ લઇને દાંમો જહડપથી ઉપર ચહડીઓ, અને નેપાનું ગજવું કાતરી લઇને જાહડની એક બીજી ડાલી ઉપર મેલીને પાછો નીચે ઉતરી પડીઓ. નેપાએ માલાનું છેદ શોધી કાહડીઉં, અને તેને ખુલ્લું કરીને ઇડાં મેલવા સારૂ ગજવાંમાંથી કાહડવાને હાથ ઘાલીઓ ; પણ તેણે જાંણીઉં કે તેનું ગજવું ગુંમ થઇ ગએઉં હતું ! એ ઉપરથી નેપો મુગે મોહડે પાછો નીચે ઉતરીઓ, અને પોતાના બંધે

સોહબતીઓને કહીઉં કે તમો મધેના એકે વલી મારાં ગજવાં મધે ચોરી કીધી છે. એ ઉપરથી બંધે જને ના પાડી, અને બોલીઆ કે અમો કાંઇએ જાણતા નથી. એ ઉપરથી નેપાએ. તે બંધેના જાહડાં લીધા; પણ તેને કાંઇ મલીઉં નહી, તારે નેપાએ કહીઉં કે એ ચોરી તમો મધેના એકે કીધી છે, અને જો તે કબુલ કરે તો તેને મારાં કરતાંને વધારે સરસ ગણું. એ ઉપરથી દાંમાએ કહીઉં કે જાહડ ઉપર પાછો ચહડ, અને માલાની નીચેની આડી ડાહ-લીના એક કોતર મધેથી તારૂં ગજવું કાહડી લે. એ ઉપરથી નેપો પાછો જાહડ ઉપર ચહડીઓ, અને ઇડાં માલામાં મેલીને નીચે ઉતરીઓ. એ વખતે આ તરણુડે ચોરોની ચાલાકીની પરીખશા પુરી થઇ, અને તરણુડે જના એક સરખાજ ઉતરીઆ. આ વેલા-એ નેપો બોલીઓ કે હવે આપણ તરણુડે જનાઓની પરીખશા પુરી થઇ, અને તે ઉપરથી એવું સાબેત થએઉં કે આપણે એક એકની ઉપર સરસાઇ ધરાવીએ છઇએ. જો હવે આપણે એવીજ રીતથી ધંધો ચલાવશું તો, આપણ આપણી ચંચલાઇને માટે વખણાઇ જશું, અને આપણા કાંમથી લોકોમાં મોટા તહરાસ બેસા-ડીને તાજુબી ઉપજાવશું.

જો કે દાંમો ઉપલા બંધે ચોરોનાં કરતાંને ઓછી ચંચલાઇ ધરાવનો નહી હતો; તોપણ ઠગાઇથી ચોરી કરી પેટ ભરવાને તેનું અંતઃકરણ તેને મના કરતું હતું, અને તેવા વીચારથી તેણે પોતાના સોહબતીઓને કહીઉં કે ભાઇઓ, તમારી ચંચલાઇ ભરેલી હકીકતી જોવાથી હું મગ્રન થએઓ છેઉં; તોપણ હું તમારેથી છુટો પડી પાછો ઘેર જાઉં છેઉં. એટલું બોલી દાંમો પોતાના ઘેર તરફ, અને નેપો તથા પેમો ચોરી કરવાના ઇરાદાથી બીજા મારગ તરફ ચાલતા થએઆ.

એપછી આસરે બે વરસે નેપો અને પેમો બાહેરથી ફરતા ફરતા પોતાનાં ગાંમ મધે જઇ પોંહચીઆ, અને તે પછી એક દી-વસે તેઓએ પોતાના પુરાંણા મીતર દાંમાંની મુલાકાત રસતા મધે લીધી. દાંમો પોતાના સારા ઉદીઅમને માંટે સુખવાળો થએલો હતો, અને તે દીવસો દીવાલીના તેહવારના હોવાથી દાંમાંએ પોતાના ઘેરમો મીઠાઇ વીગરે સારૂં પકવાન બનાવીને એક મોટી થાલી મધે શીકા ઉપર વખાતું મેલીઉં હતું; કારણ કે ગરમીના સબબથી તેમાં બોરાટ પેવશ નહી થાએ. જારે એક દીવસે દાંમો પોતાનાં ઘેરમાં

નહી હતો તારે, નેપો અને પેમો તેના ઘેર તરફ જઇ લાગા; અને વીચારીઉં કે આપણા જુના મીતરને મલી આવીએ. તેઓ દાંમાંનાં ઘેરમાં ગએઆ, અને તેની બાએડીને પુછવા લાગા કે દાંમો કાંહાંછે. બાએડીએ જવાબ દીધો કે તે ઘેરમાં નથી, અને કેઆરે આવશે તેની તેને ખબરબી નથી. દાંમાંની અસતરીએ પોતાના ભરથારના મીતરોને ઓલખીઆ નહી; કાંએકે બે વરસની લાંમબી મુદત સુધી તેઓ બાહેર જઇ આવીઆને લીધે તેઓના ચેહરામાં ફેરફાર થએલો હતો. નેપા અને પેમાંને દાંમાંની બાએડીએ જવાબ દીધા પછી, તેઓ દાંમાંના ઘેર મધેનો દેખાવ જોવા લાગા; કાંએકે તેની આગલી હાલતમાં ફેરફાર થવાથી, ઘેરમાં વાપડવાને તેણે સારૂં ફરનીચર મેલવીઉં હતું. સઘલી તરફ જોતાં, બંનેની નજર પેલી મીઠાઇની થાલી તરફ દોડી, અને તે સઘલો દેખાવ જોએઆ પછી તેઓ તાંહાંથી પાછા નીકલીઆ, અને રશતા મધે એક બીજા સાથે વાત કરવા લાગા કે દીવાલીના દીવસોમાં ખાવા થકી દાંમાંએ ઘેરમાં સારૂં પકવાંન બનાવેલુંછે; પણ આપણને જમવા બોલાવીઆ વીગર એ પકવાન તે એખલોજ ખાવાનો; માટે આજે રાતરે એના ઘેર મધે દાખલ થઇને શીકાં ઉપરથી મીઠાઇની થાલી ઉઠાવી લેઇ જઇએ; એવો ઠેરાવ કરીને તેઓ તાંહાંથી ચાલતા થએઆ.

થોડા વખત પછી દાંમો બાહેરથી ઘેરમાં ગએઓ, અને તે વેલાએ નેપા તથા પેમાંને આવી ગએઆની ખબર તેની બાએડીએ તેને આપી કે કોઇ બે જના તમોને પુછવા આવીઆ હતા, અને તેઓના ચેહરાનો દેખાવ ઘણો ખરાબ હોવાથી મેં તેઓની સાથે વધારે વાત કરવાનેબી ઠીક નહી વીચારીઉં: તેમજ તમે આવો તેટલો વખત તેઓને ઘેરમાં બેસવા દેવાનેબી સારૂં નહી ધારીઉં, અને તેઓને કહીઉં કે બાહેર ગએઆછ." અને કીઆરે આવશે તેની મને ખબર નથી; તેવું છતાંબી તેઓ એટલા તો બેશરમ હતા કે ઘેરમાં બધી તરફ નજર કરી ટોકી ટીકીને જોવા લાગા અને તે પછી ઘેરમાંથી બાહેર પડેઆ. દાંમાએ વીચારીઉં કે કદાચ તેઓ તેના જુના મીતરો નેપો અને પેમો હશે, કાંએકે તેઓ અતરે આવેલા છે. માટે આ મીઠાઇનાં પકવાન ઉપર જો તેઓની નજર પડી હશે તો, આજે રાતરે આવીને તે ચોરી જવાના; માટે સાવધપણાથી સુંવું જોઇએ, અને એ વીચાર દાંમાંએ પોતાની

બાએડીનેબી જણાવીઓ. રાત પડેઆ પછી, શુમારે બાર કલાકને અમલે, ઘેરની પડોશમાં કાંઇ ઠોકાવાના સરખો આવાજ સંભલાએઓ, જેથી દાંમો બાએડીને કેહવા લાગો કે—ઉઠરે અલી ઉઠ, નેપો અને દાંમો અંતે આવી પુગા ખરા; કાંઇ ઠોકવાનો સાંચ આવે છે. એક તરફથી નેપો પડોસની ગલી મધેથી દાંમાંના ઘેરની દેવાલમાં ખાતર પાડતો હતો, અને બીજી તરફથી પેમો દાંમાનાં ઘેરનાં બારણાં આગલ છુપાઇને ઘેરમાં થતી હીલચાલ જાણવાને ઉભો હતો. દાંમાએ બાએડીને કહીઉં કે—ફાંનશ સલગાવીને હું પડોશની ગલીમાં જાઉં છું. તું સાવધપણાંથી ઘેરમાંજ રેહજે. આ ખબર પેમાંએ ઝડપથી નેપાને આપી, અને પાછો આવીને બારણાં આગલ છુપાઇને ઉભો રહેઓ. દાંમો ફાંણસ લેઇને જેવો ઘેરમાંથી બાહેર નીકલીઓ, તેવોજ પેમો, તેની પીઠની તરફથી વલાંણે લેઇને તેનાં ઘેર મધે ઘુશી ગએઓ, અને દાંમો ગલીમાં જાએચ એટલામાં નેપો તાંહાંથી નાહાસી ગએઓ. તેમજ એણીગમથી પેમો પેલી મીઠાઇની ઠાલી લઇને તુરતજ બાહેર નીકલી પડીઓ. દાંમો ઝડપથી ઘેરની આસપાસ ફરી વલીઓ; પણ નેપો અને પેમો તેને નહી દેખાએઆથી પાછો ઘેરમાં ગએઓ, અને બાએડીને કેહવા લાગો કે પેલા લુછાઓ આવીઆચ ખરા; કાંએકે ગલી મધેની દેવાલમાં ગાબડું પડીઉં છે. જો આપણે સજાગરૂ નહીજ થએઆં હતે તો, દેવાલમાંથી આવીને મીઠાઇનો ઠાલી લઇ જતે. દેવાલ તો ફાડેલી છે, કદાચ આપણે બંધે જનાં ઉંઘી ગીઆ તો, ચુપચુપ આવીને લેઈ જશે, તે સારૂં સીકાં ઉપરથી થાલી લઇને ઉંનચી મેલીએ. એટલું બોલી થાલી લેવાને જાએચ તો, શીકુ તો ખાલી જોઇઉં ! દાંમાએ બાએડીને કહીઉં કે અલી આવરે આવ, અંતે તેઓ ફાવીઆ ખરા. અને શીકાં ઉપરથી થાલી લેઇ ગએઆ. હવે હુંબી ખરો કે તેઓની પાશેથી થાલી પાછી લેઇ આઉં. એટલું બોલીને દાંમો તુરત તેઓની પછવાડે લાગુ પડીઓ.

મીઠાઇની થાલી ઘણી મોટી હતી. અને વલી તે પકવાંનથી ભરેલી હતી, માંટે હાથમાં ઉંચકાઇ નહી તેથી પેમાએ કપડાંએ કરી બાંધીને માંથાં ઉપર લીધી હતી, અને ભારના સબબથી ધીમે ધીમો ચાલીને ગાંમની પડોશ મધેની એક નવરી જગા તરફ તે બંધે જન જતા હતા, અને પેમાં કરતાં થોડેએક આગલ નેપો ચાલતો હતો. ઘેરથી નીકલીઆ પછી દાંમાએ વીચારીઉં કે તે બંધે જન ગાંમમાં

તો હોએજ નહી, પણ પડોશ મધેની નવરી જગા, જાંહાં ઝાડોના ગોઝા છે તાંહાં નીકલી ગએઆ હશે. એવું વીચારી તે ઝડપથી તે તરફ જઇ પુગો, અને પેમાંને માંથાં ઉપર થાલી લેઇ એખલો ચાલતો જોએઓ, અને તે ઉપરથી વીચારીઉં કે નેપો આગલ વધી ગએઓ હશે. એ ઉપરથી દાંમો ઝડપથી આડે મારગે વલાંણ લેઇને પેમાંની આગલ જઇ તેની સાંમણે થએઓ, અને નેપાના જેવો સાધ કાહડી થોડીએક વેગલાઇ ઉપરથી બોલીઓ કે લાવ, ભારે કરીને તું ઠાકી ગએઓ હશે, હવે હું ઉંચકી ચાલું છેઉં. અંધારી રાતના સબબથી પેમાંએ દાંમાંને ઓલખ્યોઓ નહી, અને તે નેપોજ છે એવું ધારીને થાલી આપીને આગલ ચાલવા લાગો. દાંમો ધીમે ધીમે ચાલી પેમાંથી દુર રહેઓ, અને તે પછી થાલી લેઇને ઘેર તરફ નીકલી ગએઓ. પેમો જારે વધારે આગલ ચાલીઓ તારે, તણે નેપાને તો ખાલી હાથે આગલ ચાલતાં જોએઓ, અને એ ઉપરથી બોલીઓ કે—ભાઇ નેપા, તું આગલ છે કે શું ? નેપાએ જવાબ દીધો કે હા, છેઉં. પેમો બોલીઓ કે તારે તો **ચોરને ઘેર ચોર પહરાંણો** ઉતરેઓ. નેપો સહમજી ગીઓ કે દાંમો એને ઠગી ગીઓ ખરો, અને તે ઉપરથી પુછીઉ કે—ભાઇ, બોલની શું કીધું ; એટલું કહી આગલ આવીને જોએચ તો તેનાં માંથાં ઉપર મીઠાઇની થાલી નહી મલે. એ વેલાએ પેમાએ દાંમાંની હીકમત નેપા આગલ કેહી સંભલાવી.

નેપાએ કહીઉં કે હવે હું તો ખરો કે એ થાલી પાછી લેઇ આઉં. ચાલ પેમાં ઝહડપ કર. એટલું બોલીને દાંમો ઘેર જાએ તેની આગમચ. બીજે રસતેથી તેનાં ઘેર આગલ જઇ પુગો, અને તપાશ કરતાં માલમ પડીઉં કે તેનું બારણું અલગું બંધ કીધેલું છે, અને તેની બાએડી સુતેલી છે. એ ઉપરથી હલુસે ઘેરમાં ભરાએઓ, અને તેની સારી પેહડી લીધી, અને બંધે બારણાં ઉઘાડાં રાખી ઉબર ઉપર ઉભો રહેઓ. દાંમાંને શાંહમણેથી આંવતાં દીઠો તેવોજ નેપો તેની સાંમણે ગએઓ, અને તેની બાંએડીના જેવોજ સાધ કાહાડીને બોલીઓ કે—લાવો તો, થાલી મને આપી ગલીમાં જઇને જોવો ને, તાંહાં કોણ છે. જરા વખતથી કાંઇ ઠોકાવાનો સાધ આવે છે. દાંમો બોલીઓ કે પેમાને ઠગીને હું ઠાલી લાવીઓચ તેથી તેઓ પાછા આવીઆ હશે, એવા ગભરાટથી ઠાલી (પોતાની બાએડી જાંણી) નેપાના હાથમાં આપી દીધી, અને ગલી

મધે દોડી ગએઓ. આ જોગવાઇનો લાભ લઇ નેપો તાંહાંથી વઠી ગએઓ. ગલી મધે કાંઇએ નહી હોવાથી, એણીગમ પેલીગમ તપાસ કીધા પછી દાંમો પોતાનાં ઘેરમાં ગએઓ, અને જોએચ તો તેની બાએડી તો બીછાંનાં ઉપર ઉંઘે છે. દાંમાએ તેને પુછીઉં કે આટલા વખતમાં નભરવશ કેમ થઇ ! ઠાલી લઇને ઝડપથી ઉંઘે છે; પણ ઠાલી કાંહાં મેલી છે. એ ઉપરથી જાગી ઉઠીને બાએડી બોલી કે તમે ઠાલી લેવા ગએઆ હતા તેનું શું કીધું ! બાએડીનો આ વચન શાંભલતાંજ દાંમો સહમજી ગએઓ કે પેલા લુછાઓએ આ સઘલી ઠગાઇ કીધી. ઘેરમાં જોએચ તો બાએડીની સાડી પણ ગેબ થઇ હતી. દાંમાએ સઘલી હકીકત બાએડીને કહી, અને વલી ઝડપથી તેઓની પાછલ દોડીઓ.

પેલા ઠગારાઓ પેહલી વેલાએ ગાંમની ઉગમણ બાજુએ ગએઆ હતા, અને તે ઉપરથી દાંમાએ વીચાર કીધો કે તેઓ પાછા તાંહાંજ જવા જોઇએ; કાંએકે તેઓએ વીચારીઉં હોએ કે પેહલી જગા તો દાંમાએ જોઇ છે માટે તાંહાં તે નહી જવાનો. આપણને હવે ગામની આઠમન દીશાએ ગએલા વીચારી તે આઠમન તરફ્જ કદાચ જશે. તે સારૂ આપણે પેહલીજ જગેએ જઇએ કે દાંમો આથમણ બાજુએ જઇને પાછો ઉગમને આવે તેટલે આપણે લંબાણ નીકલી જઇશું. આ વીચાર ઉપરથી દાંમો પાછો ઉગમણ તરફ્જ ગએઓ, અને જોએચ તો પેલા બંધે ચોરો ઠાકી ગએઆથી એક ગોફા મધે બેઠેલા છે. આ દેખાવ જોવાથી દાંમો એક જાહડના ઓથામાં સંતાએઓ. જરા વખત ગએઆ પછી નેપાએ પેમાને કહીઉં કે ભાઇ, પાંણીની શોસ લાગીચ; માટે કુવા ઉપરથી પાંણી લાવીએ, અને આટલી બધી મેહનતે મેલવેલી મીઠાઇ મધેથી કાંઇ ખાઇએ. હવે દાંમો તો આથમણ તરફ ફાંફાં મારતો હશે; માટે ચાલ કુવા ઉપર જઇને પાંણી પીઇને ભરી લેતા આવીએ. એ પરમાણે તે બંધે જણા જારે પાંણી પીવાને માટે કુવા ઉપર ગએઆ તારે, દાંમો તાંહાંથી થાલી લઇને નીકલી ગએઓ. એ પછી નેપો અને પેમો પાંની લઇને આવીઆ, અને જોએચ તો મીઠાઇની થાલી તાંહાંથી ગેબ થઇ હતી. એ ઉપરથી તેઓ બોલવા લાગા કે ભાઇ આપણે તો જાંણતા હતા કે આપણેજ બંધે હોશીઆર છેઇએ; પણ આપણા કરતાંબી દાંમો ચંચલ ઠડીઓ, તો પણ ચાલો પાછા જઇએ, અને બનતી કોશેશ તો કરીએ, પછી તો ઇશવર જે કરે તેજ ખરૂં.

દાંમો ઘેરમાં જઇ પુગો, અને જહડપથી બારણું બંધ કરી લીધું, અને બાએડીને કેહવા લાગો કે અંતે બંધેને મેંજ ઠગીઆ, અને થાળી અનામત પાછી લાવીઓ; પણ તેટલા સારૂ આપણે બેદરકાર રહી ઉંઘાઇ જવું નહી જોઇએ, કાંએકે તેઓની આપણો પીછો છોડવાના નથી. તે સારૂ થાળીને સીકાં ઉપર મેલીને રાત પુરી થાએ તાંહાં સુધી એક પછી એક જાગીઆ કરીએ. થાળી સીકાં ઉપર મેલીને દાંમાની બાએડી બોલી કે તમે ઘણી મેહનત કીધીચ, માટે થાક લાગી હશે, તે સારૂ તમે ઉંઘી જાઓ. હું સાવધપણે બેસી રહીશ. દાંમો બીછાંણાં ઉપર સુતો, અને લગાર ઉંઘે છે એટલે પેલા ચોરો તાંહાં આવી પુગા, અને ખાતર પાડેલાં પેલાં બકારાં મધેથી ઘેરમાં જોવા લાગા. એ ઉપરથી તેઓને માલમ પડીઉં કે મીઠાઇની થાળી શીકાં ઉપર મેલેલી છે, અને તેની આગલ ખુરશી ઉપર બેશીને દાંમાની બાએડી ઉંઘે છે. એ દેખાવ જોવાથી તેઓએ ઘેરમાં જવાનુ માંડી વાલીઉં, અને છાપરાં ઉપર જઇ નળીઆં ઉખેડીને શીકાંનું દોરડુંજ ઉપર ખેંચી લેવાનો ઇરાદો કીધો, અને તે મધેથી મીઠાઇ કહાડી લઇને થાળીને પાછી શીકાં ઉપર રેહવા દઇ નીકળી જવાનો ઠેડાવ કીધો. એવા વીચારથી તેઓ છાપડાં ઉપર ગએઆ; પણ દાંમો સજાગરૂ હોવાથી તેણે નળીઆંનો ખખરાટ સાંભળીઓ, અને તે ઉપરથી સહમજી ગએઓ કે તેના ચોર મીતરો અંતે પાછા આવીઆ ખરા. દાંમાંએ વીચારીઉં કે એઓ પણ મારાં કરતાં કાંઇ ઉતરતી હીકમતવાલા નથી, અને જો આજે એઓ હારીને પાછા જશે તો, નીરાંતથી બેશવાના નથી. આવતી કાલે, અથવા તે પછી કોઇબી દીવશે પાછા આવીને ઘેર મધેથી બીજું કાંઇબી લેઇ જશે, અને એ પરમાંણે દરરોજ એઓ સાથે ખરાબ થવાનાં કરતાંને બેહતર એ છે કે તેઓને બોલાવીને સાથે બેશીને મીઠાઇ ખાઇ જઇએ, કે જેથી તરણે જણાઓ એક સરખા કેહવાઇએ, અને તેથી સરવે ખટપટ મટી જાએ. એ પછી દાંમો મોટા અવાજથી બોલીઓ કે ભાઇઓ, આપણ બધા સરખાજ છઇએ, અને કોઈ હારે અને કોઈ જીતે એવું તો કાંઇ બનવાનું નથી. હું બારણું ઉઘાડું છું., માટે તમો પાછા નીચે ઉતરો. અને એ મીઠાઈ આપણ સાથે બેસીને વેંહચી ખાઇએ. દાંમાનું એવું કેહવું શાંભળીને નેપો અને પેમા નીચે ઉતરીને દાંમાનાં

ઘેરમાં દાખલ થએઆ, અને તે સઘલાંઓએ સાથે બેશીને પેલી મીઠાઇ ખાધી, અને એક બીજાને મલી ભેટીને તાંહાંથી તેઓ પોતાનાં ઘેર તરફ ચાલતા થએઆ.

# જેવી વાર તેવો વેલો !

ગુજરાત મધેનાં પેટલાડ નાંમે ગાંમમાં ગીરધરલાલ નાંમે એક વાંણીઓ રેહતો હતો. આ વાંણીઓ જોકે ધનવાંન હતો, પણ કંજુશીઓ, દલદરી, અને છાતી આગલથી બુંધો હતો. તેની પાસે ઘણા પઇસા હતા ખરા પણ તે પઇસાની ફકત રખેવાલી કરવા સીવાએ, તેનું કંઇબી સુખ તે ભોગવી નહી શકતો હતો. ગીરધર કાકાની વએ પીસતાલીશ વરશની થઈ તાંહાંસુધી તેને ઘેર એકે બાલક નહી થઇઉં હતું, અને બાલકની આશામાં તેણે એક એક પછી ચાર બાએડીઓ કીધી હતી; એટલોજ માતરે તેણે પોતાના પઇસાનો ઉપીઓગ કીધો હતો. તેની ચોથી બાએડીનું નાંમ જમના વહુ કરીને હતું, જેને ગીરધર કાકા દશ વરશની પરણી લાવીઓ હતો. જમના વહુ પરમેશવરની કુરપાથી ચઉદમે વરશે ઘરભવંતી થઇ, જેથી ગીરધર કાકાને મોટી ખુશી ઉપજી હતી.

ગીરધર કાંકાની અઘરણી આવી, એવું ગાંમમાં સઘલે ઠેકાંણે આશકારા થઇઉં, અને સરવે જનાં ખુશીથી કેહતાં હતાં કે આ ઘરડાને તાંહાં દીકરો આવે તો સારૂં. માંઠાં ભાએગે એવો સંજોગ બનીઓ કે ગીરધર કાકાની જમનાવહુ એક દીને રાતને સમે માલના દાદર ઉપરથી ઉતરતાં, તેનો પગ દાદરની પગતી ઉપરથી છટકી ગએઓ, જેથી તે બીચારી આખા દાદર ઉપરથી ગબરાંને નીચે પડી ગઇ, અને તેથી તેનું કાલજું કપકાઇઉં. આ બનાવથી જમના વહુ બહુ હેરાંન થઇ, અને ઇશવર ઇચ્છાથી તે વહીકુંઠ વાસ પાંમી. જેથી ગીરધર કાકાને, તેમજ તે ગાંમનાં લોકોને મોટી દલગીરી પેદા થઈ. આ માંઠા બનાવ ઉપરથી ગીરધર કાકાને બાલકની આશા માંટે પાંચમીવાર લગન કરવાની ફરજ પડી; કાંએકે તેને પોતાનાં મરણ પછી, પોતાની દોલતનો કોઇ હકદાર વારેસ પેદા કરવાની ઘણી હોંશ હતી. ગીરધર કાકાની આગલી તરણ

બાએડીઓ જોકે સારી હતી; તોપણ તેઓનાં કરતાંને ચોથી બાએડી જમનાવહુ સઘલી પરકારે ચબરાક અને ચંચલ તથા સારી અકલવાલી હતી. ગીરધર કાકા બેઅકલ અને કઝુધીઓ હતો; માટે તેને આવી ચાલાક બાએડી મલવાથી તે ઘણોજ મગન થએ હતો; પણ જમનાવહુ આ ઘરડા વાંણીઆને ધારી નહી; માટે જમ રાજાએ તેનો અંત આણીઓ.

એ પછી ગીરધરકાકાએ પાંચમી બાએડી શોધી કાહડી, જે પંદર વરસની વએની હતી, અને એ વખતે ગીરધરકાકાની વએ એકાવન વરશની થઇ હતી. ગીરધરકાકાની પાંચમી નવી બાએડીનું નાંમ હરકુંવર કરીને હતું, અને તે જો કે આગલી બાએડીઓ કરતાંને દેખાવમાં ઘણીજ સારી, ખુબસુરત, અને શોભાવંતી હતી; પણ બેઅકલ, વગર સહમજની, અને સકાર વગરની હતી, જેથી તે લોકોના હાથમાં ગોએઆ રમકડાંની મીસાલે રહી શકતી હતી. હરકુંવરને અઢારમે વરસે હંમેલ રહેઆ, જેના હરખ ઉપરથી ગીરધરકાકાએ મોટી ધાંમધુમ કરવા માંડી, અને ધુતારા બરાહમણોના કેહવા પરમાણે ધરમદાંન કરવા માંડીઉં. ઘણી આતુરતાથી ગીરધરકાકા પોતાના તથા હરકુંવરના ટપકા અને જનમપતરીકા એક પછી એક બરાહમણને દેખાડી પુછવા લાગો કે— તેને ઘેર છોકરો આવશે કે છોકરી? ગીરધરકાકાની એવી વેહમી અવસથાનો લાભ લઇને બરાહમણો, જેમ જેને ફાવે તેમ, તેને ધુતવા લાગા, અને તે ઘરડાને ખુશી ઉપજે એવા શબદો, ટપકા અને જનમપતરીકા જોઇને તેને કેહવા લાગા, જેથી ગીરધરકાકા તે બરાહમણોને હાથ વશ થએઆ.

ગીરધર કાકાએ હરકુંવર વહુની અઘરની બાંધી, અને તેની ખુશાલીમાં ગાંમના લોકોને મીઠાઇ વગેરેનું જમન આપીઉં, અને નાતના લોકોની પેઠે મોટા હરખથી, જમવા બેઠેલા લોકોની પાંતમાં પરીશવાને પોતેબી ફરવા લાગા. આ જમન વીશે ગીરધરકાકાને જો કોઇ પૂછતું હતું તો, મોટા હરખથી ખુશી સાથે બોલતા હતા કે અલીઆ ચોપણમે વરશે મારી અઘરની આવી!

વખત આગલ ચાલીઓ, અને હરકુંવરને જનવાની તઇઆરી થઇ. એ વખતે ગીરધર કાકાએ ધુતારા બરાહમણોને બોલાવી પોતાની પાસે બેસાડીઆ અને "પરશટણા" જોવા માટેની સઘલી તઇઆરી કરાવી. ગીરધરકાકાની પાસે બેઠા પછી ધુતારા બરાહમણોએ તેઓને

જણાવીઉં કે પાંચ મીનીટની અંદર હરકુંવરનો છુટકો થશે. ગીરધરકાકા જાતે વેંહમી, અને વલી તે સાથે કબુધીઆ હોવાથી તેવણ બરાહમણોને ફરી ફરીથી પુછતા કે કહોની મહારાજ ! છોકરો આવશે કે છોકરી ? આ પરશનનો ઉત્તર બરાહમણો એવો આપતા હતા કે—કાકા જો તમારે ઘેર પુતરનો જનમ થાએ તો, અમોને શું આલશો. એ ઉપરથી ગીરધરકાકા બરાહમણોને જવાબ દેતા કે મહારાજ ! જે તમે માંગશો એ આલીશ; પણ મારે ઘેરદીકરો આવે તેમજ કરવું. એ ઉપરથી બરાહમણો કેહતા કે કાકા કાંઇએ ફીકર કરવી નહી, સઘલું સારૂંજ થવાનુ. પેલી તરફ હરકુંવરને જનવાની તઇઆરી થઇ, અને તે સકાર વગરની હોવાથી તેણે ઘેરમાં મોટો ધભરાત કરી મેલીઓ. આ સમે ગીરધરકાકાનો જીવ થોંભીઓ નહી; કાંએકે તેઓને એક તો દીકરો આવવાનો હરખ હતો, અને બીજું એ કે હરકુંવર ઉપર તેઓનો બહુજ પીઆર હતો, તેથી અસતરીપંથની લાજની દરકાર એક કોરે મેલીને ઓરડા મધે હરકુંવરની આગલ દોડી ગએઆ, અને બોલવા લાગા કે "વેકો વેકો, હરકુંવરબાઇ વેકો ; લગાર જોરથી કોંશો કે વેહલે છુટક થાએ." હરકુંવરનો છુટક થએઓ, અને ધભરાટને લીધે તેની આસપાસ બાએડીઓ ભેગી થઇ. બાલકને રડવાનો આવાજ નીકલતાંજ, ગીરધરકાકા ઓરડામાં અંધારૂં હોવાથી, હાથમાં દીવાનું કોડીઉં પકડીને એણીગમથી પેલીગમ, બાએડીઓની પાછલ ફરીને હરકુંવર તરફ જોવા તથા પુછવા લાગા કે—બાઇઓ બોલોને શું આવીઉં ?

અસતરીજાતની લાજ નહી રાખીને ગીરધરકાકા ઓરડા મધે હરકુંવરની આગલ ગએઆ હતા, તેથી ગુસ્સામાં આવેલી એક બાએડીએ જણાવીઉં કે—કાકા વલી શું આવે, તમારાજ જેવી ઘુંધી છોકરી આવી છે ! આ શબદ સાંભલતાંજ ગીરધરકાકાના હાથ મધેથી દીવાનું કોડીઉં પડી ગએઉં, અને બીચારા ફસડાઇને બેશી ગએઆ, પછી માંથાં ઉપર હાથ મારી (કપાલ કુટીને) બોલીઆ કે રે ઇશવર, **જેવી વાર તેવોજ વેલો !**

આ શબદ બોલતાંજ ગીરધરકાકા બેહોશ થઇ ગએઆ, અને પેલા ધુતારા બરાહમણો તાંહાંથી ઉઠીને ચાલતા થએઆ. ગીરધર કાકા ઘણે વારે પાછા હોશીઆરીમાં આવીઆ, અને ફરીથી હરકુંવર પાસે ગએઆ અને વીશવાસ નહી આવીઆથી બોલીઆ કે

"અલી હરકુંવર, છોકરો આવીઓ કે છોકરી!" હરકુંવર બોલી કે છોકરી આવી. એ ઉપરથી પેલી ગુસ્સામાં આવેલી અસતરીએ છોકરીને હાથમાં લીધી, અને તે કેવી હતી તે ગીરધર કાકાને સારી પેરે દેખાડી, જેથી માલમ પડીઉં કે તે છોકરી ગીરધર કાકાના જેવીજ ખુંધી, અને વલી તે સાથે કદરુપી હતી. આ દેખાવ જોવાથી ગીરધર કાકા નીરાશ થઈને બેઠા, અને એ દીવસથી તેઓએ પુતર વારેસની આશા છોડી, અને દતપુતર કરવાનો ઠેરાવ કરેઓ. એ ઠેરાવ પરમાંણે પોતાની છેલી બાએડીના ભાઈને દતપુતર કીધો, અને તે પછી બે વરસે તેઓ પોતાની પાછલ નવાણું લાખ રુપીઆની મોટી દોલત મેલીને મરણ પામીઆ.

# સબુરીનો બદલો સાહેબ આલશે.

બરહાંનપુર તરફ "ઉભીતો મરેતુ" નાંમે એક કસબો હતો. આ કસબા મધે નરભેરાંમ નામનો એક બરાહમણ રેહતો હતો. નરભેરાંમ પોતાનાં ઉતરતાં વંસથી મોટી દોલત ધરાવતો હતો, અને તેનાં બલથી આસપાસના દેશો ખાતે બોહલો વેપાર ચલાવતો હતો. માંઠાં ભાગ્યેગે નરભેરાંમને એક એક પછી ચાર બાએડી થઈ હતી; પણ તેઓથી એકબી બાલકને જનમ મલીઓ નહી હતો, જેથી નરભેરાંમની પાછલ કોઈ વારેસની આશા રહી નહી હતી. નરભેરાંમની ચોથી બાએડી જારે મરણ પાંમી તારે, એ પુરૂશની વએ પચાશ વરસની હતી, અને તે ઉપરથી તેણે તે પછી બીજી બાએડી કરવાનો વીચાર માંડી વાલીઓ હતો.

નરભેરાંમે જારે બીજી બાએડી નહી કરવાનો ઠેરાવ કીધો તારે, તેનાં ઘેરની સાચવણી કોણ કરી શકશે, એવો વીચાર પાછલથી તેના મનમાં ઉતરેઓ, અને તે ઉપરથી નરભેરાંમે પોતાની પેહલી બાએડીની બેહેનની બે દીકરીઓ, જે મધેની એક તેર અને બીજી અઢાર વરસની વએની હતી, તે બંધેને પોતાનાં ઘેરમાં પોતાની દીકરી દાખલ રાખી હતી. આ બે છોકરીઓ મધેની મોહટીનું નામ ગંગા, અને નાંધલીનું નામ જમના કરીને

હતું. ગંગા કાંઇ ઘણી રૂપ વાળી નહી હતી; ગંગામાં બીજી ખોડ એ હતી કે જો તેને કોઈ કાંમસર બોલાવે તો જલદીથી જવાબ દેતી નહી હતી. જમનાનો દેખાવ એથી ઉલટોજ હતો. તે ઘણીજ ખુબસુરત, રૂપવંતી, અને તે સાથે મીઠાશ ભરેલી જુબાંનથી સરવે સાથે મનમાનતી રીતે વાતચીત કરતી હતી.

એક દીવસે રાતના જમીઆ પછી નરભેરાંમ ઉપલી બંધે છોકરીઓને પાશે લેઇને વાત કરવા સારૂં બેઠો હતો તારે, જમનાએ વીનંતી કરી કે બાપા, આપણી ગંગા હવે મોટી થઇ; માંટે એના લગન થવાં જોઇએ. નરભેરાંમે ઉત્તર વાલીઓ કે—છોરી તે કહી એ વાત સાચી છે; પણ જેવી દોલત હું ધરાઉં છેઉં, અને મોટા વેપારને લીધે જેટલી આબરૂ મેં મેલવી છે, તેટલે દરજજે પુગેલો જો ભરથાર મલી આવે તો, ગંગાના લગન આજે કરવાને હું ખુશી છેઉં. બાકી કોઇ અનાથીઆ સંગાથે લગણ કીધાથી આપણી આબરૂમાં વધારો તો નહી પણ ઘટાડો થવાનો; માંટે લગાર ધીરજ ધરવી. ગંગાનાં લગણની વાત કાહડવાનું જમનાને એટલુંજ કારણ હતું કે જો ગંગાનાં લગન થાએ તો, પછી પોતાને માંટે ઉતાવલ કરાવવી; કાંએકે એ કાંમને સારૂં ગંગાના કરતાં જમનાની ખુશી ઘણીજ હતી; પણ નરભેરાંમે જારે આવો જવાબ દીધો તારે, જમના પોતાની આશામાં નીશફલ થઇ. નરભેરાંમ મોટો વેપાર કરતો હતો, તેટલા સારૂં કાશીદાશ નામના આસરે પંદર વરશની વએના એક જુવાન શખસને પોતાના હાથનીચેનું કામ કરવા સારૂં રાખેલો હતો. કાશીદાસ જો કે સારાં અને કુલવાન ખાનદાનનો દીકરો હતો; તોપણ પાછલથી તેના બાપનો રોજગાર પડી ભાગવાને લીધે તે નરભેરામને તે સારી મદદ કરતો હતો. કાશીદાસ જેમ ચંચલ અને ઉદીઓગી હતો, તેમજ તે રૂપાલો અને ખુબસુરતબી હતો; માંટે જમનાએ તેને પોતાની મરજી માંફકનો ભરથાર ધીરવેઓ હતો; અને જેમ જેમ તેઓને જોગવાઇ મલતી ગઇ તેમ તેમ તેઓ એકબીજાંની આગલ છુપી રીતે પોતાના વીચાર ખુલ્લા કરતાં ગએઆં. તેઓએ વાતચીત કરવામાં સઘલી પાંતીની છુટ લીધી હતી; પણ અંતઃકરણ સંબંધી પવીતરાઇને મજબુત રીતે જાલવી રાખી હતી, કાંએકે તેઓનાં લગન એકબીજાં સાથે થવાની તેઓને પકીજ આશા નહી હતી. ગંગા એકવાર આજારી પહેલી હતી તારે, ઘેર માંહેલા એક ઓરડા મધ્યે

પલંગ ઉપર તે સુતેલી હતી. આ જોગવાઇનો લાભ લઇને જમના પડોસ મધેના બીજા ઓરડાના બારણાં આગલ કાશીદાસ સંગાથે વાત કરતી ઉભી હતી, જે દેખાવ પલંગ ઉપરથી ગંગાની નજરે પડતો હતો: એ પછી એક દીવશે બંધે બેહનો એક બીજાંનાં માંથાં હોડવાને સાથે બેઠેલી હતી, તે વેલાએ ગંગાએ જમનાને પુછીઉં કે–બેહન આજ ઘણા દીવસથી તારો ચેહરો કુમલાએલો લાગે છે, અને તારૂં બોલવું પણ અનગમતું જણાએ છે, માટે જો તારી તબીઅતમાં કાંઇ બીગાડો થએઓ હોએ તો, બોલ કે વઇદને તાંહાંથી ઓશડ મંગાવી આલું.

જમના—(શરમાઇને બોલિચ) બેહેન મારાં દુઃખની વાત તને શું કહુ? જે દુઃખ મને થઇઉંચ તેની મનેજ સહમજ પડતી નથી, તારે તને કેઇ રીતથી સહમજાવી શકું?

ગંગા—જો બેહન તું ગુસ્સો નહી કરીશ હો. જો એમ હોએ તો તારૂં દુઃખ શું છે તે હું પારખી આપું.

જમના—ના બેહન, ગુસ્સો તે શેનો કરૂં : તું મા તોલની બેહન છે, માટે જે કેહશે તે શીખાંમણ દાખલ સાંભલીશ.

ગંગા—જારે તું ગુસ્સો કરવાને ના પાડે છે તારે તો સાંભલ કે જો હવડાં તારી સાંમે આપણા કાશીદાસને ઉભો કીધો હોએ તો, તારૂં દુઃખ કાંઇ મટે ખરૂં?

જમનાં—(લજવાઇને) જા બેહન તું એવી વાત શીદને કરે છે. (એટલું બોલી વીચારમાં પડી કે એને કાંઇ સંસારો જાંણીઓ ખરો.)

ગંગા—બાઇ જો રીશ નહી કરીશ હો. થોડા દીવસપર જારે હું અજારી પડી હતી તારે, મારી સાંમણેના ઓરડાનાં બારણાં આગલ કાશીદાસ સંગાથે તેં હસી હસીને, જેમ જાંણે શરમાંતી હોએ તેમ, વાતો કીધી હતી. કેમ, એ દાખલો ખરો છે કે?

જમના—બેહન, તેમાં શું વલીઉં. વાતો કીધી તેથી આપણા બાપ કાશીદાસ સંગાથે મારાં લગણ કરવાના છે?

ગંગા—જો બેહન, તારૂં દીલ તેનીજ સાથે બાઝીઉં હોએ તો, બાપાની આગલ વાત કરવાની તને કશી અડચણ નથી.

જમના—રે બાઇ, મારૂં દીલ કાશીદાસ સંગાથે બાઝીઉંચ એ વાતમાં તો જરાએ સંધે નથી. તને મા જની બેહનજાંણીને તારી આગલ ખરી વાત કહું છું; પણ એક દીને જારે તારાં

લગન કરવા સારૂ બાપાની આગલ મેં વાત કાહડી હતી તારે, બાપાએ જે જવાબ દીધો હતો તેની તને ઇઆદ છે કે નહી? બાપાના વીચાર તો એવા છે કે તે પરમાણે ચાલીઆથી કદોબી આપણાં લગન થાએજ નહી, અને જીંદગીનાં બરાં સુખથી આપણે બેનસીબજ રહીએ; પણ બેહન, આટલી વાત તું ઇઆદ રાખજે કે—જો બાપાએ કાશીદાસ સંગાથે મારાં લગન નહીજ કીધાં તો, પછી મારૂં જીવતર કાંઇજ કાંમનું નથી. એક વાર આપણે જે પુરશને ભરથાર દાખલ પસંદ કીધો, તેને પડતો મેલી બીજા સંગાથે લગનનો પવીતર ગાંઠ બાંધવો, એ વાત મને પસંદ પડતી નથી.

ગંગા—બેહન, એ વાત ખરીજ છે, અને તેમ કરનારનો અવતારજ કાંમનો નથી; પણ અગર જો તું મારી સલાહ પરમાણે ચાલે તો, અલબતે તારૂં કાંમ સીધ થવાનું.

જમના—કેહની બેન, શું કરૂં, અને કેમ ચાલવાથી મારૂં કાંમ સીધ થશે?

ગંગા—મોરા ગાંમ જે અતરેથી વીશ કોસ ઉપર છે, અને તાંહાં આપણો માસો રેહ છે. એ જગાએ કાશીદાસને લઇ જઇને માશા આગલ બધી મતલબ જણાવ, અને તાંહાં કાશીદાસ સંગાથે લગન કરીને પાછી અતરે આવજે, અને બાપા આગલ જરા કાકલુદી કરશે તો, પછી એઓ તારી તકસીર માફ કરશે.

જમના—બેહન, આ ઇઉકતી તો ઠીકજ છે; પણ એમ કીધાથી બાપાને અપમાંન મલે, અને તે ઉપરથી તેઓને મોટા કરોધ ચહડે, તે સારૂં લગણ કીધા પછે હું તારી ઊપર કાગજ લખીશ, એટલે તું બાપાના ગુસ્સાને થોડો ઘણો નરમ પાડજે, અને તે પછી મને લખી જણાવીઆથી હું પાછી અતરે આવીશ; એટલી મેહરબાંની મારી ઉપર તારે કરવી જોઇએ.

ગંગા—હા બેહન, તારૂં કાંમ થાએ એમાં હું રાજી છું. વળી મારોબી કોઇ દીવશ આવશે, તારે તુંબી મને મદદ કરજે. અરશપરશ એક બીજાનાં કાંમો કીધાથીજ દુનીઆ ચાલે છે.

આટલી વાત કીધા પછી બંને બેહનો છુટી પડી. જમના તુરતજ કાશીદાશ પાશે ગેઇ, અને પોતાની બેહન સંગાથે કીધેલા ઠેરાવની વાત તેને કેહી, અને તેજ રાતના તેઓ ઘેર મધેથી છુપી રીતે નીકલીને મોરા તરફ ચાલીઆં.

બીજે દીને સહવાર પડી, અને નરભેરાંમે ઘેર મધે જમનાને નહીં જોઇ; તેમજ વખત થએઆ પછી કાશીદાશ પણ ચાકરી ઉપર નહી આવીઓ. એ ઉપરથી ગંગાને પુછીઉં કે જમના દેખાતી નથી તે કાંહાં છે? એ વેલાએ ગંગાએ પોતાનું અંનજાંણપણું બતલાવીઉં, અને જમના ઉપર મોટો કરોધ ચડે એવી એવી વાતો નરભેરાંમને સહમજાવી.

થોડા દીવસ ગએઆ પછી, જમનાને હાથનો લખેલો હોએ એવો એક કાગજ ગંગાએ ઉભો કીધો, અને નરભેરાંમને ચહડેલા કરોધમાં મોટો વધારો થાએ તેમ, તે કાગજ લખીઓ હતો, અને તે કાગજ જાંણે મોરા ખાતેથી જમનાએ મોકલીઓ હોએ તેમ તઇઆર કરીને, નરભેરાંમની બેશવાની જગા ઉપર મેલીઓ. તે કાગજ નરભેરાંમના હાથમાં આવીઓ અને તેણે તે ઉખેડાને વાંચી જોએઓ. તે વાંચતાંજ નરભેરાંમને જમના ઉપર ઘણી રીશ ચડી અને હવે પછી તેનું મોંડું નહી જોવાને ગંગા આગલ પોતાનો ઠરાવ જણાવીઓ.

જમનાએ મોરામાં પોતાનાં લગણ કીધાં, અને તે વીશે પોતાના બાપ નરભેરાંમને ચહડેલો કરોધ નરમ પાડવા સારૂં તેણે ઘણીએક નમનતાઇ અને ઇઉકતીથી એક કાગજ લખી મોકલીઓ, અને પોતાની બેહન ગંગા ઉપર એક જુદો કાગજ લખીને, બાપની રોશ નરમ પાડવાને તેને ભલાંમણ કીધી. આ બંધે કાગજો ગંગાના હાથમાં ગએઆથી તે વાંચીને તેણે ફાડી નાંખીઆં, અને નરભેરાંમને ઘણી રીશ ચહડે એવો એક બીજો કાગજ જમનાને નાંમે લખીને નરભેરાંમનો બેસવાની જગા ઉપર મેલીઓ. આ કાગજ વાંચવા ઉપરથી નરભેરાંમનો મીજાજ ઘણોજ ગએઓ, અને પોતાની દોલતની બખલી એકજ વારેસણ દાખલ ગંગાનેજ ઠેડવવાને પોતાનો વીચાર તેની આગલ કહેઓ.

એ પછી ગંગાએ એક કાગજ જમનાની ઉપર લખીઓ, અને જાંણે તેણે પોતાના બાપને પોતાની બેહનની તરફથી ઘણુંજ સહમજાવીઉં હોએ, અને તે છતાંબી તે નહીજ સહમજીઓ હોએ એવું તે કાગજ મધે જમણાંને જણાવીઉં, અને બાપ જમણાંનું મોહડું બી જોવાને રાજી નથી, એવી એવી ધાશતી ઉપજાવનારી વાતો તેને લખી મોકલી. આ કાગજ વાંચવા ઉપરથી જમનાં નીરાશ થઇ બેઠી, અને કાશીદાશની સાથે એક ગાંમથી બીજે

ગાંમ ધંધાને માટે રજડીને પોતાનો વખત ગુજારવા લાગો. એ પછી જમનાને હંમેલ રહેઆ, અને તેણે એક છોકરાનો જનમ આપીઓ.

જમના કાંહાં ગઇ અને શું કરતી હશે, એવો વીચાર પાછલથી નરભેરાંમનાં દીલમાં ઉતરેઓ; કાંએકે તે ડાહી, ધીરા સવભાવની, અકલવાલી, અને ચંચલ મનની હતી. એ ઉપરથી નરભેરાંમે મોરા ખાતે એક કાગજ લખીને જમનાની ખબર મંગાવી; પણ તેઓ મોરા મધે નહી હોવાથી એ વાતનો પત્તો નરભેરાંમને મલીઓ નહી. એ ઉપરથી નરભેરાંમ ઘણો ઉદાસ થવા લાગો, અને આ વીચાર તેનાં મનમાં ઠસી બેઠાથી તે આજારી પડીઓ, અને એકવાર જમનાને જોવાને તે ઘણો ઇનતેજાર થએઓ. નરભેરાંમ જમનાની જુદાઇથી એટલો તો આજારી પડી ગએઓ કે, છ માસની આગમચ તેને જેઓએ દીઠો હોએ તેઓ તેને તુરત ઓલખી નહી શકે.

આ દુઃખના સબબથી નરભેરાંમે મરણુની ધાસતી ઉપરથી પોતાનું વારેસનાંમું લખીઉં, અને તે મધે એખલી ગંગાનેજ પોતાની માલ મતા અને અસકેઆંમતની માલેક ઠેડવી, કાંએકે જમના સંબંધી કેઠેથી તેને પત્તો મલીઓ નહી. એ ઉપરથી ગંગા ઘણી ખુશ થઇ અને વીચારવા લાગી કે હવે ઠીકજ થએઉં, ગંગાના નાંમનું વારેસ નામું નરભેરાંમે તેને આપીઉં નહી. પણ પોતાનીજ પાસે રાખી મેલીઉં. ગંગાને માલેકપણું મલવાથી તે છકી ગઇ, અને જેમ ગમે તેમ ફરવા લાગી, જે બનાવાથી નરભેરાંમનાં દુઃખમાં વધારો થએઓ, અને તે એવા વીચારમાં હતો કે જમનાનો પત્તો કેઠેથીબી મલી આવે તો સારૂં.

પેલી તરફ જમનાને છોકરો થએઆ પછી કાશીદાસને સારી ચાકરીની જગા મલી હતી, અને તેમાં તેણે પાંચ પઇસા સારા મેલવીઆ હતાં; પણ માંઠા ભાએગે કાશીદાસના પેટમાં કાંઇ દરદ નીકલીઉં, તેથી તે થોડા માસ દુઃખ ભોગવીને મરણ પાંમીઓ. આ બનાવ પછી જમનાને બહુજ આપડા પડવા લાગી, અને કાશીદાસે મેલવેલા પઇસા કાંઇ એટલા નહી હતા કે, જમનાનો દીકરો મોટો થાએ તાંહાં સુધી ચાલી શકે. તેથી જમના મોટી ફીકરમાં પોતાનો કાલ કાહડવા લાગી. એક દીવશે એવો સંજોગ બનીઓ કે "કંટારીઆ" ખાતેથી ઉપડીને "ઉભીતો મરેલું" જવા

સારૂ ઉપડેલું એક વાંહાંણુ, જેમાં નરભેરાંમનો કીંમતી માલ ભરેલો હતો તે વાંહાંણુ સમુદર મધે તોફાંન ખાઇને જમનાનાં ગાંમના કીનારા તરફ ધશડાઇ ગએઉં. આ વાંહાંણુ ધશડાઇને કીનારે લાગવાની ખબર આખાં ગાંમમાં ફેલાઇ કે "ઉભીતો મરેતું" ખાતે જનારૂં એક વાંહાંણુ તોફાંન ખાઇને અતરે આવીઉં છે. આ ખબર શાંભલવાથી જમનાએ વીચારીઉં કે આ એલ કદાચ પરમેશવરેજ કીધો હોએ કે મારા બાપને દેશ જનારાં વાંહાંણુને અતરે મોકલીઉં છે; માટે એ મધે બેશીને હું મારા બાપની આગલ જાંઉં; પછી જો તેને દએઆ આવશે તો મને ઘેરમાં રાખશે નહી તો ઇશવર મને જેમ રાખશે તેમ રહીશ. આ પરમાણેનો વીચાર કરીને જમના કીનારા તરફ ગઇ, અને વાંહાંણુનાં ટંડેલને વીંનતી કીધી કે—ભાઇ હું વાપાની મારેલી છેઉં; માંટે મારી નહી, તો પણ આ મારાં નાંનકરાં બાલકની દએઆ ખાઇને મને તારાં વાંહાંણુ મધે બેશાડ, અને "ઉભીતો મરેતુ" ખાતે લઇ જા. ટંડેલે આ અસતરીને ધણી દુરબલ જોઇ, અને તે ઉપરથી તેને દએઆ ઉપજી, એને તેટલા સારૂ તેને વાંહાંણુમાં બેશાડીને વાંહાંણુનું લંગર ઉપાડીઉં. ઇશવરની કુરપાથી વાહાંણુ સારી રીત ચાલીઉં, અને પીઠનો પવન લાગાથી તરીજે દીવશે "ઉભીતો મરેતું" ખાતે જઇ પુગું.

જમનાનો પત્તો કેઠેથી મલી આવે તો સારૂં, એવા વીચારમાં જારે નરભેરાંમ બેઠો હતો તારે, એક ખલાસીએ આવીને તેને ખબર આપી કે "કંટારીઆ" ખાતેથી ઉપડેલું જે વાંહાંણુ તોફાંન ખાઇને કેઠે નીકલી ગએઉં હતું તે આપણાં બારાંમાં આવીને લાંગડીઉં છે. આ ખુશ ખબર શાંભલવા ઉપરથી નરભેરાંમની કંમરમાં જોર આવીઉં; કારણ કે તે વાંહાંણુ મધે મોટી કીંમતનો માલ ભરેલો હતો; માટે તુરત હાથમાં લાકડી લેઇને નરભેરાંમ બંદર ઉપર ગએઓ. કીનારા આગલ જઇને વાંહાંણુ તરફ નજર કરતાં, નરભેરાંમને માંલમ પડીઉં કે એક ધણીજ દુબલી, પણ જુવાંન અસતરી કેર ઉપર એક છોકરાંને બેશાડીને વાંહાંણુ ઉપરથી તે ડંકા ઉપર ઉતરી, અને ડંકાના નાંકાં આગલ આવી, જાંહાંનાં પાટીઆં ભાગી ગએઆથી તાંહાં માતરે વચોવચથી બે પાટીઆં ગોઠવેલાં હતાં. જારે જમના તે પાટીઆં ઉપર ચાલતી હતી તારે, નરભેરાંમે જોઇઉં કે આ અસતરી ધણી દુબલી છે, અને પાટીઆં ઉપરથી

કદાચ પડી જશે, તેથી તેની તરફ પોતાની લાકડી લાંમબી કરીને નરભેરામ બોલીઓ કે—રે બાઇ, બીહીશ માં. લે આ મારી લાકડીનો આસરો પકડીને ચાલી આવ. જમનાએ લાકડી પકડીને આવતાં નરભેરાંમનું મોહોડું જોઇઉં, અને તેના આવાજ તથા મોહડાંના ચેહરા ઉપરથી તેને પોતાના બાપ દાખલ ઓલખીઓ. એ ઉપરથી જમનાએ તેની આગલ જઇને પુછીઉં કે દાદા તમારૂં નામ શું ? નરભેરાંમે જવાબ દેતાંજ, જમના તેને બાઝી પડી, અને જારજાર રડવું શરૂ કીધું. નરભેરાંમે જમનાને ઓલખી, અને તે ઉપરથી તેને પેટમાં દાબીને બોલીઓ કે ઓ દીકરી ! આપણાં છુટા પડવાથી હું દેવાંનો થએઓ છું, અને જો કે તેં ઘણી ખરાબ રીતથી મને કાગજ લખીઓ હતો, તોપણ તારી ઉપરજ મારૂં દીલ દોડતું હતું. જારે તેં ફરીને ઘણીજ ખરાબ રીતથી બીજો કાગજ મારી ઉપર મોકલીઓ તારે, મને ઘણી રીશ ચહડી, અને તારી મોટી બેહનને મારી ચાકરી કરવાની ઉલટ આપવા સારૂ દીલાસો આપીઓ કે—તુંને એખલીનેજ મારી દોલત આપીશ ; પણ જારે હું ઘણોજ માંદો પડીઓ તારે, મરવાની ધાસતીને લીધે મારૂં વારેસ નામું તઇઆર કીધું, અને તારો પત્તો કેહેથી નહીજ મલવાને લીધે લાચારે એખલી ગંગાનેજ નાંમનું વારેસ નામું લખી રાખીઉં, પણ એમ કીધાથી તો તે ઘણીજ છકી ગઇ, અને મને ખચીત મારી નાંખીને દોલત લેવાનો ઇઅતન કરે છે, જેથી હું રાત દીન તારી વાટ જોતો હતો, અને ઇશવરે અકસમાત તને અતરે લાવી મેલી છે. લાવ તારા દીકરાને હું કેરે લેઉં, અને તું છુટી પડીને સગવડથી ચાલ ; આપણે ઘેર જઇએ.

જમના પોતાની મોટી બેહન ગંગાએ લડાવેલાં ફીતુર સાંભલીને અજબ થઇ, અને તે ઉપરથી નરભેરામને કેહવા લાગી કે—બાપા મેં તમોને સઘલાં મલીને છ કાગજો લખીઆં હતાં, જેમાંનો એકે કાગજ તમોને રીસ ચઢે એવો લખીઓજ નથી, પણ તેને બદલે નમનતાઇ અને કાકલુદીથી દરએક વખતે લખેલું છે કે મારી તકસીર થઇ તે વીશે મને માફ કરવું, અને જો હોકમ હોએ તો હું બાપાની આગલ આઉં ; પણ તમોએ ગુસસામાં આવી ગંગા પાસે લખાવીઉં હતું કે હું તારૂં મોહડું જોવા માંગતો નથી, અને મારી વારસ હવેથી ગંગા છે ; માટે તારૂં મોહોડું હવેથી મને નહી દેખાડજે. એ ઉપરથી હું અને તેઓ એણીગમથી પેલીગમ

બટકીને અમારો કામ કાહડવા લાગાં. જારે તેઓ પાંચ પઈસા પેદા કરતા થએઆ તારે, તેમનો જમરો જોઇ ન શકીઓ, જેથી મેને બહુજ આપુડા પડવા લાગી, અને લાચાર થઇને બેઠી હતી, પણ ઇશવર ઇછાથી બનેલા સંજોગે તમ આગલ લાવી મેલી. તમારો ક્રોધ વામવાનો ભરોસો આપી, તેમની સાથે મારાં લગન કરવાને પણ ગંગાએજ ઇઉકતી બતાવી હતી, અને વલી તેણેજ મારી ઉપર આપદા પાડવાની તદબીરઓ કીધી! બાપા માનસમાં જેટલી બુધી હોએ તેટલી તે વાપડી જાંણે છે; પણ તેમાં ફરક એટલોજ કે કોઇ પોતાની બુધીને સારે મારગે, અને કોઇ કફારે મારગે વાપડે છે.

નરભેરાંમ ગંગા ઉપર ઘણોજ ગુસસે થએઓ, અને ઘેર જઇને તેને ઘેર મધેથી બાહેર કાહડી મેલવાને તઇઆર થએઓ; પણ તે વીચાર જમનાને કેહી જણાવીઆથી, જમનાએ તેમ કરવાથી તેને વાલીઓ, અને બોલી કે ગમે એવી છે પણ મારી મા જની બેહન તો ખરી, માટે બાપા એમ કીધાથી મનેજ દુઃખ થશે.

નરભેરાંમ અને જમના વચે, એઓને ઘેર જવાની આગમચ, જે વાતચીત થઇ તે કોઇએ ગંગા પાસે જઇને કહી, જે ઉપરથી તેના હાથમાં જેટલું વીત્ત આવીઉં તેટલું લઇને તથા ઘેર મધેથી નરભેરાંમે કીધેલું વસીઅતનાંમું ચોરીને નીકલી ગઇ.

નરભેરાંમ તથા જમના જારે ઘેરમાં ગએઆં તારે, ગંગાએ ચલાવેલી માંઠી ચાલની તેઓને ખબર પડી, જે સમાચાર સાંભલવા ઉપરથી જમના દલગીર થઇ, અને બાપને કેહેવા લાગી કે ઘણા દીવશથી મારૂં દીલ ગંગાને જોવાને તપી રહેલું છે; માટે એને ઘેરમાં આંણો તો બહુજ સારૂ. ચાલો હું એને શોધી લાઉં.

નરભેરાંમે જમનાને કહીઉં કે જે રાંડે તને અને મને આટલાં બધાં દુઃખી કીધાં, અને તે સાથે વલી મારાં ઘૈર મધેથી ચોરી કીધી, તેને કદીખી મારે આંગણે બોલાઉં નહી, અને તેનાં મરણ પછી તેને મોહડે આગ પણ મૈલું નહી. આ વાત સાંભલીને જમના લાચાર થઇ, અને કાંઇબી બોલીઆ વગર મુગી થઇને બેઠી, થોડા દીવસ ગએઆ પછી નરભેરાંમે પોતાની દોલતનું નવું વસીઅતનાંમું કીધું, અને તે મધે જમનાના દીકરા શનસુખરાંમને પોતાનો વારેસ ઠેરવીઓ, અને જાંહાંસુધી તે પાકી વએમાં આવે તાંહાંસુધી

તે દોલતનું માલિકપણુ જમનાનાં હાથમાં આપવાને તે મધે લખીઉં, અને તે ઉપર સરકારી વકીલની હજુરમાં પોતે સહી કીધી. અને વકીલની સાથે બીજાઓનીબી શાખ કરાવીને તે વસીઅતનાંમું જમનાને હવાલે કીધું.

આ દીવસ જમના અને નરભેરાંમે મોટી ખુશીમાં ગુજારેઓ અને નરભેરાંમે જમનાના દીકરા સનમુખરાંમને રમાંડતાં રમાડતાં ઓલામણા દીધા કે—દીકરા, મારૂં નાંમ કાએમ રહે તેવી રીતે ધંધો ચલાવજે. અનેતારી માએ.તારી માસીનાં કાવતરાંથી જેટલું દુઃખ દીઠુંએ તેટલુ એને સુખ દેખાડજે હો! એવી એવી ગમતમાં તેઓએ એ દીને રાતનાં બાર વાગા સુધીનો વખત ખુશી સાથે ગુજારેઓ, અને તે પછી પોત પોતાની જગાએ જઇ ઉંઘાઇ ગએઆં.

સહવાર પડી અને વાંનું વાઇઉં, જેથી ઘેરમધેના ચાકરો સુતેલા ઉ-ઠીને પોતાને કાંમે લાગા. એક ચાકર નરભેરાંમને માટે દાતનનું પાણી લે-ઇને રાખેતા પરમાણે તેના ઓરડામાં ગએઓ, અને તેની ગરદન મધે ફાંસીની દોરી બેસાડેલી દીઠી. આ દેખાવ જોવાથી ચાકરે બુમ મારી, જેથી ઘેરમાં મોટો ઘભરાટ થએઓ, અને તે ઉપરથી જમના પોતાના ઓરડામાંથી ઉઠીને બાહેર આવી. જમનાને નરભેરાંમે જે વસીઅતનાંમું કરી આપીઉં હતું તે તેના ઓરડા મધેની એક ટેબલ ઉપર મેલેલું હતું; માટે જમનાએ ઓરડાનાં બારણાંને તુરત બાહેરથી તાલું મારીઉં, અને તે પછી પોતાના બાપની આગલ દોડી ગઇ, અને જોએ શું કે નરભેરાંમ તો સવરગવાસી થએલો હતો! જમના મોટા આવાજથી પોક મુકવા લાગી, બાહેરના લોકોથી ઘેર ભરાઇ ગએઉં, અને નરભેરાંમનાં સમસાંનની તઇઆરી કીધો. ઘણો વખત તાંહાં બેઠા પછી જમનાએ વોચારીઉં કે છોકરો રડતો હશે, અને એ ઉપરથી બારણાંનું ટાલું ઉઘાડીને તે ઓર-ડામાં ગઇ, અને પારણાં મધે જોએછે તો શનમુખરાંમ નથી! તેના શોકમાં વલી જમનાએ ઓરડા મધે પોકાર મારેઓ કે આવોરે આવો, આ તો નખોદ વલીઉં; પારણાં મધે મારો શનમુખ નહી મધે!! એ પછી જમનાએ ટેબલ ઉપર પડેલું વસીઅતનાંમું લોકની આવજાવથી ખોવાએ નહી માટે તે ઉંચું કરવા ધારીઉં; પણ તે તાંહાંથી ઉડી ગએલું જણાએઉં! આ બનાવથી જમનાની કંમર તરણ રીતે ભાગી ગેઇ, જેથી તે બેશુધ થઇને જમીન ઉપર દેવાંનીની મીસાલે પડી, અને એણીગમથી પેલીગમ પછાડા મારવા લાગી.

લોકોએ જમના અને તેના દીકરાની થોડીજ દરકાર કીધી, અને જેમ બને તેમ ઉતાવલ કરી નરભેરાંમને ઠેકાંણે પાડીઓ. એટલા વખત સુધી તો જમના કલાપીટ કરતી પડી રહી. નરભેરાંમને ઠેકાંણે લગાડીઆ પછી, લોકો જમનાની આગલ ગએઆ, અને તેના શનમુખ તથા વસીઅતનાંમાં સંબંધી તેનેથી પુછપરછ કીધી. લોકોની શોધ ઉપરથી માલમ પડીઉં કે નરભેરાંમનાં ઘેર મધેથી બાહેર નીકલી જવાને એક છુપો રસતો હતો, અને તે મારગેથી જમના અને નરભેરાંમના ઓરડા મધે જવાઇ શકાતું હતું. એ તપાસ ઉપરથી લોકોએ સીધ કરીઉં કે તે રસતેથી ઘેરમાં આવીને ગંગાએ આ દુશટ કરમો કીધાં હોએ. બાપનાં મરણની ખબર જાંણવાને બાંહને ગંગા પણ ઘેરમાં આવેલી હતી, અને તે પણ જમનાની સંગાથે રડવા લાગતી હતી.

જમનાએ જોઇઉં કે આ કરમ કરવાનો અપરાધ ગંગા ઉપરજ લાગુ થાએ છે, અને કદાચ એને ફાંસી દીધામાં આવશે તો, બાપનાં કુલને લાજ લાગવાની. આ વીચાર ઉપરથી જમના તુરત ઉઠી, અને પોતાનું રડવું બંધ કરીને લોકોને કહીઉં કે—જાઓ ભાએડાઓ હવે તમારે ઘેર જાઓ, જે બનવાનું હતું તે ભાએગથી બનીઉં. હું કાંઇ કોઇને દોશ દેતી નથી; હું તો સબુરી પકડીને બેશું છેઉં, મને **સબુરીનો બદલો સાહેબ આલશે;** તમોએ જે મેહનત અને શોધ કીધી તેને માટે મને માફ કરજો, અને તે માંટે હું તમારો મોટો ઉપકાર માંનું છું. એટલું બોલીને તેણે ગંગાને પોતાની આગલ ખેંચી લીધી.

આ ખબર ગાંમમાં ફેલાવો પાંમવા ઉપરથી નરભેરાંમનાં ઘેરમાં સરકારી માંનસો તપાસ કરવાને આવીઆં, અને તેઓએ જબરદસતીથી તપાસ કરતાં ચોકસ માંલમ પડીઉં કે ગંગાએ એક પુરશ સંગાથે દીલ લગાડીઉં હતું, અને તેની મદદથી નરભેરાંમનાં ઘેરમાં દાખલ થઇ હતી, ગંગાના મીતરે નરભેરાંમને ફાંસી દીધી હતી, અને ગંગાએ જમનાના ઓરડા મધેથી નરભેરાંમે કીધેલું વસીતઅનાંમું અને સનમુખરાંમને ચોરી લીધો હતો, અને નરભેરાંમના ઘેરની પડોશ મધેનાં એક પડતલ કુવા મધે સનમુખને અને પેલાં વસીઅતનાંમાંને નાંખી દેઇને પડોશ મધેના એક ઘેરમાં તે બંધે જનાઓ છુપાઇ રહેઆં હતાં. ગંગા ઘેરમાંજ હતી; માટે સીપાઇઓએ તેને પકડી હતી, અને સાખશીઓથી ઉપલી વાતને મજબુતી મલી

હતી. જે કુવામાં સનમુખને નાંખીઓ હતો તેમાં જોતાં તે જીવતો જણાએઓ હતો, અને તેને કાહડવાથી પેલું વસીઅતનામું'બી મલી આવીઉં હતું.

આ બનાવથી જમના ઘણી મગન થઈ, અને ગંગાને કેહવા લાગી કે બાઈરે, તેં મને આટલું બધું દુઃખ દીધું છે, જે વડીલ આપણ બંધે નાવારેસોને સુખ સાથે પાલી પોશી મોટાં કીધાં તેની આગ્નામાં રહી તેનો ઉપકાર માની તેની ઘડપણની વેલાએ ચાકરી કરીઆને બદલે તેં તેનો પરાંન લીધો ; તો પણ હું તુંને દુઃખ થએલું જોવા માંગતી નથી. મેં જેટલી સબુરી પકડી હતી, તેનો બદલો સાહેબે મને તુરતજ આલીઓ છે, પણ તેં સબુરી છોડીને મને તથા આપણ બંધેને પાલનારને દુઃખ દીધું છે, તો ઇશવરને તાંહીં જવાબ દેજે. ચાલ બેહન, આપણ બંધે જનીઓ આગલ પરમાણેજ સાથે રહીશું, અને બાપની દોલત સરખેજ હીસસે વેં-હેંચી લઈશું. એટલું બોલીને જમનાએ સરકારના સીપાહીઓ વગેરેને લાંચ આપી ગંગાનો છુટક કીધો, અને બાપની દોલત મધેથી તેને સરખો ભાગ આપીઓ.

આ બનાવ ઉપરથી જગતના લોકોએ જમનાની હીંમતને વખાંણી, અને ગંગાએ કીધેલાં મહા દુશટ કરમને લીધે તેનો ધીક-કાર કરીઓ, અને ગંગા જાંહાં જતી હતી તાંહાંનાં લોકો તેનાં મોહડાં ઉપરજ કેહતાં હતાં કે—આ અસતરીએ બાપને ફાંસી દેઈ મારી નાંખીઓ, અને બેહનના દીકરાને કુવા મધે નાંખીઓ હતો ; પણ બેહન ભલી કે આટલો મોટો અપરાધ કીધા છતાંબી બાપની દોલત મધેથી એને અરધો ભાગ આપીઓ. આ શબદ સાંભલ-તાંજ ગંગા શરમીંદી થતી હતી. અને પોતાનાં પાપનો પસતાવો કરતી હતી. એટલીજ માતર શીખસા જમનાએ તેને કીધી હતી.

## લેણાંના·દેવા?

ગુજરાત પરાંતના પેટલાટ નાંમે ગાંમડાંમાં જમનાદાસ નાંમે એક ભનશાલી રેહેતો હતો, અને તેને તાંહાં જીવનદાસ અને કર-સનદાસ નાંમે બે છોકરાઓ હતા. જમનાદાસ ચાલાક બુધીનો અને

તે સાથે સારા વીચારનો હતો, અને તેણે પોતાની અકલથી કીધેલા ધંધામાં દરવીઅનો મોટો ભાગ ભેગો કીધો હતો. તેને પોતાનાં બંધે દીકરાઓને વીદીઆ અભીઆસ કરાવવા પાછલ ઘણી મેહનત કરી હતી; અને તેમને શીખવવા પાછલ પઇસો ખરચવાની કંઈબી કસર કીધી નહી હતી, પણ તેની સરવે મેહનત અને ખરચેલા પઇસો વીઅરથ ગએઓ હતો, કારણ કે તેનો એક દીકરો વીદીઆ ભણીઓ નહી હતો. જીવનદાસે માતરે છીપાનાંમું અને હોસાબની ગણતરી હાંસેલ કરી હતી, પણ કરશનદાસ તો કશુંએ શીખીઓ નહી હતો. જીવનદાસે પોતાના બાપની સંગાથે રોજગારમાં જોડાએઆથી વેપાર સંબંધી સારી માહીતગારી મેલવી હતી, અને બાપના કરતાં વધારે સાવચેતીથી ધંધો કરતો હતો; પણ કરશંદાસે તેથી ઉલટી રીને બુરાં વએસનો અખતીઆર કીધાં હતાં. તેણે રંડીબાજી, જુગાર, તાલીમખાંનાં, તરકટબાજી, લુચાઇ, અને એવાંજ બીજાં કાંમોમાં માહીતગારી મેલવી હતો. એક તરફથી જીવનદાસ ધંધો કરીને આબરૂથી પોતાનો વેહવાર કરતો હતો, અને બીજી તરફથી કરશંદાસ જુગાર રમીને અને તેવાંજ બીજાં અનેક પરકારનાં બુરાં કરમથી પોતાનો કાલ કાહડતો હતો. જો એક લુચ્ચાને કાંઇ સબબ ઉપરથી કોઇને મારવાની જરૂર પડતી તો, કરશંદાસ નાણાં લેઇને તે કાંમ બજાવી આપતો હતો, અને તે કારણને વાસતે તેણે પોતાના હાથનીચે એક તાલીમબાજ ટોલકીને રાખી હતી. કરશંદાસ આગલ ચાલતાં પોતાનાં કાંમમાં જેમ જેમ ફાવતો ગએઓ તેમ તેમ, તેણે વધારે આગલ ડગલાં ભરવા માંડીઆં. કરશંદાસે પોલીસના માનસોનેબી પોતાના હાથમાં રાખીઆં હતાં, જેથી તે સરકારની કસીબી રીતે ધાસતી અને પરવા કરતો નહી હતો.

કરશનદાસનો બાપ જમનાદાસ મરણ પાંમીઓ, અને તે પછી જીવણદાસ અને કરશંનદાસે પોતાના બાપની દોલત વેંહચી લીધી, જેથી દરએકને ફાલે હેંસી હજાર રૂપીઆ આવીઆ. જમનાદાસને ફાલે આવેલાં નાંણાં તેણે વેપારમાં રોકેઆં, અને કરશંનદાસે પોતાના ભાગનાં નાંણાં ગાંમ માહેલા એક મોદીની દુકાંને વીઆજે મેલીઆં અને જારે પોતાને કાંમ પડે તારે, તે મધેથી તે રકમો ઉપાડવા લાગો; તેમજ કોઇને મારીને લુટી લીધેલાં નાંણાં જે મલતાં હતાં તે મોદીને તાંહાં ભરતો ગએઓ. આ પરમાણેનો વહીવટ

લાંમબા દીવસ સુધી ચાલીઓ; પણ કરશંનદાસે પોતાનો હીસાબ નકી નહી કરવાથી મોદીએ તેને તે વીશે વારેઘડીએ જણાંવીઆ કીધું. કરશંનદાસ હીસાબ કરવાને મોદીને ના પાડતો, અને જારે તેની ખુશીમાં આવે તારે હીસાબ કરશે એવું તેને જણાવતો અને જો તે વારેઘડીએ તેને કંટાલો આપે તો મારવાની ધમકી દેતો. કરશનદાસની ખરાબ ચાલને લીધે તેણે આપેલી ધમકી ઉપરથી મોદી મુગો થઇને બેઠો, અને જો કે લખલુટ ખરચથી કરશનદાસે મેલેલી થાપણ ઓછી થવા લાગી તોપણ, મોદી તેનીથી કાંઇએ બોલી શકીઓ નહી. કરશનદાસનાં મનમાં તો એવોજ ફાંકો હતો કે તેની પુંજી ઘણી લાંબી છે, અને વલી તે વીઆંજથી તથા લુટનાં નાંણાંથી વધતી જાએછે; માંટે તેને નુકસાનની કશીએ ધાસતી નથી. પણ ઉડાઉપણેથી દરરોજ પાંચ પચાસ રૂપીઆની જે ખુલધાની તે કરતો હતો તે ઉપર તેણે કશુંએ ધીઆન આપીઉં નહી. કરશંદાસનો હાથ ઉદાઉપનામાં એટલો તો છુટો હતો કે કેઇવાર કશીબી ધાસતી રાખીઆ વગર માતરે એકજ રાતમાં લગભગ બસો રૂપીઆ ઉડાવી નાખતો હતો. તે રંડીબાજ હતો, અને તે ઉપરથી આખી રાત રાંડવાડામાંજ ફરતો હતો.

એકવાર તેણે એક રાંડની મારફતે કોઇ ગરહસથની દશ વરસની એક છોકરીને ફરેબથી મંગાવી. આ છોકરી ઘણી ખુબસુરત અને સુંદર ચેહરાની હતી, તે ઉપરથી કરશંદાસની નજર તેની ઉપર બગડયાથી, તે ચંડાલે તે નીરદોશ ઉપર જાશતી કરી તેને ખરાબ કીવી; પણ એ તેના બદફેલનું પરીણામ એ નીપજીઉં કે તેજ વેલાએ તે છોકરીએ એક મોટો પોકાર મારીઓ, અને તેવોજ તેનો પરાંણ કબજ થએઓ! છોકરીનો મોટો અને ભએંકાર પોકાર શાંભલવા ઉપરથી આસપાસના લોકો તાંહાં દોડી ગએઆં, અને કરશંદાસને પોલીસે કેદ પકડીઓ. અપરાધ મધેથી છુટો થવાને કરશંદાસે નાંણાં ઉડાવવાને કાંઇએ રીતે વીચાર કીધો નહી. અને મોદીને તાકીદ કીધી કે તારે કાંઇએ બોલીઆ વગર નાંણાં આપીઆ જવું. અને જરાએ આંચકો ખાતો નહી; કાંએકે આ કાંમથી ફારેગ થઇને આપને હીસાબ નકી કરીશુ.

કરશંદાસ ઘણાંજ મોટા અપરાધમાં ફસીઓ; માંટે તે જોગવાઇનો લાભ લેવાને જેઓને ફાવીઉં તેઓ ચુકીઆ નહી.

તેમજ તેણે દોલત ઉડાવવાને કશીએ વીચાર કીધો નહી. રૂપીઆની લાલચથી સઘલાઓનાં મોડાં બંધ થએઆં, અને તે ઉપરથી કરશંદાસ ઉપર આવેલું મોટું સંકટ દુર થએઉં.

એ પંછી કરશંદાસ મોદીની દુકાંન ઉપર પોતાનાં નાંણાંનો હીસાબ નકી કરવા સારૂં ગએઓ. પરથમ તેણે મોદીને તાંહાં હેંસી હજાર રૂપીઆ વીઆજે મેલેલા હતા, અને તે પછી અવાર-નવાર રકમોની આપ લે થઇ હતી; પણ મોદીના ચોપડા મધેથી કરશંદાસને ખાતે ઉધાર રકમો ઘણી મોટી નીકલી, અને જમે પાશાંની રકમો ઘણી જુજ માલમ પડી. સઘલો હીસાબ નકી કરતાં, કરશંદાસ ઉપર મોદીનાં પાંનસો રૂપીઆ બાકી નીકલીઆ! જે સાંભલતાંજ કરશંનદાસનાં પેટમાં ધાસતી પડી, અને તે ઉપરથી તે બોલીઓ કે ઓ લુચ્ચા મોદી! ખાતાંમાં આ શું ઘાલમેલ કીધી? શું **લેણાંના દેવા?** એટલું બોલી કરશનદાસે પોતાની ખાસીઅત પરમાણે દીઆંનત ફેરવી, અને મોદીને ગાલ દેઇ કહીઉં કે તારૂં ખાતું બરોબર નથી, માટે હું તારી ઉપર જુઠા દસતાવેજ બનાવવાનો વાંક મેલીને ફરીઆદી કરૂં છું. મેં તુંને ઘણા રૂપીઆ આપેલા છે; પણ તે રકમો તું ઉપર ટપકેથી ખાઇ ગએઓ છે, કાંએકે મારાં ઘેરમાં મેં જુદો હીસાબ રાખેલો છે, અને તે પરમાણે તારી ઉપર મારા પાંનશો રૂપીઆ સાંબા નીકલે છે! આ શબ્દ શાંભલીને મોદી તો વીચારમાં પડીઓ, અને મનમાં બોલીઓ કે આ લુચ્ચા સાથે કાંમ-પાડીઉં એજ મારી કેવલ ભુલ થઇ છે. એ પછી તેણે કરશનદાસને જણાવીઉં કે ભાઇ, તમારી પાસે જો કાંઇ લખેલું હોએ તો સુખેથી કાહડો, આવતી પરમ દીને તમારી અને મારી તરફનાં પાંચ બાએડાઓને બોલાવીને આપણે સઘલું ખાતું નકી કરીએ. એટલી ભાંજગડ કીધા પછો કરશનદાસ તાંહાંથી ઉઠી ગએઓ, અને ઘેરમાં ગએઆ પછી, મોદીના ચોપડા મધેથી જે રકમો ઉતારી લીધી હતી તે મધે ફેરફાર કરીને, મોદીની ઉપર સાંમના પાંનસો રૂપીઆ બાકી કાહડી મેલીઆ, અને પોતાનાં પાંચ લુચ્ચં મીતરોને લઇને તરીજે દીને મોદીને ઘેર પોતાનો હીસાબ કરવા સારૂ ગએઓ. મોદીની તરફથી'ની તેની આસપાસના પાંચ દુકાંનવાલાઓ ગએઆ અને જારે રકમો સાંમાં સાંમી તપાસવા માંડી તારે, કરશનની તરફનાઓએ મોદીનો ચોપડો તપાસવાને બાંહને પોતાનાં હાથમાં લીધો, અને મોદીની તરફવાલાઓની નજર ચોરાવીને તે મધેથી અગત

જોગાં ખાંના ફાડી લીધાં. તે પછી થોડી ઘણી રકમો તપાસી, જેની સચાઇ વીશે મોદીની તરફવાલાઓ જેમ હા કેહતા હતા તેમ કરશનની તરફવાલાઓ ના કેહતા હતા. એવી અનઘટતી તકરારો કીધા પછી, કરશનની તરફવાલાઓ તાંહાંથી ઉઠી ગએઆ અને બીજે દીને મોદીની ઉપર ખોટો દસતાવેજ ઉભો કરવાની ફરીઆદી માંડી.

મોદી બીચારો ગરીબ અને ધંધાદારી પડીઓ, અને કરશન લુચો તથા જુગારી હતો, માટે તેની બરોબરી કરવાને બદલે મોદીએ વીચારીઉં કે માંથાં ઉપર એક શતરૂ ઉભો કરવાના કરતાં તેને નામે ધુલ વાલીને પાંનસો રૂપીઆ આપીએ તો સારૂં. એવો વીચાર કરીને મોદીએ કરશનના બે મીતરોની મારફતે તેને પાંનસો રૂપીઆ મોકલીઆ, અને પોતાનો હીસાબ નકી કીધો.

## નહી આડીઆ, કે નહી ઉભીઆ, ને લેઓરે બીબી ખાટ ?

અહમદ નગર મધે એક મુસલમાન રેહેતો હતો, અને તે સરકારી ખાતાંમાં ચાકરી કરતો હતો. તેને તાંહાં કોઇબી બાલક હતું નહી, તેમજ તે કશીએ દોલત ધરાવતો નહી હતો; પણ જેમ કમાએ તેમ ખાતો હતો. આવી અવસથામાં તે પોતાની અસતરી સંગાથે પોતાનો કાલ કાહડતો હતો. કોઈ વાર જો તે પાંચ પચીશ રૂપીઆ પેદા કરતો તો, પોતાના દોસત આસનાવોને ભેગા કરીને તેઓ સાથે મોજમજાહમાં તે ગુમાવતો હતો. એવી રીતનો કઢંગો ખરચ નહી કરવાને તેની બાએડી તેને વારે ઘડીએ સહમજાવતી હતી, પણ તે વાતને ધીઆંનમાં ન લેતાં તે મુસલમાંન તેને કેહતો હતો કે—"ચલ બે રંડી, મુજે પેસેકી કીઆ કમી હએ. સરકારી નોકર, જાંહાં જાએગે વહાંસે મુજે પેસે મીલેંગે." આ મુસલમાનની અસતરીએ પોતાના ભરથારનાં ચાલુ વખતમાં તેને ઉસકેરીને થોડો ઘણો સામાનનો સંગરહ કરીઓ હતો, પણ રોકડ નાંણું તે જબવી શકી નહી હતી, કાંએકે જો કોઇવાર બે રૂપીઆ તે બચાવતી

તોં, તેને ભરથાર જારે કરકો અને તારે, તેની પાસેથી લઇ મેલતો હતો. એવી અવસથામાં જારે તે મુસલમાન મરણ પાંમીઓ તારે, તેની અસતરીને પોતાનું ગુજરાંન ચલાવવાને મુશકેલ થઇ પડીઉં. આં અસતરી સુતર કાંતવાનો ધંધો કરતી હતી; તો પણ કોઇવાર તેને પઇસા વગર અડચણ પડતી હતી; અને તે વેલાએ તે ઘેર મધેનો સામાન વેચતી હતી. તેનાં ઘેર મધે એક પલંગ હતો, જેનાં, ઇશ ઉપડાં, ઇઆને આડા ઉભા સલીઆ ઘેર સંસારની અડચણને લીધે બાલીને પકાંવવાના કાંમમાં વાપડીઆ હતા.

એક દીવસે જારે તેને પઇસાની જરૂર પડી તારે, ઉપલા પલંગના ચાર પાએઆ લઇને તે મોહલે મોહલે વેચવાને ફરી, અને "લેઓ રે ખાટ, લેઓ રે ખાટ" એવા શબદો બોલવા લાગી, પણ તે પાએઆનો ખરીદદાર કોઇ થએઓ નહી. સાંજે પાછી ઘેર આવી, અને પડોસનને કેહવા લાગી કે ઢોલીઆના પાએઆ વેચવા ગઇ હવી; પણ કોઇએ નહીજ ખરીદીઆથી પાછા લાવી. એ ઉપરથી પડોસને કહીઉં કે **નહી આડીઆ, કે નહી ઉભીઆ, ને લેઓરે બીબી ખાટ** ઇશ ઉપડાં વગર અમથા પાએઆને લેઇને કોઇ શું કરે?

## અન તેને પુણ, અને રાંધે તેને ધુંમાડો.

વડાછા નાંમનાં એક ગાંમ મધે ગીરધરદાસ નાંમે એક કણીઓ અનાજની દુકાંન માંડતો હતો, અને તેનીજ પડોશમાં મુશાખાન નાંમના એક વોરાની દુકાંન હતી. ગીરધરદાસ જારે અનાજની ફેરી ફરવાને જતો હતો તારે, મુશાખાંનને પોતાની દુકાંન શોંપી જતો હતો. તે ગાંમ મધેનાં ગરીબ લોકો શેર બશેર છુટક અનાજ લેવા આવતાં હતાં તેઓને આપવા સારૂં ગીરધરદાસે મુશાખાંનને સત્તા આપેલી હતી. ગીરધરદાસનો મુસાખાંન ઉપર પુરતો વીશવાશ હતો; પણ તેથી ઉલટું મુશાખાંન વીશવાશઘાતનું કાંમ કરતો હતો. જેટલો અનાજ વેચે તેટલાના પઇશા મુશાખાંન ગીરધરદાશની દુકાંન મધે જુદા રાખતો હતો; પણ સારા અને ઉનચા ચોખા

ગીરધરદાસની દુકાંન મધેથી તે કોઇકોઇ વાર ચોરતો હતો. મુશાખાંન જે ચોખા ગીરધરદાસની દુકાંન મધેથી ચોરતો હતો તે સપરમે દીવસે સારી રીતે પકાવીને ખાતો હતો. એક દીવસે એવો સંજોગ બનીઓ કે મુશાખાંનને ઘેર કમોદના ચોખાનો પલાવ બનાવીઓ હતો, અને તેવાં સુતરાં પકવાંનનું ભાણું મુસાખાંનને માટે તેની દુકાંન ઉપર ગએઉં હતું. એ વેલાએ એક મુસલમાંન ફકીર મુશાખાંનની દુકાંન ઉપર જઇને બેઠેલો હતો. આ ફકીર ગાંમનાં લોકોને ભવીશ કેહવાનો ફાંકો રાખતો હતો, અને તે ઉપરથી અસતરીઓને તે ઘણો પીઆરો લાગતો હતો, જેથી ઘણી અસતરીઓ તેને જમાડતી હતી. આ વાત ઉપર ધીઆંન રાખીને મુશાખાંને ફકીરને જણાવીઉં કે "હજરત, ખાંનાં હાજર હએ". એ ઉપરથી ફકીર બોલીઓ કે—"બોહત ખુબ સાહેબ, બીસમલ્લા". એટલું બોલીને તઇઆર થએઓ, જેથી મુશાખાંનને તેની આગલ ભાણું મેલવાની ફરજ પડી. મુશાખાંને તો ધારીઉં હતું કે ફકીર કાંઇ ખાવાનો નથી; કાંએકે ગાંમ મધેની દરએક અસતરી તેને જમાડેછે; પણ જરા કેહીને મોટાઈ તો લેઉં. મુશાખાંનની સાતે તેના બીજા બે ભાઇઓ હતા, અને તેઓ સાથે તરણ માનસનું તે ભાણું હતું, ફકીરે મુસાખાંનને પોતાની સાથે બેસવાને જણાવીઉં; પણ તે સહમજીઓ કે એ માતરે થોડું ખાઇને ઉઠી જવાનો, અને તે પછી તે તરણઉ ભાઇઓ બેશીને જમશે. જો કે તે પકવાંન પલાવનું હતું તોપણ ફકીરે જરા ઘી માંગીઉં, અને તે ઉપરથી મુશાખાંને આશરે અછેર ઘી તેની આગલ મેલીઉં. તરણ માનસો સારીપઠે જમે એટલો પલાવ, પાંચ મુગાની એક જુરી, અને અછેર ઘી જે તેની આગલ મેલીઉં હતું તે સઘલું ખાઇને ફકીર ઉભો થએઓ, જે જોવાથી મુસાખાંન અચરતીમાં પડેઓ. ફકીર તાહાંથી ગએઆ પછી, દુકાંન ઉપર બેઠેલા પરવારતા લોકો મુશાખાંન સાંથે હસવા લાગા કે ભાઇ, તમો ગીરધરદાસને તાંહાં તો ફકીર તમારે તાંહાં પહરોણો ઉતરેઓ. ગીરધરદાસની દુકાંન મધેથી મુશાખાંન જે ચોખા ચોરતો હતો તેની ખબર તેને પડી હતી, અને તેવીશે શું ઉપાએ લેવા તેના વીચારમાંજ તે હતો. ફકીર જારે જમવા બેઠો તારે, ગીરધરદાસ દુકાંન ઉપર નહી હતો. પાછલથી જારે તે ફેરી ફરીને દુકાંન ઉપર આવીઓ તારે, મુશાખાંને તેને જનાવીઉં કે ગીરધરભાઇ, આજેતો અમો તરણઉ જના ભુખા રહેઆ. એટલું

બોલી સઘલી વાત કીધી. એ ઉપરથી ગીરધરદાસ બોલીઓ કે ભાઇ એમાં તમોને અવગુણ તે શું થએઓ ? **આન તેને પુણ, અને રાંધે તેને. ધુમાડો.** માતરે મુરાનીપણી અને ધીનો ખરચ ત મને થએઓ ખરો. આ વાત ઉપરથી મુશાખાંન સહમજીઓ કે ચોખા ચોરવાની વાત ગીરધરદાસે જાંણી ખરી.

## રોટલો આપીએ; પણ ઓટલો નહી આપીએ.

વીસનગરથી ભીખસા માંગવા સારૂ નીકલેલો એક ભાટ, મંડોરા નાંમના એક ગાંમડાં મધે ગએઓ હતો, જે વેલાએ સંધીઆકાલનો વખત થએઓ હતો. આ ગાંમમાં વીસામો લેવા સારૂ પેલા ભાટ એણીગમથી પેલીગમ ફરવા લાગો, અને એ ઉપરથી તેની નજર એક કણબીના ઓટલા ઉપર પડી, જે વેલાએ કણબી ઓટલા ઉપર બેશીને ગાએને માટે કરબ કાપતો હતો. ભાટ તેની આગલ ગએઓ, અને કાકલુદીથી કેહવા લાગો કે ભાઇ, આજની રાત ઓટલા ઉપર વીશામો લેવા દીધાથી મોટી મેહરબાંની થશે. કણબીએ તેને જણાવીઉં કે ભાઇ, તું હોંનદુનો દીકરો છે, અને રાતની વેલાએ ઓટલા ઉપર વીશામો લેશે તો તને કશીએ અડચણ પડવાની નથી; માટે સુખેથી રેહવું. એ પછી કુણબીએ ઓટલાના એક ખુનાં ઉપર ભાટને જગા કરી આપી, અને તે જગાએ ભાટે પોતાની રસોઇ કીધી. રાતની વેલાએ ખાઇ પીઇને કુણબી ઘેર મધેથી ઓટલા ઉપર આવીઓ, જે વેલાએ ભાટ પણ તુરતનોજ જમી રહેઓ હતો. બંધે જના સાથે બેઠા પછી ભાટે પોતાનાં સરેસતા પરમાણે ભાંડવાને શરૂ કીધું, જે ગમત સાંભલવાને કુણબીનાં છઇઆં છોકરાં, અને પારપડોશી તાંહાં ભેગાં થએઆં હતાં. ભાટે એક એક પછી એવા તો રમુજી દોહેરા બોલવા માંડીઆ કે મોડી રાત ગએઆ છતાંબી તે જગોએથી ઉઠવાને કોઇને ગમતું નહી હતું, અને જે મીસાલે ભવઇઆનો નાચ જોવાને લોકો ભેગાં થાએ તેમ, કુણબીનાં ઘેર આગલ લોકોની ભીડ થઇ

હતી. આ પરમાણેની રમુજ રાતના તરણ વાગા સુધી કીધા પછી ભાટે બોલવાને બંધ કીધું, અને લોકો પોતપોતાને ઘેર ગએઆં. કુણબી અને તેનાં છઇઆં છોકરાં પણ પોતપોતાની જગાએ જઇ સુતાં. આખી રાતના ઉજાગરાને લીધે કુણબીનાં ઘેર માંહેલાં સઘલાં માનસો ભર ઉંઘમાં પડીઆં હતાં, જેનો લાભ લેઇને ભાટે કુણબીનાં ઘેરમાં ચોરી કરવાનો ઇરાદો કીધો. કુણબીનાં ઘેર મધે ચોરી કેમ કરવી તે વીશેનો વીચાર એક તરફ ભાટ કરતો હતો, અને બીજી તરફથી કુણબીની પંદર વરસની એક દીકરી, જેનાં લગન, અથવા સગાઇ થએલી નહી હતી, તે ભાટની જબાંદરાજી ઉપર મોહીત થઇને ભાટની સાથે મેલાપ કરવાનો અંદેશો કરતી હતી. ભાટ કુણબીનાં ઘેરનાં અંદરના ભાગમાં દાખલ થએઓ, અને ધીરજથી એણીગમ પેલીગમ જોવા લાગો. આ વેલાએ કુણબીની દીકરી સજાગરૂજ હતી, અને તે ભાટને મલવાને ઇનતેજાર હતી. તેની નજર ભાટની ઉપર પડી. એ ઉપરથી તેણે ધારવીઉં કે જેમ તે ભાટ ઉપર તેમજ ભાટ પણ તેની ઉપર મોહીત થએલો લાગે છે, અને તેવીજ મતલબથી તે ઘેરમાં આવીઓ છે. એ ઉપરથી તેણે ભાટને હાથની ઇશારત કીધી કે ઉભો રેહ, હું આંઉંચ. ભાટે છોકરીનો હાથ જોએઓ, અને તેથી તે ઘભરાઇને બાહેર નીકલી પડીઓ, અને તેની પાછલ કુણબીની છોકરી પણ નીકલી, અને તેઓ બંધે ઓટલા ઉપર ભેગાં થએઆં. એ વેલાએ તે બંધેએ એક બીજાંના મનની વાત ખુલ્લી કીધી. જારે એક બીજાની વાત તેઓએ જાંણી તારે, કુણબીની દીકરીએ ભાટને જણાવીઉં કે જો તે તેને પોતાની સાથે લેઇ જાએ, તો બાપના ઘેર મધેનું સઘલું વીત્ત લઇને આવવાને તઇઆર છે. ભાટે જોઇઉં કે આ તો બેવડો લાભ થાએ છે, અને તેવા વીચારથી તેણે છોકરીને કબુલાત આપી. એ ઉપરથી છોકરી પાછી ઘેરમાં ગઇ અને ઘરનાં સઘલાં માંનસોને ભર ઉંઘમાં પડેલાં જોઇને કુણબીની સરવે મતા લેઇને બંધે જનાં નીકલી ગએઆં. સહવાર પડી, અને મોટો દીવસ ચહડેઓ તારે, કુણબીનાં ઘેર મધેનાં માનસો સજાગરૂ થએઆં. એ વેલાએ છોકરીને ઘેરમાં નહી દીઠાથી ઓટલા તરફ ગએઆં, અને તાંહાં જોએચ તો ભાટ પણ ઉઠી ગએઓ હતો. જરા વખત ગએઆ પછી, માલમ પડીઉં કે કુણબીની દીકરી બાપના ઘેર મધેની સરવે નકી વસતુઓ લેઇને ભાટ સંગાથે

નીકલી ગઇ છે. આ ખબર શાંભલવાથી લોકોમાં દલગીરી પેદા થઇ અને કુણબીને દીલાસો દેવા સારૂ ઘણાએક લોકો તેની આગલ આવીઆ. આ મેલાવરામાં એક જઇફ પુરૂશ બી બેઠેલો હતો. તે વેલાએ ભાટની રાતને વખતની લફંગાઇ અને તેની જબાંદરાજી વીશે વાત નીકલી હતી. આ વખતે કુણબી બોલીઓ કે ભાઇઓ, સાંજરે જારે તે કરબ કાપતો હતો તારે, બારણાં આગલ આવીને મારી આગલ જે વાત કીધી તે ઉપરથી ઘણો ગરીબ જાંણીઓ, અને તે ઉપરથીજ એટલો ઉપર ઉતારો આપીઓ. એ વખતે પેલો ઘરડો પુરૂશ બોલીઓ કે ભાઇ, **રોટલો આપીએ, પણ ઓટલો નહી આપીએ.**

પારકાને ઘેરમાં ઘાલતી વેલાએ પરથમ આ વીચાર કરવો જોઇએ કે તે પાછો કેવી રીતે નીકલી શકશે. હરેક પારકાં માનસને ઘેરમાં દાખલ કરવાનું કાંમ ઘણું સેહલ છે; પણ તેને ઘેર મધેથી બાહેર કાહડવાનું કાંમ ઘણું મુશકેલ છે, અને તે વેલાએ ઘેરધનીને કાંઇ નહી ને કાંઇ પણ હાંણી ખમવી પડે છે, માટે રે ભાઇઓ! હવે તો જે બનીઉં તેનાં તુરત ઉપાએ કરો, અને સઘલી તરફ ચબરાક માનસોને દોડાવો કે કદાચ કેઠેથીબી તે લફંગો ભાટ મલી આવશે. એ ઉપરથી મંદારા ગાંમથી આસપાસ જવાના જેટલા રસતા હતા તે દરએક રસતે માનસો દોડી ગએઆં.

પેલી તરફ ભાટે વીચાર કીધો હતો કે "ધન અને ધનીઆંણી" આ બંધે મુફત મલીઆંચ તો ખરાં, પણ કદાચ પાછલથી માનસોની દોડ થઇ તો, બંધે પાછાં જતાં રેહવાનાં માટે "ધન નહી તો ધનીઆંણી વાપડી લેઉં." એવા વીચારથી રસતામાં તરૂણ જગાએ તે બેઠી થએઓ હતો, અને તેને લીધે બાર કલાકે માતરે છ ગાઉનીજ મંજલે જઇ પોહોંચીઓ હતો. એવી રીતે ભાટને ઢીલ થવાથી તેને પકડવા માટે ગએલાં માનસો લગભગ તેની નજદીક જઇ પુગાં, અને ભાટને પકડી મજબુત માર મારીને છોડી દીધો, અને સઘલાં વીત સંગાથે કુણબીની છોકરીને તેના બાપને ઘેર લઇ જઇ આપી.

આ માંઠાં કરમથી ભાટ અને કુણબીની દીકરી, એ બંધેને મજબુત શીખશા થઇ. ભાટે કુણબીના ઘેર આગલ રાતના જે ભટાઇ કીધી હતી તેથી સાભલવા ગએલા લોકો ઘણા ખુશી થએઆ હતા, અને તે ઉપરથી તેઓએ રાતનાંજ એક ઉઘરાંણું કરી

શા રૂપીઆં એકઠા કરીઆ હતા, પણ પેલા કુણબીએ તે ઉધરાંનાં મધે કાંઇ આપીઉં નહી હતું. કાએકે બીજે દીને, જારે ભાટ જાએ તારે, એક સારી રકમ આપવાનો તેનો વીચાર હતો. આ હકીકત ઉપરથી ભાટે એવું જાંણીઉં કે કુણબીએ તેને માટે થએલાં ઉધરાંનાંમાં કાંઈ આપીઉં નથી, અને તે ઉપરથી તે તેના ઘેર મધે ચોરી કરવાને તઇઆર થએઓ હતો, અને તેની છોકરી કાહડી લેઇ ગએઓ હતો. જો ભાટે સારાં સલુકથી રાત કાહડી હતે તો, બીજે દીને આબરૂ સહીત નાણાંની એક રકમ લઇને ગએઓ હતે, પણ માઠાં ભાએગને લીધે તેણે પોતાની બુધી નીચ મારગે વાપડી, જેથી નાણું ખોઇને મજબુત માર હાંસેલ કીધો!

બીજી તરફથી કુણબીની દીકરીને એવી શીખશા થઇ કે ગાંમનાં લોકો તેને આંગલી દેખાડવાં લાગાં કે કુણબીની આ છોકરી બુરાં લખનની છે, અને તે ભાટની સંગાથે નીકલી ગઇ હતી. આ છોકરીની પરતીસથા આવી ખરાબ થએઆથી તેની સંગાથે કોઇએ લગન નહી કીધાં, જેથી તે, પોતાના બાપ પાસે મોટી દોલત હોવા છતાં, હારમાર થઇને મરણ પાંમી!

## છીનાલવાને છેલા દાહાડાની શી ફીકર?

કોસંબા નાંમના એક પરગણાં મધે ગુલજારખાં નામનો એક મુસલમાન રેહતો હતો, જે સઘલી પરકારે સુખવાસી અને દોલતમંદ હતો. ગુલજારખાંને ઘેર એક છોકરો હતો, જેનું નામ માહતાબખાં કરીને હતું. ગુલજારખાંએ પોતાના છોકરાને એકપુરો જાંણી લાડમાં ઉછારીઓ હતો, અને તેને કશીએ કેલવણી આપી નહી હતી, માહતાબખાં ગાંમમાં જે તોફાન અને મસતી કરતો હતો તે ઉપરથી તેના બાપના મીતરોના દીલ દુખાતાં હતાં, અને તે ઉપરથી તેઓ ગુલજારખાંને જણાવતા હતા કે માહતાબખાંને હવે કેલવની આપવાની ઘણી જરૂર છે, કાંએકે તે મોટો થએઓ તે છતાં પણ મસતી તોફાનમાં ફરે છે તે ઠીક લાગતું નથી. આ વેલાએ ગુલજારખાં કેહતો હતો કે "કાંઇ ફીકર નહી એનો દાહડો આવશે તારે સઉ પોતાની મેરે સીખશે." એ પછી લાંમબો વખત વહ

ગએઓ, અને ગુલજારખાં ગુજરી ગએઓ. આ વેલાએ તેની સઘલી દોલત માહતાબખાંના હાથમાં ગઇ, અને તેથી તે ઘણોજ છકી ગએઓ. તે એવું સહમજીઓ કે તેના બાપની દોલત કદી ખુટવાનીજ નથી, અને તે ઉપરથી ધંધો વેપાર પડતો મેલીને ખાવા પીવા અને રંડીબાજીમાં ફરવા લાગો. આગલ ચાલતાં તેને રંડીબાજીનો લખ એટલો તો વધી ગએઓ કે તે બુરા વએસનમાં તેના બાપની પુંજી સઘલી ઘસડાઇ ગઇ, અને તેની ઉપર આપડા પડવા લાગી. આ વેલાએ તે ચાકરી કરવા લાગો ; તો પણ માઠાં ભાએગે તેને રંડીબાજીની બુરી ઇલત છોડી નહીજ અને જે કમાએ તે મધેથી એકઠું કરવાને ઘણીવાર વીચાર કરવા છતાં તેનો જીવ તેને લલચાવીને બુરા હવસમાંજ તેને ફસાવતો હતો. સેવટે તે નાણાં સંબંધી ઘણીજ માંઠી હાલતમાં આવીઓ, અને પેટમાં કાંઇ દરદ નીકલવાથી ઘણો દુઃખી થએઓ અને જારે મરણ પાંમીઓ તારે તેને ઉંચકવા તથા કફન ઘાલવા માટે ઉઘરાંણું કરવાની જરૂર પડી, કાંએકે તે ગાંમમાં તેના બાપ સીવાએ બીજુ કોઇએ તેનું સગું નહી હતું. જારે તેને ઉંચકવા માટે ઉઘરાંણુ થઇઉં તારે, જેના ઘેર આગલ તેનું મુરદું પડીઉં હતું તે ઘેરની એક ઘરડી અસતરી દલગીરી સાથે બોલવા લાગી કે હા ! દોલતમંદનો દીકરો તે પારકે પઇસે ઉંચકાએ છે. જો બાપની દોલત સંભાલી રાખી હતે તો છેલો દાહડો કેવો સચવાતે એ ઉપરથી આ અસતરીના બુધા ભરથારે તેને જણાવીઉં કે રે ઘેલી, **છીનાલવાને છેલા દાહડાની શી ફીકર !** જો તેણે ફીકરજ રાખી હતે તો, પછી અડચણ શેની હતી ; પણ જેણે રાંડનું અને મોજમજાહનુંજ વએસન પકડીઉં હોએ તે છતી આંખે આંધલો, અને છતી અકલે હઇડાંનો ફુટેલો થવાનો, અને ગમે એવાબી સારા વીચાર તે મનમાં પકડવા માંગે, પણ જારે તેને હઇડે રાંડ અને ગમત ચહડે તારે, સઘલા રૂડા વીચારને, રાંડનાં વેહમ અને મીતરોની મજાહ મનમાં લીધાથી તે પાછા ભુલીજ જવાનો.

## ૧૮૩

# ઘરડે ઘડપણ વેચીઉ!

પુણાં મધે પરભુદાસ નાંમે હેંશી વરસની વએનો એક ઘરડો વાંણીઓ હતો, જેણે આગલાં વરસોમાં મેહનત કરીને પઇસાનો સારો સંગરહ કરેઓ હતો. પરભુદાસ એટલો તો કસરીઓ હતો કે તેને ઘેર કોઇપણ બાલક નહી હોવા છતાં, તેની પાસે જે મોટી પુંજી હતી તે મધેથી સારાં લુગડાં વટીક પેહરતો નહી હતો; પણ કપડાં ઉપર પાંચ પાંચ, છ છ, કીંગરાં મારીને કાંમ ચલાવતો હતો. જારે તે ધંધાથી અશકત થએઓ તારે, ઘેરમાં બેસીને નાંણાંનાં વીઆજ ઉપર કરકસરથી પોતાનું ગુજરાંન કરવા લાગો, અને બાકી વધે તે અસલ થાપણમાં વધારતો ગએઓ. આખો દીવસ ઘેરમાં રહીને ઘેરનું કાંમકાજ કીધા પછી, માતરે સાંજની વેલાએ બજાર મધે જઇને એક તંબોલીની દુકાંન ઉપર તે બેસતો હતો.

બાહેરગાંમથી એક ઘણીજ ખુબસુરત વેશીઆ પુણાં મધે આવી, અને તેણે પેલા તંમબોલીની દુકાંનની સાંમણેનું ઘેર ભાડે લીધું. આ વેશીઆને દરરોજ પોતાનાં ઘેરની બારીએ બેઠેલી જોઇને પરભુદાસનું દીલ ઉછલતું હતું, અને તે ઉપરથી પેલા તંમબોલીની મારફતે તે રાંડને ઘેર જવાની કીંમત પુછાવવા લાગો; પણ રાંડ જે કીંમત માંગતી તે આપવાને પરભુદાસની છાતી ચાલતી નહી હતી. તંમબોલીના કેહવાથી રાંડને ખબર મલી હતી કે પરભુદાસ પઇસાવાલો છે; પણ ઘણો કંજુસ છે. જોકે રાંડની કીંમત ભારે હતી; તોપણ આ ઘરડા પુરષનું દીલ તેનો ચેહરો જોઇ જોઇને લલચાતું હતું, અને એ ઉપરથી તંમબોલીને કેહતો હતો કે—અલીઆ, જો મારૂં કાંમ સાંધીશ તો એક રૂપીઓ તને આપીશ. એક દીવસે નવતરો વખત જોઇને પરભુદાસ પોતે રાંડનાં ઘેરમાં ગએઓ, જેને મોટાં આદરમાંન સાથે તે વેશીઆએ પોતાની પાસે બેસાડીઓ, અને પાંન સોપારી અને ફુલના ગજરાનું નજરાંણું આગલ ધરીઉં; એટલુંજ નહી પ ઘણીજ ગંમત ભરેલી રીતે પરભુદાસનું દીલ લલચાવવાની મીઠી વાતો કીધી. પરભુદાસે વેશીઆને જણાવીઉં કે તે ગરીબ પુરૂષ છે, માટે કીંમતમાં કાંઇ ઘટાડો કરે તો બહુ સારૂં. એટલું બધું નાણું આલવાને તેની છાતી ચાલતી નથી. એટલી બ-

ધી કાકલુદી કીધા છતાં પણ તેનો સોદો નહીજ બનેઓ, જેથી પરભુદાસ તે દીને પાછા ઘેર ગએઆ. એતેકાફ એવો બનીઓ કે તેજ રાતના પરભુદાસને સવપનો આવીઓ, અને તેના વહેમથી એવું જણાંઇઉ કે જાંણે તે રાંડનાં ઘરમાં જઇને પરભુદાસે મન ભાવતુ કાંમ કીધુ છે. સહવાર પડી, વાતું વાઇઉં, અને પરભુદાસ ઉંઘમાંથી સજાગરૂ થએઆ, એ વેલાએ તેઓએ વીચારીઉં કે હવે રાંડને ઘેર જઇ પઇસાની ધુલ કરવાની કાંઇએ જરૂર રહી નથી; કાંએકે જે કાંમ કરવા ઉપર ભાવ હતો તે તો પોતાની મેલેજ વગર પઇસે થઇ ગએઉં, અને તંમબોલી તથા રાંડ તો હાથ ઘસતાંજ રહેઆં. સાંજ પડી અને પરભુદાસ તંમબોલીની દુકાંન ઉપર ગએઆ, અને પોતાનો ઠેડાવ તેને જણાવીઓ કે વગર પઇસે જારે કાંમ થએઉં તારે, હવે રાંડને અમથા પઇસા શેના આપવા. આ ખબર સાંભલવાથી તંમબોલીએ જોઇઉં કે સીકાર હાથ મધેથી જતો રહે છે, માટે તેણે ઇઉકતી કીધી અને બોલીઓ કે પરભુ કાકા, આ તો બહુ સારૂં કાંમ થએઉં, પણ હવે તમે રાંડને તાંહાં જાઓ, અને આ વાત કરો કે તે પસતાવો કરે કે થોડા પઇસાબી હાથથી ગએઆ. આ વાત પરભુદાસે કબુલ રાખી અને તે ઉપરથી તે સંદેસો તંમબોલીએ રાંડને પોંહોંચાડીઓ. પરભુદાસ રાતનાં રાંડનાં ઘેરમાં ગએઓ, જેની ભેટ આબરૂ સાથે રાંડે લીધો. પરભુદાસે રાતે દીઠેલા સપનાની વાત જારે રાંડની આગલ કીધી તારે, તે ઘણી ખુશીમાં આવી હોએ તેમ હસવા લાગી, અને પરભુદાસને શાબાશી આપવા લાગી. પરભુદાસ વાત કરીને રાંડને કેહતા હતા કે જો અલી હું કેવો ડાહેઓ કે વગર પઇસે કાંમ સાંધોઉં, તું સહમજી હોત તો તારા હાથમાં પઇસા આવત કે નહી ! આટલી વાત કરીને પરભુદાસ જારે ઉઠવા લાગા તારે, રાંડે તેનો હાથ પકડીઓ, અને કહીઉં કે શેઠ હવે ખરચી આપીને જાઓ. પરભુદાસ બોલીઆ કે હું કાંઇ તારી સાથે રહેઓ નથી; માટે તે વાત કોણ કબુલ કરે? વેશીઆએ કહેઉં કે જો ખરચી આપીઆ વગર નીચે ઉતરશો તો ફજેતી થશે, માટે જલદીથી ખરચી આપવી. આ શબ્દ સાંભલવાથી પરભુદાસ પસતાવામાં પડીઓ, અને વાત કરીને ફસીઆથી રાંડે માંગેલું મુલ ફજેતી ઢાંકવા માટે મુગે મોહડે આપીને ઘેર તરફ ચાલીઓ. પરભુદાસની સંગાથે દરરોજ તેનો એક ચાકર ફરતો હતો તેણે આ દેખાવ ઉપરથી તંમબોલીને જણાવીઉં કે

આજે ઘરડે ઘડપણ વેચીઉં! સપનો જોવાની વાત રાંડને કેહવાથી તેણે ગળે પડીને રૂપીઆ માંગીઆ, જે મુગે મોહડે શેઠને આપવા પડીઆ!

# ઉઠરે વહુ, વીશામો ખા, હું કાંતું તું દલવા જા!

### (કુટન માસીની કથા.)

ચીકન નાંમે ગાંમ મધે ડાહી નામે એક અસતરી રેહતી હતી. આ અસતરીનો ભરથાર મરણ પામેલો હતો, અને તેને તાંહાં ખુશાલચંદ નાંમનો એક છોકરો હતો. ખુશાલચંદની બાએડીનું નામ ચતુર કરીને હતું, જે ખરેખરનીજ ચતુર અસતરી હતી. ડાહી સવભાવે તાતી, આંગે બહુ માતી, અને મનભાવતું ખાતી હતી. આ સવભાવ તેના મરનાર ભરથારના વખતથીજ હતો, કાંએકે તેનો ભરથાર પોતાની અસતરીનો દરએક બોલ ઉંચકી લેતો હતો, અને જે ચીજ ડાહી માંગે તે તેને લાવી આપતો હતો. ડાહી એટલી તો જાલમ હતી કે પોતાનાં વહુ દીકરાને મારવામાં જરાએ સહમજતી નહી હતી. એક દીવસે તેના દીકરાને મારીઆથી તેણે જણાવીઉં કે રોજ ઉઠીને જારે તું મને મારે છે તારે હવે કુવામાં પડુંચ. આ બોલતાંજ ડાહીએ તેને દોરડાંએ કરી કંમર મધેથી સમતોલ બાંધીઓ, અને કુવા આગલ લઇ જઇને છેક પાણી સુધી અંદર ઉતારીઓ, અને બોલી કે મુવા તારે હાથે મડવાને તુંને ગમશે નહી, માટે હુંજ તને ડુબાડી નાંખું કે નીકાલ આવી જાએ. આ દેખાવ જોવાથી ખુશાલચંદ બીધો કાંએકે તેની મા સવભાવની ભુંડી હતી, માટે કુવામાં ડુબાડીને મારી નાખે તેમાં તેણે કશો સંદેહ રાખીઓ નહી. એ ઉપરથી તે ગભરાઇને બોલવા લાગો કે રે મા હવેથી એમ નહી બોલીશ, મને કુવામાંથી કાહડ. એ ઉપરાંત ખુશાલચંદે ઘણીજ કાકલુદી કીધાથી તેને બાહેર કાહડીઓ. એવી રીતની કેલવણીથી તેણે દીકરાને હાથમાં રાખીઓ હતો, અને જેમ ચલાવે તેમ તે ચાલતો હતો. ખુશાલચંદે ગાંમ

મધે તંમબાકુ વગેરે કેફી વસતુનો ગુપતો રાખેલો હતો, અને તેને લગતાં કાંમને માટે જારે તે બાહેર જતો હતો તારે, ડાહી તે દુકાંનની સંભાલ કરતી· ઘર માંહેલું સઘલું કાંમ ચતુર એખલીજ કરતી, અને રશોઇ તઇઆર કીધા પછી ડાહી માતરે ભોના કરતી. ડાહી એટલી તો કફોરી હતી કે ઘેરમાં બે રીતનું પકવાંન કરાવતી જેમાં એક સુતરૂં અને બીજું હલકું કીધામાં આવતું. સુતરૂ ભોજન દાહી પોતાના દીકરા જોડે બેસીને ખાતી, અને ચતુરને હલકું પકવાંન મેલીને, જેમ જાંણે એક ચાકરડી પાલે તેમ વહુને પાલતી હતી. ઘરનું અને દુકાંનનું સરવે કાંમ ચતુર એખલીજ કરતી, અને જો તેમાં કાંઇ ખાંમી પડી તો, ડાહી તેને હજારો ગાલો આપતી. એખલું એજ નહી પણ ડાકણની મીસાલે કઠણ માર મારતી. ડાહી જારે વહુ ઉપર રૂઠતી તારે, નાના પરકારના તોહમત તેની ઉપર જોડતી, અને પોતે મારીઆ છતાં વલી દીકરાને ઉસકેરીને તેની પાસે માર મરાવવાની વેતરણ કરતી. ડાહી આસપાસના પડોશીઓમાં એવી તો ભલી થતી કે તે પોતાની વહુને સારી રીતે રાખવાને ઘણીએ માંગે છે, પણ વહુ કમજાત હોવાથી આડીને આડીજ ચાલે છે. તે પડોશીઓને સહમજાવવા સારૂ ઘણા સુતરા અને મીઠાસ ભરેલા શબ્દો મોટેથી વહુની સાથે બોલતી; પણ છુપી રીતે એવી એવી ગાલો દેતી હતી કે જો કોઇવાર પડોશીઓ સાંભલતાં તો તેઓને પણ દુઃખ ઉપજી આવતું. જો વહુએ કાંઇ સારૂં સુતરૂં પેહરીઉં હોએ તો તેને હજારો ગાલ દેતી, અને ખરાબ પેહરીઉં હોએ તો, પદોશીઓને દેખાડીને કેહતી કે જોવો બાઇઓ મારાં ઘેરમાં ઘણાંએ લુગડાં બીગરે છે, હું લોકોને પેહરાંઉ છેઉં, અને આ મારી વહુ મને ખરાબ લગાડવાને એવી રીત નઠારી હાલતમાં ફરે છે. ડાહીના પરાકરમથી તેનાં પડોશીઓ સારી પેઠે વાકેફ થએલાં હતાં; પણ મોહડાં ઉપર કહીને બુરાસ કરવાને આંચકો ખાતાં. ડાહી પોતાની વહુ ચતુર ઉપર જે જે દુઃખ પાડતી તેને ચતુર દુઃખ કરીને ગણતી નહી હતી. તેનાં પડોશીઓ જારે તેને પુછતાં હતાં કે રે ચતુર, તારી જશોદા સરીખી જાલમ સાસુનું દુઃખ તારેથી કેમ સેહવાએ છે? તારે ચતુર એવો જવાબ દેતી કે બાઇઓ જો એને દુઃખ કરીને સહમજી હતે તો, એટલે તો કાંઇ ઘણું માંઠું પરીણામ નીપજી આવતે, પણ મારી સાસુ જેવી રીતે આડી ચાલ ચલાવે છે તે, તેની રીતને હું શીખામન દાખલ

શહમજું છેઉં, અને વીચારૂં છેઉં કે એવી રીતની શીખામન આજે મને મલી છે. જો કે ડાહી અનેક પરકારના દુઃખ પોતાની વહુ ચતુરની ઉપર પાડતી હતી, જેનો કેટલોએક ભાગ તેનાં પડોશીઓ કાંને શાંભલતાં અને નજરે જોતાં, તેવું છતાં તેની વહુ ચતુર, જે ખરેખરની ચાતુર અસતરી હતી તે, સાસુની ફરીઆદ કોઇની આગલ કરતી નહી હતી, અને તેને બદલે એવું જણાવતી હતી કે તેની સાસુ તેને શીખાંમણ આપે છે! ડાહી પોતાની વહુની પાસેં આખો દીવસ લગે ઘેર અને દુકાંન માંડેલું વહીતરૂં કરાવીઆ છતાં, રાતની વેલાએ મોટા વખત સુંવો તેની પાસે રેંહટીઓ ફનતાવી સુતર કહડાવતી હતી. એક દીવસે પડોસીનાં ઘેરમાં કાંઇ કારણને માંટે માનસો જાગતાં હતાં; માંટે તઓને પોતાની લાએકી, અને વહુ ઊપરનો પીઆર બતાવવા સારૂં મોટા અવાજથી બોલી કે—**ઉઠરે વહુ વીશામો ખા, હું કાંતું, તું દલવા જા.** આ શબદોનો પેહલો ભાગ ડાહીએ મોટા આવાજથી કહેઓ હતો કે "ઉઠરે વહુ, તું વીશામો ખા," પણ પાછલો ભાગ તેનાં કાંણમાં લાગી કહેઓ હતો કે "હું કાંતું, તું દલવા જા". આવી રીતે બોલવાની ડાહીની મતલબ એવી હતી કે તેનાં પડોસીઓ સહમજે કે ડાહીએ રેંહટીઓ કાંતવાનું કાંમ પોતે લઇને વહુને સુવા મોકલી છે; પણ તે ગાંડી આ મતલબને તો સહમજીજ નહી કે તેનાં ઘરમાં એક તરફ ઘંટીનો, અને બીજી તરફ રેંહટીઆનો જે આવાજ નીકલે છે તે ઉપરથી લોકો સહમજી જશે કે એક દલેચ, અને બીજી રેંહટીઓ કાંતેચ. બીજે દીને ડાહી પોતાના પડોશીનાં ઘેરમાં ગઈ, અને રાતની વાત કાહડીને પોતાની વડાઈ કરવા લાગી કે આજતો મારી વહુ હાકેલી હતી માંટે રેંહટીઓ કાંટવાનો મેં લીધો હતો, અને એને સકારે સુવાને મોકલી હતી. પડોસણથી જારે ઘણુંજ જુઠું નહી સોસાઇઉં તારે, પુછીઉં કે ડાહી બાઇ, શું ચતુર ઉંઘી ગઈ તારે તમોએ એક હાથે ઘંટી, અને બીજે હાથે રેંહટીઓ ફરવીઓ હતો કે? બંધે જંતરો સાથે ફરવાનો આવાજ મેં સાંભલીઓ હતો તે કેમ ફરતાં હતાં! આ વેલાએ ડાહી ગફલાઇ ગઇ, અને એ દીનેથી તે કાંઇ જુઠું બોલે કે તેની પડોશનો તેને ફસવા કરવા લાગી, જેથી તેણીએ પોતાનું વકર પારપડોશીઓમાં ખોઇ દીધું.

# નફટ શશરો, ને નીરલજ વહુ; આવેરે શશરા કાંહની કહું!

(જો નાંમ દેશો મારૂં, તો નાંખ વહડાશે તારૂં.)

મવા નામનાં એક ગાંમ મધે દલપતરાંમ નામનો એક બરાહમણ રેહતો હતો. આ બરાહમણ જો કે ગરીબ હતો, પણ શાસતર સંબંધી સારી માહીતગારી ધરાવતો હતો, અને તેને લીધે આસપાસનાં ગાંમો મધે જો કોઇવાર ધરમ, અથવા ધરમ કીરીઆ સંબંધી વાંધો પડતો હતો તો, તે ગાંમવાલાઓ તે વાંધાનો ચુકાદો દલપતરાંમ પાસે કરાવતા, અને દલપતરાંમ જે ચુકાદો કરતો તે એવી રીતે કરતો કે સરવેને મનપસંદ આવે. એક સમો એવો આવીઓ કે મવાથી તરણ દીવસની મંજલ ઉપર આવેલા "શાએણ" નામનાં ગાંમના લોકોમાં એક મોટો ઝઘડો ઉઠીઓ. આ ઝઘડો ઉઠવાનું કારણ એવું હતું કે શાએણ મધે રેહનારા નંદરાંમ નામના એક બરાહમણે હરખી નામની પોતાની રંડાએલી સાલી સંગાથે અનઘટતો વેહવાર રાખીઓ હતો. આ બનાવથી હરખી ધરભવંતી થઇ. હરખીએ પોતાની ફજીઅતી ઢાંકવા સારૂ કાંઇએક વસતુ ખાધી, પણ તેથી કશીએ અસર થઇ નહી, અને અંતે તેણે એક બાલકનો જનમ આપીઓ. આ માંડા બનાવ ઉપરથી તે ગાંમના લોકમાં તકરાર ઉઠી. કેટલાએકો એવું કેહવા લાગા કે હરખીએ જે બાલક જણીઓચ તે હરાંમ ઇલનનો છે, અને ધરમના હોકમ પરમાણે તેનો બાપ કોઇએ નથી માટે એ બાલકને આપણો નાટીલો ગણવો નહી, અને તેટલા સારૂ હરખીએ તેને ઘેરમાં રાખવો નહી જોઇએ, અને જો રાખે તો, તેનેબી નાત બાહેર મેલવી. કેટલાએકો એવું કેહવા લાગા કે જે બાલક હરખીએ જણીઓ તે બાલક નીરદોશ છે. તેણે કાંઇએ અપરાધ કરીઓ નથી; માટે તેને નહી પણ તેની માનેજ નાત બાહેર મેલવી જોઇએ. આ તકરારનો ચુકાદો કરવાને શાએણના લોકોએ દલપતરાંમને બોલાવીઓ, અને તેના ચુકાદાને માટે સઘલા લોકો ભેગા થએઆ. આ વેલાએ દલપતરાંમે કેટલીએક શોધ કીધી અને તે ઉપરથી સાબેતી પુરાવા સહીત એવું

સાબેત થઇઉં કે હરખીએ તેના બંધવી સાથ સંબંધ રાખીઆથી આ બાલક જનમીઓ છે, માટે દલપતરાંમે એવો ચુકાદો કીધો કે તે બાલકનો બાપ નંદરાંમને હકવાજબી ગણવો જોઇએ, અને તે બાલકનો હક નંદરાંમ ઉપર પોંહોંચે છે, અને તેટલા માટે કોઇને પણ નાત બાહેર કાહડવાની કશીએ જરૂર નથી. આ ચુકાદો સરવેને પસંદ આવીઓ જેથી દલપતરાંમને માંન આપીને શાએણુ મધેથી વદેઆ કરીઓ. દલપતરાંમને ઘેર ગએઆ પછી મહીપતરાંમ નામે તેનો એક જુવાંન છોકરો, જે તીશ વરસની ભરજુવાંનીમાં આવેલો હતો તે મરણ પાંમીઓ, અને ઘણા દીવસો સુધી દલપતરાંમે તેનો શોક રાખીઓ. મહીપતરાંમનાં જારે લગન થએઆં તારે, તે બાવીશ વરસનો હતો, અને તેની બાએડી નંદકુઅર પાંચ વરસની હતી. આ મરણ કઢંગું થઇઉં હતું. ઘરડાઓ જેમ કહી ગએઆચ કે "મીઆં ગોર લાએક, તારે બીબી સેજ લાએક" તેમ મહીપતરાંમ જારે મરણ પાંમીઓ તારે, તેની બાએડી નંદકુઅરની વએ તેર વરસની, અને ભરથારનું સુખ ભોગવવા લાએકની થઇ હતી, પણ માંઠાં ભાએગે નંદકુઅર તે સુખથી બેનસીબ રહી હતી. એક તરફથી તે સંસાર સુખનો જુલાપો કરતી, અને બીજી તરફથી તેનો શશરો ગરીબ હોવાથી તે પોતાનો પાછલો ભવ કેવી રીતે કાહડશે તેનો બલાપો કરતી; તેમજ આ બંધે દુઃખ વીશે દલપતરાંમને પણ મોટો અંદેશો પેદા થએઓ હતો. એક દીવસે શશરો અને વહુ ઘેર સંબંધી બલાપાની વાતો કરતાં બેઠાં હતાં, અને તેમાંથી એવું નઠારૂં પરીણામ નીપજીઉં કે જેથી તે બંધે વચે માંઠો સંજોગ બની ગએઓ ! આ કાંમ કીધા પછી તેઓને પોતાની ભુલ સુજી હતી, અને ફરીને તેથી વેગલા રેહવાને તેઓએ ઠેડાવ કરીઓ હતો, પણ તેઓ ઘેરમાં એખલાંજ હોવાથી એકબીજાંનું દીલ થોબતું નહી હતું. તેઓએ એકથી વધારે વાર સપત લીધા હતા કે હવેથી તે નઠારો મારગ નહી પકડવો, કાંએકે જગતના લોકોમાં નાંખ જશે, માટે ફરીને તેમ નહી કરવું; પણ આ મહા પાપી વએસનમાં તેઓ એટલાં તો ફસી પડેઆં હતાં કે આગલ જતાં શું થશે તે મારગ તેઓની આંખે સુજીઓ નહીજ, અને વારેવાર તેઓએ કીધેલા વીચાર હવા ઉપર ઉડવા લાગા. કોઈ વાર શશરો વહુને શીખાંમણ દેતો, અને કોઇ વાર વહુ શશરાને નસીહત આપતી

કે એ કાંમથી તે બંધેની રૂશવઈ થશે; પણ એક બીજાની લાજ અને શરમનો અંતર એકવાર નીકલી ગએઆથી તેઓનો જીવ-પોખી શકતો નહી હતો. દલપતરાંમ શાસતર સંબંધી સારૂં ગને-આન ધરાવતો હતો, માટે વાશદા પરગણાં મધે રેહનારા આદીત-રાંમ નાંમના એક બરાહમણે પોતાના દીકરાને શાસતર શીખવવા માટે તેને બોલાવીઓ, જાંહાં છ માસ સુધી તે જઈ રહેઓ. અને આદીતરાંમના દીકરાને શાસતર વીશે માહીતગાર કીધો. એ ઉપરથી આદીતરાંમે તેને સારી દઇવત આપીને વદીઆ કીધો. બીજી તરફથી તેની વહુ નંદકુવર ગરભવંતી થઈ, અને તે ફજેતી મધેથી પોતાનો બચાવ કરવાને તેણે અનેક ઉપાએ કાંમે લગાડીઆ, પણ તે સરવે વીઅરથ ગએઆ. દલપતરાંમ પોતાને ઘેર આવેઓ, અને રાતના જમીને બાહેર કાંમ સર ગએઓ. બાહેરથી જારે તે ઘેરમાં આવીઓ તારે, ઘણે દીવસે વહુનો મેલાપ લેવાને વલી તેનું દીલ લલચાઇઉં, અને તે ઉપરથી તે નંદકુવરના બીછાંનાં આગલ ગએઓ. નંદકુવર સસરાને જોતાંજ બોલી ઉઠી કે **નફટ શશરો, ને નીરલજ વહુ, આવરે શશરા કાંહની કહું.** દલપતરાંમ પુછવા લાગો કે નંદી, એ તે શું છે? નંદકુવરે કહીઉં કે હવે ફજેતી થવાનો વખત ઘણો આગલ આવીઓચ, તને ઘણી વાર સમજાવીઓ પણ તું અને હું બંધેને કશીએ સહમજ પડી નહી, પણ હવે તો પેટ વધી જાએ છે અને જેબી ઉપાએ કીધા તે સઘલા ફોકટ ગએઆ છે. જો બાલક જનમીઉં અને લોકોમાં પુછપરછ થઇ તો હું ખુલી રીતે તારૂં નાંમ દેવાની. એ ઉપરથી દલપતરાંમે જણાવીઉં કે અલી નંદી, **જો નાંમ દેશો મારૂં, તો નાંખ વહડાશે તારૂં.** વલી લોકો તારીજ ઉપર ધીટ-કાર નાંખશે કે રાંડ કેવી પાતર કે શશરા સાથે કુકરમ કીધું; માટે મારૂં નાંમ છાંનું રાખીને ગાંમનાં પટેલનુંજ નાંમ દેજે કે શરમને લીધે તે ઢાંકપીછોડો કરશે. એ પછી નંદકુવરનો હંમેલનો વખત પુરો થવા આવીઓ, અને તેથી તેના પેટનો ચહડાવ જોવા-થી ગાંમનાં લોકોમાં ચરચા ચાલી. નંદકુવરની બેહનપણીઓ આ બનાવ કેમ બનીઓ તે છુપી રીતે તેને પુછવા લાગી, અને તે ઉપરથી તેણે પટેલનું નાંમ દીધું કે જારે તેનો શશરો વાંશદા ખાતે ગએઓ હતો તારે, નવરાસ જોઇને પટેલ ઘેરમાં આવીઓ, અને

તેની ઉપર જુલમ કરીઓ હતો. તેણે જારે પટેલને ના કહી અને બુમ પાડવાની તઇઆરી કીધી તારે પટેલે તેના શરીરા ઉપર છાંણો જુલમ કરવાને ધમકી આપી, અને તેની ધાસતીને લીધે તેને મુગું રેહવું પડીઉં. આ વાત ગામનાં લોકોનાં મનમાં ખરી લાગી; કાંએકે પટેલ ગાંમનો ઇનસાફ કરનારો, અને જો તેનો હોકમ કોઇ નહી માને તો, સજા કરી શકે ખરો.

આ વાત જારે ગાંમનાં સઘલા ભાગમાં ફેલાઇ, અને પટેલના કાંણ ઉપર ગઇ તારે, પટેલે પંચ ભેગી કીધી, અને દલપતરાંમની વહુએ તેની ઉપર મેલેલાં તોહમત સંબંધી પંચ પાસે ચુકાદો માંગીઓ. પંચના લોકો જારે એકઠા મલીઆ તારે, બંધે તરફના સાખશી માંગીઆ. એ ઉપરથી પરથમ દલપતરાંમની વહુ નંદકુવરે પોતાની કેટલીએક બેહનપણીઓને શાખશી આપવાને ઉભી કીધી હતી. એતેફાક એવો બનીઓ કે નંદકુવરે જેઓને શાખશી આપવાને ઉભી કીધી હતી તેઓ મધેથી કેટલીએકોનાં સગાંઓને આગલ પટેલે દંડની સજા કીધેલી હતી, અને તે ઉપરથી તેઓ પોતાની સહી નંદકુવરની તરફથી જુઠી શાખશી આપવાને તઇઆર થઇ હતી. નંદકુવરે જુબાંની આપીઆ પછી, તેને મલતીજ રીતે બે જનીઓએ કહીઉં કે પટેલને નંદકુવરના ઘેરમાં આવતાં એકથી વધારે વાર તેઓએ જોએઓ હતો; નંદકુવરની એક પડોશને કહીઉં કે એક દીને જારે તે ઘેરમાં હતી તારે નંદકુવર સંગાથે ભાંજગડ કરતાં પટેલનો-આવાજ સાંભલીઓ હતો, અને એજ પરમાણે બીજી તરફની પડોસને જણાવીઉં કે એક દીને જારે નંદકુવરના ઘેરમાં પટેલનો આવાજ સાંભલીઓ તારે તેણે વીચાર કીધો કે ઘેરમાં બીજું કોઇ નથી, અને પટેલના સરખો આવાજ કેમ આવે છે. એ ઉપરથી તે ઘેરમાં ગઇ હતી, અને તે વેલાએ તેણે નંદકુવર અને પટેલનો મેલાપ જોએઓ હતો. આ વેલાએ નંદકુવર પોતાનો છુટકારો મેલવવાની કોશેશ કરતી જણાઇ હતી. બીજી એક સહીએ જણાવીઉં, કે પટેલને નંદકુવરનાં ઘેરમાંથી નીકલતાં તેણે એક દીવસે જોએઓ હતો. બીજી તરફથી પટેલની તરફના શાખશી લીધામાં આવીઆ, પણ તેઓ માતરે બેજ હતા. તેઓએ જણાવીઉં કે પટેલ ઉપર મેલેલા અપરાધ તેણે કીધો નથી, પણ એવું કબુલ થએઆ હતા કે જો ધરમ સંબંધી કાંમ પડતું, તો પટેલ દલપત-

રાંમનાં ઘેર મધે જતા હતા. પટેલના આ શાખશીઓના બોલવા ઉપરથી અને નંદકુવરની પાંચ સહીઓની એક સરખી શાખશી ઉપરથી પંચે એવો ચુકાદો કીધો કે પટેલ ઉપર નંદકુવરે મેલલો વાંક સાબેત થાએ છે, માટે ગાંમનાં પટેલપણામાંથી તેને દુર કરવો જોઇએ. એ ઉપરથી ગાંમનાં લોકોએ દલપતરાંમને શાસતર ભણેલો જાંણી મવા ગાંમની પટેલાઇ આપી !

## જો મુજે કોઈ નહી મારે તો, મેં સારે ગાંઉકુ મારૂં !

મુસલમાન લોકોમાં હરએક વાતમાં શરેહ કરવાની રીત ઘણી છે. જો જરા સરીખો કોઇ બનાવ બનીઓ હોએ તો, તેની અંદર પોતાની તરફના થોડા શબ્દો ઉંમેરીને બીજાની આગલ તે બનાવનું મોટી સહરાગતનું બએઆંન કરવાનો. દખણ તરફનાં એક ગાંમ મધે શમશેરખાં નાંમે એક મુસલમાન રેહતો હતો, અને તેના દીકરાનું નાંમ દલેરખાં કરીને હતું. શમશેરખાં જે ગાંમમાં રેહતો હતો તે ગાંમનાં લોકોમાં પઇસાને લીધે તે વડો કેહવાતો, અને તેટલા ઉપરથી તેને તથા તેના દીકરાને તાંહાંનાં લોકો માન આપતા હતા. એક વખતે બકરી ઇદને દીવસે દલેરખાં ગાંમના બીજા વીશ મુસલમાનોની સાથે પોતાની કંમરે તલવાર બાંધીને આસપાસનાં ગાંમો તરફ ફરવા ગએઓ હતો. આ મુસલમાન અટકચારી ચાલનો હતો; માટે તેણે રસતે ચાલતા બે કોલીઓને ગાલ દીધી, જેથી તેઓ વચે ઝઘડો ઉઠીઓ. આ વેલાએ પેલા કોલીઓએ મુસલમાનો તરપ ધસારો કરીને તેઓને મુકી અને તમાચાથી ખુબ મારીઆ, અને તે પછી તેઓ તાંહાંથી ચાલીઆ બાદ દલેરખાંએ તેઓને ફરીને ગાલ દીધાથી, કોલીઓએ તાંહાં પડેલી ઇંટના એક ઢગલા મધેથી ઇંટ લઇને તેનેથી તે મુસલમાનોને મારીઆ, જેથી દલેરખાં તાંહાંથી પોતાના સાથીઓ સહીત જીવ લેઇને નાઠો. ઘેર ગએઆ પછી દલેરખાંએ પોતાની રમુજી મુસાફરી સંબંધી પોતાની માએ આગલ વાત કીધી, અને તે મધે ઉપલી મારામારીની કેફીઅત એવી રીતથી કહી કે:—

અંમા, હમારી ઓર કોલી લોકુંકી બરી લડાઇ હુઇ. ઇસ વખ્ત હંમ એકીશ ભાઈ એકીલે થે, ઓર અમારે સાંમે દો કોલીઓકે જુથંદે થે. દોનો તરફસે જબ ઝઘડા ઝઘડી હુઇ તબ, હમારી બાતાં ઓર ઉનોકી લાતાં; ઇનોકી ઇંટાં ઓર હમારી પીઠાં. એ બખ્તમે હમકુ બોહત જહનુન આ રહી થી, લેકીન હમારી તલવારકુ બરે ભાઇને એક ઘરકે દરવાજેમે છુપા દીઇથી, નહી તો કજએસીમે ખુનરેજીકી કુછ બાકી નહી થી. ચકાચકી ઓર ઝપાઝપીકે તો કુછ હુઆં પાર નહી થા, લેકીન હમને બજાનેમે કુછ બાકી રખી નહી થી; પણ બખ્ત મીલે તબ ભાગા ભાગી કરકે નીકલ આએ!

માંએ કહીઉં કે—બેટા બાહેર જાકે હુવાં મસતી કરનેમે કુછ નફા નહી હએ; કોઇ વખ્ત હડ્ડીકે ટુકરે હોજાવે.

દલેરખાંહે કહીઉં કે—અંમાં, મેરે જેશે જોરાવર ગાંઉમે કોઇબી હએ નહી; **જો મુજે કોઈ નહી મારે તો, મેં સારે ગાંઊકુ મારૂં.**

માંએ કહીઉં કે—બેટા તેરી બાતાં તો સચ હએ; સારે ગાંઉકું તુમ મારે ઇસમેં કુચબી શક હએજ નહી; કીઉંકે સારે ગાંઉકે હાથતો ઘોભીકે હુઆં ગીરવી રખેલે હએ.

# મુફત ખાવું ને મોટી વાત!

નવસારી કસબા મધે ઉતમચંદ નામે એક વાંણીઓ તંબોલીની દુકાન માંડતો હતો. ઉતમચંદની દુકાંન ઉપર ગુલજારખાં નાંમે એક મુસલમાન એક દીવસે આવીને બેઠો, અને વાતચીત કીધા પછી ઉતમચંદ પાશેથી કકડો પાંન માંગીઉં, જે આપેઆ પછી શોપારી, એલચી, કાથો, ચુંનો, જાએફલ, જાવંતરી, તંબાકુ, અને એ વીગરે મખવાશની ચીજો જરા જરા માંગી લીધી, જે ઉતમચંદે શરમને લીધે આપી. આ ચીજોનો મખવાશ કીધા પછી ગુલજારખાં તાંહાંથી વાત ચીત કરીને ઉઠી ગએઓ, અને તે પછી હરરોજ સાંજે તે દુકાંન ઉપર જઇ બેશીને ઉપર પરમાણે મખવાશ

કરવા લાગો. એ પરમાંણે આસરે તરણ માસ ગુજરવા પછી, ગુલજારખાંએ ઉતંમચંદને જણાવીઉં કે-ઉતમભાઇ, પરસુસે તુંમ તુમારે એક અછે દોસતકું ગુમાઓગે.

ઉતમે પુછીઉં કે—ભાઇ તે કેમ ? .

ગુલજારખાંએ કહીઉં કે—હમ હેદરાબાદકુ જાંનેકે !

ઉતમે મનમાં વીચારીઉં કે પીડા પતે તો સારૂં, ફોકટમાં રોજ નુકસાંન કરેછે ; પણ ગુલજારખાંને રાજી કરવા માંટે બોલીઓ કે ભાઇ હું તો સાંભલીને દલગીર થએઓ ; પણ વારૂ વેહલો પાછો આવજે, સાંજ પરેચ કે તારા વગર મને ચેન પડતું નથી.

ગુલજારખાં—ભાઇ સચ બોલો ; તુમકુ તુમારે બેટેકે કસમ દેતા હઉં ! ઉસ વાસતે જુઠ મત બોલીઓ. કહો કે તુમારી દુકાંન ઉપર હમારે રોજ આનેસે તુમકુ કીતના નફા હુવા.

ઉતમચંદ ગુસ્સામાં આવેઓ અને મનમાં કેહવા લાગો કે ફોકટીઓ દરરોજ હરામનું ખાએછે, અને વલી દીકરાના કસમ દેઇ મને પુછેછે કે તેના આવેઆથી નફો શું કીધો ; પણ ગુસ્સાને મારીને બોલેઓ કે—મીઆં નફાની વાત શું પુછેછે, જારે તુને મેં મુફત ખવાડીઉં તારે, તેં દીકરાના કસમ આપેઆ, એજ મને નફો થએઓ. ચાલ ભાઇ મારી દુકાંન ઉપરથી ઉઠ વલી **મુફત ખાવું, ને મોટી વાત !** એટલું બોલીને ગુલજારખાંને તાંહાંથી કાડી મેલીઓ.

ગુલજારખાંએ નીચે ઉતરીને લોકોને કહીઉં કે—દેખો ! બનીઆ બરા બેઇમાન હએ. ઇસકી દુકાનપર મેરે આનેસે ઇસકી બરકત હો રહી, જીસ્સે પાંચ પેસે મીલાએ, ઓર અબ હમ હેદરાબાદકુ જાંને મંગતે તબ હમકુ ગાલીઆં દેતા હએ, એટલું બોલીને તે તાંહાંથી નીકલી ગએઓ.

## મુફતકા ખાતાં ને બરીબરી બાતાં !

ખલીફ હારૂન અલરશીદના વખતમાં બગદાદ શેહેર મધે ઇઆસુફ નાંમે એક પઠાંન રેહતો હતો. આ પઠાંનનો બાપ આબરદાર અને પઇસાવાલો હતો, જેણે ઇઆસુફને સારી કેલવણી આપવાને

બદલે લાડમાંજ ઉધારેઓ હતો. ઇઅસુફના બાપે બંદુક અને પીસટોલો વગેરે હથીઆરો બનાવવા તથા એવાં હથીઆરો સમારવાનું એક કારખાંનું રાખેલું હતું, જાંહાં ઘણા માનસો ખપતાં હતાં. આ કારખાંનું વખાણાએલું હોવાથી આસપાસના રાજવાલાઓને તાંહાંસુધી કાંમ તાંહાં આવતું હતું, જેથી તેને સારી પેદાસ થતી હતી. એવી રીતે જારે ઇઅસુફના બાપનું કારખાંનું ચાલતું હતું તારે, ઇઅસુફે હલકે વાંધેના, નીચ બુધીના, અને લુચ્ચા મીતરો એકઠા કીધા હતા અને તેઓની સંગાથે મોજ મજાહમાં તે ફરતો હતો. એતફાક એવો બનીઓ કે ઇઅસુફનો બાપ મરણ પાંમીઓ, અને તેનું કારખાંનું ઇઅસુફના સવાધીનમાં આવીઉં, જેથી ઇઅસુફે પઇસાને કાંકડાની મીસાલે ઉડાવવા માંડીઆ. આ દેખાવ જોવાથી ઇઅસુફના કારખાનાના ચહડતી પદવીનાં માનસોએ તેને શીખાંમણ દીધી અને તે કારખાંનું, જે વખણાએલું હતું તે ભાગી નહી પડે, અને ઇઅસુફ, જે સારા ખાંનદાંનવાલો હતો તે માંઠી અવસથામાં નહી આવે તેટલા સારૂ તેઓએ ઇઅસુફને કારખાંનું ચલાવવાને, અને પઇસાની જાલવણી કરવાને ઘણાબી ઉપાએ બટલાવીઆ; પણ માંઠાં ભાએગે ઇઅસુફને તે ઉપાએ અનગમતા લાગીઆ, અને તેના લુચ્ચા મીતરો જે તેને અણઘટતી સલાહ આપતા તે પરમાણેજ તે ચાલતો. ઇઅસુફને ચો તરફથી સારી સલાહ આપવામાં આવી તેવું છતાંબી જારે તે નહીજ સહમજીઓ તારે, સઘલાઓ મુગે મોહડે બેઠા, અને જેમ તે ચાલીઓ તેમ ચાલવા દીધો, જેથી તેનાં બાપની દોલત પુરી થએઆ છતાં કારખાંનાને માથે મોટું કરજ થઇઉં, અને સઘલી તરફથી માગનારાઓએ તકાદો કીધો, જેથી ઇઅસુફ ઘભરાટમાં પડીઓ, અને એ આમે શું કરવું તે વીશે પોતાના મીતરોની સલાહ માંગી, અને તેઓએ કારખાંનું વેચાવી નખાવીઉં. કારખાંનું વેચીઆ પછી માંગનારાઓને આપતાં જે બાકી રહીઉં તે ખાધા પછી, બીચારો ઇઅસુફ ઘણીજ માંઠી અવસથામાં આવીઓ, જે વેલાએ તેના લુટારા મીતરોએ પોતાની મંડલીમાંથી તેને વેગલો કીધો, અને સીપાઇગીરીની ચાકરી કરવા માટે બગદાદથી બાહેર નીકલી જવાને તેને સલાહ આપી. એ ઉપરથી ઇઅસુફ ઢાલ, તલવાર, અને એવાંજ નાંમીચાં હથીઆરો ઘેરમાંથી લઇને બગદાદથી હીંદુસથાન તરફ નીકલીઓ, અને તાંહાં ઘણો વખત સુધી રખડીઓ; પણ તે નકામો

ભરખા હતા, કાઅક કશી વાતની તેનામાં સહમજ નહી હતી, અને વલી તે સાથે તે કાંઇએ શીખેલા નહી હતો તેથી તેને કેયે ચાકરી ધંધા નહી મલીઓ; માટે પોતાની પાસેનું એક એક હથીઆર વેચીને માતરે ચણા મમરા ખાઇને તે ઉપરજ પોતાનો વખત કહાડવા લાગો. ઇઅસુફને હીંદુસથાન ગએઆને જારે મોટા વખત ગુજરીઓ તારે, તેની બાએડીએ તેની ઉપર એક કાગજ લખીઉં, અને જણાવીઉં કે ઘેરમાં ખરચવાનું કાંઇ નહી હોવાથી હવે તો બચાં ભુખે મરે છે, માટે તમો જો કાંઇ કમાએઆ હોવો તો જલદીથી અતરે કાંઇ નાણું મોકલવું કે બચાંઓને ખાધાનો આ-શરો મલે. આ કાગજ વાંચીને ઇઅસુફ બીચારો રડવા લાગો, અને પોતાની માંડી અવસથાને લીધે બાએડી ઉપર કાગજનો જ-વાબ વાલીઓ કે:—

બીરીઆં બેચકે ચણે ચુબાએ,
મુગદાર પાંઉં ધરતે હુએ;
ઘરસે કાગજ ઇઉં કે આએ,
કે બચચે ભુખે મરતે હુએ!

બરછે કરચેકી માંકુ મારૂં,
અમપર ફાંકે પરતે હુએ;
ઢાલ તલવાર તો બેચ ખાઇ,
કટારપર નજર ધરતે હુએ!

આ કાગજ વાંચીઆથી ઇઅસુફની બાએડી સહમજી કે તે કેયે ચાકરી કરતો નથી, અને ભુખે મરે છે; માટે તેની ઉપર દયેઆ આંણી પાછું કાગજ લખી તેને જણાવીઉં કે તું પાછો બગદાદમાં આવ, હું રેંહટીઓ કાંતીને સુતર બનાવશ, અને તું બી તેવાજ કાંઇ ઉદીઅમ કરજે ને આપણે આપણો કાલ કાહડશું. એ ઉપરથી ઇઅસુફ પાછો બગદાદ ગએઓ, અને બાએડી સુતર કાંતે તે વેચવા વગેરે કામ કરીને ઘેરમાં હરાંમખોરીથી પડવા લાગો, અને બાએડીના કેહવા પરમાણે સુતર કાંટવા નહી લાગો અને, તેને જણાવતો કે તે પઠાંનનો દીકરો અને વલી તેના તથા તેના બાપનાં કારખાંનાંમાં ઘણાંએક માનસો ચાકરી કરતાં હતાં, અને શું તે રેંહટાઓ કાટે? એ ઉપરથી તેની બાએડી ગુસસામાં આવી અને બોલી કે—મુવેકુ **મુફતકા ખાતાં ને ખરી ખરી ખાતાં!**

કાંમ કરો તો ધરમ રહો, નહીં તો અલે જાઓ. આ ઉપરથી ખુઆસુદનો મીજાજ ગુઆઓ, જેથી તે બાઆેડીને મેલીને નાકલી ગઆેઓ, અને ઘણીજ માંઠી અવસથામાં રખડાને મરણ પાંમીઓ!

સુંનું રૂપું વાલેલું રૂપે,
અને લોહડું વલે તાપે,
સમાનસ સહમજાવેલું વલે,
પણ કમાનસ મુકીને લાતે.

## અંગ્રેજી જોરૂ ને ખોદાકા રખવાલા.

(આવેગા તો પાવેગા, ને અંધા જોરૂ લાવેગા.)

અનરથ નાંમે ગાંમમાં એક વાંણીઓ વેપારી કંઇ કામસર પોતાની બાઆેડી સાથે ગઆેઓ હતો, જાંહાંથી ફારેગ થઇ તે પાછો પોતાનાં ગાંમ તરફ જવા નીકલીઓ. વાંણીઓ પોતાની બાઆેડી સહીત પોતાની ગાડીમાં બેશીને ગાડી હાંકતો હતો. ગાડીના બલ-ડીઆઓને ઘુંઘરા બાંધેલા હતા, જેનો આવાજ ખણ ખણ કરીને નીકલતો હતો. અનરથ ગાંમથી તે વાંણીઓ આસરે એક કોશ દુર ગઆેઓ એટલે રસતાની ધઢેરમાં તેને એક આંધલો ચાલતો મલીઓ. વાંણીઆએ આંધલાને ધઢેર મધેથી બાહેર પડવાને જણાવીઉં, તારે આંધલો કલવાઇને કેહવા લાગો કે—રે બાવા જો આંધલાને ગાડીમાં સાથે બેશાડીને લેઇ જશો તો મોટું પુણ પરા-પત થશે. વાંણીઆએ તેમ કરવાને ના પાડી; પણ તેની બાઆેડી જે મોટાં મનની હતી તેને દએઆ આવી, માટે તેણે પોતાના ભરથારને જણાવીઉં કે ગાડી આખી ખાલી છે; માટે બીચારા ગરીબને બેશાડી લેશો તો સારૂં. તેના ભરથારે તેમ કરવાને ના પાડી અને જણાવીઉં કે—જવા દેની વલી ધરમ કરતાં કાંઈ કરમ નડશે. વાંણીઆના આ સખુન શાંભલવાથી આંધલો ઘણોજ કલવાઇ પડીઓ, અને વાંણીઆની અસતરીને દએઆવંતી ધારી તેને માંન આપી વીનંતી કરવા લાગો. વાંણીઅને પોતાના ભરથા-રને વીનવીઓ, અને આંધલાને ગાડીમાં બેશાડી લીધો.

ગાડી જારે દોડતી તારે બલદને બાંધેલા ઘુંઘરાનો મોટો આવાજ થતો હતો, અને વાંણીઓ તો ગાડી હાંકે માટે આગલી

તરફ મોહડું કરીને બેઠેલો, અને તેની પાસે વાંણીઅન બેઠા પછી આંધળો બેઠેલો હતો. ગાડીના બાણુ બણાતનો લાભ લઇને, અને વાંણીઆની બાએડીને દએઆવંતી જાંણીને, આંધળો તેના શરીર ઉપર છુપી રીતે હાથ ફેરવવા લાગો. વાંણીઅને પોતાના ભરથારની વીનંતી કરી ગાડીમાં બેશાડેલો માટે જો આંધળાની ચાલ સંબંધી પોતાના ભરથાર આગલ કંઇ ફરીઆદ કરે તો કદાચ તેને તે ઠપકો આપે એવી ધાસતીથી તે બીચારી મુંગીજ બેઠી. આથી આંધળાને વધારે હીંમત આવી અને તેણે વાંણીઅણના પગની છેક ઉંચાઇ સુધી જહડપથી હાથ ફેરવીઓ, જેથી તેને માલમ પડીઉં કે વાંણીઅણની છુપી જગો ઉપર એક મસો છે. આંધળો એટલીજ બુરાઇ કરીને મુંગો બેઠો નહી; પણ ફરીને વાંણીઅણના પાછલા ભાગ ઉપર હાથ ફેરવીઓ, જેથી તેને એક ગુમરૂં થએલું અને તેની ઉપર મલમની પટી મારેલી જણાઇ. એ પછી એક ગાંમ આવીઉં તારે. વાંણીઅણે આંધળાને ઉતારી મેલવાને પોતાના ભરથારને જણાવીઉં કે હવે એ હીઆં રહી ભીખ માંગી પોતાનું ગુજરાંણ કરશે. તે ગાંમ જેમ વાંણીઆને જાંણીતું નહી તેમજ આંધળાનેબી અંજાંણુંજ હતું. વાંણીઅણે જેવું આંધળાને ઉતારી મેલવાને પોતાના ભરથારને કહીઉં તેવીજ આંધળાએ તેની શાડી પકડી પોકાર મારીઓ કે—ગાંમના લોકો આવો રે, આ વાંણીઓ મારી બાએડીને ફુસલાવી લેઇ જાએ છે! આંધળાએ પોકાર મારી હાએ અફશોસના આવાજ શરૂ કીધા, જેથી ગાંમનાં હજારો લોકો તાંહાં ભેગાં થએઆં, અને વાંણીઆ તથા આંધળાનો ઇનસાફ કરવાને તેઓએ વાજબી વીચારીઉં. પરથમ વાંણીઆએ પોતાનો એહવાલ કહેઓ, અને તે પછી આંધળાએ જણાવીઉં કે—હું મારી બાએડીની બાંધ ઉપર હાથ મુકી રસતામાં ચાલતો હતો, એટલામાં વાંણીઆની ગાડી આવી. મેં મારી બાએડીને જણાવીઉં કે આપણે ગાડીની ગહેરમાંથી બાજુ થઇએ કે ગાડીવાલો ગાડી હાંકી જાએ. મારી બાએડી મને બારદુએ લઇ ગઇ તો પણ ગાડી જેમ દોડતી આવી તેમ દોડી નહી, અને ધીમી ધીમી ચાલવાનો મને શાખ આવીઓ. થોડું ચાલીઆ પછી મારી બાએડીએ મને જણાવીઉં કે મને હાજતે જવું છે માટે હીઆં એક ઝાડની નીચે ઉતારાની જગો છે તાંહાં આ ગાડી જો ઉભી રેહે તો, તેની આગલ તુંને

ઉભો રાખી હું જઇ આઉં. એ પરમાણે ગાડી ઉભી રહી, અને તેની આગલ મારી બાએડી મને લઇ ગેઇ, ગાડીવાલાએ મને કુશલતા પુછી, અને જણાવીઉં કે—હું પાંણી પીઇ આઉં એટલાં સુધી ગાડીમાં બેશી બલડીઆના અછોડા પકડશો ? મારી બાએડીએ તેમ કરવાને મને જણાવીઆથી હું ગાડી મધે બેઠો. મોટો વખત વહી ગએઆ પછી મારી બાએડી અને વાંણીઓ સાથેજ આવીઆં, અને મને વાંણીઆએ કહીઉં કે ભાઇ, તમો ગાડીમાંજ બેશી રેહવો. ગાંમ આવીઆ પછી તમો બંધે માંટી બઇઅર ઉતરી જજો. ગાડી છતી ખાલી છે. મેં એમ કરવાને ના પાડી, પણ મારી બાએડીએ મને જણાવીઉં કે મારા પગ ઘણા દુખેચ માટે બેશી લેવો તો બહુ સારૂં. મેં બાએડીનું હીત ઇછીઉં, અને અમો બંધે ગાડીમાં બેઠાં. હું તો આંખે આંધલો માટે જોઇ નહી શકું કે તે બંમે જનાં ગાડીમાં બેશીને શું કરે છે, પણ વારેઘડીએ મારી બાએડીને હીલવાનો મને ઇશારો જણાતો હતો. તેમજ ગાડી પણ ઘણીજ ધીમી ચાલીઆ કરતી હતી. જારે હું તેને કારણ પુછું તારે તે કેહતી કે ધઢેડમાં મોટા ખારા છે; માટે આંચકાને લીધે ગાડી ધીમી ચાલે છે, અને ગાડીના આંચકાથી મારૂં શરીર હીલે છે. મને વેહમ ગએઆથી મેં જણાવીઉં કે હવે પછી જો કોઇ ગાંમ આવે તો મને ચેતાવવું; કાંએકે મારે તાંહાં બીડી પીવી છે. જારે આ ગાંમ આવીઉં, અને મને બીડી પીવા જણાવીઉં તારે મેં મારી બાએડીને કહીઉં કે, ચાલ હવે આપણે હઇઆંજ ઉતરી પડીએ, તારે વાંણીઓ બોલીઓ કે તારે જોઇએ તો તું ઉતરી જા, બાએડી તો મારી છે. એ ઉપરથી મેં મારી બાએડીની શાડી પકડી, અને ગાંમનાં તમો લોકોને મદદે બોલાવીઆ છે; માટે તમોએ અમારો ઇનસાફ વાજબીની રાહે કરવો. ગાંમનાં લોકો મધેથી એકુ બે પુરૂશોએ હલુશે ગોઠવણુ કીધી કે જો બાએડી આંધલાનીજ હોએ, અને તેની સાથે એણે કંઇબી વહીવત કીધો હોએ તો તેનાં શરીરને લગતી કાંઇબી ઇધાંણી એનેથી મલવીજ જોઇએ, એવું વીચારી તેઓ આંધલાને કેહવા લાગા કે જો તું આ બાએડીને અમારે સવાધીન આપે અને અમો તુંને જે વાત પુછીએ તેનો જવાબ બરોબર આપે તો અમો તારો ઇનસાફ કરીએ. આંધલાએ બાએડીની જાંમીનગીરી લીધી તેઓનો વચન લીધો, અને તેઓને સવાધીન તે અસતરી

કીધી. તેઓ આંધલાને અને પેલી બાએડીને એક ઘેરમાં લેઇ ગએઆ, અને બંધેને જુદાં રાખી આંધલાને પુછીઉં કે—જો આ બાએડી તારીજ છે તો એનાં શરીર ઉપર કાંઇ તારી જાંણીતી ઇધાંણી છે? આંધલાએ જણાવીઉં કે તેના છુપા ભાગ ઉપર એક મશો છે, અને તેના પછવાડેના ભાગ ઉપર હવડાં એક ગુમડું થએલું છે. તે લોકોએ પોતાની બાએડીઓ પાસે તે અસતરીનાં શરીરની તપાસ કરાવીઆથી આંધલાની ઇધાંણી ખરી ઠરી; પણ તે વીશે વાંણીઆને તેઓને જણાવીઉં કે—એ ઇધાંણી ઠગાઇ ભરેલી છે. આંધલાએ ગાડીમાં બેઠા પછી મારા શરીર ઉપર છુપી રીતે હાથ ફેરવીઓ હતો; પણ મેં મારા ભરથારની મરજીની ઉપરાંત થઇ એ બુરાને ગાડીમાં બેશાડીઓ હતો, માટે તે વીશે મારા ભરથાર આગલ હું બોલી શકી નહી; કારણ કે કદાચ તે મને ઠપકો આપે કે મેં નાં કેહવા છતાં એને શા મટે ગાડીમાં બેશાડીઓ? આંધલાએ કહીઉં કે—ના સાહેબ, એ વાત બીલકુલ ખોટી છે. એ બંધે એક બીજા ઉપર મોહીત પડવાથી આ સઘલાં તરકટો કરે છે. વલી એમ તે કાંહાંથી બને કે માટીના ઠપકાથી બીહીને પોતાના છુપાં શરીર સુધી મારો હાથ લેઇ જવા દીએ. એવું કાંમ કોઇબી પતીવરતા અસતરી હરગેજ કરવા દેશે નહી. આંધલાના આ વીચાર સંગાથે ઘણા લોકો મલતા થએઆ, અને વાંણીઆને અને પેલી અસતરીને તકસીરવાર ઠેરવી તેઓને થાંણેદાર પાસે મોકલાવી દીધાં. થાંણેદારે તપાસ કીધી, જેને ઉપર જણાવીઆ પરમાણેનોજ સાર મલીઓ; પણ થાંણેદાર જાતે ચબરાક હતો, માટે ઇનસાફને વધારે ઉતેજન આપવા સારૂ તેણે વાંણીઆને અને તેની બાએડીને એક કોથડીમાં, અને આંધલાને એક જુદી કોથડીમાં રાતનાં રાખીઆં, અને તેઓને જણાવીઉં કે સહવારે તેઓનો ઇનસાફ કરી જે વાજબી ઠરશે તે કીધામાં આવશે. થાંણેદારે બંધે કોથડી આગલ એક એક છુપો જાસુસ રાખીઓ, અને પોતે પણ તેઓની થોડેએક નજદીકમાં જઇ સુતો. જાસુસોને જણાવીઉં કે એ બંધે કોથડીમાં જો કાંઇ બોલચાલ થાએ તો શાંભલી લેવી, અને મને તુરત ચેતવણી કરવી. રાતનાં જાસુસોએ આવીને થાંણેદારને ઉઠાડીઓ, અને તે બંધે કોથડીમાં શું બનતું હતું તે લેઇ જઇ શંભલાવીઉં

વાંણીઓ પોતાની બાએડીને ગાલ દેઇ કેહતો હતો કે રાંડ!

મેં સહમજાવીઆ પરમાણે જો તું રહી હતે તો, આજે આપણે આવી વીપત ભોગવતે નહી. વાંણીઆન બોલતી હતી કે—હું શું જાંણું, કે પીટીઓ આવું આબરૂ લેવા સરખું તરકટ કરશે. મેં તો પીટીઆની દએઆ ખાધી. બીજી તરફથી આંધલો પોતાની ખો-લીમાં નાંચતો અને કુદતો બોલતો હતો કે—**આ ઘેકો જોરૂ ને ખોદ્દાકા રખવાલા.** અને વલી થોડો વખત રહી બોલતો હતો કે—**પાવેગા તો પાવેગા, ને અંધા જોરૂ લા-હેગા.** આ આંધલાના શબદો શાંભલવાથી થાંણેદારની ખાતરી થઇ કે આંધલાની તરફથી આ કાંમમાં પુરતી લુચ્છાઇ થઇ છે. બાએડી તો ખરેખર વાંણીઆનીજ છે. આંધલાએ લુચ્છાઇથી તેનાં શરીર ઉપર હાથ ફેરવી નીશાંણી શોધી કાહડી છે, અને ખરેખર વાંણીઆને શરમની મારી એ વાત પોતાના ભરથાર આગલ જણા-વી નથી.

બીજે દીવસે થાંણેદારે આંધલાને પોતાની કચેરીમાં બોલા-વીઓ, અને તેને દમ આપી પોતાનાં માનસોને હોકમ કીધો કે—ખરી વાત શું છે તે જાંણવા સારૂં એને બાંધીને મજબુત માર મારો. આ વાત શાંભલવાથી આંધલો ઘભરાઇ ગએઓ, અને વીચારીઉં કે બાએડી મલતી તો રહી; પણ ફોકટમાં હાડકાં ભાગી જવાનાં. એવું વીચારી તેને જહડફથી કહી દીધું કે રે સાહેબ! એ બાએડી વાંણીઆની છે. મારી નથી! માટે મને એ જોઇતી નથી. રે થાંણેદાર સાહેબ! મેહરબાંની કરી મને છોડી દેવો. થાંણે-દારે કચેરી મધે ગાંમનાં સઘલાં લોકોને બોલાવીઆં, અને એક તરફ આંધલાને અને બીજી તરફ વાંણીઆને તેની બાએડી સાથે ઉભા કીધા, અને રાતની વેલાએ તેઓની કોટડી આગલ જેઓ ચોકી કરવા રહેલા હતા તેઓની જુબાંની લોકોને સહમજાવી, અને પછી આંધલાને પુછીઉં કે આ બાએડી કોણની છે? આંધલાએ કહીઉં કે—સાહેબ મારી નહી, પણ વાંણીઆની છે. થાંણેદારે પુછીઉં કે એનાં શરીરના છુપા ભાગ ઉપરની ઇધાંણી તેં કેમ જાંણી? આંધલાએ જણાવીઉં કે સાહેબ, ગાડીમાં બેઠા પછી મેં એનાં શરીર ઉપર જરા હાથ ફેરવી જોએઓ. તેમ કરવાથી જારે એ કાંઇ નહી બોલી તારે તેથી મને વધારે હીમમત આવી અને મેં એનાં પગ ઉપરનું વસતર ઉચકી ઝડપથી પગથી તે અંદર સુધી હાથ ફેરવી પગ ઉપરથી છેક અંદર તપાસ કરી લીધી. એ

પછી વલી ફરીથી પાછલી તરફ હાથ ફરવીઓ, જેથી આ ગાંમમાં આવીઆ પછી એણે મને ઉતારી મેલવાને પોતાના ભરથારને અરજ કીધી, અને તે વેલાએ મેં એની શાડી પકડી પોકાર મારેઓ કે–આવો રે ! ગાંમડાંના લોકો—આ વાંણીઓ મારી બાએડી લેઇ મેલે છે. એ ઉપરથી ગાંમડાંનાં લોકોએ મારી મદદ કીધી; પણ મારી ઠગાઇને તેઓ કોઈ ભી રીતે સહમજી શકીઆં નહી, અને થાંણેદાર સાહેબ ! તમોએ તમારી ચંચલાઇથી મારી ઠગાઇ પકડી કાહડી; માટે મને માંશી બખશવી. થાંણેદારે વાંણીઆને તેની બાએડી હવાલે કીધી, અને આંધલાને છ વરશ સુધી કેદમાં મોકલાવીઓ.

# ઘી ખાના શકરસે ઓર દુનીઆ ખાના મકરસે.

ઇમામખાં રસુલખાં નામે એક મુસલમાંન પેટલાદની પડોશમાં આવેલાં નવા નામે ગાંમ મધે રેહતો હતો, અને તાંહાંની સરકારની ચાકરી કરીને પોતાની બાએડી સાથે સુખ ચેનથી પોતાનો વખત ગુજારતો હતો. ઇમાંમખાંની બાએડી સારા ચેહરાની અને ખુશનુમાં દેખાવની હતી, તેની ઉપર ઇમાંમખાં ઘણોજ મોહીત હતો. એક દીવસને સમે કોઇ મુલાં, ઇમાંમખાંને તાંહાં પહરોણા તરીકે બાહેરગાંમથી આવીઓ. અને બે ચાર દીવસ તેનાં ઘેર મધે રેહવાથી, ઇમાંમખાંએ સારી પેઠે તેની પહરોણાગત કરી. એજ પરમાણે એટલા વખતમાં પેલા મુલાંએ પણ ઇમાંમખાંના ઘેર મધેનું કામકાજ એવી રીતે બજાવીઉં કે જે જોવાથી ઇમાંમખાં અને તેની બાએડી મગન થએઆં. મુલાં હવે પોતાને ઘેર જવાને તઇઆર થએઓ, અને તેજ પરમાણે ઇમામખાંને પણ બે દીવસનાં રસતા ઉપર આવેલાં ગાંમ મધે કાંમે જવાનું હતું; પણ મુલાં જવા નીકલીઓ તારે, તેને ના પાડી અટકાવી શકાએ નહી, એવું સહમજીને ઇમાંમખાંએ તેને બખશેસ તરીકે ચાર રૂપીઆ આપીઆ. જે લેઇને મુલાં ઇમાંમખાંના ઘર મધેથી સરવેની સાથે સલામ અકરામ કરીને નીકલીઓ, અને રસતે લાગી થોડુંએક ચાલીઆ પછી તેણે ધારવીઉં કે માથાં ઉપરથી પાઘડી ઉતારી તેની

ઉપર રૂમાલ બાંધું કે રસતાની ધુલથી તે ખરાબ નહી થાએ. એવા વીચારથી તેણે પોતાના માથાં ઉપરથી પાઘડી ઉતારીને હાથમાં લીધી, પણ જોએ છે તો તેની પાઘડીની ઉપર ઇમાંમખાંની બાએ- ડીએ પોતાની શારી ફાડોને તેનો કટકો ઘાંકેલો હતો, કારણકે ઘરનાં બાવરચીખાનાંનાં ધુમાડાથી તેની પાઘડી બીગડી નહી જાએ. આ કટકો હાથમાં લેઇ મુલાં તાંહાંથી પાછો ફરીઓ, અને ઇમાંમખાંને ઘર જઇ પુગો. મુલાંને જોતાંજ ઇમાંમખાંએ પુછીઉં કે "કીઉં હજ- રત, કાએકુ પીછા આનાં હુઆ?" મુલાંએ જવાબ દીધો કે "ભાઈ, મેરે હાથસે બરી બેઅદબાં હુંઇ, કે તુમારી જોરૂને મેરે ઉપર મેહ- રબાંની કરકે, મેરી પગરી ખરાબ નહી હોવે, અએસે ઇરાદેસે ઉસ- પર અપણી સારીકા ટુકડા રખા હુવાથા, સો ટુકડા પણ મેં ભુલસે મેરી સાથ લેકે ચલા ગએઆથા, ઇસ સબબસે પીછા આના હુવા."

આ ઉપરથી ઇમામખાંએ વીચારીઉં કે, મુલાં ઘણા એકી- નદારછે; માટે હું ગામ જઈ આઉં તેટલા વખત સુધી એઓને ઘરમાં રાખી જાઉં તો, અલબતે ઘરની તપાસ રાખશે, અને લા- ભવા કરવાની અડચણ નહી પડશે. એ ઉપરથી ઇમામખાંએ મુલાં- જીને એલતેમાસ કીધી કે, મેહરબાની કરીને એક અઠવાડીઆં સુધી તમોએ મારા ઘરમાં મેહમાન તરીકે રેહવું, કે હું ગામ જવા ધારૂ છું તાંહાં જઇ આવું.

મુલાંજી મનમાં ખુશી થએઆ, અને વીચાર કીધો કે આ ટક સારી મલીછે; અને જો મકર—બાજી બરાબર બેઠી તો ઇ- માંમખાંની બાએડી, અને ઘર મધેની નકર મતા સુધાં લેઇ જ- વાને સારો લાગ ફાવશે, આવા વીચાર ઉપરથી જરા વખત આના- કાની બતાવીઆ પછી, મુલાંજી કબુલ થઇને ઇમામખાંના ઘરમાં રેહેઆ. અને બીજે દીવસે ઇમામખાં પોતાનાં કામસર ગામ તરફ ગએઓ. ઇમામખાં ગામ ગએઆ પછી ઘરમાં તેની બાએડી એ- ખલી પડી. અને તે ટકનો લાભ લેઇને મુલાંએ ધરમ સંબંધી કાંઇએક વાતો તેની આગલ કરવા માંડી. અને તે મધે એક દલીલ એવો દેખાડો કે, જો કોઈ પણ ઓરત પોતાના ખાવંદને પડતો મેલી પારકા મરદ સાથે જાએ તો તેને ધરમ મધે દોજખની સ- જા છે; પણ અગર જો કોઈ પણ અસતરી મુલાં સાથે વેહવાર કરે, અથવા મુલાંને તાબે થઇ રેહે તો તેને મુવા પછી જીંનત મલેછે; કાંએકે મુલાં તો સરવેને સવરગનોજ મારગ બતલાવનાર છે. આ ઉપરથી

ઇમામખાંની બાએડીની દીઆનતદારી જીનત મેલવવા માટે ઉસુ: કેરાઇ, અને તેણે મુલાંને કહીઉં કે જારે એમજ છે તારે હું તમારી ઉપર ખુશી છેઉં, અને મારો ઉપીઓગ જેમ તમોને ગમે તેમ કરવો.

મુલાંએ જવાબ વાલીઓ કે,એ પરમાણે સાત પાંચ દીવસ સુધીની દોસતી માંડવાને હું ખુશી નથી. એટલા વખત સુધી હું તારી સાથે જો મોહબતનો ગાંથ બાંધું, અને પછી તુંને છોડી જાઉં તો મારા જેવો નગુનો અને બે મરવત બીજો કોઇજ નહી કેહવાએ, અને વલી તારા વગર મારા જીવને કદી પણ કરાર રેહેજ નહી. એવી રીતની બેકરારી ભોગવવા કરતાં, ઇમામખાં આવે તાંહાં સુધી દુરજ રેહું તો સારૂં, કાંએકે જો એક વારબી હું તારો મેલાપ કરૂં તો પેલી દુનીઆમાં, મારે માટે જે બેહેશત તઇઆર છે તેમાંથી અરધો ભાગ તારા નામ ઉપર લખાઇ ચુકે.

ઇમામખાંની બાએડી બીચારી અભણેલ હોવાથી તે મુલાંના મકર ભરેલાં બોલવા ઉપર ભરૂસો લાવી, અને સેવટની આસાએશની જગાએ બેહશત ભોગવવાની આશાથી, તે બાએડી મુલાંની સાથે તેને ઘર જઇ તેની બાએડી તરીકે રેહવાને તઇઆર થઇ અને તે ઇરાદાથી તેણે ઇમામખાંનાં ઘર મધેથી જનસભાવ, અને કપડાં વીગેર બાંધી લીધું. અને બારણે ટાલું મારીને મુલાંની સાથે તેને ગામ જઇ રહી. આ પછી ચાર પાંચ દીવસે ઇમામખાં ગાંમથી પોતાને ઘર આવીઓ, અને જોએ છે તો ઘરને બારણે ટાલું મારેલું અને મુલાં તથા બાએડી નહી મલે. પાડ પડોશમાં ખબર પુછવાથી માલમ પડીઉં કે ઇમામખાંની બાએડી તો મુલાંની સાથે નીકલી ગઇ, જેથી ઇમામખાં નાસીપાસ થએગો, અને ખબર કાહડતાં મુલાંના ગામનો પટો તેણે મેલવીઓ; જે ઉપરથી તેને ગાંમ જવાનો વીચાર કીધો, અને બીજે દીને પોતાને ઘરથી નીકલીઓ. રસતા મધે મંજલ કાપીઆથી રાત પડી. અને બીજા લોકોની સાથે ઇમામખાંએ પણ એક મોટાં ઝાડ નીચે આશરો લીધો. આ ઝાડની નીચે જુદી જુદી વીશેક ટોલીએ આશરો લીધો હતો. અને તેમાં સઘલા મલી આસરે પંચોતેર માંનસો હતાં. એઓ માંહેલી એક ટોલીમાં ફકત માટી અને બઇઅર મલીને બેજ માંનસો હતાં, જેઓના નામ ઇશવર અને પારવતી કરી હતાં. એ માંહેલી બાએડીએ પોતાનાં ભરથારને જણાવીઉં કે આપણે બીસતરો માંનસોની વચેથી કરવો

નહી; પણ સઘલાંઓની બાહેરથી કરવો, કેમકે વચલા ભાગ માં માનસોની ગરદીને લીધે ગરમી પડશે. એ ઉપરથી તે બાએ ડીનાં ભરથારે તેમ કીધું અને ખાધા પછી તે માઠી બઈઅર બંધે અરવેનાં કરતાં જલદીથી સુઇ ગએઆં. રાતરે દશ વાગા, અને ધીમે ધીમે સઘલી પથારીનાં માનસો ઉંઘી ગએઆં, પણ પેલો બીચારો ઇમામબ્ખાં, જે પોતાની બાએડીના વીચારમાં પડેલા હતો, તેને નોંદરા આવીજ નહી; કેમકે મનમાં કાંઇ નહી ને કાંઇ પણ બાએડી વીશે વીચાર પેદા થએઆ કરતા હતા. રાત આગલ ચાલી, અને બાર વાગાનો અમલ થએઓ, અને ચાંદની પુર દમામમાં ખીલી રહી. એક તરફથી ઇમામબ્ખાં જમીન ઉપર પડીને બાએડીનો અફશોસ કરતો હતો, અને બીજી તરફથી પેલા ઇશવરની બાએડી પારવતી ઉઠીને ઉભી થઇ. પારવતી ખરીજ પતીવરતા અસતરી હતી, અને તેને હાજત થએઆથી વીચારમાં પડી કે કેઇ દીશાએ હાજતે જાઉં, કે મારી તરફ સુતેલા લોકોમાંથી કોઇની પણ નજર નહી પડે. ફરતી ફરતી પારવતી જે દીશા ઉપર ઇમાંમબ્ખાં સુતેલો હતો તે દીશાં તરફ ગઇ. અને માંનસોની વસતીથી ઘણી દુર જઇ હાજતે બેઠી. રાત ચાંદની હતી, માટે ઇમામબ્ખાંએ સઘલો દેખાંવ જોએઓ, અને ધીરજથી ઉઠીને પોતાનું ઝુલનું લઇ પારવતીની પીઠ તરફથી તેની આગલ જઇ ઉભો, જેથી પારવતીએ પોતાનું પતીવરતાપણું બોહવાની ધાસતી બાંધી, અને ઝડપથી ઉઠી ઉભી થઇને ઇમામબ્ખાંને પગે પડી બોલી કે—"રે, ઓ મારા મીઆરા ભાઇ, હું ઘણી દુઃખી છેઉં, માટે મારા ભરથાર આગલ મને લઇ જઇને મારૂં સંકટ ટાલ." એટલું બોલી પારવતી મોટા ઘભરાટમાં પડી, અને શું ઉપાએ લેવો તે તેને સુઝે તેની આગમજ, તે જેમ જાણે બેભાન થઇ હોએ તેમ ગાફેલ બનીને ઉભી.

ઇમામબ્ખાંએ પુછીઉં કે, બાઇ, તમારી મરજી તમારા ભરથાર પાસે જવાની છે?

પારવતી—હા, ભાઇ, હા. જો તું મને મારા ભરથાર આગલ લઇ જશે તો, મારાં બંધે હાથનાં કંકન હું તને આપી દઇશ.

ઇમામબ્ખાં—ચાલો, તારે, તમો મારો હાથ પકડો, હું તમોને તમારા ભરથારની પથારી ઉપર લેઇ જાઉં.

પારવતી—અરે ભાઇ, હું ધીમે ધીમે ચાલશ. હાથ પકડવાની કશી જરૂર નથી.

ઇમામખાંએ આગલ વધી પારવતીનો હાથ પકડીઓ, અને બોલીઓ કે, તમો કદાચ ધાસતીનાં મારીઆં પડી જશો, માટે હું તમારો હાથ પકડું ને તમો મારી સાથે ચાલો, ને હું તમારા ભરથાર આગલ લેઇ જાઉં; પારવતીનો હાથ ઇમામખાંએ પકડવાથી તેણે વધારે ધાસતી ખાધી, અને ઇમામખાં તેને કાંહાં લેઇ જાએછ તેનું તેને જરાએ ભાણ રહીઉં નહી. આ જોગવાઇનો લાભ લેઇ ઇમામખાં જંગલ તરફ એક નવરી જગા ઉપર તેને લેઇ ગએઓ, અને તાંહાં પારવતીને બેશાડીને તેની આગલનો આગલ રહેઓ. રાત પુરી થઇ, અને દીવસ પરગટ થએઓ, તોપણ પારવતી સારી હોશમાં આવી નહી. અને ઇમામખાંએ ધીરજથી આસપાસ જોઇઉં તો કોઇ પણ માનસ દેખાઇઉં નહી, તેમજ માનસને ફરવાની વાટ પણ જણાઇ નહી. આ વેલાએ પારવતી લગાર હોશમાં આવી અને ઇમામખાંના પગ ઉપર માંથું મેલીને પગે પડી ને બોલી કે,—ઓ ભાઇ, મારે વાસતે નહી પણ પરમેશવરને વાસતે મારી ઉપર દએઆ આંણી મને મારા ભરથાર પાસે લેઇ જા.

ઇમામખાંએ જવાબ દીધો કે,—એ મારી પીઆરી બાઇ, જે જગાએ તું હાજતે બેઠી હતી, તાંહાંથી તારો હાથ પકડીને ઉતારાવાલાં ઝાડ આગલ હું તુંને લેઇ ગએઓ અને તારા ભરથારની શોધ કીધી; પણ તાંહાંનાં લોકો બોલીઆં કે, તે બીચારો તો સુતેલો ઉઠીઓ, અને બાએડીને બીછાંણા ઉપર નહી દીઠાથી, બીછાંનું વગેરે સામાન લેઇ આએ તરફ બાએડીની શોધ કરવા માટે ગએઓ છે, જે ઉપરથી હું પણ તુંને લેઇને તેજ તરફ આવીઓ છું, અને હવે સહવાર પડી છે, વાસતે એજ તરફ આપણે કુચ કરીશું. જો તારા ભરથારને ઇશવર મેલવી આપશે તો તું તેને મુબારેક છે; પણ અગરજો તેનો પુતો નહીજ લાગે તો, પછી આજથી તું મારી બેહેન, અને હું તારો ભાઇ કરીનેજ સહમજજે. મારી બાએડીને કોઇ મુલલાં ચોરી ગએઓ તેની શોધમાં હું નીકલીઓ હતો અને તારો પાછલ આવીઓ તારે એવું સહમજીઓ કે, આ બાએડી છુપાતી છુપાતી હાજતે ગઇ તે કાંઇ મારી બાએડી છે કે શું? અને તેથીજ તારી પાછલ હું આવીઓ હતો. પારવતીએ ઇમામખાંના આ સખુનો શાંભલી પોતાના ભરથારને મલવાની આશા છોડી; તોપણ ઇમાંમખાંને ફરીને પગે

લાગીને બોલી કે—ઓ ભાઇ, આજથી એક વરસ લગી મારા ભરથારની શોધ કરવાને મને વરદાંન લેવાની રજા આપ. એટલામાં જો તે મલે તો, મેહરબાંની કરી મને તેને હવાલે કરજે; પણ જો કદાપી તે નહીજ મલી આવે તો પછી તું મને ગમે તો બેહેન દાખલનું માન આપજે, અગર તારૂં દીલ ચાહે તો તારી ચાકરડી તરીકે ગણજે. પણ એક વરશ સુધી વરદાંન લેવા દેશે તો તારી બહુજ મેહબાંની થશે.

ઇમામખાંએ વીચાર કીધો કે, હવે એ જવાની કાંહાં છે. માટે ભલાઇ લેવા ખાતર બોલીઓ કે, બાઇ ઠીકજ છે, તમોએ સુખેથી વરદાંન લેવું. તેમાં મને તો જરાએ અડચણ નથી.

એ પછી ઇમામખાં પારવતીને પોતાને ઘેર લઇ ગએઓ, અને પોતાની બાએડી તો શું પણ એક ગોલાંમડી કરતાંબી હલકા મરતબાથી તેને પોતાની સાથે રાખી, જેથી પારવતી પોતાના મન સાથે આપઘાટ કરી મરવાના વીચારમાં બેઠી હતી, કેમકે ઇમામ-ખાંએ જુલમથી એક તરફથી પોતાનું ખાંનું પીનું આપીને, તેને પોતાના ધરમમાં વતલાવી. અને બીજી તરફથી તેનું પતીવરતાપણું લુટી લીધું. અફશોસ! બીચારી પારવતીએ ઇમામખાંથી પોતાનો છુટકારો કરવા માટે છુપી રીતે વીખ ખાધું; પણ તેમાં તે બી-ચારી ભોલી અસતરી નીશફલ થઇ. રાતની વેલાએ, એક દીવસે તેણે "વીખ" ખાધું તો ખરૂં, પણ બાર વાગતાં સુધી તેને જે મોટી અકલામન થઇ તે ખમી શકી નહી. અને તે તાસવીસ જોઇને ઇમામખાં ચેતી ગએઓ. ઇમામખાંએ પુછપરછ કીધાથી પારવતીએ વાત તો બહુજ રીતે ઉડાવી; પણ ઉલટ પાલટ પુછવામાં તે બીચારી પકડાઇ ગઇ. અને તે ઉપરથી તુરતજ વઇદને બોલાવીઆથી તેણે પારવતીનું વીખ વાલી નાંખીઉં. આ બનાવથી પારવતી બીચારી તરણ ઘણી દુઃખી થઇ. એક તો પોતાનો ભરથાર ખોહવાનો વીલાપ, બીજું તો પોતીકા બાપીકા ધરમથી ફેરવાઇ, અને તરીજું એ કે જેમ તેણે પોતાનું "પતીવરતાપણું" ખોહીઉં તેમજ તેણે મરવા માટે લીધેલી ટક તેનાં હાથ મધેથી જતી રેહી. આ છેલ્લા બનાવથી તે બીચારી બેવડી ફસી. એક તો એ કે ઘેર અને ગાંમમાં "વીખ" ખાવા બાબે હોહા થઇ, અને બીજું એકે ઇમામખાં સાવધ થએઆથી ફરીને બીજીવાર એવી ટક તેનાં હાથ-માં આવવી મુશકેલ થઇ પડી.

એ પછી પારવતી ગરભવંતી થઇ અને એક બાલક છોડીને જનમ આપીઓ. આ છોડી પોતાની માંનાં કરતાં પણ ઘણીજ ખુબસુરત હતી. અને જેમ એક બાલક દર માસે ઉધરે તેમ તે છોડી દર દીવસે ઉછરવા લાગી. આ છોડીનું નામ ઇમામખાંએ આંદબી કરીને રાખીઉં અને જારે તે ઉધરીને દશ વરશની વએ પુગી તારે ગોએઆ જાણે બાર કે ચઉદ વરશની ઉમરના સરખો તેનો દેખાવ થએઓ. આંદબીનો ખુશનુમા દેખાવ ઇમામખાં જોઇ નહી શકીઓ. અને એક રાતરે તે પાપીએ તે છોડીનાં પતીવરતાપણાનો ભંગ કીધો; જેથી પારવતી ઘણીજ જહનુનમાં આવી બોલી કે, ઓ કુફર! તું આ તે કેવાં કાંમો કરેછે? શું લોક લાજની પણ તુંને ચીંતા નથી જે આવાં મહા પાપી કરમ કરવાનેબી લજવાતો નથી? દુનીઆનાં લોક જો જાણશે તો તારો ઉપર બહુજ ફીટકાર નાંખશે, માંટે હવે એને જલદીથી ભરથાર કરાવ, અને તુરત તેને સવાધીન કરી દે.

ઇમામાંખએ પારવતીને જણાવીઉં કે જાંહાં સુધી તું અને આંદબી દુનીઆના લોકો આગલ બોલશે નહી તાંહાં લગે તેઓ કાંહાંથી જાણવાના? પારવતીએ જવાબ દીધો કે, અગરજો હવે પછી એ કાંમથી તું હાથ નહીજ ઉઠાવશે તો, હું સરવે લોકો આગલ સઘલું બોલલું કરશ, જેથી તુંને સારૂં લાગશે નહી, અને ધંધા ધાપાથી ઉખડી જશે. ઇમામખાં પાછો નહીજ હટીઓ, અને પોતાનું બુરૂં કાંમ જારે ફરીથી કીધું તારે, પારવતી આંદબીને લેઇ પોતાની નરણને ઘેર ગઇ, અને સઘલી બીના તેને જણાવી રડી પડીને બોલી કે હવેથી એ બાલકીને તમારી નજર આગલજ રેહવા દેજો. એટલું કહી આંદબીને તેની ફુઇને સવાધીન કરી પાછી ઘેર આવી.

ઇમામખાંને તેની બેહને બોલાવીઆથી તે તુને ઘેર ગએઓ, અને પારવતીએ કીધેલી સઘલી ફરીઆદ, જે તેની આગલ તેની બેહને કીધી તે મુંગે મોહડે બેસીને સાંભલી લીધી. તેની બેહન સઘલું બોલી રહેઆ પછી ઇમાંમખાંએ આંદબીને એક છુપી જગાએ લેઇ જઇ શીખવી કે જેમ હું શીખવું તેમજ તારી ફુઇ આગલ બોલશે તો હું તુંને ઘણેજ સારે ઠેકાણે પરણાવી મોકલી દેવશ, જેથી તું જનમ સુધી સુખી થશે. પણ જો ખરી વાત બોલી દેશે ત જેમ તારી માંના હાલ છે તેથી પણ વધારે બુરા તારા હાલ કરીશ.

આ ધમકીથી ચાંદબી બીહી, અને કહીઉં કે ઓ પીતા! મારા તો બાવંદબી તું અને પીતા પણ તું. જેમ તું કેહશે તેમજ હું બોલશ. પણ હવેથી મારી અને મારી મા ઉપર તું મેહરબાંની રાખે તો સારૂં. આ વાત ઇમામબાંએ કબુલ રાખી, અને ચાંદબીને વચન આપીઓ કે હવેથી હું સારી ચાલથી ચાલશ. એ ઉપરથી ચાંદબીએ તેના વચન ઉપર પુર વીશવાશ રાખીઓ, અને પોતાની ફુઇ આગલ પોતાનીજ માને વાંક, જેમ તેના બાપે શીખવી હતી તેમ કાહાડીઓ, કે માંએ જે મીતર રાખેલા છે તે મારા બાપની ગેરહાજરીમાં ઘરમાં આવે છે અને જારે મેં મારી માને એવે બુરે મારગે ચાલવાથી મના કીધી, અને જો ત નહી સહમજે તો મારા બાપ આગલ સઘલું બોલવું કરવાને ધમકી આપી. આ ઉપરથી મારી માએ પોતાના મીતર પાસે જોરજુલમથી મારૂ પતીવરતાપણું લુટાવીઉં, અને જોં ત પરમાણે નહી કરૂં તો એક મોટી છરી જે મારૂં ખુન કરવાને મારી આગલ રાખેલો હતી તેની ધાસતી આપી, જેથી મારી માના મીતરને હું તાબે થઇ હતી, અને હજુર પણ છેઉં. આ વાતની મારા બાપને ખબર પડીઆથી ત ઘણોજ ગુસ્સામાં આવીઓ, અને મને મારી નાખવાની પેરવી કીધી, જેના ઘભરાતને લીધે મારી મા તમારી પાસે લાવી છે. એ સઘલી વાત જે દીને મારી મા મને તમારે ઘર લાવી તેજ દીને મારી માનાં મોહડાં ઉપર કેહવાની હતી; પણ મારી માએ જે છરી મને દેખાડી છે તેનેથી મને મારી નાખે, તેની ધાસતીથી ત વેલાએ હું બોલી હવી નહી.

આ ઉપરથી ઇમામખાંની બેહેન પારવતી ઉપર ગુસ્સે થઇ, અને ચાંદબીને કહીઉં કે તું તારા બાપની સાથે એને ઘર જા, હું એને સહમજાઉં છું તેથી તુંને મારી નહી નાખશે, અને તારી માને કેહજે કે હવેથી મારી સીડી ઉપર તારે ચહડવું નહી. ચાંદબીનો હાથ પકડી ઇમામખાં પોતાની સાથે પોતાને ઘેર લેઇ ગએઓ. અને રસતામાં ચાલતાં ચાંદબીને જણાવીઉં કે—ઓ બેટી! **ધી ખાના શકરસે, ઓર દુનીઆ ખાના મકરસે.** દેખ, એ કામમાં મેરી કુછ તકસીર નીકલી; સબ કાંમમેં તેરી માજ ફીકી પડી.

# ધાઓ ધાઓ; ને કરમમાં હોએ તેજ પાઓ.

અમદનગર મધે સરદારખાં નામનો એક સોદાગર રેહતો હતો, અને તે એક બાલક સાથે મોટી દોલત ધરાવતો હતો. જો કે સરદારખાં દોલતમંદ હતો, તો પણ તેને પોતાના પુતરને સારી રીતની કેલવણી આપી હતી; તેમજ તેણે પોતાના પુતરને જવાનીઆઓ સાથે નહી, પણ પાકી વએના અને અછી અજમાએશ અને અનુભવવાલા પુરૂશોનો સંગ આપીઓ હતો, જેથી જવાંનીઆઓ મધેથી કેટલાએકો બલાપો રાખતા હતા. એક વેલાએ સોદાગર સરદારખાં આજારી પડીઓ, અને જો કે તેણે દવા પાણી લેવા માંડીઉં હતું, તો પણ તેની તનદરોસતી દન પર દન બીગડતી જતી હતી. એ ઉપરથી તેણે પોતાની જીંદગીની આશા છોડી અને પોતાન દીકરા ગુલજારખાં અને તેની વહુ ચાંદબીને પોતાની આગલ બેસાડીઆં, અને પોતાના ઘરડા મીતરો મધેથી ઘણાજ ડાહેઆ, શીઆણાં, અનુભવી, અને અજમાએશવાલા ઇમામખાં નામના એક મીતરને પોતાની પાસે બોલાવીઓ. સરદારખાંનો છોકરો ગુલજારખાં પુરતી રીતે જો કે સહમજનવાલો હતો, તોપણ તેણે પોતાના પુતરનો હાથ લેઇને ઇમામખાંના હાથમાં આપીઓ, અને ઇમામખાંને જણાવીઉં કે ભાઈ, તમોએ એવુંજ સહમજવું કે, આ મારૂં બાલક તથા ધન માલ જે છે તે તમારૂંજ છે. તમોએ મારાજ ઘરમાં રેહીને એ સઘલાંનો સંભાલ કરવો, અને વહુ તથા દીકરાને જણાવીઉં કે, હવેથી મારી જગાએ ઇમામખાંને સહમજવો, અને જેમ તમે મારી નસીહતને માન આપો છો તેમ હવેથી ઇમામખાંને આપવું, અને ધરમના દરેક ફરમાનને જે માન ઘટતું હોએ તે પુરતી રીતે જાલવવું, મહમદી ધરમ મધે કેફી વસતુ, રંડીબાજી, જુગાર, અને વીઆજ ખાવું, અને તે વગેરે બછનોથી પરહેજ રેહવાનો જે હોકમ, તેને સરદારખાં હંમેશ માન આપતો હતો.

એક દીવસે બામદાદની વેલાએ સરદારખાંએ પોતાનો પીઆરો પરાંણ પોતાના પેદા કરનારને હવાલે કીધો, અને સઘલી માલ મોલકત તથા પુતર અને વહુ ઇમામખાંને સવાધીન કીધું, જે ઉપરથી મોટી ધામધુમ સહીત તેનો જનાજો કાહડીને તેને જુમીદા કરવામાં

આવીઓ; અને ધરમ સંબંધી જે કીરીઆ કરવાનું ફરમાન હતું તે સઘલું બજાવવામાં આવીઉં; પણ ગુલજારખાંએ પોતાના બાપના મરણને લીધે પોતાના મનમાં ગમ પકડીઓ, અને ઇમામખાંની સાથેજ ફરવા હરવા લાગો. નીતરોજ આખા દીવસ સુધી પોતાના ઘરમાં બેસીને વેપાર વનજને લગતું, તથા ઘેરગતું કામકાજ કરતો હતો, પણ સાંહાંજની વેલાએ ઇમામખાંના હોકમથી તેની સાથે પોતાના બાપના ઘરડા મીતરોની મંડલીમાં જઇ બેસતો હતો. પણ પોતાના બાપના ગમને લીધે કોઇનીબી સાથે વાતચીત કે હસ બોલ કરતો નહી હતો. એવી રીતે એક વરસ ગુજરી ગએઉં અને તે અરસામાં ઇમામખાં, અને તેના ઘરડા મીતરોએ ઘણાબી ઉપાએ કરી, તેના મન મધેનો ગમ દુર કરવાની પેરવી કીધી, પણ ગુલજારખાં તે ભુલી નહી ગએઓ. જેથી અંતે તેને ગમનું દરદ પેદા થઇઉં, અને ખાટના ઉપર પડીઓ. આ વાત શેહેર મધેના તેના તથા તેના બાપના પીછાંણવાલા લોકોમાં જાહેર થઇ, અને તે ઉપરથી ઘણા લોકો તેની આગલ આવવા લાગા. આ ટકનો લાભ લેઇને તેની મકતબ માંહેલા બે તરણ છોકરાઓ, જેઓ તેનીજ ઉમરના હતા અને જેઓ ગુલજારખાંના હાથમાં તેના બાપની મોટી દોલત આવીઆ છતાં, તે કોઇબી જવાનીઆઓને પોતાની સાથે ફેરવતો કે ગમત રમત કરાવતો નહી હતો, તેના બલાપામાં ગીરફતાર હતા, તેઓ વારે ઘડીએ ગુલજારખાંની આગલ આવજાવ કરવા લાગીઆ, અને ઢોંગ ધતુરાની વાતો કરી ગુલજારખાંનું મન રીજવવા લાગા, જેથી તે ધીમે ધીમે પોતાના બાપના મરણનો ગમ વીસરતો ગએઓ. જેથી તેની તંદરોસતીમાં વધારો થવા લાગો. કેટલાએક દીવસો ગુજરીઆ પછી ગુલજારખાં સારી શકતી ધરાવવા લાગો, અને તે ઉપરથી તેના તબીબે તેને બાડી મધે બાહેર ફરવા હરવાની તેને રજા આપી. આ વેલાએ ગુલજારખાંના જવાન મીતરોએ ઇમામખાંને એલતેમાસ કીધી કે જો તમારો હોકમ હોએ તો, અમો થોડા દીવસ અમારી સાથે ગુલજારખાંને ફરવા લેઇ જઇએ. એ ઉપરથી સરદારખાંના ઘરડા મીતરોએ વીચાર કીધો કે, એ લોકોની સાથે એનું મન મેલાએઆથી એને તંદરોસતી આવી છે; માટે થોડા દીવસ એને એઓ સાથે ફરવા દેવો, અને તે ઉપરથી તેઓએ ગુલજારખાંને ભલામન કીધી કે જો તમારી મરજી હોએ તો થોડા દીવસ લગી એઓની મંડલીમાં

ફરહર કરવું. પરથમ ગુલજારખાંએ ના પાડી; પણ પેલા જવાનીઆઓએ ઉલટ પાલટ સહમજાવીઆથી કબુલ થએઓ, અને તે દીવસે. ગાડી મધે બેશી તેઓની સાથે ફરવા ગએઓ. આ ઉપરથી જવાનીઆઓને ખુશી ઉપજી, અને ચાહીઉં કે હવે આપણા હાથમાં શીકાર આવીઓ છે, માંટે તેનો મજબુતાઇથી સંભાલ કરવો. એવા વીચારથી તેઓએ તેને થોડા દીવસ સુધી નીતી ભરેલે મારગે ફેરવીઓ. અને સારાં સારાં પકવાનો બનાવી ખાવા લાગા. પાછલથી તેઓએ તેને બીગાડવાની પેરવી કીધી, અને એક દીવસે ઘણોજ ખુશનુમાં "શરાબ" મંગાવીઓ. આ શરાબ સઘલાઓએ પીધો, પણ ગુલજારખાંએ તે પીવાને સાફ ના પાડી. એ ઉપરથી તેના મીતરો ફરેબ રમીઆ, અને આગમજથી કીધેલી તઇઆરી પરમાણે, એક ઘણોજ ઘરડો પુરૂશ જાંણે ભીખ માંગવાને નીકલીઓ હોએ તેમ, પેલા જવાનીઆઓની મીજલસ આગલ જઇ ઉભો. એક તરફથી ગુલજારખાં શરાબ પીવાને ના પાડે છે, અને બીજી તરફથી તેનાં મીતરો તેને ઉલટ પાલટ સહમજાવે છે. તે જોઇને પેલો ઘરડો ફકીર બોલીઓ કે, બાવા સોદાગર! શરાબ પીવો પાદશાહ અને સોદગર લોકોને રવા છે; પણ તે માફકસરજ પીવો જોઇએ કે જેથી ખુશ કેફ સાથે રેહે છે, અને વલી તેથી તંદરોસતી સુધરે છે, માંટે મોહતાજ પરમાણે, અને જેટલો ખમી શકાએ એટલો પીવાથી કશીબી રીતે ખરાબી કરવાનો નથી. પેલો ઘરડો ફકીર જે સતીઆતાનો સાએઓ પેહરીને તાંહાં ગએઓ હતો તેણે આએ બાબતમાં કેટલાએક દાખલાઓ આપીઆથી બીચારો ગુલજારખાં તેના ફરેબમાં ફસી ગએઓ, અને એક ગલાસ ભરીને પરથમ જરા નોશ કીધો, અને તે ઘણો લેહજતદાર માલમ પડીઆથી, આખું ગલાસ પીઇ ગએઓ. અને એમ કરતાં તે તેને મોહડે લાગાથી, દીનપર દીન તેમાં વધારો થતો ચાલીઓ, જેની કેફ અને લેહજતનાં લોભમાં બીચારો ગુલજારખાં રાતનાં ઘણે મોડેથી ઘેર જવા લાગીઓ. એ ઉપરથી તેની બાએડી ચાંદબી અને ઇમામખાંને વીચાર પેદા થએઓ કે, રખેને કોઇ ખરાબ લછનમાં ફસી જાએ. એવા વીચારથી એક દીને રાતે ઇમામખાં તાંહાં છુપી રીતે જઇ પુગો, અને જોએ છે તો, ગુલજારખાં શરાબ પીતો હતો. આ ઉપરથી તેને સહમજાવીને ઘેર લઇ ગએઓ. અને રસતા મધે શરાબ નહી પીવાને માંટે કેટલાએક સારી સહમજ આપી.

તેને ધરમ સંબંધી દાખલાઓ તેની આગલ કેહી સંભલાવીઆ. આ ઉપુરથી ગુલજારખાંએ ઇમામખાંને કબુલાત આપી કે, તમારી એ શીખામણ હું કબુલ રાખું છું, પણ તમોએ પણ મારો એક સખુન કબુલ રાખવો અને એ બીના ચાંદબીની આગલ નહી કેહી જે વાત ઇમામખાંએ કબુલ રાખી.

ઇમામખાંએ તો ચાંદબી આગલ પોતાની કબુલાત મુજબ વાત નહી કીધી, પણ મીઆં ગુલજારખાં જારે પોતાના જવાન મીતરોની મંડલીમાં બીજે દીને ગએઆ તારે, પરથમ દારૂ પીવાને ના પાડી; પણ તેના મીતરોએ ફરીને ઉલટ પાલટ સહમજાવી-આથી, તેને મોહડે લાગેલી વસતુ તેણે છોડી નહી. અને વલી પાછો પીવાને શરૂ કીધો. એવી હાલતમાં ઘણા દીવસ ગુજરીઆ, અને શરાબે જારે ગુલજારખાં ઉપર પુરતી અસર કીધી તારે, તેના જવાન મીતરો એક દીવસે તેને મુજરો જોવા માંટે એક રામશ-ગરને તાંહાં જવાની ભલામણ કીધી. જો કે ગુલજારખાં શરાબમાં મસત થએઓ હતો; તોપણ તેણે વીચાર કીધો કે એક લછન લાગાથી ઇમામખાં દલગીર થએઓ છે, તેમાં વલી બીજું લછન લાગશે તો વધારે દલગીર થશે.

બીજે દીને તેનાં મીતરોએ વલી જુદી ઇઉકતી શોધી કાહડી, અને જલદીથી જમીઆ પછી, તઇઆર રાખેલી એક રાંમશગરને ગાવા માંટે પોતાનો મંડલીમાં બોલાવી. આ દેખાવ જોઇને ગુલ-જારખાંએ વાંધો લીધો, અને જો તેઓ તેમ કરે તો, તાંહાંથી ઉઠી જવાને તઇઆરી જણાવી, પણ એટલામાં વલી એક ઘરડો પુરૂશ તે મુજરો સાંભલવાને બાંહને તાંહાં આવીઓ, અને પેલા જવા-નીઆઓને પુછે છે કે, ભાઇઓ, જો તમારો ખુશી હોએ તો, આ રામશગરનું ગાએન સાંભલવાને તાંહાં તે બેસે. જવાનીઆઓ બોલીઆ કે, અમારો સોદાગર મીતર ગાએન કરાવવાને વાંધો લીએ છે, તારે એની મરજીની ઉપરાંત, અમો કેહી રીતથી ગાનું કરાવી શકીએ. એ ઉપરથી તે ઘરડા પુરૂશે ગુલજારખાંને તેનું કા-રણ પુછીઉં, અને તે જાણવા પછી ઘણા દાખલા આપી બોલીઓ કે, સારાં ગાએનને સાંભલવાથી કાંઇ નીતીનો બીગાડો થતો નથી, પણ અલબતે ખરાબ ગાએનથી માનસને તેવી અસર થાએ છે. સાહેબ! ગાએન તો, માનસને બોર અકલ અને નીતીમાન કરેછે. અને હું પણ આ સારી ગાવાવાલી જાંણીને એનું ગાએનુ

સાંભળવાને અતરે આવીઓ છું. એ ઉપરથી ગુલજારખાંનું દીલ પીગલીઉં. અને તે સહમજીઓ કે આ બુજોરગ મરદ જારે સાંભળવાને આવીઓ છે, તારે એમાં સારીજ મતલબ હોવી જોઇએ.

એ ઉપરથી પેલી રાંમશગરે પોતાનું ગાએન શરૂ કીધું, અને તરેહ તરેહનાં સરોદો તથા નાજ અને નખરાંથી ગુલજારખાંનું દીલ ખુશ કીધું, જેથી હસતે મોહડે તે પોતાને ઘેર ગએઓ. બીજે દીને પેલી રાંમશગરે પાછલથી જીવ લલચાવનારૂં એક ગાએન એવું તો ચલાવીઉ કે ગુલજારખાં તેનું સેવટ કેવું આવે છે તે જાણવાને વધારે વખત બેઠી રહેઓ. પેલી ગમથી રાહ જોઇને ઇમામખાંએ ચાંદબી આગલ ગુલજારખાં શરાબ પીએ છે, એવી વાત કીધી, જે ઉપરથી તે અધીરી પડી, અને ઇમામખાંની સાથે ગાડીમાં બેસી ગુલજારખાંની મંડલીમાં ગઇ, અને જોએ છે તો તે તો ગાએનની રમત અને ગમતમાં બેઠેલો છે, આ વેલાએ મતલબ કાહાડવાથકી ચાંદબીએ ગુલજારખાંને જણાવીઉં કે રાત ઘણી ગેઇ, હવે ઘેર આવો તો સારૂં. જે ઉપરથી ગુલજારખાં તુરત ઉઠીને તેની સાથે ઘેર ગએઓ. આ રાતનાં ચાંદબી અને ઇમામખાંએ ગુલજારખાંને ઘણી શીખાંમણ દીધી, અને જણાવીઉં કે એ બંધે લછનો તુંને ખરાબ કરનારાં છે, માટે જો તું જલદીથી છોડી નહી દેશે તો તારો હાલ ઘણોજ ખરાબ થશે. જાંહાં સુધી તારી પાસે પઇસા છે તાંહાં સુધી ગમત રમત કરવા થકી આ સઘલા તારા દોસતો છે; પણ પઇસા પુરા થએઆ કે એઓ તારી નજદીક પણ આવવાના નથી; માટે તારે એ મંડલીને જલદીથી તજીને પાછી આગલી મંડલીની સંગત પકડવી જોઇએ. ગુલજારખાંએ પોતાની મોહરદારને વચન આપીઓ કે હવેથી એ બંધે ઇલ્લત હું છોડી દેવશ, પણ તું મને એ મંડલીમાં જવા દે, કાંએકે મારૂં દીલ તાંહાં ખુશી રહે છે. ચાંદબીએ વીચાર કીધો કે જારે એ લછનો છોડવાની તે કબુલાત આપે છે તારે થોડા દીવસ તપાસી જોઇએ. એવું ધારી બીજે દીને તેને પાછો મંડલીમાં જવા દીધો. મંડલીમાં ગએઆ પછી તેણે શરાબ પીવા તથા ગાએન સાંભલવાને પોતાના મીતરોને ના પાડી અને પોતાની મોહરદારે દીધેલી સારી શીખામણની સઘલી વાત પોતાના મીતરો આગલ કેહી. જવાનીઆઓએ જોઇઉં કે, આ બાઇડી અને બુઢો પુરૂષ કોઇ પણ દહાડે ગુલજારખાંને તેઓની ચુંગાલમાંથી છટકાવશે તો

પછી સઘલી રમુજ ખોહી બેસવી પડશે. અને તે ઉપરથી તેઓએ એક ઇઉકતી શોધી કાહડી, અને કોઇ કારણસર પેલો બુઢો પુરૂશ, જે બુજોરગીનો જભો પેહરી પેલી રામશગરનું ગાએન સાંભલવાને તાંહાં બેસતો હતો તેને ગુલજારખાં પાસે ચીઠી લખાવી આપી, રૂપીઆ મંગાવવાને બાંહને ગુલજારખાંને ઘેર મોકલીઓ.

ઘરડાએ આવી ગુલજારખાંને એવું તો ઘેલું લગાડીઉં કે તેની વાત સાંભલીને ગુલજારખાંનું ચીત ફરી ગએઉં. ઘરડો મંડલીમાં આવીઓ, અને ગુલજારખાંને રૂપીઆ આપવાને બાંહને એક બાજુએ લેઇ ગએઓ, અને હલુસેથી કહીઉં કે તમારા ઘેર મધેનો દેખાવ જોઇને તે અંતીઅંત દીલગીર થએઓ છે, અને હવે ફરીને મને ઘેર મોકલવાને મેહરબાંની કરીને માફ કરવું. આ સખુનો સાંભલતાંજ, ગુલજારખાં ઘભરાટમાં પડીઓ, અને કાલાવાલા કરીને પેલા ઘરડાએ શું જોઇઉં, તે તેને પુછવા લાગો; પણ ઘરડાએ એવાં મકર લગાવીઆં કે—સાહેબ, એ વાત મારે મોહડેથી બોલતાંજ મને બહુ લાજ આવે છે, માંટે એ બનાવ તમોએ પોતેજ છુપી રીતે નજરે નજર જોવો જોઇએ કે, જેથી તમારી પુરી અને પકી ખાતરી થશે. મારૂં કહેલું સાંભલી તમો કાંઇ અમલ કરશો તો, પાછલથી તમારા મનમાં તે બાબે વસવસો રહી જશે, કે ઘરડાએ ખરૂંજ કહીઉં છે કે કાંઇ મતલબ સાંધી છે. ગુલજારખાં ઘણોજ વીચારમાં પડીઓ, એટલામાં તેનો એક મીતર તેને બોલાવવાને બાંહને તાંહાં ગએઓ અને તેને ઉદાસ જોઇ પુછપરછ કરવા લાગો; જે ઉપરથી ગુલજારખાંએ પેલા ઘરડાની વાત તેની આગલ કહી. એ ઉપરથી પેલા મીતરે ઘરડાને કહીઉં કે તમો અમારી મંડલીમાં એક બુજોરગ દાખલ આવેલા શું કામનાં? અલબતે અમો જવાંનોને સારી સલાહ અને શીખામણ આપવાની તમારી ફરજ છે, અને તે ફરજ જો તમો અદા નહી કરો, અને અમારે હાથે કાંઇબી આડું કાંમ થાએ તો તે ગુનાહ તમારે માથે રેહેવો જોઇએ, નહીતો તમો એ ભેદની વાત ખુલલી કરીને સહમજાવો. અને હવેથી કેમ કરવું તેની સલાહ આપો.

ઘરડાએ જણાવીઉં કે જે બુજોરગ મરદ ગુલજારખાંનાં ઘરમાં છે, તેને માલ ઉપર ચાંદબી સાથે ખરાબ રમુજ અને એકબીજાનો સંગ કરતાં તેણે નજરે નજર જોઇઉં, અને તે બુજોરગે ચાંદબી સાથે જે વાત કીધી તેનો સાર એવો હતો કે

ગુલજારખાં જારે તાંહાં રમત ગમત કરે, તારે તું તારો વખત શા માટે બલાપામાં કહાડે છે? તારૂં દીલ નીતરોજ હું રીજવુંચ કે નહી? આ સખુન સાંભલતાંજ ગુલજારખાં બેચેન થએઓ, અને અર્થારો પડીને પેલા ધરડાને પુછવા લાગો કે—મેહરબાન બુઝોરગ સાહેબ! હવે મારે કેવો મારગ પકડવો જોઇએ, તે બાબે મને તમો સારી સલાહ આપો કે હું તે મારગ ઉપર ચાલું. ધરડાએ ધાંણુ વાલીઓ, અને બોલીઓ કે ચાંદબી ગોએઆ એક એહું પાતરૂં થઇઉં, માંટે તે પાતરાં માહેલું ખાનું ખાવું એક સોદાગર બચાને લાજમ નથી. પોતાના જરનાં જોરથી જેવી માંગે તેવી બાએડી આવશે, માંટે ચાંદબીને તલાક આપવી, અને પેલા બુજોરગને ઘરની બાહેર કાહડી મેલવો. આ વાત સાંભલીને ગુલજારખાંના પેલા મીતરે જોઇઉં કે ધરડાએ ધાણુ તો થીકજ વાલીઓ છે, એવું વીચારી તેણે પણ તેને ટેકો આપીઓ, અને બોલીઓ કે, એ સલાહ મને પણ વાજબી લાગે છે. આપણી રામશગરની દીકરી, જે અતીધણી ખુબસુરતી ધરાવે છે તે હવડાં સુધી કુમારી છે, અને કેથે પણ ગાએન કરવા કે સાંભલવાને ગઇ નથી. માંટે જો ગુલજારખાંની મરજી હોએ તો, આજે તેને અતરે બોલાવીને તેનો ખુબસુરતી દેખાડું. ગુલજારખાં ખરેખરો ઉતાવલનાં ફરેબમાં ફસીઓ, અને બોલીઓ કે, તારે હવે તમોએ કશીબી રીતની ઢીલ કરવી નહી. એ ઉપરથી એક જન ગાડી મારતો પેલી રાંમશગરની દીકરીને બોલાવી લાવીઓ, જેને જોતાંજ ગુલજારખાંનું દીલ ઉછરી આવીઉં, અને તેની સાથે વાત કરવા થકી બીજા ઓરડામાં તેને લઇ ગએઓ. પેલી છોકરીને આગમજથી ભણાવી મેલેલી હતી તેથી તેણે ગુલજારખાંને કશોબી ઉતર દીધો નહીં અને બોલી કે—સરવેથી પેહલાં તમારી માલમતા અને દોલત મને લખી આપવી, અને તે પછી હું જોઉં કે તમારી મતા મારી મરજી પરમાણે છે કે નહી, તારેજ હું તમારી સાથે વાતચીત કરીશ.

આ વેલાએ ગુલજારખાં ગોએઆ આંખે આંધલોજ થઇ પડીઓ, અને પોતાની સઘલી મતા તથા મીલકતનો હક પેલીને લખી આપીઓ; જે દસતાવેજ લઇને પેલીએ ગુલજારખાંની સઘલી વાત કબુલ કીધી અને તેની સાથેજ તેને ઘેર ગઇ. ચાંદબી અને ધમામખાં આ દેખાવ જોઇ અજાએબીમાં પડીઆં, અને તે વાતનો ભેદ શું છે, એવું પુછવાને જાએ એટલામાં તો ગુલજારખાંએ

હોકમ કીધો કે ચાંદબીને મેં તલાક આપી છે અને ઇમામખા મારા ઘરમાં જોઇતો નથી, માંટે બંધે જને હવડાંને હવડાં ઘર છોડીને નીકલી જવું, નહી તો સરકારના માનસો પાસે બેહોરમત કરીને બુંધેને બાહેર કહડાવીઆમાં આવશે.

ચાંદબી એ ભેદને પાંમી ગઇ, જેથી છુપી રીતે જે હાથમાં આવીઉં તે લેઇને તાંહાંથી નીકલી પડી. ઇમાંમખાં પોતાના ઘરમાં ગએઓ અને ચાંદબીને પણ સાથે બોલાવી; પણ તે ગઇ નહીં અને એક માંનસ જેની ઉપર તેનો વીશવાશ હતો તેને સાથે લેઇ શેહરની બાહેરનાં એક ગાંમમાં જઇ રહી.

રાત ગુજરી ગઇ, અને સહવાર જીવતી થઇ અને ગુલજારખાં પેલી રામશગરની છોકરી સાથે નાંજ નખરાં કરવા જતો હતો, એવામાં તેણે પેલું લખત, જે તેની પાસેથી લખાવી લીધું હતું તે બતલાવીઉં અને બોલી કે હવે તમોએ મારૂં ઘેર છોડીને બીજા મકાનમાં જઇ રહેવું. જારે મારી ખુશી પડશે તારે હું તમોને બોલાવીશ. મારા હોકમ વગર તમોએ મારા ઘેરમાં પગ મેલવો નહી. આ ઉપરથી ગુલજારખાંની શુધ ઠેકાંણે આવી. તેણે પોતાને હાથે શું કીધું તેનો વીચાર પાછલથી કરવા બેઠો, અને દોસત તથા મીતરોને પોતાની મદદે બોલાવીઆ, પણ કોઇથી તેની આગલ ફટકીઉં નહી. જેથી નાચાર થઇને આખે દોલતમંદ મરદ ખાલી હાથે પોતાની માલમીલકત અને મેહલ મધેથી હાએ અને અફશોસ કરતો બાહેર નીકલીઓ.

આ ખબર ચાંદબીને થઇ, જેથી તે બીચારી બેવડી બલાપામાં પડી અને તે ઇછતી હતી કે જો તેનો ભરથાર તેની આગલ જાએ તો, તે તેની આગલની પેઠે સઘલી રીતે બરદાસત કરે. એવા વીચારથી ચાંદબીએ એક દીવસે પોતાના ભરથારને બોલાવવાનો વીચાર કીધો હતો. ચાંદબી જારે આ પરમાણે વીચાર કરતી બેઠી હતી તારે ગુલજારખાંનો પેલો જવાન મીતર તેની આગલ પોતાના મકકર લેંગાવવાને ગએઓ કે જો કાંઇ તે પોતાનો મતલબમાં પાર પડે તો, ચાંદબી સરીખી એક પરીજાદી તેની મોહરદાર થાએ. આ મકકરખાંજ મીતરે ચાંદબીની પાસે જવાની આઠ દીવસ આગમજ પેલા બુઢા ઠગારાને ચાંદબીની આગલ મોકલીઓ હતો, અને તેણે ચાંદબી આગલ એવું કહીઉં હતું કે તેનો નેક ભરથાર ગુલજારખાં ઘણો ભુગમરો પડવાને લીધે આ શેહર છોડી

કેથે નીકલી ગએઓ છે; કાંએકે પેલી વેશીઆએ તેનું સઘલું વીત લઇ મેલવા છતાં ખાવાને ટુકડો રોટી પણ આપી નહી. તેમજ પેલા લુછા જવાન મીતરો જેઓની સલાહ પરમાણે ચાલીઆથી બીચારો આવી મુસીબતને પુગો, તે લુછાઓએ પણ તેને કશીએ મદદ કીધી નહી. સારા વખતમાં તે લુછાઓએ એ બીચારાના મુથે મુથે રૂપીઆ લીધા હતા, અને આવા વખતમાં કોઇએ તેને વસતરતો રહીઉં પણ ખાવાનોબી આશરો આપીઓ નહીં. જેથી નાચાર થઇ શેહર તજીને તે નીકલી ગએઓ છે. ચાંદબીએ જવાબ દીધો કે—ઓ બુજોરગ! આ તારી ખબર સાંભલી મને કાંઇ થોડો બલાપો લાગતો નથી; પણ હું શું કરૂં? મધરાતની વેલાએ મને ફકત આંગ મધેનાં કપડાંથીજ ઘેર મધેથી બાહેર કાહાડી મેલી, જેથી મારી ઉપર પણ ખાવા પીવાના ઘણાજ હાલ પડે છે.

પેલો બુઢો ઠગારો પોતાના મકકર ચાંદબી આગલ લડાવીઆ પછી ગુલજારખાંના પેલા જવાન પણ મકકરબાજ મીતરે ચાંદબી આગલ મકકર લગાવીઆં અને આંખ મધેથી નવધાર આંજુ પાડીને બોલીઓ કે, ઓ નેક જાત ચાંદબી! તારો વાહાલો ભરથાર, અને મારો પીઆરો મીતર ગુલજારખાં મરણ પાંમીઓ છે! હવડાંજ મને તો ખબર મલી કે, એના જે લુછા મીતરોએ પેલી વેશીઆ સાથે એને ખરાબ હવસમાં નાંખીઓ, તે વેશીઆએ એની સઘલી મતા લેઇ ઘેર મધેથી પણ કાહાડી મેલીઓ, અને ખાવા પીવાને પણ કાંઇજ નહી આપીઉં, તારે ભુખમરાને લીધે શરમાઇને મારા જેવા કોઇ પણ મીતરને મલીઆ વગરજ અતરેથી નીકલી ગએઓ હતો, અને શેહરથી દુર તીશ માઇલ ઉપર આવેલાં જંગલ મધે ગએઆ રવીવારને દીને તેને વાઘે ખાધો છે!!! ઓ પતીવરતાપણામાં લપેટાએલી ચાંદબી! એ મારો પીઆરો મીતર જો મારી સલાહ પરમાણે ચાલીઓ હતે તો પોતાની સઘલી દોલત ખોહીને આવી મુસીબતને નહીં પોંહચતે; પણ હું શું કરૂં? એ ભાઇએ મારી સલાહ તો કબુલ રાખીજ નહી, અને લુછાઓની મંડલીમાં મોટી હુજતથી દાખલ થઇને મને પણ સાથે લેઇ ગએઓ. જેથી સેવટે પોતાનો પીઆરો જાન ખોહેઓ અને મારા જીગરમાં જુદાઇનો જખમ મારીઓ: જે દીવસે પેલી રાંડ વેશીઆના ફંડમાં એ ભાઇ ફસીઓ તે દીવસે મેં તે કાંમ કરવાથી એને ઘણોજ

ચાલીઓ ; પણ મારૂં નહીં શાંભલીને લુછાઓના કેહવા પરમાણે જારે ચાલીઓ તારે હું એનથી છુટો થએઓ ; કાંએકે જગતનાં લોકો મને રએને બદનામ કરે કે, સાથે ફેરવીને બીગાડીઓ. આ છેલછબીલા મીતરનાં મરણની ખબર સાંભલીઆથી જારે મારાં કાલજામાં કાપ વાહાડ થાએ છે, તારે તમો તેની મોહરદારને કેવું અને કેટલું લાગતું હશે તે હું સારી પેઠે સહમજુ છું. એનેજ માંટે એ ખબર તમારી આગલ લાવવાને હું આંચકો ખાતો હતો, કે જંગલ મધે એ બીચારીને દીલાશો દેનાર કોઈજ નથી, જેથી પોતાના પીઆરા ભરથારની જુદાઈનો વીલાપ અને ગમ એખલી એખલી કરશે તો એને કાંઇ નહી ને કાંઇ દુઃખ પેદા થશે ; પણ, ઓ ચાંદબી! મારા મીતરનાં નામથી જે મને મલશે તે ખરચીને હું તો એનો દાહડો દીસો કરશ.; પણ તે કરવાની તારીબી ફરજ છે, એવું સહમજીનેજ હું નાચારે એ નાખુશ ખબર તુંને આપવા માંટે મોટી દલગીરી સાથે આવીઓ છેઉં.

આ મક્કરબાજની મતલબ ચાંદબી સહમજી ચુકી, અને તે ઉપરથી બોલી કે, ભાઇ ! મને વખતસર ખાવાનેબી મલતું નથી, તારે દાહડો દીશો તે હું કાંહાંથી કરૂં ? તમો તેના વાહલા મીતરો તેનો દાહડો દીશો કરોચ, એવું મેં જારે શાંભલીઉં તારે મને ઘણો સંતોષ પેદા થએઓ છેઃ નહી તો મારા પેટમાં બેવડી આગ ઉઠી રેહતે.

પેલા મક્કરબાજ મીતરે જોઇઉં કે ચાંદબી ઘણીજ માંથી અવસથામાં આવી પડેલી છે ; માટે હવે જો હું એને ફુસલાવીશ તો, બચીત પીગલી જશે. એવા વીચારથી તે બોલીઓ કે—ઓ મારા પીઆરા મીતરની મોહરદાર ! હવે તુંને આ વનવાસ છોડી દેવો જોઇએ ; કાંએ કે તારા જીગરમાં લાગેલા કારીજખમને રૂજ લાવવાના ઉપાએ કરનાર તારી આગલ કોઇ નથી ; માંટે મારે ઘેર આવો મારી મોહરદારની સાથે રેહી તારો બાકીનો વખત પુરો કરજે. પરવરદેગાર જે દાલ રોટી મને આપશે તે ઉપર આપણે તે કીરતાર આગલ શોકરાના કરી વખત ગુજારીશું. ચાંદબીએ જવાબ દીધો કે ભાઇ ! તમારા જેવા લાએકીવાલા મીતર દુનીઆમાં ઘણા થોડાજ હશે. મારા ભરથારના સારા વખતમાં તેનું તો તમોએ ભલુંજ ચાહીઉં, પણ વલી મારા માંઠા વખતમાં મારૂં ભલું કરવાને થકી ચાલી ચલાવીને છેક હઇઆં સુધી આવીઆ છેવો ;

પણ એ ભાઈ! મારી સઘલી દોલત ફના થઈ, અને સેવટે જારે મારો ભરથાર પણ ગએઓ તારે, હવે આ જુઠી માએઆવાલી દુનીઆમાં ભુખમરાથી બીહવું શાનું? હવે પછી આ ઠગારી દુનીઆનું સુખ ભોગવવું ખરેખર હરામ છે. માટે તમોએ તો મારી અને મારા ભરથાર ઉપર ઘણીજ મેહરબાંની કીધી છે, જેને વાસતે હું તમારો બહુજ ઉપકાર માનું છું. વાસતે તમોએ મેહરબાંની ભરેલી રીતે જાંહાંથી આવીઆ તાંહાં પાછા જવું, કાંએકે હું મારો બાકીનો વખત ખોદા જેવી રીતે કહડાવશે તેવી રીતે પુરો કરીને તે કીરતારની દરગાહમાં ચાલી જઈશ; કાંએ કે હવે મને સુખ જોવું હરામ છે. એ ઉપરથી પેલા જવાન ઠગારો તાંહાંથી મોટી શરમીંદગી સાથે નાઉમેદ થઈ પાંછો ફરીઓ.

ગુલજારખાંના લુછા મીતરોએ પેલી વેશીઆ સાથે પરથમ એવો કરાર કીધો હતો કે જો ગુલજારખાં આપણા ફાંદામાં ફસે અને તેની દોલત આપણે હાથ આવે તો, સઘલાંઓએ વેહેચી લેવી. તે દોલત લેવાની આશામાં પેલો ઠગારો પેલી વેશીઆને ઘેર ગએઓ, પણ તાંહાં જઇ જોએછે તો તેનું ઘેર તો ખાલી હતું, કાંએકે વેશીઆતો ગુલજારખાંનો મેહલ અને ફરનીચર વેચીને સઘલી નગદી સાથે લેઇ તાહાંથી નીકલી ગઇ હતી. એ ઉપરથી પેલા મીતર તાંહાંથી પણ નીરાશ થઇ પાછો ફરીઓ. ખબર કાહડતાં માલમ પડીઉં કે જારે પેલા ઠગારો મીતર ચાંદબીને ઠગીને લેઇ આવવાની આશામાં શેહેર બાહાર ગએઓ હતો તે ખબર જાણીને પેલા ઠગારા બુઢાએ અને ગુલજારખાંનાં બીજા મીતરોએ પેલી વેશીઆ સાથે મનસુબો કરી પોતાનો ભાગ લાગ ચુકવી લીધો અને વેશીઆ સઘલી મીલકતનો સરખો અરધો ભાગ લેઇને તાંહાંથી નીકલી ગઇ, જે શાંભલવાથી ગુલજારખાંનો જવાન પણ ઠગારો મીતર મોટા પસતાવા સાથે બોલીઓ કે—**ધાઓ ધાઓ, પણ કરમમાં હોએ તેજ પાઓ..**

ચાંદબીને તેના ભરથારની જુદાઇથી જોકે ઘણીજ દલગીરી પૈદા થઈ હતી; તો પણ તે કાંઇ નીરાંતે બેસી રહી નહી હતી; પણ જાંહાંબી તેનો ભરથાર જાએ તાંહાં તેની પાછલ તેણે રેપુ મુકેલા હતા, અને વારેઘડીએ તેની ખબર મેલવતી હતી. પણ તેણે ચલાવેલી માંહી ચાલનો પસતાવો કરેચ કે નહી તે જાણવાનેજ માતરે

ઓઢી રેહી હતી, કાંએકે ચાંદબીને જારે તેના ભરથારે તેનું ઘેર છોડીને નીકલી જવાનો હોકમ કીધો તારે પેલા ઇમાંમખાંએ તેને સારી અને ઉમદા નગદી છુપી રીતે કાહડી આપી હતી. તેમજ રોકડ નાંણું પણ ઠીક આપીઉં હતું કાંએકે, ઇમામખાં પોતે કાંઇ ગરીબ નહી હતો, તેમજ તે સારી એકીનદારી ધરાવતો હતો; જે ઉપરથી તેને ગુલજારખાંની સઘલી હાલતનો પાછલથી સારો ઉપીઓગ કરીને, જારે તે બુરાં લછનમાં પડીઓ તારે, તેમાં મોટો વધારો કરીઓ હતો, જેની ગુલજારખાંને બીલકુલ ખબર નહી હતી; તેમજ ચાંદબી પણ કશુંએ જાણતી નહી હતી.

વખત આગલ ચાલીઆથી ગુલજારખાંની ઉપર વધારે આપડા પડવા લાગી હતી, જેથી તે બીચારો ખોદાની આગલ તોબાહ કરવા લાગો અને બોલીઓ કે સારા, દાહેઆ, પાકો બુધીના અને અજમાએશવાલા મીતરોને પડતા મેલીને જવાન અને પોતાની ઉમરનાં પણ કાચી બુધીના મીતરોને રાખીઆથી આવી હાલતમાં આવવું પડીઉં છે. આ સખુનો તેના સોહબતીઓ જેઓને ચાંદબીએ છુપી રીતે ભોખારી દાખલ તેની પાછલ રાખીઆ હતા, અને જેઓ ખાલી ઢોંગ કરીને જાંણે આસપાસનાં ગામોમાં નીતરોજ ભીખ માંગી લાવીને ગુલજારખાંને પોતાની સાથે ખવાડતા, તેઓએ સાંભલવાથી તે સંદેશા ચાંદબીની ઉપર મોકલીઓ અને ચાંદબીએ જણાવીઆથી પેલા સોબતીઓ એણીગમ પેલીગમ ભટકાવીને સેવટે ચાંદબીનાં ગામમાં લેઇ ગએઆ અને એક દીવસે ગામમાં ફરવાને બાહાંને ચાંદબીના ઘેર આગલ લેઇ ગએઆ, જાંહાં ચાંદબીએ તેને અને તેણે ચાંદબીને ઓલખો. પણ આ વેલાએ ગુલજારખાં ઘણોજ શરમીંદા થાઇ મુંગો ઉભો રહેઓ હતો. ચાંદબીએ તેનું નામ પુછીઉં, જે વેલાએ તેનેથી રડી પડાઇઉં અને તે ઉપરથી તેને ઘેર મધે દાખલ કીધો, અને સારી રીતે બરદાશત કરી સોહજો પોશાક પેહરાવીઓ. ગુલજારખાંએ પોતા ઉપર ગુજરેલી સઘલી બીના ચાંદબી આગલ કહી, અને તેનો જવાબ ચાંદબીએ વાલીઆથી ગુલજારખાંના જવાન મીતરોએ કેહવાં ભએંકાર કાવતરાં કીધાં હતાં તે સઘલું પરકાશી નીકલીઉં!

## ૨૨૨

# મન ચંગા તો કઠરોતમે ગંગા.

અમદાવાદ શેહરમાં મંછારામ નામે એક વાંણીઓ સોદાગર રેહતો હતો. વેપાર વનજથી મંછારામે સારી દોલત એકઠી કરી હતી. મંછારામને નરોતમ નામે એક બાહોશ તથા ચાલાક પુતર હતો, જે સોદાગરી કરવાને પરદેશ ગએઓ હતો. મંછારામની બાએડીનું નામ ગંગા હતું, જે શેઆની અને અકલમંદ ઓરત હતી. ગંગાની વહુનું નામ ચંગા કરીને હતું, તે પણ તેણીના જેવીજ સાહલિસ તથા દાનાવ છોકરી હતી. એક વખતે મંછારામે તીરથે જવાનો કસદ કરીઓ અને પોતાના નામ તથા પઇસા પરમાણે એક મોટો સંઘ જાતરે લઇ જવા તઇઆરી કરવાનો હોકમ આપીઓ. શરાવન માસમાં તીરથે જવા મોટો સંઘ તઇઆર થએઓ, તે વેલા ગંગાએ પોતાની વહુ ચંગાને આ સંગ સાથે જાતરા કરવા સામેલ થવાને ફરમાશ કીધી કે વહુજી ! તીરથ કરશો તો મોટું પુન પરાપત થશે. ચંગા વહુએ જવાબ વાલીઓ જે, શાંભલો સાસુજી ! તમો જાતરા કરવાના પુન બાબે કહો છો, તે વાત ખરી છે; પણ એક તો મારો વહાલો ભરથાર સોદાગરીને કામે સફરે ગએઓ છે. અને તેનાં પરદેશવાસી થવાથી મારા મગજમાં ફીકર ચીંતાએ સદાનો વાસો કરીઓ છે. જીઆરે તે સલાંમત આવી પુગશે તીઆરેજ મને આરામ તથા નચીંતાઈ મલશે. બીજું એ કે અમારે ઘેર બેઠાં ગંગામાઇ છે તે એટલે દુરદરાજ રાહે મારા પીઆરા ખાવંદ વીના હું આવવાને ચાહતી નથી. પતીવરતાપણું તથા એકીન સાબેત છે તો ગંગામાઇ મારી નજર આગલજ હાજર છે. સાસુજીએ ફરીથી વહુને સહમજાવી કે, મારો બેટો સલામત અને તંદરોસત છે, તે બાબે કશી ફીકર રાખવી નહી. તે ચંદરોજમાં આવી તારો મેલાપ કરશે. બીજું એકે, એમ કાંઇ ઘેર બેઠે ગંગામાઇ મલતી નથી. અગર ઘેર બેઠે મલતી હોએ તો મુસાફરીની જંજાલ સાથે હજારો રૂપીઆનો ખરચ કોઇ કરે નહીં. સાસુજીએ ચંગા વહુને ઘણીબી સહમજાવી, પણ ચંગાએ તો એકનો એકજ જવાબ વાલીઓ કે, અમોને તો ઘેર બેઠા ગંગામાઇ ફલે છે, માંટે તમોએ સુખેથી તીરથે જવું.

હું અતરે રેહી ઘેર બારની સંભાલ કરીશ. ચંગાનો મજબુત ઠેડાવ જોઇ ગંગા નાચાર થઇ અને ચંગા વહુને ઘેર સંસારનો વહીવટ સોંપી પોતાના ભરથાર મંછારામ સાથે બેશ કુટુંબીઓનો મોટો સંગ લઇ તીરથે ગઇ. તીરથની જગાએ પોંહચીઆ પછી મોટા તેહવારને દીવસે બામદાદમાં સરવે મરદ ઓરત ગંગા નદીમાં સનાન કરવાને ઉતરીઆં.

એતેફાક એવો બનીઓ કે ગંગાએ પગમાં સુનાંના લંગર પેહડેલાં હતાં, મગર નાહતાં નાંહતાં એક પગ માંહેલું લંગર નીકલી પડીઉં અને પાણીને તલીએ જઇ બેઠું. ઘણીએ ખોલ કરી પણ પાણીમાંથી લંગર હાથ લાગીઉં નહીં. તીરથનું કાંમ પુરૂં થવા પછી સઘલાંઓએ પાછો શેહર તરફનો રસતો લીધો; પણ લંગર ગુમ થવાથી ગંગાનું મન ખાટું થએઉં હતું.

તીરથનાં મોટા તેહવારને દીવસે નદીમાં સનાન કરવાને ગંગા ઉતરી હતી અને સુનાનું લંગર ખોહીઉં હતું. તેજ તીરથને દીને આ તરફ નેક બખત ચંગા પોતાના ઘેર માંહેલા કુવાનું પાણી એક કથોકમાં લાવી, તે પાણી ઉપર ગંગાજલ સરીખું એકીન ધરી આંગ પાક કરવાને નહાવા બેઠી અને પાણીનો કલસીઓ શીરપર ઓટતી કે ગંગામાઇનું નામ જબાંન ઉપર ધરતી. નેક મનશનીની અને પતીવરતાનો ગાંઠ જાલવનારી ભલી ચંગા તરણ કલસીઆ ઓટીઆ પછી જેવો ચોઠી વખત કઠોકમાં બોરવા જાએ છે તો સુનાંનું લંગર હાથ લાગીઉં. જે હુબહુ પોતાની સાસુનાં પગનાં લંગરને મલતું આવતું હતું. નાહી બદન પાક કરીઆ પછી, સાફ સોહોજાં લુગડાં પેહેરી બંદગી કરવા બાદ પેલું લંગર પોતાની કબટમાં મેલીઉં અને ચોકસ ધારીઉં જે આ લંગર મારી સાસુજીનુંજ છે. તીરથ કરી ઘેર આવીઆ પછી ફરીને ગંગાએ પોતાની વહુ ચંગાને જણાંવીઉં કે જાતરે સંઘ લેઇ જાતાં હજારો રૂપીઆનો ખરચ કીધો અને મોટાં પુનનું કાંમ કરી આવીઆં. તમોબી સાંમેલ થતે તો મોટા સવાબ લાગતે. ચતુર ગંગાએ ફરીથી જવાબ વાલીઓ કે, વહાલાં સાસુજી ! અમારે તો ઘેર બેઠાં ગંગામાઇ અમોને ભેટે છે અને તેની સાબેતી જોઇતી હોએ તો અબઘડી તમારી ખાતરી કરી આપું છું. આમ બોલતાંજ તુરત ઉઠી કબટમાં મેલેલું સુનાનું લંગર લાવી સાસુજીનાં હાથમાં

આપીઉં. આ લંગર હાથમાં ધરતાંજ પોતાનું પીછાંણી અજબ થઇ અને પુછવા લાગી જે, દાનાવ વહુજી ! તીરથને દીવસે નદીમાં સનાંન કરતાં મુારા પગ મધેનું આ લંગર પાણીમાં નીસરી પડીઉં હતું, તો તે તમારે હાથ કેમ આવીઉં ? ચતુર ચંગાએ સુાસુને સઘલી કેફીઅતથી વાકેફ કરી, સેવટે દાનાઇનાં સખુનો કહી સંભલાવીઆ કે,— **મન ચંગા તો કઠોકમે ગંગા,**—આથી સરવેની ખાતરી થઇ કે એકીન સાબેત હોએ તો સઘલી તીરથની જગા નજર આગળ મોજુદ છે.

# ૨૨૫

# પાક દામન ખુબસુરત રાણીએ જાલવેલી વફાદારી.

## બદી ઉપર થએલી નેકીની ફતેહ.

સમનગામ શેહેરમાં સબરશાહ નામે પાદશાહ રાજ ચલાવતો હતો, તેના અદલ તથા પવીતર ઇનસાફને લીધે તેની સઘલી પરજા સુખી અને આબાદ રેહી હતી. તેની પાદશાહીનાં દોરમાં ચોર, લુટારા તથા વાટપાડાઓનો બીલકુલ ભએ હતો નહી. એ પાદશાહમાં ઘણાજ ઉમદા ગુણો હતા તેથી તેની ઉપર સઘલી તેની રઇઅત ફીદા થઇ રહી હતી. જેબી કાંમકાજ ઇઆ વાતચીત તે કરતો હતો તેમાં તે ઘણીજ ધીરજ અને સબુરી વાપરતો હતો, તથા ગમગીની અને ખુશાલીનાં વખતમાં એકસરખો રેહતો હતો. સમનગામ શેહેરની આબાદી જોઇ બીજા મુલકોનાં હાકમોને એ શેહેર, પાદશાહ સબરશાહ પાસેથી છીનવી લેવાની હંમેશાં ઇછા થતી હતી. સેવટે એક જુલમગાર રાજાએ આ રલીઆમણાં અને ગુલજાર શેહેરને જીતી લેવાનો ઇરાદો કીધો અને તે ઉપરથી એક ઘણુંજ મોટું લશકર પોતા સાથે લેઇને રાહ કાપતો કાપતો સમનગામ શેહેરની સરહદ ઉપર આવી પોંહચીઓ. પાદશાહ સબરશાહને ખબર થઇ કે એક જબરૂં જોરાવર લશકર તેનાં શેહેર ઉપર ચહડાઇ લાવીઉં છે. પણ તેની સાંમે થવાની પોતામાં શકતી નહી જોવાથી તથા પોતાનાં શેહેરની આબાદીનો નાંશ અને રઇઅતનાં જાન માલની પાએમાલી નહી થાએ એવું દાહાપણ ભરેલું ધીઆંન પુગાડી તેણે રાતોરાત બેમાલુમ શેહેરમાંથી નીકલી જવાનો ઠેઠાવ કરીઓ. એ ઉપરથી મધરાતે પોતાની વહાલી અને ખુબસુરત રાંણી અને પોતાનાં બે વહાલાં ફરજંદોને, તથા થોડું એક જર જહવેરાત સાથે લેઇને તે ઉગત રાહે નીકલી ચાલીઓ. મંજલ પર મંજલ કાપતાં એક ઘણાજ ઉજડ અને બીઆબાંન જંગલ તરફ તે આવી લાગો, જાંહાં ચોરોનું એક ટોલું તેની સાંમે આવી ઉભું. પાદશાહ સબરશાહનાં બંને ફરજંદોનાં આંગ ઉપર કીમતી દાગીના હતા, જે જોઇ એ બંને કોમલ બાલકોને ઉંચકી આ લુટારાઓ ચાલતા થએઆ.

સબ્બરશાહ પાદશાહ લાઇલાજ થઇ ગમગીની ભરીઆં જીગરથી સબુરી અખ્તીઆર કરી પોતાની વફાદાર રાંણી સાથે આગલ વધીઓ.

બાંમદાદ થતાં એક શેહરમાં આવી પુગો, મગર તે શેહરથી તદન અનજાણો હોવાને લીધે એક વીસામાની જગાએ જરા આસાએશ લેવાને બેઠો. ભુખ અને પીઆસથી પોતાની કોમલ રાંણીને નાતવાન થએલી જોઇ કાંઇક ખોરાક તથા પાણી મેલવવાના ઇરાદાથી તેણીને તેજ મથકે બેસાડી સબરશાહ એક દુરનાં જુફડાં તરફ ચાલીઓ; આ તરફ જે વીસામાની જગાએ ગમગીનીમાં ગીરફતાર થએલી રાંણી સબુરી અખ્તીઆર કરી બેથેલી હતી, તે જગાએ એક પઠાંણ આવી લાગો. એક કોમલ ખુબસુરત નારને બીન વારેસ એખલી જોઈ, આ બદદીઆનતનાં પઠાંણની નજર બીગડી. આગલ જઇ પઠાંણે એકદમ કોમલ નારનો હાથ પકડી પોતાની સાથે આવવા હોકમ કીધો. ખુબસુરત રાંણીએ ઘણી આજેજી કરી, પણ ચંડાલ પઠાંણને જરાએ દએઆ આવી નહી. અંતે નાચાર થઈ પઠાંણ સાથે તેના મુકામે ચાલી, પણ એટલું માંગી લીધું કે એક વરશ સુધીનું મને વરદાન છે માટે એટલી મુદત સુધી સબર કરવી.

જે શેહરમાં સબરશાહ પાદશાહ પોતાની વફાદાર રાંણી સાથે જઇ પુગો હતો, તે શેહરનો હાકેમ ઘણો જુલમી હતો. આ હાકેમે એક મેહેલ બંધાવવા માંડીઓ હતો, પણ શેહરનાં દરવાજાના સીપાઇઓને હોકમ કીધો હતો કે જે કોઇબી મુસાફર આવી લાગે કે તેને વેઠે કામ કરાવવાને પકડી લાવવો. સબરશાહ ઉપર નજર પડતાંજ, સીપાઇઓ તેને પકડી લેઇ ગએઆ અને મેહેલ બાંધવાનાં કાંમ ઉપર મજુરીએ લગાડીઓ. આવી ગીરફતારીમાં સબરશાહે સંતોશ પકડીઓ અને હરદમ "સબર—ખુદા સબર" એવું વમાસી પોતાના જીગરને દીલાશો દેવા લાગો.

એવો બનાવ બનીઓ કે થોડીક મુદતમાં એ શેહરનો જુલમગાર હાકેમ મરણ પાંમીઓ, પણ તેને કોઇ ફરજંદ નહી હોવાથી, શેહરનાં અમીર ઉમરાવોએ ગાદીનો લાએક વારેસ ચુંટી કાહાડવાને મસલેહત કરી. સબરશાહ પાદશાહ એક બેગારી પેઠે મજુરી કરતો હતો ખરો, પણ પાદશાહી તાખમની નીશાન તેની પેશાની ઉપર જહલકાત મારતી હતી. અમીર ઉમરાવો એક હાકેમની સોધમ

હતા. તેઓમાં વજીર વધારે દાનેશમંદ હતો. આ બુજોરગ વજીરની નજર એકદમ સબરશાહ ઉપર પડી અને તેની પેશાની તથા ચાલાક દેખાવ ઉપરથી આ વજીરનાં દેમાગમાં કાંઇ ઓરજ ખીઆલ ઉતપન થએઓ. અકલમંદ વજીરે અમીરોની સભા ભરી, સબરશાહને બોલાવી મંગાવીઓ અને કાંઇબી ભેદ રાખીઆ વીના પોતાની ખરી હકીકત જણાવવાને ફરમાવીઉં. સબરશાહે પોતાની ઓલાદની નીશાન આપી તેઓને સઘલી વીગતથી, તથા મોટાં સંકટો કેવી સબુરી અને ધીરજથી ખમીઆં હતાં તેના હેવાલથી વાકેફ કીધા ; જે સાંભલી સઘલાઓએ હેરતથી દાંતમાં આંગલી પકડી અનુમતે ઠેરાવ કરીઓ કે, એજ સખશ હાકમીને લાએક છે. વજીરનાં હોકમથી સબરશાહને હમામખાનામાં લેઇ જઈ બદન પાક કરાવી પાદશાહી પોશાક પેહડાવીઓ તથા તેના સરપર તાજ મેલી સઘલા અમીર ઉમરાવો તેની તાબેદારીમાં ખડા રહેઆ. આ મુજબ સબરશાહને સબુરીનો બદલો ખોદાતાલાના હોકમથી મલીઓ અને એથીબી જીઆદા તેની મોરાદ બર આવી.

જે લુટારાઓ સબરશાહનાં બંધે ફરજંદોને જંગલનાં દરમીઆનથી શીંગાર સાથ ઉચકી લેઇ ગીઆ હતા, તેઓએ તે બંધે બાલકોનાં જર જહવેરાત ઉતારી લેઇ એજ શેહરનાં એક સોદાગરને ગોલામ દાખલ વેચીઆં હતાં. જેઆરેબી સોદાગર આ બાલકોને પુછતો તીઆરે તેઓ જણાવતાં કે, અમો સબરશાહ પાદશાહનાં ફરજંદો છઇએ. શેહરમાં સબરશાહની હાકમી ચાલુ થવાથી સબરશાહનું નામ આખી પરજામાં આશકારા થઇઉં હતું. જેથી સોદાગરને અંદેશો ઉપજીઓ કે આ જવાનો એજ સબરશાહ પાદશાહનાં ફરજંદો તો નહી હોએ ? સબરશાહની હાકમી શરૂ થતાંજ શેહરમાં તો ફેરફાર થઇ ગએઓ હતો. જુલમાત—લાંચ રૂસવત—અને લુટફાંતને બદલે અદલ ઇનસાફ, સચાઇ અને આબાદીનું રાજ પંથરાઇઉં હતું. આવો મામલો જોઈ પેલો સોદાગર બંધે છોકરાઓને લેઇને સબરશાહની કચેરીમાં ગએઓ અને સઘલી વીગતથી પાદશાહને વાકેફ કીધો. સબરશાહે તુરત પોતાનાં ફરજંદોને પીછાંણી પોતાની ગોદમાં પકડીઆં, અને જેટલાં દામે તેઓને ગોલામ દાખલ ખરીદીઆં હતાં તેટલું દાંમ સોદાગરને અપાવી કેટલાક સવારો સાથ તે લુટારૂ ટોલીને પકડવા તેને રવાના કરીઓ. ટુંક વખતમાં આ લુટારૂઓ પકડાએઆ, જેઓને તુરત વેલા બંદીખાંને નખાવીઆ.

હવે સબ્બરશાહની સબુરીનો તરીજો બદલો પોતાની વફાદાર રાંણીને મલવાનો હતો. તે પણ કીરતારની બખશેસથી બર આવીઓ. જે પઠાંણ આ ખુબસુરત અને પાકદામનની નારને જુલમથી લઇ ગએઓ હતો, તે પઠાંણ આ નેકબખત ઓરતની દામનને દાહાગ લગાડવા ચાહતો હતો ; પણ નેકજાત રાંણી તેને દુર રાખવાની હરેક પરકારની તદબીર કરતી હતી. શેહરમાં પાદશાહનો તરાસ જબરો ફેલાએઓ હતો, જે ઉપર હીંમત પકડી આ બુરી દીઆનતના પઠાંણની ચાલ બાબે તેનાં પડોસીઓએ શેહરનાં કોટવાલ આગલ ફરીઆદ કરી કે એક બેગાંની ઓરત ઉપર આ ચંદાલ બેશરમી ભરેલી જાસવી ગુજારવા માંગે છે. કોટવાલે આ બંવેને તુરત પાદશાહની કચેરીમાં લઇ જઇ ઉભાં કરીઆં, પણ અચંબો પમાડે એવો બનાવ એ બનીઓ કે જે ઓરતને બેગાંની ગણી કચેરીમાં ઉભી રાખી હતી તે સબરશાહ પાદશાહની વફાદાર અને પાકદામન રાંણી હતી. ચાર ચશમો એક થતાંજ વાર સબરશાહ તથા રાંણીએ એકબીજાને પીછાંનીઆં અને એકબીજાનો મેલાપ થવાથી તેઓનો તેમજ આખી દરબારનો હરખ સમાએઓ ગએઓ નહી. પાદશાહ સબરશાહે તુરત વેલા પેલા ચંદાલ પઠાંણને બંદીખાંને મોકલાવી આખા શેહરમાં મનાદી ફેરવી બીજે દીને સઘલી રઇઅતને કચેરી હજુર હાજર થવાને ફરમાવીઉં. થેડવેલા વખતસર ભેગી થએલી રઇઅત સનમુખ એક તરફ પોતાની વફાદાર રાંણી તથા વહાલાં ફરજંદોને અને બીજી તરફ પેલા લુટારાઓ તથા પઠાંણને ઉભા રાખી પોતા ઉપર વીતેલા ગજબની સઘલી હકીકત સબરશાહ પાદશાહે જાહેર કરી, અને સંકટ વખતે સબુરી અખતીઆર કરવાથી કેવાં અમુલીઅ ફલ નીપજે છે તે બાબે ચાનાક આપનારી નસીહત કરી. નસીહતનાં બાગમાંથી ખીલતાં ફુલોની સુગંધી પોતાનો પરજાને આપીઆ બાદ પેલા લુટારાઓ અને પઠાંણને ફાંસી ચહડાવવાનો હોકમ કરીઓ, જે આખી રઇઅતે ઘણોજ પસંદ કીધો. આ કામથી ફારેગ થવા પછી જે જુલમગાર હાકેમ સમનગામ શેહર લઇ બેઠો હતો તેની ઉપર જબરી ફોજ મોકલી તે જુલમગારને નહસાડીઓ તથા સમનગામ શેહર પાછું પોતાને કબજે કરીઉં.

દાનેશમંદ વાંચનારાઓને ઉપલી વારતા ઉપરથી જણાશે કે હર વખતે સબુરી અખતીઆર કીધાથી પરવરદેગાર તેનાં કેવાં મીઠાં ફલો ચખાડે છે તથા બદી ઉપર નેકીની ફતેહ થાએ છે.

# પાંચ અસરફીથી મલેલી પાદશાહીની વારતા.

કાશમીર શેહરમાં મોહનલાલ નામે એક માતબર સરાફ વસતો હતો. તેને એકપુરો બેટો હતો, જેનું નામ મોતીલાલ હતું. મોહનલાલ દોલતનો ભરપુર હતો, પણ એવા એકપુરા બેટાનું તેને સુખ નહી હતું. નાહનપણથી મોતીલાલ ખરાબ સંગતમાં પડીઓ હતો, તથા જે પઇસા મલતા તે જુગાર અને બદ ઇલતમાં ગુમાવતો હતો. મોહનલાલ પોતાના બેટાને ઘણીએ નસીહત કરતો, પણ મોતીલાલ ઉપર તેની જરાએ અસર થતી નહી હતી. જઇફીના હીંગામમાં મોહનલાલ બીમાર પડીઓ અને અંતકાલ નજદીક આવેલો જોએઓ, તોઆરે મોતીલાલને પાસે બોલાવી આ મુજબની નસીહત કીધી.

મોહનલાલ—બેટા હવે મારી જીંદગીનો સુરીઅ અસત પાંમવાનો વખત નજદીક આવીઓ છે; તું મારૂં એકપુરૂં ફરજંદ છે, અને મારી સઘલી દોલત તારે સવાધીન કરૂં છું. પણ હું જે તુંને શીખામણ દેઉં છું તે મુજબ જો તું ચાલશે તો સુખી થશે તથા દોલતનો વધારો કરશે; પણ જો તેથી ઉલટો ચાલીશ તથા ખરાબ સંગત નહી છોડીશ તો સેવટે પસતાશે અને તુંને ભીખ માંગવી પડશે.

મોતીલાલ—પીઆરા બાપ! જે નસીહત તમો કરશો તે હું મારા જીગરમાં કોતરી રાખીશ તથા તે શીખામણ પરમાણેજ ચાલીશ.

મોહનલાલ—બેટા, જુગાર તથા બીજી બુરી ઇલતનો તીઆગ કરજે. દઇવજોગે નાચારી આવી પડે તીઆરે સબુરી અખતીઆર કરી સફ્રૂ કરજે, જીઆરે પરદેશ જાએ તીઆરે સાથે કાંઇબી જીવ રાખજે, એખપો જાતો નાં. કોઇ પાંચ માનસ કહે તેઓનું કહીઉં માનજે. દોસતી કરે તો કોઇ લાએકીવાલા સારા આસામીઓની કરજે.

આટલી શીખામણ દીધા પછી થોડા વખતમાં મોહનલાલ મરણ પાંમીઓ. માણેકલાલનાં હાથમાં મોટી દોલત આવી ખરી, પણ બાપની શીખામણ બાપનાં કફન સાથે બાંધી આપી. મરનાર બાપનું બારમું કીધા પછી પાછો જુગાર રમવા માંડીઓ, તથા બુરી

ઈન્તતમાં ફરવા લાગો. બાપની હયાતીમાં તેની ઉપર જરાબી આ-કોસ હતો તે નીકલી ગએઓ અને છડે ચોક બુરાં કરમ કરવા લાગો. મોહનલાલની દોલત મોટી હતી, પણ ખરાબ સંગતથી સઘલી બરબાદ કીધી અને થોડા વખતમાં ભીખારી હાલ થઇ ગએઓ, માણેકલાલનાં બુરા હાલ થવાથી તેનાં દોસતો પણ ખીસી ગએઆ, અને કોઈ ધરમ ખાતેબી તેની દાદ ફરીઆદ લેવા લાગું નહી. આવા વખતમાં માણેકલાલની સુધ જરા ઠેકાંણે આવી. કે જો હું બાપની નસીહત મુજબ ચાલીઓ હોતે તો આજે દુખી થાતે નહી, પણ મરનાર બાપે જે બીજી શીખામણ દીધી છે, તે પરમાણે ચાલીશ તો થોડો ઘણોબી સુખી થઇશ.

બીજી શીખામણ મુજબ માણેકલાલે આવી નાચારીમાં સબુરી એખતીઆર કરી સફર કરવાનો ઠેડાવ કીધો અને કોઇ ન જાંણે એમ શેહરમાંથી છુપાછુપ નીકલી ચાલીઓ. રાહ માપતાં બાપની તરીજી શીખામણ ઇઆદ આવી કે, મુસાફરીમાં કાંઇબી જીવ સાથે રાખજે, માટે કાંઇબી જીવ સાથે રાખવો સજાવાર છે. આવો વીચાર કરી નદી કડે આવીઓ, તીઆં એક કરચલું ચાલતું જોઇ, એક માટીનાં વાસણમાં કરચલું તથા થોડુંક પાણી લેઇ આગલ ચાલવા માંડીઉં. મંજલ દર મંજલ કાપતાં ઘણોજ થાકી જવાને લીધે એક મોટાં ઝાડ હેઠલ માણેકલાલ સુતો હતો, તે ઝાડ ઉપર બેઠેલાં જનાવરોએ એક માનસને નજદીકમાં સુતેલો જોઇ શોહોર મચાવવા માંડીઆ. પંખીઓના શોહોરથી તે ઝાડ પાસેના એક ખોહમાંથી મોટો જેહરી અજદાહ નીકલી આવીઓ, જેની નજર પેલાં માંટીનાં વાસણ ઉપર પડવાથી તે વાસણમાં અજદાહે પોતાનું મોહોડું ખોસીઉં કે તે માહેલાં કરચલાંએ અજદાહનું મોહડું ઘણું મજબુતીથી પકડીઉં. કરચલાં અને અજદાહની અફરા તફરીથી માણેકલાલ જાગરૂત થએઓ અને એક મોટા જેહરી અજદાહને પોતાની પાસેના વાસણમાં મોહડું નાંખી ઉભેલો દીઠો. તુરત એક ઘણોજ મોટો પથર લઈ જેહરી અજદહાને બેજાન કીધો તથા ખોદાતાલાની હજુર શોકરાનાં કરવા લાગો, કે બાપની શીખામણ પરમાણે આ જીવ સાથે લીધો તો મારા જાનની સલામતી રહી.

આસાએશ લીધી પછી માનેકલાલે આગલ ચાલવા માંડીઉં, અને એક શેહરથી દુરનાં જંગલમાં જઇ લાગો. આ જંગલમાં એક ફકીર જુંપડી બાંધી પડીઓ હતો. તે ફકીર શેહરમાં જઈ

ભીખ માંગતો અને જે મલતું તે લાવી જુંફડીમાં આસાએશ લેતો. જુફડીના ઓટલાપર માણેકલાલ જઇ બેઠો. એતેફાક એવો બનીઓ કે જે દીને માણેકલાલ તીઆં જઇ પુગો તે દીવસે તે ફકીર અંચીતો તે જુફડીમાં મુવેલો પડેલો હતો, પણ માણેકલાલને તે વીશે કશી ખબર હતી નહી. રાતના વીસામો લીધા પછી બામદાદમાં માણેકલાલ જાગરત બેઠો હતો. તેવામાં પાંચ સખશો તેજ રસતેથી મુસાફરીએ જતા હતા. તેઓ મધેનાં એકે પોતાના સોબતીઓને જણાવીઉં કે, આ જુફડીમાં રેહનાર ફકીર ગઇ કાલે શેહરમાં આવીઓ નથી, માંટે તેનો ખબર લેવી જોઇએ. આવા મનસુબાથી તેઓ જુફડીમાં દાખલ થએઆ, પણ જોએછે તો પેલો ફકીર મુવેલો પડેલો હતો. પાંચે જનાએ વીચાર કરીઓ કે આ ફકીરને દફનાવવો જોઇએ, એમાં સવાબનું કાંમ છે; પણ આપણું કામ એટલું અગતનું છે કે અતરે વધારે વાર ખોટી થઇ શકતા નથી. માંટે જે મુસાફર ઓટલા ઉપર આવી બેઠો છે તેને સોંપીએ. આવો વીચાર કરી તેઓ માણેકલાલ પાસે આવીઆં. અને જણાવીઉં કે, ભાઇ ! આ ફકીરનાં મુરદાંને તું દાટે તો તુંને અમો પાંચ જના મલી પાંચ રૂપીઆ આપીએ. માણેકલાલે તેમ કરવાને ના પાડીઆથી, પાંચે સખશો નાચાર થઇ આગલ ચાલીઆ. એવામાં માણેકલાલને પોતાના બાપની શીખામણ યાદ આવી કે પાંચ માનસ કહે તેઓનું કહીઉં માનજે, માંટે એઓનું કહીઉં માનું તો બે ફાયદા થશે, એક તો મરનારને ઠેકાંણે પાડવાથી પુન લાગશે અને બીજું તો આવા નાચારીનાં વખતમાં પાંચ રૂપીઆ પાંચ મોહર બરાબર થઇ પડશે. આવો વીચાર પુગાડી પેલા પાંચે સખશોને પાછા બોલાવીઆ અને પાંચ રૂપીઆ લેઈ આ કાંમ કરવાનું હા કહીઉં. પેલા મુસાફરોએ તુરત પાંચ રૂપીઆ આપીઆ, જે લેઇ માણેકલાલે એક કાઠીવતે જમીન ખોડી અને તેમાં ફકીરનું મુરદું મેલીઉં, તથા પેલા મુસાફરોનાં કેહવા મુજેબ તે ફકીરની ફાટી તુટી ગોદરી તેનાં ઉપર નાંખી અને મટોડું પાછું વાલી લીધું. આટલું કાંમ જોઇ મુસાફરો ચાલતા થએઆ. માણેકલાલે મુરદાં ઉપર ગોદરી નાંખી તે આગમજ તે ગોદરી જટકતાં તેમાંથી એક અસરફી નીકલી પડી તેમજ આ ગોદરી વજનમાં ભારી લાગી હતી, જેથી માણેકલાલે પેલા મુસાફરોના જવા બાદ મટોડું પાછું ખણી પેલી ગોદરી બાહેર કાહાડી અને બારીકીથી તપાસતાં

તે મધે એક હજાર અસરફી સાંતેલી મલી આવી. બાપની શીખા-મણ મુજબ ચાલીઆથી આટલી પુંજી પાછો હાથ લાગી તેથી મ-ગન થઇ માણેકલાલ તીઆંથી શેહરમાં ગએઓ.

એક હજાર અસરફી મલવાને લીધે માણેકલાલને મોટી કુંમક છુટી. સોદાગરવારમાં એક દુકાંન ઉંધાડી તથા આસતે આસતે સારાં માંનસોની દોસતી સાંધવા માંડી. એ શેહરમાં એક માતબર સોદાગર રેહતો હતો, તેની પેહડીએ એક દીને માણેકલાલ ગએઓ. માતબર સોદાગરે બાઆબરૂથી ખુરસી આપી બેસાડીઓ અને હેઠલ મુજે-બની વાતચીત કીધી.

સોદાગર—કેમ સાહેબ ? શા કારણસર આવીઆ છો, તે ફરમાવો.

માણેકલાલ—આ શેહરમાં મેં હમણાંજ સોદાગરીની એક દુકાંન ખોલી છે. મારા બાપે મરતી વખતે નસીહત દીધી હતી કે, દોસતી કરે તો લાએકીવાલા સારાં આસામીઓનો કરજે. શેઠજી, આ શેહરમાં તમારી સાલેસાઇ તથા લાએકીનો અછી તારીફ થાએ છે, જે શાંભલી આજ તમો સાહેબને સલામ કરવા આવીઓછું.

સોદાગર—તમો કીઆં શેહરથી આવીઆ છો, અને તમારી મરનાર બાપનું નામ શું ?

માણેકલાલ—મારૂં વતન કાશમીર શેહર છે અને મારા બાપનું નામ મોહનલાલ છે. મારો બાપ ઘણો દોલતમંદ સરાફ હતો અને હું તેનો બેટો થાઉં છું.

સોદાગર—મારા શાંભલીઆમાં આવીઉં છે કે મોહનલાલનો છોકરો જુગારી અને બદ ચલતે ચાલનારો હતો તથા માંડી સંગ-તમાં ફરતો હતો.

માણેકલાલ—તેજ તમારો કમતરીન સેવક છે. બુરી સંગતથી હું પાએમાલ થઇ ગોઓ છું. અને સેવટે નાચારીએ મુસાફરી એખ-તીઆર કીધી છે. હવે મારા બાપની નસીહત મુજબ ચાલવાનો મેં પકો ઠેરાવ કીધો છે, તથા તમો જેવા લાએકીવાલા સોદાગરની મદદથી સારો ફાએદો મેલવવાની ઉમેદ રાખું છું.

સોદાગર—તમારી ચાલચલણમાં આવો સુધારો થએલો જોઇ હું ખુશી છું. તમારા બાપ ઘણા દોલતમંદ અને સાલેસ આસામી હતા. તેવણ સાથે મને મોટી લેવદ દેવડ ચાલતી હતી. મારી ઉપર તમારા બાપનાં એક લાખ રૂપીઆ લેહેના છે, જે હું તમોને

આપું છું. તમો હરદમ મારી પેહડીએ આવજો. તમોને સારાં સારાં માનસો સાથ પોછાંણ કરાવી, તમારી સોદાગરીમાં વધારો કરાવી આપીશ.

• સોદાગરે એક લાખ રૂપીઆની રકમ આપી તે લઇ માણેકલાલ પોતાને મોકામે ગએઓ. અને સારી આબરૂ ઇજતથી સોદાગરીનો વધારો કીધો. છ માસ સુધી આ રવેશ ચાલીઆ પછી કમબખત માણેકલાલ ઉપર બરગસતે સેતારો ગાલેબ થએઓ. મોટી દોલત હાથ લાગીઆથી તેણે પાછો જુગાર રમવો શરૂ કીધો અને બુરી ઇલતમાં ફરવા માંડીઉં. થોડીક મુદતમાં પાછો નાચાર થઇ ગએઓ અને સરવે સારાં માનસોએ પોતાની સંગતમાંથી દૂર કીધો. માણેકલાલે સોદાગરી વખતમાં એક મેહેતો રાખીઓ હતો, જેનો ઘણાક મહીનાનો પગાર ચહડી ગએઓ હતો, પણ તેટલાબી ચુકવવાને તેની પાસે પઇસા હતા નહી. મેહેતો પગાર માટે તકાડો તથા ફજેતી કરવા લાગો, જેથી તેને હાથતાલો આપી માણેકલાલ બીજે શેહર નીકલી જવાનો વીચાર રાખતો હતો, મગર પેલો મેહેતો તેનો પીછો છોડતો નહી હતો અને જાંહાં માણેકલાલ જતો, તાંહાં તે મેહેતો તેની પુઠે લાગેલોજ હતો. એક દીવસે માણેકલાલ તથા પેલો મેહેતો આગલ ચાલતાં ચાલતાં એક નદી કાંઠે આવી પુગા. આ નદી ઓલંગી જવાને એક તરમાં બેસવું હતું, પણ તે તર પેલે પાર હોવાથી, તેઓ એક ફકીરના તકીઆ આગલ વીસામો લેવા બેઠા. ફકીરને એ જગાએ બેઠેલો જોઇ, માણેકલાલ કુનસ બજાવી બોલીઓ કે,—બાવા કાંઇ વાત કરો કે અમારો વખત વેરાએ. ફકીરે જવાબ વાલીઓ કે, જવાન મુસાફર! એક વાતની એક અસરફી પડે છે. માણેકલાલે પોતાની પુંજીમાં પાંચ અસરફી પાઘડીમાં છુપાવી હતી તે મધેની એક અસરફી ફકીરને આપી. આ અસરફી લઇ ફકીર બોલીઓ જે, બેટા! "તરમાં સરવેથી પેહેલો જઇને બેસજે." આટલું બોલી ફકીર ચુપ બેઠો. માણેકલાલ સહમજીઓ કે એક અસરફીની આટલી વાત તો મોંઘી પડી, જેથી બીજી આગલ વાત લંબાવવાને આજેજી કીધી, પણ ફકોરે જવાબ દીધો જે બીજી વાતની બીજી અસરફી પડશે. માણેકલાલે બીજી અસરફી આપી, જે લેઇ ફકીર બોલીઓ કે "તરમાંથી ઉતરે તો સરવેથી છેહેલો ઉતરજે". આટલું બોલી ફકીર બાપા ચુપ થઇ બેઠા. જેથી માણેકલાલે તરીજી અસરફી આપી, જે લેઇ ફકીરે નસીહત કીધી જે

"પોતાનો વખત જોઇને વાત કરજે". એ મુજેબ ચોથી અસરફી લઇ શીખામણ દીધી જે "કોઇની એબ ઉઘાડતો નાં". પાંચમા ઇઆને સેવટની અસરફીથી માણેકલાલને નસીહત મલી કે, "ચાહે તેવું કાંમ આપણાં હાથમાં હોએ અને જો રજબ મલીઉં તો તે રજબને ખાવાનું મુંકી દેઇ કાંમે જવું નહીં".

આ પરમાણે પાંચ અસરફીની પાંચ નસીહત ખરીદ કીધી અને તેટલામાં તરબી આવી લાગી કે માણેકલાલ પેહલી નસીહત મુજબ તરમાં પેહેલાં ચહડી બેઠો. તને જોઇ પેલો મેહેતોબી બેસી ગએઓ અને માણેકલાલને કેહવા લાગો કે તું ખરેખર બેવકુફ છે. અમસથકી પાંચ અસરફી ગુમાવી છે. એમાંથી બે અસરફીબી મને આપતે તો હું મારે ઘેર ચાલીઓ જતે, અને તારા જેવા અનાડી સાથે ન રેહેતે. પણ હવે એટલું કહું છું કે મારા નુરના જેટલાબી પઇસા મને આપજે, કેમકે મોરી પાસે કાંઇજ નથી. માણેકલાલે જબ્રાબ દીધો કે હવે મારી પાસે દમડીબી નથી. હું મારા નુરના પેટામાં આ મારૂં કપડું આપીશ. મેહેતો ઘણો વીચારમાં પડીઓ, પણ એક તાલ સોધી કાહાડી કે માણેકલાલ તો સરવેથી છેલલો ઉતરશે, મગર હું ઉતારૂઓની ભીડમાં ગડબડ અંદર ઉતરી જઇશ. એ આપતોબી મુવો અને હું લેતોબી મુવો. તર પેલે કાંઠે પોંહોંચી કે મેહેતો ગડબડમાં પેહેલો ઉતરી ચાલીઓ અને રખે તરવાલો પકડે એવી ધાસતીથી લાંબાં લાંબાં પગલાં ભરવા માંડીઆં. માણેકલાલ બીજી નસીહત મુજેબ છેલલો ઉતરવા ગએઓ, પણ એવામાં તેની નજર અસરફીની એક થેલી ઉપર પડી, જે કોઇ ઉતારૂ ભુલથી મેલી ચાલી ગએઓ હતો, માણેકલાલે પોતે પોતાના નુરનાં અવેજમાં પોતા પાસેની પીછોડી આપી, થેલી ઠેલી ઉઠાવી શેહરમાં ગએઓ અને એક મકાંન ભાડે લેઇ સોદાગરી કરવા માંડી.

પેલી તરફ બાભરો થએલો મેહેતો, કોઇ આડે રસતે નીકલી ચાલીઓ અને સાંહાંજ પડતાં એક જંગલમાં જઇ લાગો. જંગલમાંથી લાકડાંનો એક ભારો બાંધી વીચારીઉં કે આ લાકડાં શેહરમાં જઇ વેચું અને જે દામ ઉપજે તેમાંથી રસોઇ પાણી કરૂં. લાકડાંનો ભારો માંથે ઉઠાવી શેહરનાં દરવાજા પર આવતાં મધરાત થઇ, જે વખતે શેહરનાં દરવાજા બંધ થએલા હતા. અંતે નીરાશ થઇ લાકડાંનો ભારો નાંખી એજ જગીઆએ મેહેતાએ આરામ કીધો. એતેફાક એવો બનીઓ કે, એ શેહરનો પાદશાહ તેજ દીવસે,

મરણ પાંમીઓ હતો. મગર મરણ વખતે વઝીર ઉમરાવોને એવું ફરમાવી ગએઓ હતો કે, બાંમદાદમાં જેવા દરવાજા ઉઘડે અને દરવાજામાંથી જે સખશ પેહેલો દાખલ થાએ તેને રાજપાત આપી ગાદીનશીન કરવો. બામદાદ થતાં વાર, અમીર ઉમરાવો તથા સરદારો દરવાજા આગલ આવી ઉભા, પેલી તરફ મેહેતો જાગરત થઈ બેઠો અને દરવાજો કીઆરે ઉઘડે કે વેહેલો શેહેરમાં જઈ, લાકડાંનો ભારો વેચી રસોઇ પાંણી કરૂં એવા વીચારમાંજ હતો. જેવા દરવાજા ખુલીઆ કે, આ મેહેતો લાકડાંનો ભારો માંથે ઉઠાવી પેહેલો દાખલ થએઓ કે તુરત સીપાઇઓ તેને પેલા ભેગા થએલા અમલદારોની હજુરમાં લઇ ગએઆ અને માંથાં ઉપરથી ભારોત ઉતરાવીઓ. મેહેતા સહમજીઓ કે લાકડાંના ઘરાક થએઆં છે, માટે તેનું દામ જત દેઇ મલી જશે, પણ બાપડા મેહેતાના તો નસીબ ખુલીઆં કે, ભારો ઉંચકતો ઉંચકતો પાદશાહી પાંમીઓ, મેહેતાને મેહેલમાં લઇ જઇ બદન પાક કરાવી પાદશાહી સેબાસ પેહરાવીઓ તથા દરબારમાં લાવી સઘલા સરદારો અને લોકોની હજુર તાજ મેલી તેને નામનો ઢંઢેરો પીટાવીઓ. મરનાર પાદશાહે મરતી વખતે જે હોકમ કરીઓ હતો તેનો ખોલાસો કરી બડા વઝીરે પાદશાહી મોહોર તથા પાદશાહી ખજાનાંની ચાવી મેહેતાને સવાધીન કીધી. મેહેતાનો દહાડો ફેરફાર થઇ જવાથી ઘણો અચરત થએઓ અને ઓદાતાલાનાં શોકરાનાં કરી, અદલ ઇનસાફથી રાજપાત ચલાવવા લાગો.

થોડીક મુદત ગુજરવા બાદ મેહેતાને માણેકલાલ વીશે વીચાર આવીઓ કે, એ કમબખત છોકરો આએજ શેહરમાં હશે, પણ તે કેવી ચાલ ચલણથી વસે છે તેની અજમાએશ કરવી જોઇએ. આખાં શેહેરમાં મનાદી ફેરવાવી જે, જીઆરેબી પાદશાહની સવારી નીકલે કે સઘલી રઇઅતે ઉઠીને સલાંમ કરવી અને જો કોઇ એમ કરવાને ચુકશે તો તેને સજા થશે. આ હોકમ મુજેબ જીઆરેબી પાદશાહની સવારી નીકલતી કે રઇઅત લોક ઉઠીને સલામ કરતું. થોડા દીવસ ગુજરવા બાદ, પાદશાહની સવારી નાણાવટમાં માણેકલાલની પેહડી આગલથી પસાર થઇ કે, માણેકલાલની નજર પાદશાહ ઉપર પડી અને તુરત પીછાંણીઓ કે એતો મારોજ મેહેતો દેખું. આ વખત માણેકલાલનાં દેમાગમાં ફુકરાજીનાં પવને જોર કીધું. તે વીચારવા લાગો કે એતો મારો મેહેતો હતો. આજે

પાદશાહ થએઓ છે તો શું મુજાકો છે ? મને શું કરવાનો છે ? એને ઉઠીને સલામ કરવાનો તો નહીજ. આવી ગરૂરીમાં માણેકલાલ બેસી રહેઓ. પાદશાહની સવારી નજદીક આવતાં સરવે કોઇ માણેકલાલને ધમકાવાં લાગાં કે ઉભો થઇ સલામ કરશે તો ઠીકઠીક, અગર નહીં તો બુરા હાલ થવાના. માણેકલાલ દમમાંજ બેશી રહેઓ. મેહેતાએ પીછાણીઓ કે એતો મારો આંગણો શેઠ છે, પણ ભરમમાંજ પોતાની સવારી ઉભી રાખી. પાદશાહને ખોટી થએલો જોઇ, આસપાસની પેહેડીવાલા વીચારમાં પડીઆ કે માણેકલાલની કમબખતી નજદીક આવી છે. એવામાં માણેકલાલને પેલા ફકીરની તરીફ નસીહત ઇઆદ આવી કે વખત જોઇને વાત કરવી, કે જતપત ઉઠી ઉભો થાઈ માફ માંગી સલામ કરી. પાદશાહે સીપાઇઓને હોકમ કીધો કે આ સરાફને મારી દરબારમાં હાજેર કરવો. આટલો હોકમ કરી, પાદશાહ દરબાર તરફ ચાલીઓ. નાણાવટમાં ખભરાત મચી રહેઓ કે આ જવાન સોદાગરના હવે મુસકાતાત થવાના, તેમજ બાપડા માણેકલાલનાં પણ હાંજાં ગગરી ગએઆં કે, એ મેહેતો મને કોઇ મોટી સજાએ પુગાડશે. સીપાઇઓ માણેકલાલને દરબારમાં લઇ ગએઆ કે તેજ વખતે પાદશાહે કચેરી બરખાસત કરી, માણેકલાલને પોતાની હજુર બોલાવી પુછીઉં કે, મારી સવારી અટકાવી મને ખોટી કીધો તેનો સબબ જે સાચે સાચો હોએ તે જણાવી દે. માણેકલાલે જવાબ દીધો જે, સાહેબ!—મેં વીચારીઉં જે તમો તો મારા મેહેતા હતા, તેથી ઉઠીને સલામ નહી કરૂં, પણ એટલામાં પેલા ફકીરની નસીહત ઇઆદ આવી કે વખત જોઇને વાત કરવી, જેથી ધારીઉં કે તમો જેવા પાદશાહ આગલ મારો વખત કાંઇ ખીસાદમાં નથી. તેથી તુરત માફ માંગી ઉઠી સલામ કરી. મેહેતો સમજીઓ કે માણેકલાલ ઉપર લીલી સુકી પડવાથી હવે એ સારી પેઠે ઘડાએઓછે, માટે એ કોટવાલી કરવાને લાએક નજર આવેછે. પાદશાહે માણેકલાલને કેટલીએક નસીહત દેઇ કોટવાલાનો ઓધો આપવા જણાવીઓ, જે માણેકલાલે મોટી ખુશીથી કબુલ રાખીઓ.

માણેકલાલે ઘણી હુશીઆરીથી કોટવાલી કરવા માંડી. તેની ખબરદારીથી શેહરમાં સીપાઇઓ જાગરૂત ફરવા લાગા તથા ચોરી અને લુટફાંટનો ભએ પરજામાંથી નીકલતો ચાલીઓ. આ મુજબ

માણેકલાલ આખી પરજાનો માંનીતો થઇ પડીઓ. થોડીક મુદત ગુજરવા બાદ, એક રાતે માણેકલાલ કોટવાલ ગીસ ફરતો પાદશાહનાં મેહેલ તરફ આવી પોંહોચીઓ અને જોએછે તો મેહેલનો દરવાજો ઉંઘાડો પડેલો તથા દીદબાન ભર ઉંઘમાં સુતેલો હતો. અંદર દાખલ થએઓ કે એક દીવાનખાનામાં પાદશાહની એક રાંણીને એક ખીદમતગાર સાથે બીન વસતરે હમખીસતર થએલી દીઠી. આ વખત પેલા ફકીરની ચોથી નસીહત ધઆદ આવી કે કોઇનોખી એબ ઉંઘાડવી નહી. આ નસીહત પર અમલ કરી, પોતાની ખાંધે જે શીઆલ હતી તે તેઓ ઉપર હોધાડી બાહેર આવીઓ, અને દીદબાનને જાગરૂત કરી, ધમકાવી મેહેલનાં દરવાજા બંધ કરાવીઆ. થોડો વખત ગુજરવા બાદ, પાદશાહજાદીએ જાગરૂત થતાંજ, પોતાના બદન ઉપર કોઈ બેગાંનાની શીઆલ પડેલી જોઇ. તેણીએ બારીકીથી તપાસ કરી તો, તે ઉપર કોટવાલનું નામ નજર આવીઉં. પાદશાહજાદી ધભરાઇ કે કોટવાલ આવી મારી એબ જોઇ ગએઓછે અને સહવારના પાદશાહને ખબર થાશે તો, મોહોતની સજા સીવાએ છુટક નથી. પેલો નીમખહરાંમ ખીદમતગાર ઘણોજ ધુંજવા તથા ધભરાવા લાગો અને રાતોરાત પાદશાહજાદી સાથે બીજે શેહર નાહાસી જવાનો ઇરાદો કીધો. પાદશાહજાદી મકરબાજ ઓરતોનાં ફરેબમાં પુરવીણ હતી, માંટે ખીદમતગારને દીલાસો દેઇ જણાવીઉં કે, હું એવી ઇઉકતી કરૂંચ જે સહવારને સહવાર કોટવાલને ફાંસીને લાકડે ચહડવું પડે. આવો દીલાસો દેઈ પોતાના ઇઆરને વદાઆ કરી, પાદશાહજાદીએ પોતાના મકર બજાવવા માંડીઆં. તેણીએ બદનના કપડાં ચાક કરીઆં—માંથાનાં બાલ પીખી નાંખીઆ—પોતાના ગાલ ઉપર નખરીઆં મારી લોહી વેહેતું કીધું, અને હાલબેહાલ થઇ રૂદન કરતી દરવાજા પર આવી. દીદબાનને પુછવા લાગી કે—સાચું બોલ, રાતની વખતે મેહેલમાં કોણ આવીઉં હતું ? દીદબાને ખરેખરી હકીકત જણાવી કે, મારી ગફલતીથી દરવાજા ખુલલા હતા, તેટલામાં શેહરનો કોટવાલ આવી લાગો, અને અંદર દાખલ થએઓ હતો, પણ થોડા વખતમાં બાહેર આવી દરવાજા બંધ કરવા ફરમાવી અતરેથી ચાલી ગએઓ છે. મકરબાજ રાંણીએ દીદબાંનને ફરમાવીઉં કે, તુરત પાદશાહને બીજા મેહેલમાં જઇ સરવે વીગતથી વાકેફ કરવો અને પેગાંમ પુગાડવો કે પાદશાહજાદી અબઘડી તમોને બોલાવે છે. દીદબાંને જઇ પાદ-

શાહને વાકેફ કરવાથી તુરત પાદશાહ મેહેલમાં આવીઓ કે પોતાની રાંણીને આવી બેહાલ હાલતમાં જોઇ પુછવા લાગો જે—પીઆરી માશુક !—એવો તે કેવો ગજબ તારી ઉપર ગુજરીઓ છે? ફરેબબાજ રાંણી રૂદન કરતી પાદશાહને કેહવા લાગી જે, તમારા કોટવાલે આવો મારો બુરો હાલ કીધો છે. રાતને સમે છુપાછુપે મારાં દીવાનખાનામાં દાખલ થઇ મને બગાડવા તેણે ચાહીઉં, પણ તેની આ બેશરમ ભરેલી ચાલને તુછકારી કાહાડી ઉપર આવી તેની સાંબે થવાથી તે અતરેથી નીકલી ગએઓ છે. નેકનાંમ પાદશાહ !—જે નીમખહરાંમ નોકરે મારી પાક દામનને ડાઘ લગાડવાનો વીચાર કીધો છે તેને એક પલવારબી હઇઆત રાખવો સજાવાર નથી. અગર પાદશાહ આવા નાપાક કોટવાલને લાએક સજા નહી કરશે તો આ કટારી વતે મારો જાંન કબજ કરીશ. મક્કારેજાત રાંણીનાં ફરેબથી બીન વાકેફ હોવાને લીધે કેટલોક દીલાસો દેઇ અને સહવારને સહવાર કોટવાલની બુન બેખ ઉખેડી નાંખવાનો વચન આપી પાદશાહ તાંહાંથી વીદાએ થએઓ.

પાદશાહના મગજમાં ખરેખર વીચાર આવીઓ કે, નીમખહરાંમ કોટવાલે મારી રાંણ સાથે બેઅદબી ચલાવી છે. સહવાર પડતાં પાદશાહે એક ભલતું નામું લખી તઇઆર કરીઉં અને હલુસેથી એક જલાદને બોલી ફરમાવીઉં કે, શેહરના દરવાજા બાહેર ઉભું રેહેવું, તથા જે કોઇબી સખશ આ નામું લાવી તારા હાથમાં આપે કે ફલાણે ઠેકાંણે લેઇ જવું તો તે નામું તેનાં હાથમાંથી લેવું, અને જેવો તે સખશ પાછો ફરે કે ઓચીંતું તેનુ સર બદનથી છુટું કરી નાંખવું. તે સખશ ગમે એવો મારો મોટો ઇઆ નાહનો અમલદારબી હોએ, પણ તેની કશી પરવા કરવી નહી. જલલાદના ગએઆ પછી પાદશાહે કોટવાલને બોલાવી મંગાવીઓ અને ફરમાવીઉં કે આ નામું લઇ શેહરનાં દરવાજા બાહેર જવું. જાંહાં એક કાસદ ઉભો છે તેને આ નામું આપી વદેઆ કરવો. આ કાંમ જરૂરનું છે માટે તમારે હાથોહાથ આપવું. કોટવાલ ઘોડે બેસી જવા ચાહતો હતો, પણ પાદશાહનો હોકમ થએઓ કે પાઉંપીઆદા જવું. આ હોકમને માન આપી કોટવાલ શેહરના દરવાજા તરફ ચાલીઓ.

એક મોહલામાંથી પસાર થતાં, કોટવાલને એક દોસત મલીઓ, જે કેહવા લાગો કે, સાહેબ ! પાલકી, ગાડી, ઘોડા વગર

ભડકામાં કાંહાં જાઓ છો ? કોટવાલે જવાબ દીધો જે, શેહર બાહેર એક કાસદ ઉભો છે, જેને હાથોહાથ આ નામું પાદશાહનાં હોકમ મુજેબ આપવું છે. દોસતે નમનતાઇથી અરજ ગુજારી કે, મેહરબાંન સાહેબ ! ખાનું તઇઆર છે, માંટે બે નવાલા મોહોમાં નાંખીને જાવો તો ઠીક. રજખ મલીઉં તે મેલીને જવું નહી. એવું દાનાવ લોકોનું કેહેવું છે. આ વખત કોટવાલને ફકીરની નસીહત ઈઆદ આવી કે, પાંચમી નસીહત એ હતી જે, રજખ મેલી જવું નહીં. કોટવાલે પોતાનાં દોસતનો સખુન કબુલ કીધો અને તેનાં મુકામે જઇ નાંસતો લેતાં તથા પાન સોપારી ખાતાં બેએક કલાકનો વખત ગુજરી ગએઓ.

પેલી તરફ મકકરબાજ રાંણીને ખબર થઇ કે, કોટવાલનો ઘાટ તો ઠીક ઘડાએઓ છે. અને થોડા વખતમાં તેનું સર દરબારમાં આવી પડવાનું. ચંડાલ રાંણી એટલી આતુરતાથી રાહ જોતી બેઠી હતી કે એક પલ તેણીને એક કલાક જેટલી લાગતી હતી. ઘણો વખત ગુજરવા છતાં કોટવાલનું માંથું નહી આવી પોંહચીઆથી, આ નાપાક ઓરતે પોતાના ઇઆર ખીદમતગારને સઘલી બીનાથી વાકેફ કરી, જોસતે જોઇ માંટે રવાનાં કરીઓ. દરવાજા આગલ જલલાદને ઉભેલો દીઠો, પણ કોટવાલનું માથું કપાએલું નજર નહી આવીઆથી સહમજીઓ કે એ જલલાદે કોટવાલને છટકાવીઓ હશે. આવો વીચાર પુગાડી જલલાદ સાથે તે એટલી બધી તરાતરીમાં ઉતરીઓ કે જલલાદને ભારી રીસ ચહડી અને પેલી કટારીથી ચંડાલ ખીદમતગારનું માંથું ઉડાડી મેલીઉં. થોડા વખતમાં કોટવાલ જઇ પુગો, જેની હજુર પેલા જલલાદે પાદશાહનાં હોકમ બાબેનું સરવે બીઆન જાહેર કીધું. નજદીક જતાં કોટવાલે પેલા ચંડાલ ખીદમતગારને પીછાણીઓ કે, એજ નીમકહરામ રાતની વેલાએ નાપાક રાંણીની ગોદમાં હતો, અને સહમજીઓ કે આ સઘલો ફીતનો પેલી બેવફા રાંણીએ જગાડીઓ છે. એક ગાડાંમાં ચંડાલ ખીદમતગારની લાશને નાંખી કોટવાલ દરબારમાં હાજેર થએઓ, જેને જોઇ પાદશાહ અચરતીમાં પડીઓ કે, કોટવાલ તો પાછો સલામત આવી ઉભો છે. કોટવાલે પાદશાહને એકાંતમાં લેઇ જઇ, સઘલી કેફીઅતથી વાકેફ કરી જણાવીઉં કે, બંદે નવાજ !—તમારી હજુરમાં પાંચ અસરફીની પાંચ નસીહત પેલા ફકીર પાસેથી વેચાતી લીધી હતી, તેમાં છેલલી એ હતી કે કોઇનીબી એબ ઉંઘાડવી

નહીં. આ નસીહત મુજેબ તેઓને બીન વસતરે હમખોસતર પ. એલાં જોવાથી મેં તેઓ ઉપર મારી શીઆલ હોધાડી હતી.

પાદશાહની ખાતરી થવાથી પેલી ચંડાલ નીમખહરામ રાણીને સુલીએ ચહડાવી. આખરે પાદશાહ ઘણો ગમખાર થએઓ કે, એક તો એ મારો આગલો શેદ, અને બીજું તો મારો નીમખહલાલ અમલદાર એક મક્કરબાજ ઓરતનાં ફરેબથી નાહેક મારીઓ જાતે, અને એવા નીરદોશનાં ખુનનો દોશ મારા સર ઉપર રહે. એ હતે. નીમખહરામ રાંણીની બેવફુફાઇથી એટલો બધો ગમ પકડીઓ કે, માણેકલાલ કોટવાલને રાજપાત સોંપી બાકીનો વખત પાદશાહે એકાંતપણે ખોદાની બંદગીમાં ગુજારીઓ.

# ચાર શલોકનાં ચાર સારની ખુબી.

પંજાબમાં જાલમસીંગ પાદશાહનાં વખતમાં શેરસીંગ નામે એક કામેલ વજીર હતો. એક દીવસે શેરસીંગ વજીરને જુદા જુદા દેશોની રીતભાંત તથા એલમ હુનરથી વાકેફ થવાનો શોક ઉતપન થએઓ. વજીરે પોતાનો ઇરાદો પાદશાહને જણાવીઆથી પાદશાહે નસીહત દીધી જે, પારકે મુલક અગર તુંને કોઇ ઓલખે અને તીઆના હાકેમને ખબર આપે કે, ફલાના દેશનો વજીર આપણા મુલકમાં રાહઘાત જોવા આવીઓ છે, તો તેઓને શક ઉપજીઆ વીના રેહે નહી, કે મબાદા એ વજીર છુપો ભેદ લેવાની મકસદ ધરાવતો હશે, અને તેથી તેઓ નાંહેક વેહેમનાં મારીઆ આપણા દુશમન થાઇ પડશે. વજીરે જવાબ વાલીઓ જે બંદે નવાજ!— એવો ભરમ કોઇને નહી જાએ તે માંટે સોદાગરને વેશે હું દેશે દેશ મુસાફરી કરીશ. આ મુલકથી સોદાગરીનો માલ વાહાણમાં ભરી બીજે દેશ જઇશ અને તેમજ તે દેશનો સરંજામ લેઇ બીજા મુલકની ભેટ લઇશ. આ વીચાર પાદશાહને પસંદ પડીઆથી વજીરને સફર જવાની રજા આપી. વજીર મુલકે મુલક ફરનાર હતો, માંટે તેનાં ખેશાવંદોએ તથા દોસત આશનાવોએ તરેહવાર પરકારની નવાઇ જેવી જનસો લાવવાને ફરમાશ કરી. તે જનસોની ટીપ શેરસીંગે ઉતારી લીધી. મુસાફરીનો સરંજામ તઇઆર કરી, વજીર

શેરસીંગ પાદશાહની રજા લેવા ગએઓ અને બોલીઓ કે, જેહાનપનાહ કોઇ ચીજની તલબ કરે તો સેવક ખીદમત બજાવવાને તઇઆર છે. પાદશાહે દુર અંદેશી પુગાડી જણાવીઉં કે, મારે માટે એક જનસ લાવજો, જેનું નામ "સાર" છે. એ ચીજ મોંઘી અને કવચીતે મલેછે. કુનસ બજાવી વજીર વદેઆ થએઓ. અને સોદાગરીના સરંજામ સાથે કીશતીમાં સવાર થઇ નીકલી ચાલીઓ.

થોડી મુદતમાં વજીર શેરસીંગ એક આબાદ મુલકનાં બારાંમાં આવી લાગો, અને મુલકનાં સોદાગરવારમાં એક કુશાદે મુકાંમ ભાડે લેઇ સોદાગરીનો માલ ભરીઓ. અને થોડાજ નફે જનસો વેચવા માંડી, જેથી માલનો જલદી ઉઠાવ થતો ગએઓ. વજીર શેરસીંગની મતલબ કાંઇ ખરેખર સોદાગરી કરવાની ન હતી, કે મોટા ભાવ મલે તોજ માલ વેચવાને લે થોભે, પણ સેજ નફે તે વેચી નાખતો, જેથી માલનો ઉઠાવ જલદી થઇ જતો અને વજીરને સઘલી રીતભાંતથી તથા એલમ હુનરથી માહીતગાર થવાને સારો અવકાસ મલતો હતો. આ પરમાણે પાંચ વરસ સુધી મુલકગીરી કરીઆ પછી પોતાના દોસત આશનાવોએ મંગાવેલી સઘલી નવાઇ જેવી ચીજો ખરીદી વજીર શેરસીંગ પાછો પોતાના મુલક તરફ ફરવાને કીશતી પર સવાર થએઓ. કીશતીનું લંગર ખલાસીઓએ ઉંચકીઉં તોબી કીશતી તો જાંહાંની તાંહાંજ દોલા ખાવા લાગી. આ બનાવ જોઇ વજીર અજબ થએઓ, અને પાછું લંગર નખાવી કીનારે ઉતરીઓ કે કોઇ નજુમીથી આ અજાએબી ભરેલા ભેદનો પતો મલે. પુછપરછ કરતાં એક કાબેલ નજુમી સાથે મુલાકાત થઇ, જેને એક મોહોર આપી પુછીઉં જે, લંગર ઉંચકવા છતાં કીશતી ચાલતી નથી તેનો સબબ શું હશે તે વીશેને ભેદ જણાવવો. નજુમીએ પાસા નાંખી તથા રમલ જોઇ વજીર શેરસીંગને વાકેફ કીધો કે, તમો કાંઇ ચીજ લઇ જવાને ભુલી ગએઆ છો, તે ઇઆદ કરીને લેવો. જેથી તમારી કીશતી ચાલશે અને તમો સહીસલાંમત પોંહચશો. વજીરે જનસોની ટીપ બારીકીથી તપાસી, તો તેને માલમ પડીઉ કે દોસત આસનાવોએ મંગાવેલી સઘલી ચીજો તેણે લીધી હતી, પણ પાદશાહે મંગાવેલી જનસ લેવાને તે ભુલી ગએઓ હતો. નજુમીનો ઉપકાર માની પાદશાહે મંગાવેલો "સાર" ખરીદવાને મોટા મોટા સોદાગરની દુકાંને વજીર ફરવા લાગો. ઘણી દુકાંને ફરીઓ તો "સાર" નો પતો મલીઓ

નળી, કોઇ દુકાંને ઉંચી ઉંચી શીઆલો બતલાવતું, તો કોઇ વાણુ-કરની સાર દેખાડતું હતું. વજીર એ જોઇ બોલતો કે અમારા ગામમાં તો એવી જનસો ઘણી મલે છે. ફરતાં ફરતાં જીઆરે ઘણોજ થાકી ગએઓ તીઆરે એક પંડીતના ઓટલા પર આસાએશ લેવાને બેઠો. એવામાં પેલો પંડીત ઘેરમાંથી બાહેર આવી પુછવા લાગો જે, ભાઇ સાહેબ! કીઆંથી આવીઆ છો? તમો પરદેશી જેવા નજર આવો છેઓ. કુનસ બજાવી વજીરે જણાવીઉ કે, મારા એક વહાલા મીતરે "સાર" ખરીદવા મને ફરમાશ કરી છે, પણ બધે રખડતાં તે મલતી નથી, અગર મલી જાએ તો તુરત કીશતી પર સવાર થઇ મારે વતન નીકલી જાઉં. પંડીતે કહીઉં કે "સાર" તમોને જોઇએ છે તો હું આપું. વજીરે નમસકાર કરી ઉત્તાર વાલીઓ જે, એની જે કાંઇ કીંમત પડે તે આપવાને હું તઇઆર છું. પંડીતે જણાવીઉં કે, ભાઇ! "સાર" કાંઇ વેચાતો મલતો નથી. એ તો ચતુર ગણેઆની લોકો પોતાના હઇદાંમાં રાખે છે. એટલું બોલી ઘેરમાંથી ખડીઓ કલમ લાવી તે પંડીત લીતરવા બેઠો. અને હેઠલ મુજબ શલોકો લખીઆ.

પેહલો સાર—"સાર સાર નર બાગણતા સાર."
બીજો સાર—"વેરી આદરભાવ સાર."
તરીજો સાર—"કરોધ વમાસન સાર."
ચોથો સાર—"અસતરી નેઆઆપર માર સાર."

આવા ચાર સખુન સારના લખીને તે કાગજ બીરી વજીરને આપીઓ, કે જે ઘણીએ તારી પાશે "સાર" મંગાવીઓ હોએ તેને આ કાગજ આપજે. વજીરે આ પંડીતનો ઉપકાર માની તથા તેના હાથમાં ચાર મોહોર મેલી કીશતી પર સવાર થએઓ. લંગર ઉપાડીઉં કે કીશતી સદસદ ચાલુ થઇ. કેટલેક દહાડે વજીર પોતાને મુલક સહીસલામત જઇ પુગો અને કીનારે ઉતરતાં વાર, પાદશાહની હજુર જઇ તેણે મંગાવેલા કીંમતી "સાર" નાં અવેજમાં પેલું બીડેલું કાગજ આપીઉં અને રજા લઇ પોતાને મુકામે પધારીઓ. પાદશાહે કાગજ ઉખેડી તે મધેનાં ચાર સારના શલોકો વાંચીઆ. આ ચાર સાર મધેના પેહલા શલોકમાં—"સાર સાર નર જાગણતા સાર"—એમ લખીઉં હતું; તે પેહેલાં અજમાવવાને પાદશાહે ઠેડાવ કીધો. રાતની વખત પાદશાહ ઘોડેસવાર થએઓ, અને

પોતાના શેહરમાં શું બને છે તે જાતે જાગીને જોતા ફરવા લાગો. ફરતાં ફરતાં મોડી રાતને સમે એક કબરસથાન આગલ આવી લાગો. આ કબરસથાનમાં એક રાક્ષસ અને તેની બાએડીને ઉભેલાં જોઇ, પાદશાહ એક બાજુએ છુપીઓ ઘોડેસવાર ખરો રહેઓ. બાએડી પોતાના ભરથારને કહે છે જે, આ કબરસથાનમાં આજેજ દાટેલું તાજું મુરદું છે તે આપણે ખાઇએ. રાક્ષસે જવાબ વાલીઓ કે કાલ રોજે રાતના આ શેહરનો પાદશાહ મરવાનો છે, કેમ જે કાલ રાતે એના સેરાના પર ચહડી એક જેહરી સરપ ડંખશે, જેના વીખથી તે તતકાલ પરાંણ છોડશે. પાદશાહને દફનાવીઆ પછી તેનો ભક્ષ કરીશું, કેમકે પાદશાહ નવી નવાઇની ચીજો ખાએ છે; જેથી તેનું માંસ લેહજતદાર થઇ પડશે, માટે આજ રાત તો ભુખમાં ગુજારીએ.

આટલી વાતચીત કરી રાક્ષસ પોતાની બાએડી સાથે તીઆંથી નીકલી ચાલીઓ. પાદશાહ આ ગોફતેગો શાંભલી ધાસતીમાં પડીઓ કે આવતી કાલે રાતના મારૂં મોહોત છે. એવો અંદેશો [illegible] નો રસતો લઇ બાકીનો વખત આરામમાં ગુ-
[illegible]
[illegible] ગજ હાથમાં ધરી વીચારવા
[illegible] મારાં મોહોતની ખબર મને
[illegible]
[illegible] છે તેને આદરભાવ
[illegible]. રાતની વખત ચાર ખુણનુમાં કુંડાં-
માં દુધ તથા [illegible] ભરી, તે ચાર કુંડાં પલંગના ચારે પાએ મેલાવીઆં તથા એક નાંગી શમશીર પકડી પાદશાહ પલંગપર જાગરત સુતો. ફુલોની લંપટથી આખું દીવાનખાનું મેહેક—મેહેક થઇ રહીઉં. મધરાત થઇ કે નાગ અને નાગણનું જોડું આવી લાગું. તેઓનો વીચાર પાદશાહને ડસવાનો હતો, પણ ચાહારે પાએઆ આગલ દુધનાં ભરેલાં ચાર કુંડાં જોવાથી પાદશાહને ડસવાનું માંડી વાલી, પેટ ભુરતું દુધ તેઓએ પી લીધું, અને ધરાઇને ફુલોનાં ગજરામાં લેટવા લાગાં. કલાક એક ગુજરવા બાદ નાગ અને નાગણ બાહેર નીકલી ગોફતેગો કરવા લાગાં, જે આજ આપણ પાદશાહને ડસવા આવેલાં હતાં, પણ આપણને આદરમાન આપીઆથી એનો જીવ બચીઓ છે. આ

અવેજમાં એને કાંઇબી આપણે આપવું જોઇએ. આવો મનસુબો કરી નાગ પાદશાહને આદમની બોલીમાં કેહવા લાગો જે, પાદશાહ! આજ અમો તારા વેરી થઇ આવીઆં હતાં—પણ તેનાં અવેજમાં તું એ અમોને મોટો આદરભાવ આપીઓ છે, માટે અમારો વીચાર છે કે જે માંગવું હોએ તે માંગી લે.—તુંને ખુશ કરી હંઇઆથી વદેઆ થઇએ. પાદશાહે વીચાર પુગાડી જવાબ દીધો જે, મારે કશી ચીજની મોહોતાજ નથી, પણ એટલીજ ઉમેદ રાખુંશું કે જાનવરો જે પોતપોતામાં વાતચીત કરે છે તે હું સહમજી શકું, એવું મને શીખાડવું. નાંગે જણાવીઉં કે એ શીખવું તારા જીવનો કાલ થઇ પડશે. પાદશાહે એજ શીખવાની ઉમેદવારી બતલાવીઆથી, નાંગે ફરીને ચેતવણી આપી કે, હું તુંને શીખવું ખરો, પણ એનો ભેદ કોઇનેબી જણાવશે તો તેજ વખતે તું મરી જશે. આટલી શીખામણ દેઇ, નાંગે જાનવરોની બોલી સહમજવાનો છુપો એલમ બતલાવીઓ અને તીઆર પછી તે જોડું તાંહાંથી નીકલી ગઇઉં.

બામદાદ થતાં, પાદશાહે બદન પાક કરી તથા [illegible] બંદગી ગુજારી વજીરને ફરમાવીઉં કે [illegible] મીજલસ બનાવવી અને આખી [illegible] રવી. પાદશાહના હોકમ મુજેબ, [illegible] ી ખશ ખુશહ[illegible] દીવસના ગરીબોને ખ[illegible] નાથી ફારેગ થવા બાદ, પાદશાહ અમ[illegible] બેઠકમાં જલદીથી બીરાજીઓ. આ બ[illegible]દીને થવાથ અચરત થઇ જે, આજે એકાએક રોશની રામશના કરવાનો પાદશાહને શું સબબ પડીઓ હશે. પાદશાહને બે ખુબસુરત બેટીએ હતી, તેઓ પોતાની માંને કેહવા લાગી જે, આપણે મરદનો વેશ લેઇએ અને મીજલસમાં જઇ જોઇએ કે એ શું બીનાં છે. પાદશાહજાદીને આ વાત પસંદ આવીઆથી, પોતે અને પોતાની બેટીઓને સોદાગર તરીકેનો વેશ આપી મીજલસમાં જઇ બેઠી. પાદશાહજાદીએ તથા બંને શાહજાદીઓએ મરદનો લેબાસ એવી શીફતથી લીધો હતો કે કોઇ તેઓને પીછાંણી શકીઉં નહી. પણ એક જવાન સોદાગર પોતાના બે પરીચેહરનાં બેટાઓને લઇ મીજ[illegible]જઓ હે એવું સહમજી સઘલાંઓનું ધીઆન તેઓ

તરફ ખેંચાએઉં હતું. પાદશાહજાદીએ મીજલસમાં આવીઆ આગમજ પોતાની બેટીઓને ફરમાવીઉં હતું કે, જીઆરે ઉંઘનો ગલબો થાએ કે મને ઇશારત કરજો કે તુરત નીકલી આવશું. મધ રાત થતાં બંધે શાહજાદીઓને ખાબની તલબ થવાથી, તેઓએ માંએને ઇશારત કીધી કે પાદશાહજાદી મીજલસને કુનસ બજાવી પોતાની બેટીઓ સાથે મેહેલમાં આવી. બંધે જવાન ખુબસુરત શાહજાદીઓ ઉપર ઉંઘે એટલો બધો ગલબો કરીઓ હતો કે તેઓએ મરદનાંજ લેબાસમાં પલંગપર આરામ કીધો, અને પાદશાહજાદીએ મરદનો લેબાસ બદલી પોતાના સરેશતાના જરી પોશાકમાં તે બંધે પીઆરી બેટીઓની બ્રચમાં દરેકને પોતાની ગોદમાં લઇ આરામ કીધો. પાછલી રાતનાં મીજલસ બરખાસત થવા પછી, પાદશાહ મેહેલમાં આવી જોએ છે શું કે, રાંણી બેહુ બાજુએ બે નવજવાન મરદ યારોને ગોદમાં લઇ સુતેલી હતી. આ બનાવ જોઇ પાદશાહનાં નેણ ખુન ભરીઆં થએઆં અને બેવફા રાંણીને બંધે ઇઆરો સાથે તેજ ઘડી કટલ કરવા માંટે મીઆંનમાંથી સમશીર બાહેર કાહડી, પણ જરા વીચારમાં ઉભો; એટલામાં તરીજો સાર ઇઆદ આવીઓ જે—"કરોધ વમાસન સાર"—આ સાર ઉપર અમલ કરતો થોડોક વાર પાદશાહ વમાસન કરવા લાગો, એટલામાં રાણી ખાબથી બીદાર થઈ અને જોએ છે તો પાદશાહને નાગી તલવાર પકડી ઉભેલો દીઠો. રાંણીએ પુછીઉં જે—બુલંદ તાલેના ખાવંદ!—નાંગી સમશીર હાથમાં પકડી સેરાનાં આગલ ઉભા રેહવાનું શું કારણ છે? પાદશાહે જવાબ વાલીઓ કે, આ બેગાનાં બેજવાન મરદોને તારી ગોદમાં સુતેલા જોવાથી તારા સરખી બેવફા રાંણીને આ જવાન ઇઆરો સાથ કતલ કરવાનો કસદ કરૂંછું. પાદશાહજાદીએ નમીને ખોલાસો કરીઓ કે—જેહાંપનાહ! એ બે જવાંનો કોઇ નહી પણ તારીજ બંધે ખુબસુરત બેટીઓ છે. આજ રાતના મરદને વેશે અમો નાચની બેઠકમાં આવી બેઠાં હતાં, પણ ખાબે ગલબો કરવાથી શાહજાદીઓએ તેજ લેબાસમાં આરાંમ કીધો છે. પાદશાહની ખાતરી થવાથી તલવાર મીઆંનમાં કરી દરીઆફત કરવા લાગો જે, વમાસન નહી કરતે તો, મારે હાથે મારી વફાદાર રાંણી તથા ગુલચેહરની પીઆરી બેટીઓનાં ખુન થતે અને મોટા પસતાવામાં ફસવું પડતે. તરણ શલોકોનાં સારની અજમાએશનાં ફલ આવી શુભ રીતે ચાખીઆથી પાદશાહે ખુદાતાલાની શોકર ગુજારી કરી.

એક દહાડે પાદશાહ પોતાની વહાલી રાંણી સાથે મેહેલની બારીએ ઉભો હતો, એવામાં લોટન કબુતરનું જોડું બારીપર આવી બેઠું અને ઇશકની રમુજી વાત કરવા લાગું, જે સાંભલી પાદશાહ હસવા લાગો. કેમકે પેલા નાગે શીખવેલા એલમથી પાદશાહ જાનવરોની બોલી સહમજતો હતો. રાંણીએ પાદશાહને બીન કારણે હસતો જોઇ, કાંઇ જુદોજ ખીઆલ પકડીઓ અને હસવાનો સબબ પુછવા લાગી, કે ખુદાના હોકમથી જે ખરેખરૂં હોએ તે કેહી દેઓ. પાદશાહે જવાબ વાલીઓ જે સાચું બોલવું નેક છે, પણ હસવાનો સબબ મારેથી તમો આગલ યા કોઇબી આગલ કેહવાએ તેવો નથી, કેમ જે તે કેહવાથી મારૂં મોહોત આવશે અને હું મરી જઇશ. પાદશાહનાં આવાં બોલવાથી રાંણીને ઓર વધારે ભરમ પએઓ અને મગજમાં એવોજ પવન આવીઓ કે એ ભેદનો ખોલાસો પામું તોજ હું ઓરત ખરી. રાંણીએ નેણ ચહડાવી ગુસ્સા ભરીઆ ચેહરાથી મજબુત હટ પકડી કે, મરો કે જીવો, પણ મારે તો એ ભરમનો ભેદ જાણવોજ છે. આ પરમાણે રાંણી કેટલાક દીવસ સુધી રન લઇ બેઠી, જેથી કંટાલી પાદશાહે વીચાર કરીઓ કે હવે મરૂં તો બેહેતર જે આવા કલેશનો નીકાલ આવી જાએ. અંતે બેજાર થઇ રાંણીને એકદમ જણાવીઉં કે બાગમાં આવો; તમુને હું એ હસવાના ભેદથી વાકેફ કરૂં. બાગમાં સેહેલ કરતાં ફરીથી પાદશાહે રાંણીને સહમજાવીઉં કે, મારા જાંનની સલામતી ચાહતી હોએ તો આ જોડાંનો ભરમ જાંણવાથી હાથ ઉઠાવ. પણ રાંણી કોઇબી ઇલાજથી સહમજી નહી. ખુદાના હોકમથી એટલામાં એવો બનાવ બનીઓ કે, જે બાગમાં રાજા અને રાંણી ફરતાં હતાં તે બાગમાં એક હમેલદાર બકરી અને બકરો ચરવા આવીઆં. તે બાગમાં એક કુવો હતો, જેમાં દરોઇ ઉગેલી હતી, આ કુવાની પાર પર ચહડી બકરીએ દરોઇ ઉગેલી જોવાથી બકરાનું વીનંતી કરી જે આ કુવામાં દરોઇ ઉગેલી છે તે મને ખાવા માટે કુવામાંથી લાવી આપ. બકરાએ જવાબ વાલીઓ કે, આ કુવો ઉંડો છે અને દરોઇ લેવા જતાં અંદર પડીશ તો મને નુકસાન થશે. વલી એક બારગી દરોઇ લેવા ઉતરૂંબી ખરો, પણ પાછો બાહેર શી રીતે આવીશ, માટે મારેથી એ કામ બને નહી. બકરી ગુરસો કરી બોલી કે, મરો કે જીવો, પણ મારે તો દરોઇ ખાવી છે, માટે કોઇબી તદબીરથી દરોઇ લાવી આપ. બકરીની હુજતથી ઘણોજ કંટાલી

ગએઓ કે, બકરાએ રીસે ભરઈ મસતકના સીંગડાંથી ટકર મારી મારીને બકરીને ખોખરી કરી નાખી. જીઆરે ઘણીજ આજેજ થઇ તીઆરે બકરીએ માફ માંગી, જે હવે એ કુવામાંની દરોઇ તારી પાસે મંગાવતી નથી. આટલી માફ મંગાવીઆ પછી બકરો દુર જઇ ઉભો. આ તમાશો જોવાથી તથા બંયેની થએલી વાતચીત સહમજીઆથી પાદશાહને ચોડો સાર ઇઆદ આવીઓ. જે "અસતરી અનીઆપર માર સાર"—આ સાર ઇઆદ કરીને સીપાઇને હોકમ કીધો જે, રાંણીને આ જાહાડ સાથે બાંધી ચાબુકના જરબ લગાવો. પાદશાહના હોકમ મુજેબ રાંણીને પીઠ પર ફટકા લાગાથી તેણી સઘલી હુજત વીસરી ગઇ. અને મીન સરખી બની, પાદશાહને કેહવા લાગી જે,—ખુદાવંદ! માફ કર, ફરીને હસવાનો ભેદ પુછવાનો ખીઆલ હું છોડી દઇશ. રાંણીને ખલાસ કરી પાદશાહ મેહેલમાં ગએઓ અને પાદશાહજાદી ઉપર આગલની મુવાફેક મોહબત બતલાવવા લાગો. આ ચાર સારની પુરતી અજમાએશ થવાથી તે સાર લખી આપનારની બુધી ઉપર પાદશાહે આફરીન કીધી.

## મરદ તથા ઓરતની બેવફાઈ.

હૈદરાબાદ શેહરમાં ગજાનંદ નામે એક જમીનદાર વસતો હતો. તેની બાએડીનું નામ ગંગા કરીને હતું. બંયે ગજાનંદ તથા ગંગાને કેફ કરવાની ટેવ પડી હતી. એક દીને ગાંજો ચહડાવીઆ પછી બાતચીત કરતાં ગંગા બોલી જે, મરદજાત બેમરવત અને નગુણી છે. ગજાનંદ બોલીઓ જે મરદ નહી પણ ઓરતજાત બેવફા તથા બેઇમાન છે. જેમ કેફની જુમ ચહડતી ગઇ તેમ વાત પણ રસપર આવવા લાગી, તે એટલા સુધી કે તેઓ જબાંનદરાજી પરથી દસતદરાજી પર આવીઆં. આ તમાશો જોવા આસપાસ લોકોની ગીરદી થઇ. લોકોનું ટોલું થએલું નજરે પડીઆથી સીપાઇ સપરા દોડી આવીઆ અને બંયેને દસતદરાજી કરતાં જોઇ તેઓને પાદશાહની કચેરીમાં પકડી લઇ ગએઆ. પાદશાહે આ ફીસાદ ઉઠાવવાનું કારણ પુછીઆથી ગંગા બોલી જે, બંદે નવાજ!—ગરીબ

પરવર !—મારા ભરેથાર સાથે માહરી ઉકર એ છે જે, મરદ-જાત પોતાની ગરજનું છે, તથા બેવફાઇ કરતાં વીલંબ લગાડતું નથી. મેં ઘણા બનાવો જોએઆ છે. અને તે ઉપરથી ખાતરી કરી લીધી છે કે, અગર—જેહાંપનાહ ફરમાવે તો તે બાબેની એક કેફીઅત કેહી સંભળાઉં. પાદશાહનાં ફરમાવીઆથી ગંગાએ હુકમ મુજેબ એક વારતાનું દાસતાન જણાવવાને સરૂ કરીઉં.

સરનદીપ શેહરનાં પાદશાહને ચાર બેટા હતા. તેઓ હોસા-નમાં એવાતો રૂપાલા અને ગુલરૂખસાર હતા, કે તેઓની ખુબ-સુરતીપર આફતાબ અને માહતાબ પણ કુરબાંન થાતા. આ ચાર શાહ-જાદા એક દીને શેકારગાહે ગએઆ અને એક સુંદર હરણ જોઇ તેનો શીકાર કરવાની મકસદથી પોતાના રસાલાના માનસોથી છુટા પડી તે હરણને દુંબાલે ઘણાજ દુર દરાજ નીકલી આલીઆ. તે-ઓ એટલા તો આડે રસતે ફાટી નીકલીઆ કે પાછા ફરવાનો ર-સતો પણ ભુલી ગએઆ. ભુખ અને તરસથી થાકીને એક ઝાડ હેઠલ ઉભા હતા, એટલામાં એક પાહાડ તરફ એક ખુશનુમાં બુલંદ મેહેલ સરીખું મુકાંમ નજરે પડીઉં, જે તરફ તેઓએ પોતાના ઘોડાઓ ડપતાવીઆ. દરવાજા આગલ ઘોડા પરથી ઉતરી અંદર દાખલ થએઆ તો, તેઓને ઘણો વીચીતર દેખાવ નજરે પડીઓ. આ મેહેલ બેહેશતનાં બાગ સરીખો શીંગારેલો હતો, તથા એક મોટા દેવાનખાનાં વચે એક સંગેમરમરની મેજ ઉપર ભાત-ભાતનાં પકવાંનો અને લેહજતદાર શરાબના સીસાઓ ગોઠવીઆ હતા. પણ તેમાં અજાએબ સરીખું એ હતું કે, આવા સુંદર બુ-લંદ મેહેલમાં એકબી આદમજાત નજરે પડતું નહી હતું. ચારે શાહજાદા વીચારમાં પડીઆ કે, આ અજબ તલેસમ છે, મગર ખોદાતાલાએ આ ખાંનું આપણને મવસર કીધેલું માલુમ પડે છે, માટે પરવરદેગારની શેકર ગુજારી કરી, તે શાહજાદાઓ સુપરા ઉ-પર બેઠા. જેવા પકવાન પર હાથ નાખવા જાએ છે કે ચાર ખુબ-સુરત પરીઓ આવી એકેક શાહજાદા પાશે બેઠી. આ તમાસો જોઇ, શાહજાદાઓ હાથ ખાંચી બેઠા. તેવામાં તે અંદર સરીખા હોસાંનની પરીઓ, કોમલ આવાજથી આજીજી કરતી બોલી જે, આ બીશતાંન તમારેજ ખાતર તઇઆર કગેઉં છે. તમારા રૂપાલા હોસાને અમારૂં દીલ છીનવી લીધું છે. અમો ચાર બેહેનો છઇ-એ, અને તમારી ફરમાનબરદાર માશુકો દાખલ, તમારી ખીદમત

બજાવવાને હાજેર થઇ છે. આ શાંભલી શાહજાદાઓ ખુશ થએઆ. અને પરીઓ સાથે ભાત ભાતનાં પકવાનો ખાવા તથા પરીઓને હાથે નમાતા લેહજતદાર શરાબો નોશ કરવા લાગા. પરીઓની મોહબતમાં આ શાહજાદા એવા તો ગીરફતાર થએઆ કે, પોતાના માબાપ—પોતાના વતન—પોતાના ખેશાવંદો તથા પોતાના દોસત આશનાવોને તદન ભુલી ગએઆ.

આ પરમાણે એક વરશની મુદત ગુજરવા બાદ, નાહનો શાહજાદો, જે વધારે દાનાવ હતો તે પોતાના ભાઇઓને કેહવા લાગો જે, બીરાદરો ! આપણે તો આવી મોજમજાહમાં વખત ગુજારીએ છઇએ અને ઘેર, શેહર કે માબાપને કોઇબી દહાડે ઇઆદ કરતા નથી, પણ વહાલાં માબાપ આપણે માટે કેટલો બધો વીલાપ અને અંદેશો કરતાં હશે, તથા પાદશાહી છતાં આપણે વીશે રડી રડીને આંજુ વરસાવતાં હશે. માટે એ વાતની આપણને વમાસન કરવી જોઇએ. એશ આરામ તરક કરી હવે એકદમ આપણા શેહર તરફ જવું સજાવાર છે. આ વાત પસંદ રાખી ત્યારે શાહજાદાઓએ તે પરીઓ પાસે માંગી લીધું કે, હવે અમોને રજા આપો તો અમો અમારે વતન જઇ અમારાં વહાલાં માતપીતાને મલીએ. પરીઓએ આ વાત કબુલ કીધાથી, મુસાફરોનો સરંજામ તઇઆર કરાવી, પરીઓથી રૂખશદ લઇ ત્યારે શાહજાદાઓ પોતાને વતન જવા નીકલીઆ. માબાપને મલવાની હોંશ કીધી ખરી, પણ પરીઓની મોહબતથી છુટા પડવાને લીધે તેઓને મોટી ગમખારી લાગતી હતી, સુરજ નમતો ગએઆ તેમ પરીઓની મોહબતે તેઓનાં જીગરમાં [illegible] તે આતશ સલગાવી મેલીઓ જે, આજની રાત પરીએ [illegible] મનમઓ ફરી પાછા ફરીઆ. સાંહાંજ પડતાં સાથ ગુજરતા [illegible] આ શાહજાદાઓને પાછા ફરેલા તેઓ મેહેલ તરફ [illegible] લાગી જે પાછા આવવાનો સ[illegible] જોઇ, પરીઓ અચરત થઇ પુછ[illegible] તમારી મોહબતે બબ શું છે ! શાહજાદાઓએ જવાબ દીધો [illegible] અ[illegible] અમારી ઉપર એટલો બધો ગલબો કીધો છે કે, આજનાં [illegible] તરે ગુજારી આવતી કાલે સહવારનાં અમારે વતન જઇશું. બીજે દીને સહવારનાં શાહજાદાઓ નીકલીઆ, પણ વલી આગલની પે[illegible] મેહેલ તરફ પાછા ફરીઆ. થોડા દુર જતા કે તેઓને પોતાને જ[illegible] વન જવાનું જરાએ જીગર ચાલતું ન હતું. આ પરમાણે છ માંસ ગુજરી ગએઆ, અને શાહજાદાઓને પોતાના માબાપને મલવાની

ઘણીજ આહેશ થઇ, જેથી પરીઓને જણાવીઉં જે, તમોએ અમારી ઉપર જાદુઇ કીધી છે, રસતામાં જતાં જતાં અટકી પાછા તમારો મોહબતમાં આવી ફસીએચ. પણ હવે એવું કરો કે, અમારો છુટકારો થાએ; અગર નહી તો અમારો જાન બરબાદ કરોશું. પરીઓમાં નાંધલી બેહેન વધારે શીઆની હતી, તેણીએ હસુસેથી શાહજાદાઓને કહીઉં જે, હું એક જાહાડની ડાલી તમારા હાથમાં આપું છું, જેથી તમો પાર ઉતરી જશો. પણ એ ભેદની વાત મારી બેહેનોને ખબર પડશે તો મને મારી નાંખીઆ વીના રેહનાર નથી. શાહજાદાઓએ આ ભેદની વાત કોઇનેબી નહી જણાવવાનો વચન આપી પેલી જાહાડની ડાલી લેઇ તાંહાંથી રૂખસદ લીધી, શાહજાદાઓ ઘોડાપર સવાર થએઆ હતા, અને પરીઓ તેઓનાં માંથાંપર હવા અંદર ઉડતી હતી. એટલામાં તેઓની નજર પેલી જાહાડની ડાલી પર પડવાથી, તેઓએ પુછીઉં જે, પીઆરા શાહજાદાઓ ! આ ડાલ કોણે તમોને આપી છે? તે જણાવશો તો અમો ઉપર મોહું હેસાંન થાશે. કેમકે અમોએ કોઇ દહાડે તમારો જીવ જરાએ રંજીદા કીધો નથી, અને તમો જો અમોને દલગીર કરશો તો તેમાં સારી વાત નથી. શાહજાદામાંથી એક ખુબસુરત શાહજાદો તુરત બોલી ઉઠીઓ જે તમારી નાંધલી બેહેને આ ડાલ અમોને આપી છે. આ શાંભલતાંજ પેલી નાંધલી બેહેનને, તરણે પરીઓએ જમીન ઉપર પટકી નાંખી, પથરનો માર લગાવી બેજાંન કીધી. આ નાખુશ બનાવ પેલા શાહજાદાઓ દુર ઉભા રહી જોવા લાગા, અને આખાર પછી ત્યાંહાંથી નીકલી ચાલીઆ. પાદશાહ સલામત ! આ મુજેબ મરદજાતે બેમરવતાઇ અને [redacted] લાવી. એકતો તેઓએ આપેલો [redacted] પોતાનો છુટકારો કરનાર પરીને [redacted] મને બીજું તે. બેગાંનાની પુઠે દુર તમાશો [redacted] મરણ પાંમતાં, બંદ હતા, [redacted] ઉભા રહેઆ. તેઓ હથીઆર [redacted] તો તેનો જાંન બચાવી શકતે. આ પરમાણે [redacted] તમાશા જોએઆ છે, જે ઉપરથી કહુંછું કે મરદજાત બેવફા છે.

પાદશાહે ગજાનંદ તરફ નજર કરી પુછીઉં કે તું શા ઉપરથી કેહેછે કે ઓરતજાત બેઇમાન અને બેમરવત છે? ખોદાવંદ! અનેબી રજા આપો તો હું તમોને એક વાત કહી સંભલાવું. પાદશાહે હોકમ ફરમાવવાથી ગજાનંદે હેઠલ મુજેબની એક વારતાઉ દાસતાન શરૂ કીધું.

# ૨૫૧

દવલતાબાદ શેહરમાં એક અમીર હતો, જે ઘણો જરદાર ગણાતો હતો. તેને એકપુરો છોકરો હતો, જેનું નામ સીકનદર હતું. અમીરે પોતાના બેટા સીકનદરને ગુલફામ નામની અમીરજાદી સાથે મોટી ધામધુમથી પરણાવીઓ હતો. સીકંદર અને ગુલફામ એક બીજાને ઘણીજ મમતાથી ચાહતાં હતાં, તેમાં સીકંદરનો પોઆર એટલો બધો હતો કે પોતાની માશુકને એક ઘડીબી વીહીલી મેલતો નહી હતો અને હરઘડી પોતાની મોહોરદારને ખુશ રાખતો હતો. એક વરસ ગુજરીઉં તેટલાં એતેફાક એવો બનીઓ કે ગુલફામ બીમાર પડી. અમીરે લખો રૂપીઆ ખરચી કાબેલ તબીબો પાસે દવાઇ કરાવી, પણ કારગત લાગી નહી. સીકનદરે રાત દીન એક કરી ઘણીબી ખીજમત બજાવી અને મોહરદારના ખાટલા આગલથી જરાએ ખીસીઓ નહી, પણ સરવે ફોકટ હતું. અંતે ગુલફાંમ મરણ પાંમી. ગુલફામના મરણથી સીકંદરનો વીલાપ કોઇથી સોસાએઓ નહી. ગુલફાંમની લાશ ખોલામાં મેલી, સીકંદર જાર બેજાર રડવા લાગો, તેનાં ખેશાવંદો તથા દોસત આશનાવોએ ઘણોબી સહમજાવીઓ કે, આ લાશ હેઠલ મેલ, જે ઘરમ ફીરીઆ કરી ઠેકાંણે પાડીએ, પણ સીકંદર સહમજીઓ નહી. સીકદંર દેવાનાની પેઠે બોલતો કે એનેથી જુદાઇ પકડી જીવવાની મારામાં તાકાત રહી નથી. કોઇબી તદબીરથી એને જીવતી કરો, અગર નહીતો મારો જાંન બરબાદ કરીશ. અમીરે વીચારીઉં જે આ મારો એકપુરો બેટો જાહેલ છે, માટે જીવપર કરીઆ વીના રેહનાર નથી, વાસતે પોતાના ખેશાવંદોને સહમજાવીઆં કે, હાલ તુરત એની આગલથી દુર થઇ બેસો કે, જીગરનો ગમ ખાલી કરી રેહવા પછી આ લાશને ઠેકાંણે પાડવા આપશે. આ વાત પસંદ આવીઆથી સરવે કોઇ દુર થઇ બીજાં દીવાનખાનામાં આસાએશ લેવાને સુતાં. મધરાતુને સમે કોઇબી આદમીને આસેપાસે નહી દેખીને સીકંદર, ગુલફાંમની લાશ બગલમાં પકડી, જંગલ તરફ નીકલી ચાલીઓ, અને જેટલું પોતામાં કઉવત હતું તેટલું વાપડી મંજલ કાપવા લાગો. બીજે દીને સુરજ માંથે આવીઆથી થાકનો મારીઓ એક પાહાડ આગલ છાંએડે બેશી ગએઓ. તથા પોતાની વહાલી ગુલફાંમની લાશને ખોલામાં ધરી, જારબેજાર રૂદન કરવા લાગો. તે પાહાડની કઢણમાં એક તપેશરી રેહતો હતો, તે આ રૂદનનો આવાજ શાંભલી સીકંદર આગલ આવી લાગો અને પુછીઉં જે આ

મુરદાંને લેઇ કીઆંથી આવીઓ છે ? સીકંદરે જવાબ વાલીઓ જે, બાવા ! આ મારી ઓરત છે. હું એને એક ઘડીબી વીહીલી મેલતો નહી હતો. એ મરી ગઇ છે, પણ એની જુદાઇ મુજથી સોસાઇ શકાતી નથીં, મેં નીશ્ચએ કીધો છે જે એને કોઇ સજીવન કરે તો બેહતર, નહી તો મારે પણ એની સાથે મરવું. મધરાતનાં છુપાછુપ મારી માશુકની લાશ ઉઠાવી, જંગલે જંગલ ભટકતો અતરે આવીઓ છું, કે કોઇબી ખોદાનો લાલ એને સજીવન કરનાર મલી આવે. તપેશરી સહમજીઆ જે એ મરદ ખરેજ પાક મોહોબત ધરાવનારો છે, માટે એની ઉપર દએઆ કરવી જોઇએ. તપેશરીએ સીકંદરને જણાવીઉં કે તારી જેટલી ઉમર બાકી છે તેમાંથી અરધી ઉંમર કબુલ થાએ તો પાછી સજીવન થાએ. સીકંદરે મોટી ખુશી સાથે આ મુજબનો કોલ આપીઆથી લાશને જમીન ઉપર મેલાવી. તપેશરી અમરતપાણી લાવીઓ અને ખોદાતાલા પાસે માંગીઉં જે, ખુદરતના ખાવંદ !—તું ચાહે તે કરે છે. વાસતે મુજ ગરીબની દોઆ કબુલ કરી, આ છોકરીને સજીવન કર. આ મુજબ દોઆ ચાહી, અમરત પાંણી હાંથમાં લેઇ, સીકંદરને ફરમાવીઉં જે—મારી અરધી ઉમર ખરાં દીલથી મારી ઓરતને બખશી છે એમ બોલ. સીકંદર આ વચન નેક મનશનીથી બોલીઓ. આ પરમાણે તરણ વખત સીકંદર પાસે બોલાવી, તરણ વખત ખોદાનું નામ જબાંન ઉપર ધરી, તરણ વખત અમરત પાણી છાંટીઆથી, ગુલફામ સજીવન થઇ, તીઆર પછી તપેશરી ગોફામાં જઇ પાછો ખોદાની બંદગીમાં મશગુલ થએઓ.

ગુલફાંમ સજીવન થતાંવાર પોતાના ખાવંદ સાથે જંગલમાં એખલી પડેલી જોઇ પુછવા લાગી જે હું તો રાતની વખતે મેહેલમાં ખોઆબમાં હતી, તો મને આ જંગલ વચે શા માટે ઉઠાવી લાવીઓ છે ! સીકંદરે અવલથી આખેર સુધીનું બીઆન જણાવી પેલા તપેશરીએ શી પરકારે સજીવન કરી તે સરવે વીગતથીં ગુલફાંમને વાકેફ કીધી. ગુલફાંમ બોલી જે તમે ખરેખર દેવાનાં થએલા જણાઓ છેઓ. મુવેલું આદમી કોઇથી જીવતું થતું નથી. તમો દેવાનાપણામાં મને જંગલમાં ઉઠાવી લાવીઆ છો. ગુલફાંમ તુરતની સજીવન થઇ છે માટે તેણીને શાંત રાખવી એવો વીચાર પુગાડી, સીકંદરે જણાવીઉં જે અતીશે થાકથી મારી ઉપર ઉંઘનો ગલબો થએઓ છે, માટે જરાવાર તમારા ખોલા પર માંથુ મેલી, મુજને

આરામ લેવા દેતો. ગુલફાંમ કબુલ થવાથી સીકંદરે તેણીના ખોલા પર માથુ મેલી નચીનતાઇથી ખાબ કીધો. એતેફાક એવો બનીઓ જે, તે તરફ શેકાર કરતો, એક નવજવાન ખુબશુરત શાહજાદો આવી લાગો અને એક મરદનું માંથું ખોલામાં ધરી એક સુંદર જવાન નારને બેઠેલી દીઠી. ગુલફાંમની ખુબસુરતી પર આ શાહજાદો ફીદા થએઓ. પેલી તરફ ગુલફાંમની નજર આ જવાન ગુલરોખસાર શાહજાદા પર પડતાંજ તે પણ મોહબતની જાલમાં ફસી પડી. એકમેકની નજરમાં મોહબતનો જખમ થવા પછી ગુલફાંમ વીચારવા લાગી જે, મારો ખાવંદ તો દેવાનો બનીઓ છે અને મને જંગલે જંગલ લઇ ભટકે છે, માટે એને પડતો નાખી આ નવજવાન સાથે નીકલી જવાની આ સારી ટક છે. આવો બેવફાઇનો અંદેશો કરી સીકંદરનું માથું ખોલાપરથી આહેસતેથી ખીસાડી, તેનાં માથાં તલે એક પથર મેલીઓ અને ગુલફાંમ આ જવાન શાહજાદા સાથે નીકલી ગઇ.

સીકંદર ખાબથી બીદાર થતાં, પોતાની વહાલી બાંનુને ગુમ થએલી જોવાથી પાછો દેવાંનો સરીઓ બની ગએઓ અને રૂદન કરતો ગુલફાંમની શોધમાં જંગલે જંગલ ભટકવા લાગો. જંગલ દરમીઆન એક ગોવાલીઓ મલીઓ; જેનેથી પતો મલીઓ કે એક નવજવાન ખુબસુરત ઓરતને ગુલજાર શેહરના પાદશાહના બેટા સાથે આ રસતેથી નીકલી જતાં મેં જોઈ છે. આ પતો મેલવી સીકંદર પાછો રૂદન કરતો પાહાડના ગોફા આગલ આવીઓ અને નેક જાત તપેસરીને સઘલી વીગતથી વાકેફ કીધો. તપેસરીએ સલાહ આપી જે ગુલજાર શેહરમાં જઇ તારી ઓરતને સાથે આવવાને ફરમાવજે અને જો આવવાને નાં પાડે તો કેહેજે કે મારી અરધી ઉમર બખશી છે તે પાછી આપ, જેથી તે ઓરત બોલશે કે તારી બખશેલી અરધી ઉમર તુંને પાછી આપી છે. તેવીજ તે મુરદું થાઇ પડશે. આ શાંભલી તપેસરીને પગે પડી સીકંદર ગુલજાર શેહરમાં ગએઓ અને તીઆંનાં પાદશાહની દેવરી ઉપર જઇ જાર બેજાર રૂદન કરતો પોકાર મારવા લાગો જે, તમારો શાહજાદો મારી ઓરતને ફુસલાવી લાવીઓછે તે મને પાછી અપાવો, અગર નહી તો મારો જાંન તમારી દેવરીએ પતકી નાંખીશ અને મુજ ગરીબ બીનતકસીરવારનાં ખુનનો દોશ તમારા સરપર રહી જશે. પાદશાહ દાનાવ હતો, માટે મેહેલમાં પુછ્યરછ કરી તેને ઇનસાફની દાદ

આપવાની ધીરજ દઇ બેસાડીઓ. મેહેલમાં જઇ પાદશાહે દમ ભરાવીઓ અને શાહજાદાને જણાવીઉં કે કોઇ બેગાંની ઓરતને લાવીઓ હોએ તો તુરત હાજેર કર. શાહજાદાએ ગુલફામને હાજેર કીધી, જેની તરફ નજર કરી પાદશાહે જણાવીઉં કે, ઓ ઓરત ! તમારો ખાવંદ બોલાવવા આવીઓ છે, તેની સાથે તમારે મુકામે જવું. ગુલફામે જવાબ વાલીઓ કે, જેહાંપનાહ ! મારો મરદ કોઇ છેજ નહી, કોઇ બેગાંનો આદમી નાહક ગલે પડતો હશે. પાદશાહે સીકંદરને બોલાવી પુછીઉં જે, એ જવાન ! આએ તમારીજ ઓરત છે શું ? સીકંદરે તુરત પીછાંણી જવાબ વાલીઓ જે, હા, ખુદાવંદ ! એજ મારી ખાસ પરણેલી ઓરત છે. આ શાંભલતાંજ ગુલફામ બોલી કે, ઓ બેગાના મરદ ! આ સઘલું ખોટું બોલે છે. મારા પગમાંના ખાસડાં બરાબરખી તુંને ગણતી નથી. તારા જેવા ભાંમટાને મારા ખાવંદ તરીકે કરૂં એ બીલકુલ બનવા જોગ નથી. સીકંદરે જવાબ વાલીઓ જે, ગરીબ પરવરેશ ! એજ મારી ઓરત છે, પણ અવે મને ખાસડું દખાડેછે તો ખેર હવે મેંબી એની આશા મુકી, પણ હું જે કેહુંચ તે જો એ કબુલ કરેતો, હું અતરેથી ચાલીઓ જાઉં. ગુલફામના પુછવાથી સીકંદરે જણાવીઉં કે, મારી અરધી ઉમર બખ્શીછે, તેજો પાછી બખ્શે તો હું તારેથી હાથ ઉઠાઉં. ગુલફામ બોલી જે, તેં મને તારી અરધી ઉમર બખ્શી હોએતો હું તુંને પાછી બખ્શેસ કરૂં છું. આ છેલલા શબદો મોહોમાંથી નીકલતાંજ ગુલફામનો જાંન કબજ થઇ ગએઓ. આ તમાશો જોઇ સરવે અજબ થએઆ, અને એ ભેદનો ખોલાસો પુછીઓ. સીકંદરે અવલથી આખર સુધીની કાંહાંની કહી જણાવી, જે સાંભલી સરવે કોઇ ઓરતપર ફીટકાર નાખવા લાગું. પાદશાહ સલામત ! આ મુજેબ મરદે જાંનફેશાંની કરવા છતાં ઓરતજાતે બેઇમાંની તથા બેવફાઈ કીધી છે.

પાદશાહે ગજાનંદ અને ગંગા બંધેને નસીહત દીધી જે દુનીઆં દોરંગી છે અને દુનીઆના તખતા ઉપર પંચરંગી તમાશા થતાજ ચાલે છે, તમ પાંચે આંગલી સરખી નથી, માટે મરદ બેવફા છે અને ઓરત નથી, ઈઆ ઓરત બેમરવત છે અને મરદ નથી એવો ખીઆલ કરવોજ નહી આટલું જણાવી કરોથી ફેસાદ નહી કરવાની તાકીદ કરી, ગજાનંદ અને ગંગાને સુલેહ કરાવી કચેરીમાંથી વદીઆ કીધાં.

# ૨૫૫

# નસીહત મુજેબ નહી ચાલવાથી આખર થએલો પસતાવો.

કાશી શેહરમાં એક બરાહમણનો સરીનીવાસ નામે છોકરો રેહતો હતો. સરીનીવાસ ઘણું ભણેલો તથા વીદવાન હતો, તરક શકવીમાં તે ઘણો પુરવીન ગણાતો હતો અને વીદીઆ એલમને જોરે, લોકોમાં સારી આબરૂ ઇજત મેલવી હતી. એક દીવસે એક સખસે સરીનીવાસની ભેટ થઇ જણાવીઉં કે, મહારાજ! વીદીઆ એક સાગર છે અને એલમ એક દરીઆવ છે. ગમે એવો પંડીત પણ સરવે એલમથી કાબેલ અને ફાજેલ થતો નથી. મુલતાન શેહરમાં એક ગરીબ સુથાર છે, તે એવો ઉસતાદ છે જે, આપણા મનમાં શું છે તે જાંણીઆ વગર આગમજથી કહે છે. સરીનીવાસે ઉત્તર દીધો કે, ભાઇ! દુનીઆમાં એલમ હુનરનો પાર નથી. કોઇ માએના પુત પડેલા છે. આટલી વાતચીત થવા પછી સલાંમ અલેકુમ કરી સરીનીવાસ પોતાને મુકામે ગએઓ. પણ આ સુથારની વીદીઆ શીખવાનો તેને ઘણો હોંશ ઉતપન થએઓ. એક દીવસે આ બીનાથી પોતાના બાપને વાકેફ કીધા પછી બેશાવંદોની રજા મેલવી જવાન બરાહમણે મુલતાન જવાનો રસતો પકડીઓ. કેટલેક દહાડે શેહરમાં જઇ લોકોને પુછવા લાગો જે, આ શેહરમાં એક સુથાર છે, જે મનની વાતો આપણા બોલીઆ વીના કહી આપે છે, તેનું ઘેર બતલાવો તો મુજ પરદેશી ઉપર મોટો ઉપકાર થશે. એક માનસે તે સુથારનું મુકામ બતલાવીઉં, પણ રાતનો વખત હોવાથી ઘેરનો દરવાજો બંધ હતો, જે સરીનીવાસ ઠોકવા લાગો. સુથારે અંદરથીજ જવાબ આપીઓ જે, મહારાજ! ઉભા રેહવો, હું બારણું ઉઘાડું છું. સરીનીવાસની એટલામાંજ ખાતરી થઇ કે, મને જોએઆ વીના મારી જાત નાત સુથારે કહી દીધી છે, માટે પેલા સખશનું કેહવું ખરૂંજ થડે છે. સુથારે દરવાજો ખોલી બરાહમણને દાખલ કીધો, અને પુછીઉં જે, મહારાજ! મારે મોકામે તમે તસદી લીધી છે તેનો શું સબબ છે? સરીનીવાસે ઉત્તર વાલીઓ જે, તમારો એલમ શીખવા કાશી વેરથી આવીઓ

હ્યું. સુથારે જવાબ વાલીઓ જે ભલે.—હાલ રાત પડી છે માટે રસોઇ પાંણી કરો—સહવાર પડતાં સઉ થઇ રેહશે.

સહવારના નાહી, ધોઇ, તથા ધરમની ક્રીરીઆ ભકતી કીધા પછી સુથારે કહીઉં જે, મહારાજ ! આ લાકડાંના કડકા તથા તે ઘડવાનાં ઓજારો છે, જે ઓજારોથી હું તમોને પાવડી ઘડતાં શીખવું તે શીખો અને પાવડી બનાવો વેચતાં જે પઇસા મલે તેમાંથી સંસાર ચલાવો. સુથારનાં કહેઆ મુજેબ સરીનીવાસ ઘણી સરસ પાવડી ઘડવા લાગો અને તેનું દામ જે ઉપજતું તે સુથારને લાવી આપી તેનાં મોકામમાં વસવા લાગો. થોડી મુદત ગુજરવા બાદ, સરીનીવાસે ફરીથી આજેજી કરી કે, શેઠજી—હવે તમો મને તમારો એલમ શીખવો તો સારૂં. સુથારે જણાવીઉં જે, મારા એલમમાં ચાર શીખામણ છે, અને તે ચાર શીખામણ મુજેબ ચાલીઆચ તો મારો એલમ શીખેલો સહમજજો. આ ચાર શીખામણ હેઠલ મુજેબ છે :—

પેહલી—પોતાની મેહેનતથી જે હલાલનું મલે તેજ ખાવું અને પરાઇ દોલત પર આશા બાંધવી નહી.

બીજી—હરગેજ ચોરી કરવી નહી.

તરીજી—કદીબી જુઠું બોલવું નહી.

ચોઠી—પરાઇ અસતરી ગમે એવી ખુબસુરત હોએ, પણ તેની ઉપર નજર બગાડવી નહી.

આ ચારે શીખામણ સાબેત રાખી, તે પરમાણે ચાલશો તો મારી વીદીઆ તમોને ફલશે. સરીનીવાસે આ નસીહત ખુબ રવેશે ઇઆદ રાખી તેજ મુજેબ ચાલવા માંડીઉં. એક વરશ થઇઉં એટલામાં સુથારની મુવાફેક તેને આશાહી સુજવા માંડી અને સુથાર થાંનેબી વધારે ચતુરાઇ બતલાવવા લાગો. જેઓ બરાહમણનું શાંભલતાં, તેઓ સુથાર આગલ તારીફ કરતા કે, તમારો ચેલો બહુ હુશીઆર થએઓ છે. આ પરમાણે બે વરશ ગુજરવા પછી સરીનીવાસે સુથાર પાસે રજા માંગી કે શેઠજી, હવે ફરમાવો તો મારા મોકાંમે જઇ મારા બાપને પગે પડું. સુથારે ફરીથી શીખામણ દીધી જે, મેં જે ચાર નસીહત કરી છે તે ભુલતો નાં, કેમકે તે પરમાણે ચાલીઆથી તમો મારો એલમ શીખીઆ છેઓ. પણ જો ભુલીને આડે રસતે જાશો તો, આ વીદીઆ ફલશે નહી. ઉસતાદને પગે લાગી, સરીનીવાસે કાશી તરફ જવાનો રસતો પકડીઓ.

રાહમાં ચાલતાં, જે જે તરફની અગમચેતી થાતી, તે એક કાગજપર તારીખ, વાર તથા વેલા વખતસર લખતો ગએઓ, કે પોતાને મુકાંમે જઇ આ એલમની સાબેતી આપવાને બની આવે. શેહરથી એક મંજલ દુર પોંહાંચતાં રાત પડવાથી એક ધરમશાલામાં ઉતારો લીધો અને તાંહાં આરામ કીધો. મધરાતને સમે એક પરી-ચેહરની ખુબસુરત ઓરત હાથમાં અસરફીથી ભરેલી થાલી લઇ કીમતી જરીઆનથી સોલે શીંગાર થાઇ તેના સેરાના આગલ આવી ઉભી, પણ થોડાવારમાં સરીનીવાસ બીદાર થાઇ જોએથું કે, એક ગુલ અનાર જેવી નારને અસરફીની થાલી સાથે જરીઆનમાં ગરકાવ થએલી દીઠી. આ તમાશો જોઇ સરીનીવાસે પુછીઉં કે, આવી મધરાતે મારા સેરાનાં આગલ શા માટે આવી ઉભાં છો? તમે કીઆંથી આવીઆં છો? અને કીઆં જવા ચાહો છો? પરી-ચેહરની ઓરતે જવાબ વાલીઓ કે, મારા ભરથાર સાથે કંકાસ થવાથી મને કાહાડી મેલી છે. હું કુવો તલાવ સોધી મરવા આવી છું. આ વાત સાંભલતાં સરીનીવાસની અકલ હુશીઆરી ગુમ થઇ અને લાલચનાં લોભમાં પડી નજર બીગાડી બોલીઓ જે, શું કરવા આપઘાત કરવા માંગો છેવો? મારે ઘેર આવો તો મોટાં માનથી રાખીશ. ખુબસુરત ઓરત ખુશી થઇ સરીનીવાસનું કહેવું કબુલ રાખીઉં. સરીનીવાસ પોતાના ઉસતાદની નસીહત એકદમ ભુલી ગએઓ. મનમાં વમાસવા લાગો જે, એક તો હાવી ખુબસુરત નાર હાથ લાગે છે અને બીજું તો કીમતી અસરફી તથા જરીઆનનો દલબો મલે છે, માટે મારા એલમ સાથે આ મોટી દોલત મેલાવાથી મને કશી ચીજની મોહતાજ રેહનાર નથી. પણ હવે પકું કરી લેવું જોઇએ. એમ વીચારી આ ખુબસુરત ઓરતને કેહેવા લાગો જે, માશુક! મને ઉંઘનો ગલબો થાએ છે, અને બખાદા તું અતરેથી કોઇ બીજા સાથે નીકલી જાએ તો મને કેમ ભરોશો આવે. માટે આ તારા શરીરપરનું જરીઆન તથા થાલી માંહેલી અસરફીઓ આપ, જે પોટલું બાંધી મારા માથાં હેઠલ મેલું કે મને આરામથી નીંદ આવે. તે ઓરતે પોતાનો શીંગાર તથા અસરફીઓ આપી, જેનું પોટલું બાંધી, સરીનીવાસ મઘન થાતો નચીનતાઇથી સુતો. બામદાદ પડતાં ઉઠીને જોએ છે તો, ના મલે પેલી ખુબસુરત ઓરત, કે નાં મલે જહવેર તથા અસરફીની પેલી ગાંસડી. આ મામલો જોઇ દેવાનાની પેઠે તેઓની

આલમાં આખો દહાડો જંગલે જંગલ રહજડીઓ, પણ કશો પતો મલીઓ નહી. સેવટે થાકી ભુખો ને તરસીઓ પાછો ફરી ધરમશાલામાં સુતો અને બામદાદ પડતાં ઘેરનો રસતો લીધો.

સરીનીવાસ પોતાને મોકામે જઈ સરવેને ભેટીઓ અને આગાહી કરવાનો એલમ હાંસેલ કીધો છે એવો ફાંકો બતલાવવા લાગો. તેનાં એલમની પરીક્ષા કરવાને ઘણા જન આવીઆ, પણ સરવેને જવાબ આપવામાં જુઠો પડતો ચાલીઓ. સેવટે પોતા પાસેની ટીપ ઉખેડી દહાડા વારની બનેલી વીગત બોલવા લાગો તો તે ખરી પડી. સરવે લોક સહમજીઆ કે ઉસતાદે આ બરાહમણને બરાબર શીખવીઉં નથી. તુરત વખતના બનાવો ખરેખરા ઉતરીઆ છે, પણ પાછલથી એ એલમ ભુલી ગએઓ છે. કમબખત સરીનીવાસ ઉસતાદને ગાલ દેવા લાગો જે, પોતાનો એલમ બરાબર શીખવીઓ નહીં. પણ એ કમતાલેનાં બરાંહમણની હજુર સુંધ ઠેકાંણે આવી નહીં, કે ઉસતાદે આપેલી શીખામણ મુજેબ નહી ચાલીઆથી તેનો એલમ ફલીઓ નથી. પંડો એલમ હાંસેલ કરવાની મકસદથી, બાપની રજા મેલવી પાછો મુલતાન ગએઓ, અને રાતનો સમો હોવાથી સુથારનું બંધ કીધેલું બારણું ઠોકવા લાગો. સુથારે અંદરથીજ જવાબ દીધો જે, જેવા આવીઆ છેઓ તેવાજ પાછા વહેઆ થાઓ. બરાહમણે પુછીઉં જે, શેઠજી! એટલા બધા ગુસસે મુજ ઉપર શા માટે થાવો છેઓ? સુથારે કહીઉં કે, મહારાજ! ફીઆદ કરોની કે ધરમશાલામાં અસરફી લેઈ આવેલી સોલે શીંગારવાલી ખુબસુરત ઓરતપર નજર બગાડનાર તમોજ કેની? આ શાંભલતાંજ બાપડા સરીનીવાસની ફીકરી બંધાઈ ગઈ. થોડેક વારે બોલીઓ કે, આ તમારૂં બોલવું ખરૂં છે, માટે મને માંફ કરો અને હવે પછી ખુબ સંભાલથી ચાલીશ. સુથારે જવાબ વાલીઓ જે હવે કાંઈ બનવાનું નથી. મારા ઘેરમાં દીકરી વહુ છે. હવે તારો વીશવાશ મને આવેજ નહીં. એમ જણાવી જવાન બરાહમણને કાહાડી મેલીઓ. નીરાશ થાઈ સરીનીવાસ ભીખ માંગતો બાપને ઘેર આવીઓ અને બાકીનો વખત પસતાવામાં ગુજારીઓ. આ પરમાણે સચાઈના રસતાથી ઉલટા ચાલવાને લીધે બાપડા સરીનીવાસની ઉમેદ ધુલ મલી ગઈ.

# ૨૫૯

# ખાવંદને ખાસડાં મારવાની બોલીથી પરણેલી નવાબની બે બેતીઓ.

ચંદર નગરીમાં જુલફીકરખાં નામે નવાબ અમલ ચલાવતો હતો. જુલફીકરખાં સવભાવે નરમાશવાળો અને રાજપાટનાં કાંમમાં દાનેશમંદ હતો. પણ તેની બેગમ તેથી ઉલટાજ ખવાસની હતી. બાળકોને કેવી સીફતથી ઉધારવાં, તે સહમજવાની તેણીમાં જરાએ કાબેલીઅત હતી નહી. જુલફીકરખાંની બે બેનીઓ પણ કમ અકલ માંએની પેઠે લાડ અને નખરાંમાં ઉધરવા લાગી. સારી નસીહત દીધાને બદલે બેગમ પોતાની બેટીઓને એવું શીખવતી કે, જેઆરે તમારો પીતા તમારી શાદી કરાવી આપવાની વાત કરે તીઆરે તમો પરથમ એવી કબુલાત કરાવી લેજો કે, જે મરદ રાતે સુતી વખતે સો, અને સહવારે ઉઠતી વખતે સો, મલી બસો ખાસડાં અમારે હાથના ખાવા વચન આપે તે મરદ સાથે અમો નેકા કરીએ. નવાબની બેટીઓ પુખત ઉમરે આવીઆથી, આસપાસનાં ગાંમના શાહજાદાઓ તથા અમીરજાદાઓનાં માંગાંઓ આવીઆં. નવાબે આ માંગાંઓ બાબે પોતાની બેટીઓની મરજી જાણવાને પુછીઆથી તે બેટીઓએ પોતાની માંએના શીખવીઆ મુજેબ બાપને કેહવા લાગી જે, અમો પરણવાને ખુશી છઇએ, પણ જેઓ અમારી કબુલાત મંજુર રાખે તેઓને અમારા ખાવંદ કરીએ. તે કબુલાત એ જે રાતના સુતી વખત અને સહવારના ઉઠતી વખતે મલી બસો ખાસડાંનો માર ખાએ. નવાબ આ વચન શાંભલી ઘણો દુઃખી થએઓ અને બેટીઓને સહમજાવવા લાગીઓ જે એવી કબુલાત કોઈભી પાસેથીબી મારીથી લેવાએ નહી, કેમકે મારી આબરૂના કાંકરા થઇ જાએ; તમારી માંગની નામુનાસેબ છે. બીજું એ કે, ખાવંદને ખાસડાં મારવાં એ મહા પાપી કરમ ગણાએ છે. નવાબે ઘણીબી સહમજણ આપી, પણ તે બેરડ છોકરીઓએ માંનાં શીખવીઆથી હઠીલાઇ છોડી નહીં. આ વાતની ચરચા ગાંમમાં થવા લાગી. અને જેઓએ માંગાં મોકલીઆં હતાં, તેઓએ આવી બેઅદબ છોકરીઓ સાથે પરણવાથી હાથ ઉઠાવીઓ.

અતેફાક એવો બનીઓ કે તે ગાંમમાં બે ભાઇઓ આવી લાગા. તેઓએ નવાબની છોકરીઓની શરતની વાત શાંભલી ઠેરાવ કરીઓ કે, અમો એ વચન કબુલ રાખી શાદી કરીએ. આ બંને ભાઇઓ નવાબની કચેરીમાં ગએઆ અને તેની બેટીઓ જે શરતે પરણવા માંગતી હતી તે શરતો કબુલ રાખી પરણવાની ઇછા બતાવી. એકતો છોકરીઓ પુખત ઉમરે પુગી હતી અને બીજું તો કોઇબી અમીરી ખાંનદાનનો છોકરો આવી નાલાએક શરતો કબુલ રાખતો નહી હતો, માટે આ પરદેશી ભાઇઓને મંજુરીઆત આપી; તથા પેલી શરત તેઓ પાસેથી લખાવી લેઇ, નવાબે પોતાની બેટીઓને તેઓ સાથે પરણાવી આપી. આ બે ભાઇઓમાં એક સારી સહમજનો હતો, પણ બીજામાં વધારે ચતુરાઇ તથા અકલ ન હતી. પેલી સાદી સહમજનવાલો છોકરો તેજ ગાંમમાં નવાબનાં એક મેહુલમાં પોતાની માશુકને લઇને રહેઓ અને દરરોજ રાતનાં તથા બામદાદમાં મલી બસો ખાસડાનો માર ખાવા લાગો. બીજા ચતુર છોકરાએ એથી ઉલટીજ યુકતી શોધી કાહાડી, જેવો પરણીઓ કે પોતાની માશુકને લઇ બીજે ગામ જવા તઇઆર થએઓ. છોકરીએ પોતાના ભરથારને સહમજાવીઓ કે, મારા બાપનો બીજો મેહેલ છે તીઆં મુકાંમ કરીએ. છોકરાએ દમામમાંજ જવાબ વાલીઓ જે, તારા બાપે પોતાની દીકરી પરણાવી મારે સવાધીન કીધી છે, વાસતે મારે ઘેર તુંને લઇ જવાનો. તારા બાપની હવેલી મોટી છે, મગર મારૂં ઘેર જુરૂડી સરીખું છે, તે તમારે કબુલ કરવું જોઇશે. છોકરી તો મીઆંનો દમામ જોઇ થથરી ગઇ. છોકરાએ એક ગાડું ભાડે કીધું અને તે ઉપર ચાદર બાંધી પોતાની બાએડીને લઇ ગાડાંમાં સવાર થએઓ. બજારને રસતે જતાં છોકરાએ બજારમાંથી એક માંટલું—એક મરઘી—એક બકલીઉં અને એક સાદરી મલી ચાર જણસ ખરીદ કીધી અને તે સાથે લેઇ ગાડું ચાલતું કીધું. આગુલ ચાલતાં મરઘી કાંઇક દબાનમાં આવીઆથી કો—કો કરી પોકારવા લાગી, જેથી મીઆંનો મીજાજ ગએઓ અને મરઘીને પકડી બંને ટાંગ આગલથી ચીરી નાંખી બોલીઓ કે, સબકે સાથ કો—કો કરતે,—મેરે સાથ એઠ કર કો—કો લગાઇ. આ તમાશો જોઇ છોકરી ડરી ગઇ કે મુવો તો આકરો ભુત નજરે આવે છે. આગલ ચાલતાં બકરૂં બેં બેં કરવા લાગું કે, મીઆંએ કમરેથી કટારી કાહાડી તેનું પેટ ચીરી નાંખીઉં અને બોલીઓ જે,—સબકે સાથ બેં—બેં—લગાઇ

ફીર મેરે સાથબી લગાઇ. વલી ગાડાંનાં આંચકાથી માંટલું ખર ખર કરીઆ કરતું હતું, તેને ઉંચકી રસતામાં ફેંકી દીધું, અને બોલીઓ જે,–સબકે સાથ ખર ખર કરને લગા તો, મેરે સાથબી લગાઇ. આગલ ચાલતાં ગાડાંના ખનખનાતથી સાદરી ખસર ફસર કરવા લાગી. જેથી મીઆંએ તેનાં પીસતે પીસતાં કરી રસતામાં ઉડાવી નાંખી બોલીઓ જે,–સબકે સાથ ખસર ફસર કરતો, મેરે સાથબી કરને આઇ. સેવટે ગાડાંવાલાનેબી દમ ભરાવીઓ જે, જલદી ચલાવ નહીતર મેરે મીજાજ જાએગા. આ તમાશો જોઇ નવાબની બેટીના તો હાંજાંજ ગગરી ગએઆં અને મનમાં કેહવા લાગી જે, એ ધણીનો મીજાજ ઘણો કરદો છે. એને સો ખાસડાં તે કેમ મારીશ. સેવટે તેઓ ગામમાં આવી પોહોંચીઆં અને તઇઆર કીધેલાં મુકાંમ ઉપર ઉતારો લઇ, ખાનું ખાધા પછી આરાંમ કરીઓ. આરાંમ કરતી વેલા મીઆંજીએ એક નાગી તરવાર પલંગ સામેજ લટકાવી પોતાની ઓરતને જણાવીઉં કે, સહમજીને ચાલજે,—નહી તો આ તરવાર સીવાએ બીજી વાત નથી. છોકરી તો એટલી ગભરાઇ કે, કોઇ દહાડેબી ખાસડાં મારવાનો ખીઆલ કરીઓ નહી અને ઘણીજ તાબેદારીથી રેહવા લાગી.

પેલી તરફ આ મીઆંનો ભાઇ દરરોજ ખાસડાંનો માર ખાતો હતો, કેટલીક મુદતે, એક દીને બંધે ભાઇઓની મુલાકાત થઇ. તે વખતે વાતચીત થતાં અકલમંદ ભાઇએ પોતાની ઓરતને કેવી સીફતથી મીન સરીખી કરી હતી તથા ખાસડાં મારવાનો ખીઆલ તેનાં ભેજાંમાંથી કેવી પરકારે કાહાડી નાખીઓ હતો તેથી વાકેફ કીધો. આ વાત શાંભલી બીજો ભાઇ અજબ થએઓ કે મેં ગા મારો રોબ અસલથી બતલાવીઓ હતે, તો દરરોજનાં ખાસડાં ખાવાં પડતે નહી. તેણે પોતાના ભાઇને જણાવીઉં જે, હું પણ આએજ મુજબ રોબ બેસાડી મારી ઓરતને નરમ કરી નાંખું. અકલમંદ ભાઇએ જવાબ વાલીઓ કે, હવે એ બનવું મુશકેલ છે. પરથમથીજ કીધું હતે તો બનતે, તોપણ તજવીજ કરી કોઇ પરકારનો ઇલાજ વાપડી જો. ભાઇથી રૂખસદ લઇ તે બજારમાં ગએઓ અને મરઘીનું એક પીલું તથા એક બકલીઉં ખરીદી, ઘેર જઇ પલંગનાં બંધે પાઇઆએ બાંધીઉં. રાતની વખતે આરામ કરતાં મરઘીએ કો–કો કરીઆથી, તથા બકલીઆંએ બેં–બેં કરીઆથી

બંધેનો જાંન પટકી મીઆં ચીરડાઇ બોલીઓ જે, મેરી સાથ ઠો-ઠો બેં-બેં નહી ચલનેકી. મીઆંનો આવો દમામ જોઇ તેની ઓરત હસી પડી, જેથી મીઆં તેણીને ધમકાવા લાગો જે, મેરેકુ ગુસસા આએઆ હએ, ઇસ વખત તું મુજે હસતી, તેરે જાન પર નોબત આવેગી. ચુપ રેહે, દેખતી નહી, બકરી ઓર મુરઘોકા મેને કેસા હાલ કીઆ. મીઆંની જાલમ ઓરતે જવાબ દીધો કે, મીઆં અગી ચઇએ તો બાહાદર બાકે ઇદર બાંધો તોગી મેં દરનેકી નહી. મુરઘી ઓર બકરીકી કીઆ બીસાદ હએ? આ પરમાણે સાંભો દમ ભરાવી સરેસતા પરમાણે સુતી વખતે એકસો ખાસડાં મારતી તેને બદલે સો ઉપર એક ખાસડું વધારે લગાવીઉં. આવો મામલો જોઇ, મીઆં બોલીઆ જે, આજ તુંને એક જુતી મુજે જીઆદા કીઉં મારી? તે ઉપરથી ઓરતે જવાબ વાલીઓ જે, આજ તુંને મેરી સાંમને ઢોંગ મચાએઆ, ઇસ વાસતે આજ એક જુંતી જીઆદા લગાઇ-કે ફીરસે તું એસા ઢોંગ મચાવે નહી. આથી મીઆં થથરી ગએઓ કે વલી જો કોઇ બીજી ઇઉકતી કરીશ તો રાંડનાં વધારે ખાસડાં ખાવાં પડશે, માટે હવે તો મુંગા મુંગા દર રોજનાં બસો ખાસડાં ખાવાં બેહતર છે. બંધે ભાઇઓ તથા તેઓની ઓરત બાબે નવાબ અને પરજાને ખબર પડી તીઆરે તેઓની ખાતરી થઈ કે જે મરદે પરથમથીજ પોતાની ઓરતને ધાક તથા અખતીઆરમાં રાખી તે મરદ ફાવીઓ છે, પણ બીજો નરમી પકડી પાછલથી રોબ બેસાડવા લાગો તેનું કાંઇ વલીઉં નહી. અને રોજનાં ખાસડાંનો સરોપાવ પાંમતો ચાલીઓ.

---

## ખાવંદને મુવેલો સહમજી તેની પીઠ ઉપર ઉભી રહી પૌવા ખાનારી હીંદવાંની.

નીપાલનાં રાજાની દરબારમાં એક મશખેરો અમીર હતો. જે દરરોજ ફુરસદની વખતે રમુજી વાતો કરી રાજાનાં દેલને ખુશ કરતો હતો. એક દીવશે આ હશમુખો અમીર સરેશના મુજેબ ગપ લગાવતો હતો તે દરમીઆન તે બોલીઓ જે, મરદ ઇઆ ઓરત

પોતાની મકસદ હાંસેલ કરવા તરેહવાર પરકારનાં ફેલ ફરેબ રમે છે, તથા મકરબ જી કરે છે. જેની એકાદ બે વારતાઓ બંદેનવાજ ફરમાવો તો કહી સંભલાઉં. રાજાનો હોકમ થવાથી મુશબેરા અમીરે હેઠલ જણાવીઆ મુજેબની બે વારતાઓની હકીકત કેહી સંભલાવી.

મીરત શેહરમાં રેહનારી એક હીંદવાની સદા પોતાના ખાવંદને કેહતી હતી કે, મારા જેવી સતી નાર દુનીઆંમાં મલવી મુશકેલ છે. તારાં ધન ભાગ્યેગ કે મુજ સરીખી પતીવરતા અને વફાદાર ઓરત તુંને મલી છે. ભરથારે પુછીઉં જે, મારી ખાતરી કેમ થાએ જે, તું એવી સાચી મરવતવાળી છે. ઓરતે જવાબ વાલીઓ કે, જીઆરે તમો ઘેરમાંથી બાહાર જાઓ છો તીઆરે મારો જીવ તમારામાં લાગી રહે છે. જીઆરે ઘેરમાં આવો છો તીઆરે નીરાંત થાએ છે. જાંહાં સુધી તમો ભોજન નહી જમો તાંહાં સુધી હું કદી અન પાણી મોહોપર મેલતી નથી. એ મુજેબ તમારી પર જાંનફેશાની કરૂં છું. આવા સખુન શાંભલી, ભરથારે તેણીનાં મોહોપર ખુશહાલી દેખાડી મનમાં અંદેશો કીધો, કે આ મારી ઓરત જે કહે છે તે ખરૂં છે કે આ ખોટું, તેની મારે ખાતરી કરવી જોઇએ. આ અજમાએશ કરવા ખાતર એક દીન તેણીનો ભરથાર આજારી સરીખો થઇ પડીઓ અને બીજે દીને સહવારનાં પોહોરમાં દમ બંધાઇ ગએઓ હોએ એમ મુરદાં જેવો સુઇ રહેઓ. ઓરત સહવારનાં પોતાના ભરથારને ઉઠાડવા ગઇ તો, તેણે જવાબ દીધો નહી. ઓરતે શરીર હલાવી જોઇઉં તો, મુરદાં જેવો પડેલો નજર આવીઓ. હીંદવાની સહમજી કે કાલનો એ આજારી હતો અને કેહતો હતો કે મારો જીવ મુજાએ છે. રાતનાજ પથારી પર મુવો છે. પણ હવે હું કાંઇ ખાઇ પીઇ લેઉં,—અગર નહી તો સગાંવહાલાં તથા આસપાસનાં લોકો આવશે તો આખો દહાડો ભુખે મરવું પડશે. સીકાંપર દુધમાં પૌવા ભીજવી મુકેલા હતા તે ઉતારવાને હાથ લંબાવીઓ, પણ સીકાંપર હાથ પોંહચી શકીઓ નહીં. જેથી તુરત ખાટલાપરથી મુવેલા ધણીને નીચે ગબરાવી નાંખીઓ અને તેની પીઠ ઉપર ચહડી દુધ, પૌવા ઉતારી ખાધા. ખાવંદ દમ બાંધી પડીઓ પડીઓ આ તમાશો જોતો હતો. દુધ, પૌવા ખાધા પછી, પોતાના ભરથારની કંમરેથી કુંચી છોડી તેની પેવી માંહેલું દઇવત કાહાડી, પોતીકી પેટીમાં છુપાવીઉં. એવામાં

મરદનાં દાંતમાં સુનાની મેખો જડેલી નજરે પડીઆથી તે કાહાડી લેવાને મોહોમાં આંગલાં નાંખી જોઇઉં તો, તે મેખો મજબુત હતી, જેથી. એક લોખંડનો ખીલો અને હથોડી લેઇ ખાવંદનાં મોહો આગલ આવી, કે દાંતમાંથી સુનાની મેખો કાહાડે. મરદે વીચારીઉં જે, હવે દમ બાંધી પડી રેહવું દોરોસત નથી, કેમજે દાંતમાં ખીલો મુકીને હથોડી ઠોકશે તો મોટું દુઃખ વેઠવું પડશે. જેવી પતીવરતા બાએડી મોહોમાં ખીલો મેલી હથોડી ઉહાવવા જાએ છે કે તેનાં ધણીએ જટ તેણીનો હાથ પકડી લીધો અને ઉઠીને બેઠો. આ બનાવ જોઇ તેણી ગાભરી પડી ગઇ. હથોડી તથા ખીલો હાથમાંથી નાંખી દીધો અને શરમની મારી મોંહો નીચું કરી ઉભી. ખાવંદ બોલીઓ જે, વાહ-વાહ ! મારી સતવંતી નાર ! જોઇ લીધો તારા સતનો સાર,-તું દુધને પીંવા જાહાર-મારા દુધીઆ દાંત ના પાર.

બીજી વાતની હકીકત એ છે કે, મથુરાં શેહરમાં બહાદુરખાં નામે સીપાઇ રેહતો હતો, તેની બીબી હરદમ કેહતી જે હું તમોને જોએઓ વીના દેવાના સરીખી રેહું છું. તથા તમારી ઉપર જાંન ફેશાની કરૂં છું અને એવી એકીનદાર છું કે, તમારી છુપી વાતનો ભેદ કોઇ આગલબી કેહનાર નથી. બીબી દરરોજ મીઆં આગલ આવી ડીંગ મારતી હતી. બહાદુરખાં દુરઅંદેશાવાલો હતો, માટે વીચારીઉં કે, બીબી જે બોલે છે તે પરમાણે તે ચાલે છે કે નહી તેની અજમાએશ કરવી જોઇએ. એક દીને બીબી સાથે ખોટી તકરાર કરતાં ગુસસાનો જોસસો બતલાવી બીબીને ઠોકી, બહાદુરખાં બજારમાં ગએઓ અને એક બકરાની મુંડી વેચાતી લઇ કપડાંમાં વીંતાલી ઘેર આવીઓ, તથા બીબીને કેહવા લાગો જે મારી તકસીર માંફ કરજે. હવેથી હું તુંને જરાએ હાથ લગાડનાર નથી. એવી રીતે નમનતાઇથી જણાવી બોલીઓ કે, આ કપડાંમાં વીંટાલેલુ માનસનું માથું છે. એ મારો દુશમન હતો, એને મેં મારી નાંખોઓ છે. આ માથું આપણા ઘેરમાં દાટું છું, પણ એ ભેદ કોઇને કેહવો નહી. એમ જણાવી એક ખાડો ખોડી, પેલું બકરાંનું માથું કપડાંમાં વીંટાલેલુંજ દાટીઉં. થોડા દહાડા ગએઆ પછી બહાદુરખાંએ ફરીથી બીબી સાથે કજીઓ કરીઓ, અને મારીને ઘેરમાંથી બહાર નીકલી ચાલીઓ. બીબીએ વીચારીઉં જે એને ફાંસી ચહડાઉં તોજ ખરી. તુરત બહાર જઇ કોટવાલને ખબર આપી કે મારો ધણી ખુની છે. ખોદા માલુમ એને કેટલાં ખુન કરીઆં હશે, કેમકે

મારા ઘરમાંથી એક માનસને મારી તેનું માથું દાટેલું છે. ઘરમાં આવો તો હું તે જગા તમોને બતલાઉં, પણ પરથમ એ ખુનીને પકડી કેદ કરો, અગર નહી તો એ નાહસી જશે. બહાદુરખાંને પકડી પરહેજ કીધો અને કોટવાલ કેટલાક સીપાઇઓ લઈ તેનાં ઘરમાં દાખેલ થએઓ, તથા બીબીએ જે જગા બતલાવી તે ખોડતાં મુદી-વાલી ગાંસડી હાથ લાગી, જે લઇ કોટવાલ પાદશાહની કચેરીમાં ગએઓ અને પાદશાહના હોકમથી ગાંસડી છોડી તો તેમાંથી માન-સને બદલે બકરાંની મુદી મલી આવી. આ વાતનો ભેદ પાદશાહે પુછીઆથી બહાદુરખાંએ જણાવીઉં કે મારી બીબી હરદમ દફાંસ મારતી હતી કે, હું તમારી ઉપર જાંનફેસાની કરૂં છું અને એવી ઇમાનદાર છું કે, મરદના ભેદની વાત જાન જાએ તોબી કોઇ આ-ગલ કેહનાર નથી, જેની અજમાએશ કરવાને મેં આ તાલ કીધી કે, બજારમાંથી બકરાંની મુદી કપડાંમાં વીટાલી ઘેર લાવીઓ અને બીબીને જણાવીઉં કે, મેં ખુન કીધું છે અને આ મરદનું માથું ઘેરમાં દાટું છું. બીબી એવી એકીનદાર માલમ પડી છે કે, જરા ખટપટ થતાંજ આ વાત સરકારમાં આવી જાહેર કરી છે. અગર એવી દફાંસ ઉપર ઇતબાર રાખી ખરેખરૂં ખુન કીધું હતે તો, આજે મને ફાંસી જવું પડતે. પાદશાહે બહાદુરખાંની ચતુરાઇ જોઇ તુરત તેને છોડી મેલીઓ.

## બંદો ચાહે છે શું અને ખોદા કરે છે શું ?

એક પાદશાહને શેકારગાહનો એટલો તો ચસ લાગો હતો કે, રાજપાટનાં કામ ઉપર થોડુંજ ધીઆન આપતો અને રાજ વહી-વટ ચલાવવાનું વજીરને સોંપી, ઘણોખરો વખત શેકાર કરવામાં ગુજારતો હતો. આ પાદશાહનો વજીર ચતુર તથા દાનેશમંદ હતો અને પાદશાહને ઓજરખાહીથી કેહતો કે, બંદે નવાજ ! એકદમ શેકાર પાછલ દીલ લગાડવું સારૂં નથી, એથી રઇઅતનો પીઆર ઉતરી જાએ છે. હરેક ચીજમાં લોભ રાખવો સજાવાર નથી, હદમાં રેહવું ફાએદાકારક છે, વજીર ઘણોબી સહમજાવતો, પણ પાદશાહ તેની નસીહતને ગણકાવતો નહી હતો. એક દીને શેકાર કરતાં એક

ખુબસુરત હરન પાછલ પાદશાહ ઘણો દુરદરાજ એખલો નીકલી ચાલીઓ. આ હરન મારવાનો ઘણોબી કસદ કીધો, પણ તે નજર આગલથી એકદમ છલંગ મારતું ગેબ થઈ ગએઉં અને પાદશાહ થાકી જવાથી એક ઝાડનાં છાએઆમાં આસાએશ લેવાને ઉભો. એવામાં પછવાડેથી પાદશાહનો એક ખાસ સવાર ઘોડો દપતાવતો આવી લાગો અને નમસકાર કરી બોલીઓ જે, બંદેનવાજ! આ જંગલ દરમીઆંન તમારા જાંનને કાંઇ બેજાલત પુગે એવા અંદેશાથી તમો ગરીબ પરવરેશની પુઠે ને પુઠે મારો ઘોડો જોંહકાવતો રહેઓ છે. સરકાર જે ફરમાવે તે બજાવવાને તમારો નીમખ પરવરેશ તઇઆર છે. પાદશાહે વીચાર કીધો જે, આ સવાર મારી પુઠે ને પુઠે ઘોડો દપતાવતોજ રહેઓ છે અને મારે હાથથી હરન છટકી ગએઉં છે તે બીનાથી વાકેફ હશે. તથા અમીર ઉમરાવોને જણાવશે તો મને માઠું લાગશે, માટે આ સવારનો કોઇબી તદબીરથી જાંન લેવો બેહેતર છે. આવો બેહુંદો વીચાર પુગાડી પાદશાહે એક ચીઠી લખી, તેમાં લખવાની એવી મકસદ રાખી હતી કે, આ ચીઠી લાવનાર સવારને એકદમ વીખ દેજો. પાદશાહે આ મુજબની ચીઠી લખી સવારને આપી ફરમાવીઉં કે, આ ચીઠી તુરત જઇ વજીરને હાથોહાથ આપજે.—કેઠેબી ખોતી થતો નાં. પાદશાહને કુનસ બજાવી ઘોડો દપતાવતો આ સીપાઇ કચેરીમાં આવીઓ અને પાદશાહની ચીઠી હાથોહાથ વજીરને આપી. આ ચીઠી વાંચતાં વાર વજીર વીચારમાં ગરકાવ થઇ ગએઓ કે, પાદશાહ કાંઇ દેવાનો થઇ ગએઓ છે, જે પોતાની છોકરી વીબીઆને એક હલકામાં હલકા સવાર સાથે પરણાવી આપવા લખે છે. વલી ચીઠીમાં એવી તાકીદ લખી હતી કે, આ હોકમ તુરત બજાવવો તેમાં જરાએ ઢીલ કરવી નહી. વજીર વલી એમબી વીચારવા લાગો કે, આ સવારે જંગલ દરમીઆંન પાદશાહની કેવી જાનફેસાંનીથી સેવા બજાવી હશે, તો પોતાની શાહજાદી સાથે લગન કરાવી આપવાનો હોકમ મોકલીઓ છે. ગમે તે હોવો પણ, પાદશાહનો હોકમ તો બજાવવોજ જોઇએ. આવો વીચાર કરી વજીરે એક શુભ દીવસ ઠેડવી પાદશાહની બેટી વીબીઆની શાદી આ સવાર સાથે કરી આપી.

થોડા દીવસ ગુજરવા પછી, પાદશાહ શેકારગાહથી પાછો ફરીઓ અને મેહેલમાં આવી જોએ શું કે, જે સવારને વીખ દેવા મોકલીઓ હતો, તે તેની શાહજાદી સાથે પરણી, જમાઇ થઇ

મેહેલમાં અમન ચમન કરે છે. આ મામલો જોઇ પાદશાહ અજબ થએઓ અને વજીરને બોલાવી જણાવીઉં કે, જે સવારને વીખ દેઇ મારી નાખવા મોકલીઓ હતો, તે સવારને આવે દરજજે પોહોચાડવાનું કારણ શું ? વજીરે જવાબ વાલીઓ કે, જેહાંપનાહ ! તમારી ચીઠીમાં વીખ નહી પણ વીખીઆ લખીઉં છે, માટે જો તમારી ખાતરી કરવી હોએ તો આ તમારી લખેલી ચીઠી હાજેર છે. પાદશાહે ચીઠી વાંચી તો તેમાં ભુલથી વીખને બદલે વીખીઆ લખેલું છે, એવી ખાતરી થઇ, જેથી પાદશાહ ચુપ થઇ ગએઓ. અને નસીહત પણ પકડી કે, **બંદા ચાહે છે શું અને ખોદા કરે છે શું ?** પરજાના લોકોમાં આ વાત માલુમ પડવાથી, આ મુજબની કેહવત ચાલુ થઇ છે કે,—જીનકે પાંઉ પનોઇઓ નહી, ઉનકુ મીલા ગજરાજ,—વીખ દેતાં વીખીઆ મીલે, ઝુંઇ ગરીબ બંદેનવાજ.

## સેરને માથે સવા સેર.

એક બતરીસ લખનવાલો સોદાગર હતો. વેપાર વનજનું કામ ઘણી હુશીઆરીથી બજાવતો હતો. દેશાવરો ખાતે આડતીઆઓ પર માલ મોકલી વેચાવતો હતો. આ સોદાગરમાં એક ખાંમી એ હતી કે, કોઇબી નોકરને રાખતો તેની સાથે પરથમ એવી બોલી કરતો કે, હું બતરીસ લખનીઓ આદમી છું અને જો તારામાં બતરીસ લખન હશે તોજ તુંને દરમાએઓ મલશે અને તેટલાં લખન નહી હશે તો પગાર મલનાર નથી. આવી બોલીથી ઘણાક નોકરો ચાકરીએ રેહતા, પણ તેઓમાં પુરાં બતરીસ લખન નહી હોવાથી, પગાર છોડી ચાલતા થતા હતા. આ પરમાણે બતરીસ લખનીઆ સોદાગરને તડાકો પડીઓ કે, નોકરો પાસે મુફત કામ લેતો હતો અને કોઇને એકબી પઇ આપવી પડતી હતી નહી. સોદાગરની આવી ચાલથી લોકો જીઆરે વાકેફ થએઆં તીઆરે કોઇબી તેની નોકરીએ રેહવા માંગતું હતું નહી. સોદાગરનો સાખો આખા ગામમાં પડીઓ હતો. એક વખત આ સોદાગરને મુસાફરીએ જવાનું કામ પડીઉં, જેથી એક નોકર સાથે લેવાની જરૂરજ

હતી, એવામાં તે તરફ એક છતરીસ લખ્ખનીઓ આસામી આવી લાગો અને નોકરી મેલવવાને તજવીજ કરવા લાગો. લોકોએ આ આસામીને મને કીધો કે, આ સોદાગરની નોકરીમાં રેહેતો નાં, કેમકે હરેક પરકારનાં બાહાનાં કાઢી દરમાએઓ આપતો નથી. છતરીસ લખ્ખનીઓ મનમાં વીચારવા લાગો જે, હું બતરીસ લખ્ખનીઆને પુરો પડીશ. આવો વીચાર કરી સોદાગર પાસે ગએઓ અને નોકરીએ રેહવાની ખાહેશ દેખાડી. સોદાગરે ઉપર મુજબની બોલી તેની સાથે કીધી કે તારામાં બતરીસ લખ્ખન હશે તો તુંને દરમાએઓ મલશે. નોકરે જવાબ વાલીઓ જે, શેઠજી! તમારામાં બતરીસ લખ્ખન છે તો મારામાં છતરીસ લખ્ખન છે, પણ મારામાં બે ખાંમી છે, તે જો તમે સંભાલી ચલાવશો તો હું તમારી નોકરી ખાતરી મુજબ બજાવી શકીશ. આ આદમીને સાથે લઇ, સોદાગર મુસાફરીએ નીકલીઓ. એક મંજલ કાપીઆ પછી સોદાગરે એક ધરમશાલામાં વીસામો લીધો અને નોકરને ફરમાવીઉં કે, સગદી તઇઆર કરી ખીચડી પકાવ. નોકરે જવાબ વાલીઓ જે, શેઠ! મારેથી રાંધવાનું તો બને નહી. સોદાગર ગુસસે થઇ બોલીઓ જે, ચાકરી કરવા આવીઓ છે કે શેઠાઈ કરવા? નોકરે થંડે પેટે જવાબ વાલીઓ જે, શેઠ! આપણા લખતમાં બે અવગુણ વીશે દરગુજર કરવાની મતલબ જણાવી છે. તેમાં એક એ કે મારેથી રંધાએ નહી. તમો રાંધો તો હું ખાઇશ. બતરીસ લખ્ખનીઓ સહમજીઓ કે, એબી મારે માથેનો મલીઓ છે. એની બે બોર મેં દરગુજર કરવા જણાવી છે, તેમાં મોટી બોર આ દેખું. અંતે નાચાર થઇ સોદાગરે રસોઇ કીધી, અને નોકરને જમાડીઓ. ખાંણું ખાધા પછી, સોદાગરે નોકરને ફરમાવીઉં જે, ખાણાનાં વાસન માંજી સાફ કર. આ સાંભલતાંજ નોકર પીછોડી લઇ ઓટલા પર સુતો અને કેહવા લાગો જે, મારામાં બીજો અવગુણ એજ છે કે, જમીઆ પછી મારીથી કોઇબી કાંમ થાએ નહી. સોદાગર અજબ થએઓ કે, હું બતરીસ લખ્ખનીઓ છું પણ આ છતરીસ લખ્ખનીઆથી જેર થએઓ છું. શેઠ રાંધે ને ચાકર ખાએ, તથા શેઠ વાસણ ઉજાડે ને નોકર સુખેથી આરામ કરે. શું કરૂં લખ્ખતમાં બે અવગુણ દરગુજર કરી જવાની કબુલાત આપી છે તો હવે ચલાવી લેવું જોઇએ. ઘણાક નોકરોના પગાર હું હજમ કરી ગએઓ છું પણ આ તો **શેરને માંથે સવા શેર** મલીઓ

છે. જેમ તેમ કરી એક વરસની મુદત પુરી કરી સઘલા પગાર ચુકવી આપીઆ. છતરીસ લખનીઆ નોકરને વદેઆ કરીઓ, પણ એ વખતથી નસીહત ધરી કે કોઈની ખરી મેહનતની કદર નહી બુજવામાં મોટું પાપ છે.

## મેહેનત ઉપર નસીબનું ફાવવું.

મીરજાપોરમાં બે ભાઇઓ રેહેતા હતા, તેઓ એક બીજાને ઘણીજ પરીતથી ચાહતા હતા, એક વખત વાતચીત કરતાં એક ભાઈ બોલીઓ જે, ભાઇ ! નસીબ મોટું છે. બીજાએ જણાવીઉં કે, નહી ભાઇ, નસીબ મોટું નથી, પણ મેહેનત ખરી છે. આ તકરાર ઘણી રસપર આવીઆથી, બંધે ભાઇઓએ ઠેરાવ કીધો જે, એ બાબે આપણે અજમાએશ કરીએ અને ખાતરી કરી લઇએ કે, મેહેનત ખરી છે કે નસીબ. આ તકરારની તજવીજ કરવાને બંધે જન ખાલી હાથે નીકલી બીજે ગાંમ જઇ લાગા. ધરમશાલામાં ઉતારો લીધા પછી મેહેનત સરસ કેહનાર ભાઇ બોલીઓ જે, ભાઇ ! ખાધા પીધાનું મેલવવાને મેહેનત કરશું તો કાંઇબી આપણને મલશે. નસીબ ઉપર મુસતાક રેહનારે જવાબ આપીઓ જે, હું તો મારા નસીબ ઉપર બેઠો છું, મારાં નસીબમાં જો હોશે તો મને મલશેજ. મેહેનતવાલો ભાઇ પરથમ કરસીઓ લઈ નદી કાંઠે ગએઓ અને નદીનું પાણી તે કરશીઆમાં ભરવા માંડીઉં. એવામાં તેની નજર એક તરતી ચીજ પર પડવાથી તે ઉડાવી લીધી અને જોએ છે તો બે પાતરાંનાં દરીઆ એકેક પર સીવી લીધા હતા. આ દરીઆ ઉખેડતાં તે મધે મીઠાઇનો લાડવો નજરે આવીઓ, જેમાંથી ચાખી જોતાં ઘણો મીઠાશદાર માલમ પડીઓ. મેહેનતવાલો ભાઇ ખુશી થએઓ કે, મેં મેહેનત કીધી તો આ મીઠાઇ મલી આવી, માટે મારા બીજા ભાઇ આગલ લઇ જઇ વેંહેચી ખાઉં અને તેની ખાતરી કરી આપું કે મેહેનતનું ફલ આએ મલીઉં છે. પાણી તથા મીઠાઇનો દરીઓ લઇ જઇ નસીબવાલા આગલ મેલીઓ અને લાડવામાંથી અરધો લાડવો ખાવા આપીઓ.

નસીબવાળાનાં હાથમાં જે અરધો લાડવો આપીઓ હતો, તેમાંથી એક અસરફી નીકલી, જે નસીબવાળાએ પોતાની પાસે છુપાવી. ખાઇ રેહવા બાદ, મેહેનતવાળો બોલીઓ કે, ભાઇ, જો મેં મેહેનત કીધી નહી હતે તો, આ મીઠાઇ મલતે નહી, માટે કબુલ કર કે, મેહેનત બરી છે. નસીબવાળાએ જવાબ દીધો જે નાં, ભાઇ, નસીબ મોટું છે, મેં કાંઇ તારી પાસે માંગીઉં હતું નહી, પણ નસીબમાં હતું તો તું આપોઆપ લઇ આવીઓ અને મારા નસીબનું મેં ખાધું. આથી મેહેનતવાલા ભાઇનો મીજાજ ગએઓ અને બંધે વચે તકરાર પરથી મારામારી થવા લાગી. મારામારી કરતાં જોઇ, સીપાઇઓ બંધેને હાકેમની આગલ પકડી લઇ ગએઆ. હાકેમના પુછવાથી મેહેનતવાલાએ જણાવીઉં કે, જો હું નદી કાંડે જવાની મેહેનત લેતે નહી તો, મીઠાઇનો લાડવો મલતે નહી. અને વલી જો આ લાડવો હું લઇ જતે નહી તો, આ ભાઇને ભુખે થોકાતું પડતે, તે માટે મારૂં કેહવું એ છે કે, નસીબ કરતાં મેહેનત બરી છે. નસીબવાલાએ જવાબ દીધો જે, મેં મારા ભાઇ પાસે કાંઇ મંગાવીઉં હતું નહી, એજ પોતાની ખુશીથી લાવીઓ, માટે મારા નસીબનું હતું તે મને મલીઉં. વલી પેલી સંતાડેલી અસરફી રજુ કરી બોલીઓ કે, જે અરધો લાડવો મને ખાવા આપીઓ, તેમાંથી આ અસરફી મને મલી છે. એબી મારા નસીબનીજ વાત છે. અગર એ અસરફી એના નસીબમાં હતે તો જે ભાગ મને ખાવા આપીઓ, તે એજ લેતે. પણ એના નસીબમાં અસરફી નહી, માટે મને તે મલી છે. જે હાકેમ આગલ બંધે ભાઇઓનો ઇનસાફ થતો હતો તે હાકેમ, દરરોજ પાતરાંના બે દરીઆમાં લાડવો મુકી તેમાં એક અસરફી મેલી, નદીમાં તરતો મુકાવવાનું ધરમદાન કરતો હતો, કે જેનાં નસીબમાં હોએ તે તેને મલે. હાકેમની ખાતરી થઇ કે, નસીબવાલો જે કેહે છે તેજ ખરૂં છે. હાકેમે બંધે ભાઇઓને સહમજાવીઆ કે, મેહેનત કરતાં નસીબ મોટું છે, માટે એમાં દસતંદરાજી કરવી લાએક નથી. કેહવત છે કે "ધાવ ધાવ ને કરમમાં હોએ સો પાવ."

# ૨૭૧.

# ખાસડાની કબર પર પાદશાહે રાખેલું એકીન.

પાદશાહ અકબરશાહે બીરબલને એક વખત પુછીઉં જે, એકીન બરા કે પીર? બીરબલે જવાબ દીધો જે, બંદેનવાજ!—પીર કરતાં એકીન મોટું છે. એકીન નહી હોએ તો પીરને કોણ માને! અને માન કોણ આપે? પાદશાહની ફીકર એવી હતી કે, એકીન કરતાં પીર સરસ છે. પાદશાહે ઘણીક તદબીરથી બીરબલને પોતાના વીચારને મલતો થવાને સહમજાવીઓ, પણ બીરબલે પોતાનો વીચાર છોડીઓ નહી, કે પીર કરતાં એકીન મોટું છે. બીરબલે પોતાનો વીચાર નહી ફેરવીઆથી પાદશાહ એટલો બધો તપી ગએઓ કે પોતાના પગમાંનું જડાવદાર ખાસડું કાહાડી બીરબલ ઉપર ફેંકીઉં. પાદશાહને ગરમીમાં આવેલા જોઇ, બીરબલ આ ખાસડું ઉઠાવી, ચુપચુપ દરબારમાંથી નીકલી ગએઓ અને પીર કરતાં એકીન મોટું છે એવી પાદશાહની ખાતરી કરી આપવાને ઠેરાવ કીધો. ગામ બાહેર એક જગાએ બીરબલે એક જુફડું બાંધીઉં અને તે જુફડાંની વચમાં એક ખાડો ખોદાવી તેમાં પેલું ખાસડું કપડામાં લપેટી મેલીઉં તથા તે ઉપર એક કબર બનાવી પોતે મુજાવરનો વેશ લઇ તે જુફડીમાં રેહવા લાગો. જેમ દીવસ ગુજરતા ગએઆ તેમ તેમ ગામનાં લોકોને ખબર થતી ગઇ કે, કોઇ પીર-મરદની કબર કરી, એક મુજાવર, ગાંમ બાહેર જુફડી બાંધી બેઠા છે. લોકો આ કબરની ભેટ લેવા આવતું, તેઓને બીરબલ એકી-નશાહ પીરની કબર કરી કેહતો અને જણાવતો કે, જો એકીન રાખી આ કબરની માનતા કરશો તો તમારા દીલની મોરાદ બર આવીઆ વીના રેહનાર નથી. લોકો એકીન રાખી માનતા કરતા; તેઓમાંનાં ઘણાઓની મોરદ પાર પડવા લાગી, જેથી આખા ગામમાં એકીનશાહ પીરની તારીફ થવા લાગી અને ઠેઠ પાદશાહની દરબારમાં એકીનશાહ પીરની વખાણનું બાકું ફુંકાવા લાગું. અકબ-રશાહ પાદશાહને એકુ ફરજંદ નહી હતું અને તે એકબી ફરજંદની વરસી થએલી જોવાને ઘણો ખાહેશમંદ હતો, જેથી એક દીને

અમીર ઉમરાવો સાથે પાદશાહ આ કબર આગલ ગએઓ અને એવી માનતા માની કે જો મારે તીઆં એક ફરજંદની બખશેશ થાએ તો આ એફીનશાહ પીરની કબર નરદમ સુંનાની બનાવી આપું. બીરબલે જણાવીઉં કે જો તમો એફીન રાખી પીરને માનશો તો તમારી મુરાદ બર આવશે. પાદશાહે બીરબલને પીછાંણીઓ નહી, પણ તેને મુજાવર દાખલ સહમજી, એફીનશાહ પીરની કબર પર એતેકાદ રાખવાને કબુલ કીધું. પાદશાહ રોજ આ કબર આગલ આવતો અને તે પીરની કબર પર એફીન રાખી એક ફરજંદની બખશેશ માંગતો. એતેફાક એવો બનીઓ કે, થોડી મુદતમાં પાદશાહની રાંણી હમેલદાર થઇ અને એક ફરજંદનો જનમ આપીઓ. આથી પાદશાહ ઘણો ખુશ થએઓ અને મુરાદ બર આવેલી જોઇ પોતાની માનતા પુરી પાડવાને ખજાનાંમાંથી કેટલુંક સુનું લઇ, મોટી ધામધુમથી એફીનશાહ પીરની કબર આગલ ગએઓ તથા મુજાવરને પગે પડી, એફીનશાહ પીરની કબર સુનાંની બાંધી આપવાને તે કબરનું બાંધકામ ખણાવા માંડીઉં. ખોડતાં ખોડતાં પેલાં કપડાંમાં લપેટેલું ખાસડું હાથ લાગું, જે બીરબલે ઉઠાવી પાદશાહનીજ હજુરમાં કપડાંમાંથી ઉખેડી, પાદશાહનાં હાથમાં આપીઉં અને બોલીઓ જે, જેહાંપનાહ! આ મુજાવર તમારો તાબેદાર બીરબલ છે, અને એફીનશાહ પીર તે કોઇ નહી, પણ તમારૂંજ ખાસડું છે. બંદેનવાજ! તમેજ હવે દરીઆફત કરો કે, એફીન મોટું છે કે પીર. એફીન રાખી તમારાં ખાસડાંને પીર દાખલ માનીઉં તો તમારી મોરાદ બર આવી. પાદશાહે પોતાનું ખાસડું પીછાણીઉં અને એફીનશાહ પીરને બદલે એ ખાસડું કબરમાંથી બાહાર કાહાડેલું પોતાની નજરે જોઇઉં, જેથી તેની ખાતરી થઇ કે, પીર કરતાં એફીન બરી ચીજ છે, પાદશાહ કબર બાંધવાને જેટલું સુનું લાવીઓ હતો, તેટલું બીરબલને બખશેશ કરી પોતાની દરબારમાં તેને પાછો માન ભરેલા હોધા ઉપર રાખીઓ.

## બખીલાઇનો મેલવેલો ઘડો.

બગદાદ શેહરમાં સલીમ નામે એક માતબર સખશ રેહતો હતો, મગર તેનું નામ બખીલાઇ માટે આખાં શેહરમાં મશહુર

થયઉં હતું, સલીમ પાસે બેશુમાર ખજાનો હતો, પણ તે એટલો તો સુમ હતો કે, અંગે સારૂં વસતર વતીક પેહરતો હતો નહી અને મોટી પુંજી છતાં પોતાના જીવને દરેક પાંતીએ વેદનાં દેખાડતો હતો. સરવે લોક આવી બખીલાઇ માટે તેને ધીકારતા હતા અને કોઈ સારૂં આદમી તેની સંગત કરવાને રાજી થતું નહીં હતું. સલીમ આ મુજેબ હારમારે થતો હતો, પણ તેને દોલતનો સારો ઉપીઓગ કરવાને વરદાન હતું માટે તે પોતે જીવને ખાતર ખરચ કરતો નહી હતો, એટલુંજ નહી પણ એક દમડી વતીક હાથે ઉંચકી ખેરાતમાં આપતો હતો નહી. એક વખત એક મુસાફર બસરા શેહરથી નીકલેલો બગદાદમાં આવીઓ. તેણે બજારમાં માલખર સલીમની બખીલાઇની વાત ઘણાંઓને મોંહડેથી શાંભલી. એક દીને આ મુસાફરનો મેલાપ સલીમ સાથે થએઓ, જેને સલામ અલેકુમ કરીઆ પછી જણાવીઉં કે, શેઠજી! હું બસરા શેહેરથી આવીઓ છું. આ શેહરમાં તમારી બખીલાઇ માટે ઘણા જનાવો નાપસંદ વીચાર ધરાવે છે અને શેઠ સાહુકારો તમારી સંગતમાં ફરવાને રાજી દેખાતા નથી, માટે મોટી પુંજી છતાં તમો શા માટે હારમાર થાઓ છો? બેહેતર કે ખરએરાત તથા ધરમ ધેઆંનમા હાથે જાતે પઇસો ખરચો કે તમારૂં નામ સદા કાલ સુધી રોશન રેહે. બખીલ સલીમે જવાબ વાલીઓ કે, ભાઇ! શાંભલ, જગને મોંહોડે ઢાંકણું હોતું નથી, માટે જેમ જે ચાહે તે બોલે, તેમાં નવાઇ શું છે? હું મારા વીચાર મરમાણે ખરચ રાખું છું. મને કોઇ પારકા સાથે કશું કાંમ નથી. મુસાફરે ઉતર વાલીઓ જે, શેઠજી! જે પુન કરશો તે તમોને કાંમ આવશે. બસરા શેહરમાં એક કંજુશ પુરશ રેહેછે, તેનું નામ મોરાદ કરીને છે. મોરાદ પાસે તમારા કરતાં વધારે ગંજછે, પણ તે તમારાં કરતાં વધારે સુમ માલુમ પડેછે. આખાં શેહરનાં લોકોએ તેને "કંગાલનો પાદશાહ" કરી બેતાબ આમીઓછે અને મોટી દોલત છતાં ઘણો હારમાર થાએછે. આટલી વાતચીત થયા પછી મુસાફરે પોતાનો રસતો લીધો. આ તરફ બખીલ સલીમ વોચારવા લાગો જે, મુસાફરની વાત સાચી હશે. મારા કરતાંબી વધારે દોલતમંદ તેમ વધારે સુમ સખશ બસરા શેહરમાં રેહેતો દેખું. તે મારા કરતાંબી વધારે કંજુસાઇ કેમ વાપડતો હશે, તે મારે જાંણવું જોઇએ. મુસાફરના વીચાર મુજેબ તો હું તે કંજુસ કરતાનેબી વધારે છુટા હાથે રેહેતો

હોઇશ અને જો એમ ચાલશે તો મારી દોલતનો જલદી અંત આવી જશે, માંટે મારે ખુદ બસરા શેહરમાં જઇ તેની બખીલાઇની હકીકતી જોઇ લેઉં કે, તે મુજેબ મનેબી અમલ કરવાને બની આવે.

આવો કેડાવ કરી બખીલ સલીમે પોતાનો ગંજ એક છુપી જગાએ ડાટીઓ અને બસરા શેહર જઇ નામીચા કંજુસ મોરાદને ઘેર પરોણા દાખલ ઉતારો લીધો. કંજુસ મોરાદ મનમાં બરવા લાગો કે, એ પરોણો મને કાંહાંથી નડવા આવીઓછે, પણ ફીકર નહીં, હું મારી કંજુસાઇનો એવો સવાદ ચખાડું કે એ આપોઆપ અતરેથી નાહાસવા માંડશે. કજુસ મોરાદ મનમાં બલાપે કરતો, પણ બાહેરથી મીથી જંબાને સલીમને આવકાર દીધો કે, ભાઇ ! ભલે આવી મારા મુકાંમે ઉતારો લીધોછે. તમારાં આવીઆથી હું ઘણો ખુશી છું, તમારાં પગલાંથી મારૂં ઘેર પવીતર થઇઉં છે. પણ ભાઇ સાહેબ ! તમો ભુખીઆ હશો માંટે ચાલો, આપણે બજારમાં જઇ કાંઇ ખોરાકીનો સોદો ખરીદ કરીએ. સલીમે હા પાડવાથી બંધે કંગાલો પરથમ ભઠીઆરાની દુકાંને રોટી ખરીદવાને ગએઆ. રોટીવાલાને કંગાલના પાદશાહ મોરાદે સવાલ કરીઓ કે, ભાઇ! તમારી દુકાંને કાંઇ સારી રોટી છે ? ભઠીઆરાએ જવાબ વાલીઓ જે, શેઠજી ! જેવી જોઇએ તેવી માંખન સરીખો નરમ અને તાજી રોટી આપું. આ શાંભલી મોરાદે સલીમને હલુસેથી કહીઉં કે, ભાઇ ! રોટીવાલો માંખનની અછી તારીફ કરેછે. અને આ શેહરમાં રોટી કરતાં માંખન સસતું મલેછે, માંટે માંખનજ ખરીદ કરીએ કે, રોટીપર વધારે પઇસા ખરચવા પડે નહી. એમ જણાવી મોરાદ સલીમને લઇ માંખનવાલાની દુકાને ગએઓ અને પુછીઉં કે, ભાઇ ! સારૂં માંખન હોએ તો આપ. માંખનવાલાએ ઉત્તર વાલીઓ જે, શેઠજી ! માંખનતો એવું તાજો આપું કે, નકરૂં નીરમલ ખસખસનું તેલ. આ શાંભલી મોરાદે સલીમને જણાવીઉં કે, ભાઇ ! મને હમણા ઇઆદ આવી છે. માંખન કરતાં તેલ ઘણું સારૂં મલે છે અને વલી તે સસતુંબી પડશે. બીજું તો માંખનવાલો પોતે તે તેલની તારીફ કરે છે, માટે શા સારૂં હાથે કરી વધારે પઇસા ખરચી નાંખીએ ? સલીમે આ વીચાર પસંદ રાખવાથી મોરાદ તેલીની દુકાંને ગએઓ અને પુછીઉં કે, ભાઇ ! સારૂં

તેલ હોએ તો બતલાવ. તેણીએ જવાબ આપીઓ જે, શેઠજી! તેલ જોવું ન પડે, તેલ એવું તો આપું કે ગોએઆ ચોખું અને નીતરૂં બીલોરી પાણી. પાણી બોલ શાંભલતાંજ મોરાદનો હરખ સમાએઓ ગએઓ નહી અને સલીમને કેહવા લાગો જે, ભાઇ! વાહ વાહ! જે જોઇતું હતું તે આપણુને મુફત મલીઉં છે. પાણી કરતાં આસાએશ આપનારી તથા જીવને થંડક પોહોંચાડનારી બીજી કેઇ ચીજ છે? વલી તેલીબી પાણીની તારીફ કરે છે. ચાલો ભાઇ આપણે ઘેર, જેવું જોઇએ તેવું નીરમલ પાણી પાઇ તમારો જીવ ખુશ કરૂં. સલીમનો હાથ પકડી મોરાદ પોતાને મોકામે લઇ ગએઆ અને પાણીથી ભરેલો કુંજો હાથમાં આપીઓ અને જણાવીઉં કે, ભાઇ! શરમાંશો નાં. જેટલું પીવાએ એટલું પી તમારાં ભુખીઆં પેટને આરામ આપો. આપણે તીઆં કશી બખીલાઇ નથી. સારી પેઠે પાણી પીધા પછી સલીમે આવી પરોણાગતનો ઉપકાર માંની મોરાદને ઘેરથી નીકલી પોતાના શેહરનો રસતો લીધો અને રસતામાં ખોદાનાં શોકરાનાં કરવા લાગો, જે મેં આટલી લાંમબી મુસાફરી કરી તે વીઅરથ નથી ગઇ. કંજુસાઇની નવી કલા શીખી લીધી છે. શેહરમાં આવીઆ પછી આ કંગાલ બખીલ એવી તો કંજુસાઇથી રેહવા લાગો કે, છતે પઇસે હારમાર થઇ અને સરવેનો ફીતકાર પોતાની ઉપર ખેંચી લઇ જીવને મહા મહા કાંહાની દેખાડી, થોડુંએકમાં મારગે લાગો અને સુમનો ગંજ જે સખી દાતારોને હાથ લાગો તેઓ ખુશચેનથી ખરએરાત અને ધરમધીઆનમાં ખરચીએશઆરામમાં વખત ગુજારવા લાગા.

## મોહોબતની લંપતમાં ચાર જાનની ખોહારી.

દવલતાબાદ શેહરમાં ફુલચંદ તથા ગોલાબચંદ નામે બે જવાન સખશો વસતા હતા. ફુલચંદ તથા ગોલાબચંદ વચે મીતરાચારીનો એખલાસ એટલો બધો મજબુત થએઓ હતો કે, તેઓ ભાઇઓ કરતાંનેબી એક બીજાને આલે ચાહતા હતા. ફરવા હરવામાં—ખાવા પીવામાં—રમત ગમતમાં અને સુખ દુઃખમાં હંમેશ સાથી દાખલ રેહેતા, એવી મજબુત પરીતી તેઓ વચે બંધાઇ

હતી. ગોલાબચંદની બાએડી રતન, હોસાનમાં પરીના જેવી ઘણી ખુબસુરત હતી અને પરવરદેગારે તેણીની પેશાંની ઉપર અજબ તરેહનું ગોલાબી નુર બખશીઉં હતું. એતેફાક એવો બનીઓ કે, એક દીને ફુલચંદ તથા તેનો મીતર ગોલાબચંદ રસતેથી ચાલીઆ જતા હતા, તેવામાં ફુલચંદની નજર મહાતાબ સરીખા ચેહરાની રતન ઉપર પડી કે, ફુલચંદ દેવાના સરખો બની ગએઓ, મગર તેને ખબર નહી હતી કે, જે ઓરત ઉપર તેનું દેલ ફીડા થઇઉં હતું તે ઓરત, કોઇજ નહી પણ પોતાના સાચા મીતર ગોલાબચંદની ખાસ મોહોરદાર હતી. ફુલચંદના જીગરમાં મોહોબતનાં આતશનો શોલો એવો તો જોસથી ઉભરી નીકલીઓ કે, તેણે એકદમ પોતાના સાથી ગોલાબચંદને ભેદનો પરદો ખોલી બતલાવીઓ જે, ભાઇ! આવી ખુબસુરત નારને જોઇ મારૂં જીગર તદન નાસબર થઇઉં છે. આ નારીના હોસાનના જહલકાટથી મારૂં સીનું વીંધાઇ ગઇઉં છે, માટે, ભાઇ! જો તું મારી ઉપર ખરીજ પરીત રાખતો હોએ તો, આ પરીનમુન અબલા સાથે મેલાપ કરાવવાની કાંઇ તજવીજ કર, અગર નહીંતો મારો જાન બચવો મુશકેલ છે. ગોલાબચંદે વીચારીઉં કે, મારા મીતર ફુલચંદે આ મારી ઓરતને પીછાંણી નથી. અને અનજાણપણામાં તેની સાથે મેલાપ કરવાની ખાહેશ બતલાવેછે, પણ એનો કશો મુનાફો નથી. ખરી દોસતીનો હક રાખવા ખાતર મારે તો કોઇબી તદબીરથી એનો જાન બંચાવવો જોઇએ. આવો ખી[illegible] દોડાવી, ફુલચંદને દીલાસો દીધો કે, ભાઇ! કશી ફીકર નાં કર, [illegible] કાંમ આસાનીથી સરંજામ પોહચાડી આપીશ. તારા જીગર[illegible] ગમ એકદમ બરતરફ કરીશ. આવતી કાલ રોજે એ બાબે દીલાસ[illegible] જવાબ તુને લાવી આપીશ. આટલું જણાવી ફુલચંદને વદી[illegible] કીધો અને ગોલાબચંદ પોતાના મુકાંમમાં દાખેલ થએઓ.

ગોલાબચંદ સદા ખુશ મીજાજમાં રેહતો, પણ એ રોજે[illegible] તેનો ચેહરો ફીકો તથા ઉદાસ માલમ પડવાથી ખુબસુરત રતને[illegible] ઘણી આજીજીથી પુછીઉં કે, મારા વહાલા ખાવંદ! એવો તે કેવો અંદેશો આવી પડીઓ છે જે, તમારો ચેહરો ગમગીન અને કરમાએલો નજર આવે છે. વહાલી રતનને શું જવાબ દેવો તેનો બીજો અંદેશો ગુલાબચંદને ઉપજીઓ. પીઆરી બાનુને ખરી હકીકત જણાવવા માટે ગોલાબચંદને હીંમત આવી નહી. જીઆરે

વફાદાર રતને ઘણીક આજીજી કરી, તીઆરે ગોલાબચંદે પરથમ પોતાની બોહરદાર પાસેથી વચન માગીઓ કે, મારૂં ફરમાંન કબુલ રાખે તો હું મારા અંદેશાની સાચી કેફીઅતથી તમોને વાકેફ કરૂં. પોતાના ખાવંદના હોકમપર પોતાનો જાનફીદા કરવાને તઇઆર છે, એવું જણાવી પરીચેહરની રતને વચન આપીઆથી, ગોલાબચંદે પોતાના મીતર ફુલચંદની ખાહેશ કહી શંભલાવી વીનંતી કરી જે, મારા મીતરનો જાંન મારા કરતાં વધારે કીમતી ગણું છું. મને સંકટ વખત એ દોસતે ઘણી ઇઆરી કીધી છે. અગર તેનો સખુન કબુલ રખાતો નથી તો તેનાં જાંનની ખરાબી થાએ છે. માટે મારે ખાતર મારા મીતરનો સખુન કબુલ રાખવો જોઇએ. નેકબખત રતન આ વાત શાંભલવાથી અંદેશામાં પડી. તેનાં ગોલાબી રોખશારા જરદ થઈ ગએઆ. તેનાં હોતની લાલી ફીકી મારી ગઇ. તેણી વીચારમાં પડી કે, મારો ખાવંદનું ફરમાન બેઅદબી ભરેલું છે, પણ મારે તેનો હોકમ બજાવવો જોઇએ. પરવરદેગારે આજ સુધી મારી લાજ રાખી છે તો તેની પર એકીન રાખીઆથી મારી પાકદામાનને ડાઘ લાગનાર નથી, તેજ મારી શરમ આબરૂનો બંચાવનાર છે અને તેજ મારી હોરમત જાલવશે. આવો દુરઅંદેશી પુગાડી નેક ખસલતની રતને પોતાના ભરથારને આપેલો વચન પાલવાને કબુલ કરીઉં.

બીજે દીને ગોલાબચંદ પોતાના મીતર ફુલચંદને મલીઓ અને ખુશ ખબર પુગાડી કે જે ઓરત ઉપર તારી મોહોબતનાં ચમકારાનો જખમ થએઓ છે, તેણીની સાથે આજ મેલાપ કરાવવાનો મેં બંદોબસત કરીઓ છે. આ બીના શાંભલી ફુલચંદ ખુશી થએઓ. સાંહાંજ પડતાં ગોલાબચંદ પોતાના મીતરને પોતાના મુકામે મેલી આવીઓ, મગર તેનાં મીતર ફુલચંદને ખબર નહી હતી કે, એ મુકામ તેનાં દોસત ગોલાબચંદનું છે, તથા જે ઓરત ઉપર મોહોબતની નજર ફેંકી છે તે કોઇજ નહી પણ પોતાના મીતર ગોલાબચંદની ખાસ મોહોરદાર થાએ છે. જેવો ફુલચંદ દાખલ થએઓ કે, પતીવરતાં રતને તેને આદરમાન આપી ખુરસી ઉપર બેસાડીઓ અને ભાન ભાતનાં પકવાંનો આગલ મેલીઆં. ખાનું ખાઇ ફારેગ થવા પછી ખુબસુરત રતન બીજા ઓરડામાં પાણી લેવા ગઇ એટલામાં ફુલચંદની નજર તે દીવાનખાનાં માહેલી ખુંટી પર પડી. આ ખુંટીએ એક ખંજર અને સેલો લટકાવેલો

હતો. બારીકીથી નેગાહ પોહોંચાડી જોતાં તે સેલો તથા ખંજર પોતાના મીતર ગોલાબચંદનો માલુમ પડીઓ. વધારે તેહકીક કરતાં ફુલચંદને માલુમ પડીઉં કે એ મોકામ તો પોતાનાજ મીતર ગોલાબચંદનું હતું અને જે અબલા પર તેણે નજર બગાડી હતી તે કોઇજ નહી, પણ પોતાના મીતર ગોલાબચંદની ખાસ મોહોરદાર હતી. આ બનાવ જોઇ ફુલચંદ ઘણો પશેમાન થએઓ. એક તો પારકી ખુબસુરત નાર જોઇ પોતાની નજર બગાડી અને બીજું તો તે ઓરત પોતાના મીતરનીજ હતી, માટે મોહબતનાં દીવાનાપણામાં તેણે જે જબુન કામ કરવાનું મનમાં વીચારીઉં હતું, તેથી તેને એવો જબરો ગુસસો ચહડી આવીઓ કે, હયઆત રહી કાલું મોહોડું પોતાના મીતરને બતલાવીઆ કરતાં મરવું બેહતર, એવું ધારી તુરત પેલું ખંજર ખુંટી ઉપરથી ઉતારીઉં અને તેનો જખમ પેટમાં કરી લોહી લોહાન થઇ જાનથી બેજાન જમીન ઉપર પડીઓ. થોડાક વારમાં પરીચેહરેની રતન દીવાનખાનામાં આવી અને આવો ગજબનાક દેખાવ જોઇ ઘાભરી બની ગઇ. બાપડી રતનને મોટો અંદેશો ઉપજીઓ કે, મારો ખાવંદ આવી પોતાના મીતરને મુવેલો જોશે તો બેશક વીચારશે કે રતન બેવફા થઇ છે અને આ ખુન તેણીએજ કરીઉં છે. આવો ખોટો કલંક કપાલે ચોંહોટે તે કરતાં મરવું બેહતર છે, એવું વીચારી તેજ ખંજરથી ખુબસુરત રતને પોતાનું સીનું ચીરી નાંખીઉં. થોડોક વખત ગુજરવા બાદ નેકબખત રતનની દાસી દીવાનખાંનામાં આવી લાગી અને જોએ છે તો પોતાની વહાલી શેઠાંણીને તથા એક મરદને મુવેલાં પડેલાં દીઠાં. આ દાસી ઉદાસ થઇ વીચારવા લાગી જે આ નવાઇ જેવા બનાવથી હું તદન અંજાણી છું. ઘેરનો ખાવંદ આવશે તો હું તેને શું જવાબ દેઇશ. મબાદા આ ખુનનો દાવો મારી ઉપર લાવીઆમાં આવશે તો મને ફાંસોએ ચહડવું પડશે, તે કરતાં અતુરેજ જાંન કબજ કરવો બેહતર છે. આવો અંદેશો પુગાડી દાસીએ તે ખંજરનો જખમ જીગરમાં કરી પોતાનો જાંન પરવરદેગારને હવાલે કરીઓ. ગોલાબચંદ પોતાના મીતરને પોતાને મોકામે મોકલીઆ પછી પોતે મુસાફરખાનાંમાં આરામ લેવા ગએઓ હતો, તે બામદાદ થવા આગમજ ઘેર તરફ આવીઓ, પણ દાખલ થતાંજ જોએ શું કે પોતાનો પીઆરો મીતર, પોતાની વફાદાર બાનું અને વીશ્વાસુ દાસી મલી તરણ જના મુરદાં થઇ પડેલાં દીઠાં. આ

મજબ કેમ ગુજરીઓ તેનાં ભેદનો ખોલાસો આપનાર કોઈબી હઈઆત રહીઉં હતું નહી. મનનો ભરમ મનમાંજ રહી ગએઓ હતો. એક તો પોતાનો જીગરનો હાર બેજાંન થઈ પડીઓ હતો. બીજું તો પોતાની નેકબખત નારે ખંજરનાં જખમથી પોતાનો જાંન કબજ કરીઓ હતો અને તરીજું તો સરકારને આ બનાવનો ખોલાસો કેવી રીતે આપવો તેવા વીચારની ગીરફતારીમાં ગોલાબચંદે પોતાનો જાન બરબાદ કરવાનો ઠેરાવ કરીઓ. પરથમ દીવાનખાનાંના દરવાજા મજબુત બંધ કરી પેલાં ખંજર વટે પોતાનો જાંન બરબાદ કીધો. દીવસ ચહડતો ગએઓ પણ ગોલાબચંદના ઘેરનાં દરવાજા બંધ જોઈ આડોશી પાડોશી એકઠાં થએઆં અને બારણાં ખુબ ઠોકીઆં, પણ કોઈએ જવાબ આપીઓ નહી, જેથી તેઓએ દોડી જઈ સરકારને ખબર આપી. સરકારનાં માનસોએ આવી દરવાજા ભાંજીઆ, તો દીવાનખાંનામાં ચાર મુરદાં બેજાન થઈ પડેલાં દીઠાં. આ બનાવ કેમ બનીઓ તેનો ખોલાસો કરના કોઈ હઈઆત રહીઉં નહી હતું, કેમકે આડોશી પાડોશીઓ આ બીનાથી તદન અંજાણાં હતાં. સેવટે કશો પતો નહી મલવાથી આ ચારે મુરદાંને સસ્કારનાં હોકમથી ઠેકાંણે પાડવામાં આવીઆં. આ મુજેબ મોહબતની જંપટમાં ચાર જાંનની ખોહારી થઈ હતી અને તે ઉપરથી અસલનાં શાએરો, કાઠો, ચુનો, પાન અને સોપારીમાં કેઈ ચીજ ઉત્તમ છે તેની સરસાઈ બાબે નાદર મીસરો જોડી ગએઆ છે, જે ઉપરથી આ ચારે જણાઓમાં પાક મોહબત બતલાવનાર કોણ ઠડે છે તેનો તોલ કરવાને દાનાવ વાંચનારાઓને બની આવે.

## જાતરાનાં સંગમાં સામેલ થએલો ગોસાંઈબાવો.

જામનગરમાં નાગરદાસ નામે વાણીઓ રેહતો હતો. નાગરદાસ પઈસે ટકે સુખી હતો. એક સમે નાગરદાસ, મોટો સંગ તઈઆર કરી કાશી શેહરે તીરથ કરવા નીકલીઓ. મંજલ કાપતાં સાંહાંજ પડતી, તીઆં સંગના લોકો વીસામો લેવાને ઉતારો કરતાં

અને રસોઇ પાણી તથા આરામ લીધા બાદ બામદાદે પાછા ગાડાં જોતરાવી રાહ માપતા હતા. નાગરદાસ શેહરમાં પરખીઆત સોદાગર કેહવાતો હતો, તે સાથે તેની પાસે દોલત પણ સારી હતી, જેથી આ સંગનો સઘલો ખરચ તે પોતાના પઇસાથી ચલાવતો હતો. કેટલીક મંજલ ગએઆ પછી આ સંગના લોકોએ એક ધરમશાલામાં ઉતારો લીધો, જેમાં એક ગોસાંઇ બાવો વાસો કરી પડેલો હતો. ગોસાંઇએ આવો મોટો સંગ જાતરા કરવા જતા જોઇ નાગરદાસ પાસે જઇ વીનંતી કરી જે, મેહરબાંન શેઠ! તમો જાતરા કરવા આટલો મોટો સંગ લઇ આવીઆ છો અને હજારો રૂપીઆનો ખરચ કરો છો, તેમાં મનેબી સામેલ કરો તો પરમેશવર તમારૂં કલીઆન કરશે. મુજ મીસકીન ગોસાંઇ પાસે એટલા પઇસા નથી કે, ગંગા માઇની તીરથ કરવાને મુજથી બને, માટે તીરથ કરાવશો તો તમારાં પુનનાં કામમાં મોટો ઉમેરો થશે. નાગરદાસે વીચારીઉં જે ગોસાંઇ બાવાનું કેહવું ખરૂં છે. પરમેશવરની સેવામાં મશગુલ રેહનાર એવા ગોસાંઇબાવાને તીરથ કરાવશું તો ઘણું પુન લાગશે. આવો અંદેશો પુગાડી ગોસાંઇબાવાને સંગમાં સામેલ કરીઓ

નાગરદાસ વાણીઓ દોલતમંદ હતો તથા શેહરમાં સારી આબરૂ ધરાવતો હતો, પણ તેને એક બુરૂં લછન લાગું હતું. નાગરદાસના મકાનની પડોશમાં નરોતમ નામે સરાફ રેહતો હતો, તેની બાએડી લક્ષ્મી હોસાનમંદ તથા ખુબસુરત હતી. લક્ષ્મી જેવી હોસાનમંદ હતી, તેવી તે પતીવરતા અને વફાદાર હતી નહી, જેમ નાગરદાસનું મન લક્ષ્મીની ખુબસુરતી ઉપર રીઝા થઇઉં હતું, તેમ લક્ષ્મી નાગરદાસની દોલત ઉપર લલચાઇ પડી હતી. નાગરદાસ લક્ષ્મી સાથે છુપી રીતે આડો વેહવાર રાખતો હતો. જાતરા કરવા નીકલેલાં સંગમાં લક્ષ્મી પણ સામેલ થઇ હતી અને નાગરદાસ જો કે તીરથ કરવા હજારો રૂપીઆનો ખરચ કરી સવાબ હાંસેલ કરવાની મકસદથી મોટો સંગ લઇ નીકલીઓ હતો, તો પણ લક્ષ્મી સાથના આડા વેહવારથી તે પાછો હટતો હતો નહી. રાતનાં સંગનાં આદમીઓ આરામ લેતાં, પણ ગોસાંઇબાવો જાગરૂત રેહતો અને નાગરદાસનું બદકરમ જોતો હતો, પણ તે વખતે તે કાંઇજ બોલીઓ નહી. તીરથ કરી સંગનાં લોક પાછાં ફરીઆં અને નાગરદાસ પોતાને મોકામે આવી પોહાંચીઓ, પણ પેલા ગોસાંઇબાવાએ તેનો પીછો છોડીઓ નહી. ગોસાંઇબાવો નાગરદાસના ઓટલા પર પથા-

રી માંડી જાણુકનું રેહઠાણ કરી પડીઓ. નાગરદાસ ભારી ગુસસામાં આવીઓ કે ગોસાંઇબાવાને તીરથ કરાવી લાવીઆ તો પણ તેનાં બાપનું ડાપું હોએ તેમ ઓટલા પર પથારી માંડી બેઠા છે. રીસે ભરાઇ નાગરદાસે ગોસાંઇને જણાવીઉં કે, કેમ બાવા! તીરથ કરાવી લાવીઆ, હવે શું માંગો છો? તારા બાપની થમની બમની કાંઇ મારે તીઆં મેલી છે કે, મારે બારણે પથારી કરી બેઠા છે? ઉઠ, રસતો પકડ, અગર નહી તો સીપાઇ બોલાવી જબરીથી બાહેર કહડાવીશ. ગોસાંઇબાવાએ ધીરજથી જવાબ વાલીઓ કે, શાંભલ, ભાઇ! તીરથ ગએઓ તીનો જન,—ચીત ચંચલ મન ચોર—રતી ભાર પાપ ઘટીઓ નહી, દસ મન લાએઓ ઓર. આ શાંભલી નાગરદાસ વધારે કરોધમાં આવીઓ અને બોલીઓ કે, ઓ ઠગારા! મેં તુંને તીરથ કરાવી તેમાં મને દસ મણ પાપનો વધારો થએઓ શું? ગોસાંઇ બાવાએ જવાબ વાલીઓ જે, ભાઇ! તું પુનનું કાંમ કરવા નીકલીઓ હતો, પણ તારી દીઆનતદારી સાબેત હતી નહી. તીરથ કરવા નીકલીઓ તેમાં પણ તેં તારી નઇઅત બગાડી હતી અને તેં પારકી ઓરત સાથે આડો વેહવાર ચલાવીઓ હતો. આ શાંભલતાંજ નાગરદાસ ચોંકીઓ. નાગરદાસ ગભરાએઓ કે, મારૂં બદકરમ આ ગોસાંઇબાવાએ જોઇઉં છે, અને હું એને જબરીથી ઉઠાડીશ તો મારી ફજેતી કરીઆ વીના એ રેહનાર નથી અને શેહરમાં જેટલી આબરૂં મેં મેલવી છે તે ધુલ મલી જવાની. એવું વીચારી ગોસાંઇબાવાને એકાંત જગાએ લઇ ગએઓ, અને પગે પડી જણાવીઉં કે, બાવા! એ વાત કોઇને જણાવશો નાં. જાંહાં સુધી તમો જીવો તાંહાં સુધી સીધો પાણી અને જે જનસ જોઇએ તે માંગી લેજો. આ પરમાણે દરરોજ ગોસાંઇબાવો નાગરદાસને મોકાંમે આવતો અને પોતાને મન ભાવતી જનસ માંગી લેતો, જે આપવાને નાગરદાશથી નાં પડાતી નોહી હતી. આડી ચાલ ચલાવીઆથી નાગરદાસ જેવો પઇસાવાલો સોદાગર ગોસાંઇ જેવા મીસકીનનો ઓસીઆલો થઇ પડીઓ હતો.

આ વાતનો સાર એ છે કે, નેક તથા રાસતીની રાહે ચાલીઆથી ઇનસાન ખોદા અને ખલકતની નજરમાં સોરખરૂ રેહેછે.

સમાપ્ત.